


नारायण [illegible]

જુનાગઢના વજીર સાહેબ શેખ બાઉદ્દીનભાઇ
કાસમભાઇ સી. એસ. આઇ. ની
વિવિધજ્ઞાન વિસ્તાર માળા.

૨

વીર મંડળ.

આર્ય વીર.

ભાગ ૧ લો

લખનાર

નારાયણ હેમચંદ્ર

સુધારેલી આવૃત્તિ બીજી.

મુંબઇ,

સ્વધર્મનિષ્ઠ પ્રેસ.

કિંમત ૧ રૂપીઓ.

આ માળામાંના આ ગ્રંથકારના

પુસ્તકો.

—:o:—

1. ફુલની માળા... ... ... ૦—૧૨—૦
2. વીર-મંડળ... ... ... ૧—૦—૦

૩ બ્રહ્માંડ તત્વ ૪ જીવતત્વ ૫ વનસ્પતિ તત્વ ૬ પૃથ્વી તત્વ ૭ પ્રેમ તત્વ ૮ સૌન્દર્ય તત્વ ૯ અપરાધ તત્વ ૧૦ શિક્ષણ તત્વ	તૈયાર છે છપાય છે.



અર્પણ પત્ર.

—<>—

મહામાન્ય પુરૂષોતમરાય સુંદરજી ઝાલા.

મહાશય,

આપ જુનાગઢના નાયબ દીવાન છો, પ્રજાને સંતોષ આપવા માટે જોઇતો શ્રમ લ્યોછો, તેમજ મારા ઉપર આપ સ્નેહ તથા કૃપા રાખોછો તેથી ખેંચાઇને વજીર સાહેબ બાઉદીનભાઇ હાસમભાઇ વિવિધજ્ઞાન વિસ્તાર માળાનો ૨ મણકો વીર–મંડળ આપને અર્પણ કરૂં છું તે સ્વીકારશો.

આપનો
નારાયણ હેમચંદ્ર.

આ ગ્રંથકારના પુસ્તકો.

વાર્તાનાં પુસ્તકો.—સ્નેહ મંદીર (જેમાં ૧૫ નવલ કથાઓ છે.) ૪, કૃષ્ણગુલાલનું વિલ ૦ાા, માણેક ૦ાા, નંદકોર ૦ાા, પ્રેમકથા ૦ાા, સ્નેહ કુટીર ૦ાા, જીવન પ્રભાત ૧, જીવન સંધ્યા ૧, દુર્ગેશનંદિની ૦ાા, યોગ જીવન ૦ાા, શરત્ચંદ્ર ૦ાા, વિષવૃક્ષ ૦ાા, હૃદય વિકાશ ૦ાૄ, ઉમરાઈ જેવો પ્રેમ ૦ાૄ, ઉત્તર રામચરિત્ર ૦ાા, વૈદ્યક કન્યા૦ાૄ

સ્ત્રી ઉપયોગી પુસ્તકો.—સ્ત્રી સૌન્દર્ય મંદિર (જેમાં ૨૦ પુસ્તકોનો સંગ્રહ છે) ૪, મા અને છોકરાં ૦, કેવી રીતે બાલકને નીતિનું તથા મનનું શિક્ષણ આપવું ૦, કેવી રીતે કુળમાં સારાં છોકરાં ઉત્પન્ન કરવા ૦ાૄ, જનહિતકારિણી સ્ત્રીઓ ૦, બહેન ડોરાનું જીવન ચરિત્ર)ૄ, સીતા ચરિત્ર ૦, સીતા વનવાસ ૦, ભરત પ્રભા ૦ાા, સતી સ્ત્રીઓ ૦, પ્રાચીન હિંદુ સતીઓના યશોગાન ૦, સ્ત્રીઓનાં સારાં કામ ૦, સદ્વર્તનશાલી સ્ત્રીઓ ૦, સ્ત્રી હિત શિક્ષા ૦ાૄ

મુખ્ય મુખ્ય ચોપડી વેચનારને ત્યાંથી મળશે.

અનુક્રમ.

:o:

આ લખનારના પુસ્તકો.

સ્નેહમંદિર જેમાં નીચલી કિંમતની નીચલી નવલકથાના પુસ્તકોનો સંગ્રહ છે. જેની અસલ **કિંમત ૬॥।~** છે તેનો સંગ્રહ ઉત્તમ બાંધણીવાળા પુસ્તકની **કિંમત ફક્ત રૂપીઆ ચાર** રાખી છે પોસ્ટ જૂદું.

જીવન પ્રભાત ૧, જીવન સંધ્યા ૧, દુર્ગેશનન્દિની ૦॥, સંન્યાસી ૦।=, શરતચંદ્ર ૦॥, યોગજીવન ૦॥।, ગંગા ગોવિંદસિંહ ૦॥।, હૃદય વિકાશ (પાંચ નાની વાર્તાનો સંગ્રહ) ०।=, વૈદ્યકન્યા ०।= શકુન્તલા (વાર્તા) ०)॥, વિક્રમોર્વશી (વાર્તા) ०)॥, ઉત્તર રામચરિત (વાર્તા) ०॥ અને માલતી માધવ (વાર્તા) ०।~

સ્ત્રી સૌન્દર્યમંદિર (જેમાં ૨૦ સ્ત્રી ઉપયોગી પુસ્તકો છે) ૪.

કીર્તિમંદિર (જેમાં ૨૨ જીવન ચરિત્રનાં પુસ્તકો છે) ૪.

જ્ઞાનમંદિર (જેમા નાના મોટા જ્ઞાન સંબંધી પુસ્તકો છે.) ૪.

મુખ્ય મુખ્ય ચોપડી વેચનારને ત્યાંથી મળશે.

વીર-મંડળ.

પ્રથમ ભાગ.

આર્ય-વીર.

પૃથ્વીરાજ અને સમરસિંહ.

સંવત્ ૧૨૦૬ માં સમરસિંહ જનમ્યો હતો. ચતોડના રાજભાટોએ તેના જીવનચરિત્રનું વર્ણન ઘણા વિસ્તારથી કર્યું છે ખરું, તથાપિ અમે મહાકવિ ચંદભાટના પૃથ્વીરાજરાસામાંથી તેનું અને પૃથ્વીરાજનું વર્ણન લખીએ છિયે. અને એ ચરિત્ર લખવાની પહેલાં એક અતિ પ્રયોજનીય ઐતિહાસિક વૃત્તાન્ત આપવાનું દુરસ્ત ધારીએ છિયે. તે વૃત્તાન્તથી પૃથ્વીરાજ કોણ હતો, અને તે વેળાએ ભારતવર્ષના કયા પ્રદેશમાં કયો હિંદુ નરપતિ રાજ્ય કરતો હતો તે જણાશે. પૃથ્વીરાજરાસામાં લખ્યું છે કેઃ—"મહાકાય ચાલુકયરાજ ભોળોભીમ અણહિલપુર પાટણ નગરમાં રહેતો હતો. આબુ પર્વતમાં પરમાર વંશનો જિત્

રહેતો હતો, તે રણના મેદાનમાં ધ્રુવ નક્ષત્રના જેવો અચળ હતો. મેવાડમાં સમરસિંહ હતો, તે ઘણા પરાક્રમી માણસોની પાસેથી પણ કર લેતો અને દિલ્લીશ્વરના શત્રુ દુરંત યવનોનો માર્ગ રોકવામાં પ્રચંડ લોઢાના સળિયાની પેઠે બિરાજતો હતો. મરૂભૂમિના પ્રતાપ સ્વરૂપ પોતાના બળથી બળવાન, નિડર, તેજસ્વી, મંડોર રાજ્યનો નાહરાય, એઓની વચમાં રહેતો હતો. દિલ્લી નગરમાં સર્વનો અધીશ્વર રાજાધીરાજ મહારાજ અનંગપાળ રહેતો હતો; એનો હુકમ મંડોર, નાગોર, સિંધુ, જલાવત્ અને તેની આસપાસનાં શેહેરોના રાજા, પેશાવર, લાહોર, કાંગડા અને પર્વતના અધિનાયકો, તથા કાશી, પ્રયાગ ને ગઢદેવગિરિના અધિપતિયો અતિ વિનીતભાવથી શિરોધાર્ય કરતા અને તે પ્રમાણે ચાલતા હતા, તથા તેના પ્રચંડ પરાક્રમના ભયથી સર્વદા ડરતા રહેતા હતા.”

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે દિલ્લીના છેલ્લા તોમાર સમ્રાટના રાજત્વની વેળાએ જે સઘળા હિંદુ રાજાઓ ભારતના અન્યાન્ય ભાગમાં પોતપોતાના રાજ્યમાં રહેતા હતા, તેઓમાં અનંગપાળ સર્વથી ઉચ્ચાસનનો અધિકારી હતો.

ભટીઓ જાબાલિસ્થાનથી માર ખાઇને ભારત ભૂમિમાં પાછા આવ્યા પછી થોડા વખતની અંદર પંજાબમાંનું શાલિવાહનપુર, તનોટ અને મરૂભૂમિમાંનું લદુર્વાપઠન તાબે કરી લેવાને સમર્થ થયા; અને દેરયાલનગર સ્થાપન કરીને, જે વેળાએ ચહુઆણવીર પૃથ્વીરાજ દિલ્લીના તખ્ત ઉપર બેઠો તે વેળાએ પ્રસિદ્ધ જેશલમીર નગર વસાવવાની કોશેશ કરવા લાગ્યા. તે વખતે તે નગર ખ્યાતિ પામ્યું નહોતું. એ વસાવવાની આગમજ તેઓ તે અપ્રશસ્ત ભાગમાં રહીને ખલિફાના આરોરસ્થ સેનાપતિની સાથે લડાઇઓ કર્યા કરતા હતા. બંને પક્ષમાં ઘણું ખરૂં ભયંકર યુદ્ધ થતું. તે સર્વ લડાઇઓમાં ભટીલોકો સમયે સમયે જય મેળવતા, અને એમ લાગતું કે સિંધુ નદીના કિનારા ઉપરના તક્ષક રાજાની રાજધાની પર્યંતના પોતાના પૂર્વ પુરૂષોના વિસ્તૃત રાજ્યનો તેઓ પાછો ઉદ્ધાર કરી શકશે.

જે વેળાએ મુસલમાનોના બળને લીધે ભારતવર્ષમાં મોટી ગરબડ મચી રહી હતી, તે વેળાએ ભટીલોકો સંકીર્ણ રાજ્યમાં રહીને રાજનીતિ સંબંધી જગતમાં ઘણીજ થોડી ઉન્નતિ કરી શકયા હતા. ચહુઆણરાજ

દિલ્લીશ્વર પૃથ્વીરાજના શાસનની વેળાએ તેઓની ઉન્નતિ શરૂ થઇ. એ વખતથી જ તેઓનું વીરવિક્રમ ધીમે ધીમે વધવા માંડયું. ભરતખંડના ઇતિહાસમાં વર્ણન કરવામાં આવ્યું છે કે, પૃથ્વીરાજના આધીનમાં અખિલેશ નામનો એક પ્રસિદ્ધ સેનાપતિ હતો, તે બડી રાજાનો ભાઇ હતો.

પ્રથમ કહેવામાં આવ્યું છે કે, મહારાજ અનંગપાળ તે વખતમાં ભારતવર્ષનો સાર્વભૌમ અધિપતિ હતો. તે દિલ્લીના પ્રથમ તોમાર વીલનદેવથી ઓગણીસમો રાજા હતો. મહારાજ વિક્રમાદિત્યના વખતથી ભારતવર્ષનું પાટનગર ઉજ્જયિની થવાથી યુધિષ્ઠિરનું લીલાસ્થળ પ્રાચીન ઇન્દ્રપ્રસ્થ નગર (જૂની દિલ્લી) સેંકડો વર્ષથી શોચનીય સ્મશાનભૂમિ બની ગયું હતું. તે દીર્ઘ કાળ રહેલી અરાજકતાના પછી જે મહા પુરૂષના મૃતસંજીવન મંત્ર બળે તેને પાછું જીવતું કર્યું, તેનું જ નામ વીલનદેવ હતું. એ વીલને અસાધારણ યત્ન અને અધ્યવસાયથી ઇન્દ્રપ્રસ્થની પ્રથમની શોભા પાછી આણી. તેના વંશનો અનંગપાળ યુધિષ્ઠિરના રાજસિંહાસન ઉપર બેઠો હતો. તેને પુત્ર ન હોતો, માત્ર બે પુત્રીઓ હતી; તેમાંની એક કમળા-

દેવી અજમેરના રાજા સોમેશ્વરને દીધી હતી, તેને પેટે પૃથ્વીરાજનો જન્મ થયો. અને બીજી કનોજના રાઠોડ વિજયપાળને દીધી હતી, તેને પેટે જયચંદ્ર થયો. જયચંદ્ર અને પૃથ્વીરાજ બંને દિલ્હીશ્વર અનંગપાળના દૌહિત્ર હતા; તે બેમાં જયચંદ્ર ઉમ્મરે મોટો હતો. એ બંને માતામહના સમાન સ્નેહ અને આદરને પાત્ર હોવા જોઇએ; પરંતુ જયચંદ્ર પોતાના દુર્ભાગ્યથી તેવા સ્નેહ અને આદરને યોગ્ય થઇ શકયો નહિ. મહારાજ અનંગપાળ અપુત્ર હતો, અને નાના દૌહિત્ર પૃથ્વીરાજના ઉપર વિશેષ પ્રેમ રાખતો હતો. તેથી તે પોતાની વૃદ્ધાવસ્થામાં પોતાના વિશાળ રાજ્યનો ભાર પૃથ્વીરાજને સોંપીને પોતે બદ્રીનાથ ગયો.

જયચંદ્ર નિરાશ થયો. માતામહનું સિંહાસન મેળવીશ એવી તેને આશા હતી, અને તે આશા પૂર્ણ કરવાનો તેનો અધિકાર પણ હતો, કેમકે તે મોટી છોકરીનો કુંવર હતો; પરંતુ દુર્ભાગ્યથી તેની આશા પૂર્ણ થઇ નહિ. તે વેળાએ પૃથ્વીરાજની ઉમ્મર ફક્ત આઠ વર્ષની હતી; તથાપિ મહારાજે ઉમ્મરમાં મોટા જયચંદ્રને સિંહાસન ન આપતાં તેને જ સામ્રાજ્યમાં અભિસીક્ત કર્યો! આવા અન્યાય પક્ષપાતથી જયચંદ્રનું હૃદય

ઘણું દુ:ખિત થયું. ભયાનક ઇર્ષ્યા અને દ્વેષની આગથી તે પોતાનું હૃદય હમેશાં બાળવા લાગ્યો. અને એ વિષમ હૃદયજ્વાળા નિવારણ કરવા જતાં તેણે પોતાના પગમાં કુહાડો માર્યો તથા સમસ્ત ભારતભૂમિનો સર્વનાશ કર્યો. પૃથ્વીરાજ દિલ્લીના તખ્ત ઉપર બેઠાથી તેણે તેનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું નહિ; અને જેનાથી પોતે સમસ્ત ભારતભૂમિનો એકછત્રી ગણાય એવી રીતનું આયોજન કરવા લાગ્યો. મંડોરનો પુરીહર રાજા અને અણહિલપુર પાટણના અધિપતિયો ચહુઆણ કુળના હમેશાંના દુશ્મન હતા. તેમણે આ ભીષણ અંતર્વિપ્લવની વેળાએ જયચંદ્રનો પક્ષ અવલંબન કરીને પૃથ્વીરાજની સામે તેને ઘણો ઉત્તેજિત કર્યો. પૃથ્વીરાજ એ બધું જાણી શક્યો હતો; તથાપિ તેણે પાટણ અને મંડોરના રાજાઓને પ્રથમ કંઇ જ કહ્યું નહિ; પરંતુ પુરીહરરાજે છેલ્લે તેનું એવું વચનભંગ અને અપમાન કર્યું હતું કે તે તેની સામે તરવાર લઇને આવ્યા સિવાય રહી શક્યો નહિ. તે દિલ્લીની ગાદી ઉપર બેઠા પછી એ મંડોરરાજે પોતાની કુંવરી તેને અર્પણ કરવાની ઇચ્છા પ્રકાશ કરી અને ઉદાર હૃદયનો પૃથ્વીરાજ તેમાં સંમત થયો, તથા વિવાહની

તૈયારી થવા લાગી; પરંતુ દુષ્ટમતિ પુરીહરરાજે પ્રપંચ કરીને પોતાની પુત્રી તેને પરણાવી નહિ. એથી પૃથ્વીરાજ ઘણો અપમાનિત થયો, અને તે અપમાનનો બદલો લેવાને માટે તેની સામે ચઢાઇ કરી. એ લઢાઇથીજ તેના આવતા વખતના ગૌરવની સૂચના થઇ હતી, અને ત્યારથી તેનું વિપુલ વીરત્વ ધીમે ધીમે વધવા લાગ્યું. પણ તેની તે ઉન્નતિ ક્રૂરચરિત્ર જયચંદ્રના હૃદયમાં ઝેરી બાણના જેવી ખુંચવા લાગી. તેથી તેને તોડી પાડવાનો બીજો કશો ઉપાય જ્યારે ન સૂજ્યો ત્યારે છેલ્લી વારે તે રણમાં કુશળ તાતાર સૈનિકોને પોતાની સેનામા દાખલ કરવા લાગ્યો. પણ એનાથી જ તેની પડતીનો માર્ગ સાફ થયો.તેનું ભવિષ્યભાગ્યગગન ઘનઘોર થઇ પડયું. પોતાના પાપી હૃદયને તૃપ્ત કરવાને તેણે જે ખરાબ ઉપાય આદર્યો તેનાથીજ તેનો પોતાનો અને સર્વ ભારતભૂમિનો સર્વનાશ થયો કેમકે હિંદુવૈરી મહંમદગોરીએ તે અરસામાં ભરતખંડમાં આવી, ભારતસંતાનોની સ્વાધીનતા હરણ કરીને. ભારતવર્ષના પવિત્ર હૃદયમાં ઇસલામની વિજયપતાકા રોપી હતી.

ચિતોડના અધિપતિ સમરસિંહે દિલ્લીશ્વર પૃથ્વી-

રાજની બેન પૃથાની સાથે લગ્ન કર્યું હતું. એ મંગળમય સંબંધને લીધે તે બંનેમાં જે પ્રીતિની ગાંઠ બંધાઇ હતી, તે હજારો આપદ વિપદમાં પણ એક જરાએ છૂટી પડી નહોતી. એટલુંજ નહિ, પણ તેઓ એક પળ પણ પરસ્પરના ઉપર કદી પણ અમિત્રભાવ રાખતા નહોતા. જે દિવસે દૃષદ્વતીને કિનારે એ બંને સ્વદેશપ્રેમિકો પવિત્ર મંત્રમાં ઉત્તેજિત થઇને અનંત ધામમાં ચાલ્યા ગયા, તે દિવસે જ તેઓ પરસ્પરમાં આ લોકથી જૂદા પડયા હતા ખરા; પરંતુ અનત સુખના ધામમાં તેઓ પાછા એકઠા થયા નથી એમ કોણ કહી શકે ? હાય ! કેવે ખરાબ વખતે ભારતમાં પાપી ગૃહવિચ્છેદની શરૂઆત થઇ હતી ! કેવે ખરાબ વખતે હતભાગ્ય ભારતસંતાનો સ્વજાતીય ભાઇઓનાં હૃદયશોણિત પાન કરવા શીખ્યા હતા ! તે દુર્દિનથીં જ ભારતનો સર્વનાશ થવાનો આરંભ થયો છે; સુખનું ભારતવર્ષ અસીમ દુઃખના કેદખાનામાં અને અનંત દુઃખમય અંધ–નરકકૂપમાં ગયું છે ! કુરૂક્ષેત્રની લોહીવાળી ભીષણ સ્મશાનભૂમિ આર્યોના ગૃહવિચ્છેદની નમૂનાની જગા વિરાજમાન છે ! તે જાણી સાંભળીને પણ હતભાગ્ય ભારતસંતાનોએ શા વાસ્તે પાછો

તે અનર્થકર અંતર્વિપ્લવ ઉત્પન્ન કર્યો, તે સમજવું કઠણ છે!

પૃથ્વીરાજના મોટા શત્રુ પાટણ અને કનોજના રાજાઓએ મહારાજ સમરસિંહ પ્રતિ શત્રુનાચરણ કરવામાં કંઇ બાકી રાખ્યું નહોતું. તેને માટે એ બંને રાજાની સામે તેને તરવાર ધારણ કરવી પડી હતી. તે સિવાય પોતાના પ્રિયતમ બંધુ પૃથ્વીરાજની મદદને માટે પણ તેને ઘણી વાર લડાઇના મેદાનમાં જવું પડયું હતું. નગરકોટની કોઇ જગા પરથી સાત કરોડ સોનાની મોહોરો પૃથ્વીરાજને મળી. કહેવામાં આવે છે કે એ વિપુલ મોહોરો અતિ પ્રાચીન કાળમાં કોઇએ ત્યાં જમીનમાં દાટી હતી. પૃથ્વીરાજે તે મોહોરો પોતાના ખજાનામાં નાખી, તેથી કનોજ અને પાટ- ણના રાજાઓના મનમાં વિશેષ આશંકા પેદા થઇ. એક તો પૃથ્વીરાજનું વિશાળ સેનાબળ હતું, તેમાં વળી તેને આટલું વિપુલ દ્રવ્ય પ્રાપ્ત થયું; તેથી તેની સામે ચઢાઇ કરવાથી આપણ બંનેને જય નહિ મળી શકે એવી આશંકામાં પડીને તેઓએ તેના પ્રચંડ બળને રોકવાની ઇચ્છાથી શાહાબુદ્દીન ગોરીની મદદ માગી. જે દિવસે તેઓના હૃદયમાં એ સર્વનાશ

કરનારી કલ્પનાની ઉત્પત્તિ થઇ, તે દિવસથી ભારતના ભવિષ્યગગનમાં એક અંધકાર મેઘનું આવરણ થઇ રહ્યું;-ભારતેશ્વર પૃથ્વીરાજનું સિંહાસન એકાએક કંપાયમાન થઇ પડયું. આગળથી જ શાહાબુદ્દીનની દ્વેષની આંખ ભારતના ઉપર પડી હતી. પણ અત્યાર સુધી તે પોતાની એ અભિલાષા પૂર્ણ કરવાને માટે વાટ જોતો હતો. હમણાં તે લાગ પોતાની મેળે આવેલો જોયો, તેને તે કેમ છોડી શકે ? તેથી તે કનોજરાજ જયચંદ્રની સાથે મળવાને માટે જલદીથી એક મોટી સેના એકઠી કરીને તેની રાજધાની તરફ ચાલ્યો.

દુરાચારી જયચંદ્ર મારો સર્વનાશ કરવાને માટે તૈયાર થયો છે એવું પૃથ્વીરાજે સાંભળ્યું. તેથી તે દુષ્ટાચારીની દુરભિસંધિ દૂર કરવાને અને તેના તે દુષ્કર્મનો લાયક બદલો આપવાને માટે તે પણ તૈયારી કરવા લાગ્યો, તથા સર્વ વાતની ખબર પોતાના પ્રિયતમ બંધુ સમરસિંહને જણાવવાને ચંદપુન્દીર નામનો એક સામંત રાજા તે વેળાએ લાહોરમાં રાજ્ય કરતો હતો તેને દૂત સ્વરૂપે મોકલ્યો. તે રાજાના પ્રચંડ પરાક્રમ, અદ્દભુત દેશહિતૈષણા અને બહુ ઉદ્યમ તથા અધ્યવસાયશીલતાનું વર્ણન મહાકવિ ચંદ ભાટે ઘણી સારી

રીતે લખ્યું છે. જે દિવસે તે ગૌરવસૂચક દૂતના કામમાં લાગ્યો હતો તે દિવસથી તે તેના જીવનના છેલ્લા કાળ સુધી એ લાહોરરાજ ભારતવર્ષના ઇતિહાસમાં જે મહાન ચરિત્ર રાખી ગયો છે, તે વાંચ્યાથી સ્પષ્ટ જણાશે કે, તેણે સ્વદેશને માટે જ જીવન ધારણ કર્યું હતું, અને સ્વદેશને માટે જ જીવન ઉત્સર્ગ કરીને તે અનંત સુખના ધામમાં ગયો હતો. જ્યારે શાહાબુદ્દીન મોટું લશકર લઇને ભારતવર્ષમાં આવ્યો, ત્યારે એ રજપૂતવીર ચંદપુન્દિરે જ તેની પ્રચંડ ગતિ રોકવાને માટે રાવી નદીને કિનારે લાંબા શૂળદંડો ઊભા કર્યા હતા, પણ તે પોતાની ઇચ્છા પાર પાડી શક્યો નહિ. તથાપિ તે વખતે તેણે જે અજાયબ ભરેલું વીરપણું પ્રકાશ કર્યું હતું, તેથી તેનું નામ ઇતિહાસમાં હંમેશાંને માટે કાયમ રહ્યું છે.

દૂતવર ચંદપુન્દિર દિલ્લીશ્વરની આગળથી વિપુલ ભેટો લઇને મોટી ધામધુમની સાથે ચિતોડ નગરમાં ગયો. મહારાજ સમરસિંહ તેને માનથી મળ્યો અને તેને રહેવાને માટે ઉત્તમ મહેલ આપ્યો. થોડીક આશાએશ લીધા પછી ચંદપુન્દિરે યથાસમય મહારાજની સાથે મુલાકાત કરવાની ઇચ્છા દેખાડી. તરત

તેની ઇચ્છા સફળ થઇ. મહારાજના હુકમ પ્રમાણે તરત તેને સામે લઇ ગયા. તે વેળાએ સમરસિંહ પોતાના વિશ્રામના ઓરડામાં બેઠો હતો. તેનું આસન વાઘના ચામડાનું હતું, રકતાંબર પહેરેલું હતું, સર્વ શરીરે વિભૂતિ લગાડી હતી, ગળામાં રૂદ્રાક્ષનો કંઠો હતો અને માથા ઉપર લાંબી જટાનો બોજો હતો. દૂતવર ચંદપુન્દિર નજીક આવતાંજ તેણે તેને સાદરથી માન આપીને સામેના આસન ઉપર બેસવાનો અનુરોધ કર્યો. તે વેળાની તેની શાંત ગંભીર મૂર્ત્તિ, તાપસજનોચિત પોશાક અને ઘણો ઉદાર વ્યવહાર જોયાથી ચંદપુન્દિરનું હૃદય અપૂર્વ ભકિતરસમાં પૂર્ણ થયું. તે તેને યોગીન્દ્ર નામના સંબોધને કરીને ભકિતગદગદ સ્વરથી કહેવા લાગ્યો, "આપ ખરેખર ભગવાન મહાદેવના પ્રતિનિધિ છો." આ સર્વે વૃત્તાંતનું અને તેમને પરસ્પરમાં જે વાતચીત અને આલાપ સંભાષણ થયાં તેનું ખરૂં વિવરણ ચંદવર્દાઇના ગ્રંથમાં ઘણી તેજસ્વી ભાષામાં કરેલું છે.

પછી એક બે દિવસમાં મહારાજ સમરસિંહ પોતાના સાળાના નિમંત્રણની રક્ષાને માટે સેનાની સાથે દિલ્લી તરફ જવા નીકળ્યો. પૃથ્વીરાજ સાદરથી અને માનની

સાથે તેને લેવા ગયો. તેઓ મળ્યા પછી એકમેકના કુશળ સમાચાર પૂછીને પાસે આવેલા કર્ત્તવ્યના અવધારણમાં તત્પર થયા. તેમણે જલદીથી બે કર્ત્તવ્ય સ્થિર કર્યાં. પહેલું અણહિલપુર પાટણનો ગર્વ તોડવો; અને બીજું મુસલમાનોની ચઢાઇમાં વિઘ્ન નાખવું. સમરસિંહ અણહિલપુર પાટણના રાજાની સાથે વૈવાહિક સૂત્રમાં બંધાયલો હતો, તેથી તે તેની સામે ચઢાઇ ન કરતાં યવનની ચઢાઇમાં હરકત કરવાને માટે દિલ્લીમાં રહ્યો. અને પૃથ્વીરાજ પાટણ તરફ લશ્કરની સાથે ગયો. થોડી વારમાં રણોન્મત્ત યવનસેનાની વિકટ ધ્વનિ દિલ્લીથી દૂર સંભળાઇ. તરત જ રજપૂતો ગગનભેદી ભીમ રવથી તેઓની ગતિ રોકવાને મહોત્સાહની સાથે સામે ચાલ્યા. થોડી વારમાં બંને પક્ષમાં મોટું યુદ્ધ થયું; પરંતુ તે લઢાઇમાં એકે પક્ષના જય પરાજયનું કંઇ લક્ષણ દીઠામાં આવ્યું નહિ. એવી રીતે ઉપરાચાપરી લઢાઇ થયા છતાં વિજયલક્ષ્મી કોઇને પણ વરી નહિ. એટલામાં પૃથ્વીરાજે પાટણના રાજાનો ગર્વ તોડીને જયોલ્લાસિત હૃદયથી આવીને બંધુવરને આલિંગન કર્યું. અત્યારે તે બંને વીરનું પ્રચંડ વિક્રમ એકઠું થઇને ભીમ તેજથી પ્રજ્વલિત થઇ પા-

કર્યું. તે જ્વલંત વિક્રમની આગમાં અસંખ્ય ઇસલામી સૈનિક તૃણવત્ દગ્ધ થઇ ગયા. મુસલમાન વીર શાહાબુદ્દીન ઘણી મહેનતે પોતાનો પ્રાણુ બચાવીને ભાગી ગયો. અને તેનો સેનાપતિ વિજયી રજપૂતના હાથમાં બંદીવાન થયો.

પૃથ્વીરાજ જય પામ્યો. તેનાં સઘળાં વિઘ્નવિપત્તિઓ સંપૂર્ણ ભાવે ટળ્યાં. નગરકોટની જમીનમાંથી જે વિપુલ ધનસંપત્તિ તેના હાથમાં આવી હતી, તેમાંથી તેણે અડધો ભાગ પોતાની બેનના પતિને આપ્યો; પરંતુ સમરસિંહે પોતે તે ન લેતાં પોતાના સૈન્યસામંતોને ઇનામ સ્વરૂપ આપી દીધો. તે સિવાય પૃથ્વીરાજે બીજી પણ ઘણીક ભેટો સૈન્યસામંતોને આપી. પછી મહારાજ સમરસિંહ સાળાની પાસેથી વિદાય લઇને સેનાની સાથે પાછો પોતાની રાજધાનીમાં આવ્યો.

ત્યારબાદ કેટલાંક વર્ષ સુખથી ગયાં. સામાન્ય સામાન્ય લડાઇમાં જય મેળવીને પૃથ્વીરાજ અને સમરસિંહે થોડાં વર્ષ શાંતિસુખ ભોગવ્યું. પણ પછી થોડાં વર્ષમાં ભારતના ભાવીકાળની કાળરજની ભયંકર વેશથી આવી પહોંચી. યવનના ઉપર જય મેળવીને પૃથ્વીરાજે વિચાર કર્યો હતો કે હવે હું ગૌરવની સાથે

ભવિષ્યકાળ અતિવાહિત કરીશ. તેથી તે નિશ્ચિંત થઇને પ્રિયતમા સંયુક્તાની સાથે પરમાનંદથી કાળ ગાળવા લાગ્યો. પરંતુ વિધિલિપિના કઠોર અનુશાસનમાં તેના સુખના દિવસ ધીમે ધીમે કમી થતા આવ્યા;–ધીમે ધીમે તેનો ગૌરવકાળ પૂર્ણ થયો. તેને આળસ અને મોજશોખમાં પડેલો જાણીને શાહાબુદ્દીન પાછો ભીષણ સેનાદલ લઇને ભારતવર્ષમાં આવ્યો. પાછું તેનું રણોન્મત્ત લશ્કર ગગનભેદી સિંહનાદથી ભારતભૂમિને કંપાવવા લાગ્યું. તેની સાથે પૃથ્વીરાજનું સિંહાસન એકાએક જાણે બદલાવાની તૈયારી કરતું હોય એવું જણાયું, તેથી તે રણકેસરી રજપૂતની મોહનિદ્રા ભંગ થઇ. તે સમજ્યો કે આ વખતે તેને વિષમ સંકટ આવશે; વાસ્તે તે સંકટથી છૂટવાને સારૂ ઉપાય શોધવામાં યત્નવાન થવું જોઇએ. તે ઉપરથી તેણે પોતાના પ્રિયતમ બંધુ સમરસિંહને સાનુકૂળ થવાની પ્રાર્થના કરી. પ્રથમ તે જે મનોમોહિનીના અનુપમ પ્રેમાલાપમાં વિમુગ્ધ થઇને સંપૂર્ણ રીતે આળસુ થઇને કાળ ગાળતો હતો, તેમાંથી આજે સુપ્તોત્થિતના પ્રમાણે સચકિત ભાવથી ઊભો થયો. અને તે સ્રીએ પણ ખરી વીરનારી પ્રમાણે જ્વલંત

ઉત્સાહમાં ઉત્સાહિત થઇને પ્રાણપતિને લડાઇના મેદાનમાં જવાને કહ્યું. ૧ એ વિષે મહાકવિ ચંદભાટે જે

---

૧. સંયુક્તા એ જયચંદ્રની કુંવરી હતી. તેના સંબંધી સંયુકતાનું વર્ણન જોવું. કોઇ કોઇ કહે છે કે સંયુક્તાના પ્રેમમાં પૃથ્વીરાજ એવો તો મોહિત થઇ ગયો હતો કે તે શેહેરમાં શું થાય છે તે પણ જાણતો નહોતો. તે વેળાએ ચિતોડના મહારાજા સમરસિંહે સાંભળ્યું કે પૃથ્વીરાજ રાજનું કંઈ કામ પણ જોતો નથી અને શાહાબુદ્દીન ગોરી દિલ્લી જીતવા માટે આવ્યો છે, તેથી તરત તે સૈન્ય લેઇને દિલ્લીમાં ગયો. ત્યાં ગયા કેડે પૃથ્વીરાજને ખબર કહેવડાવવાને માણસો મોકલ્યા, પરંતુ સંયુક્તાએ એવી યુકિતયો કરેલી હતી કે કોઇનો પણ સંદેશો તેને મળતો નહોતો. તેથી ત્રણ દિવસ સુધી સમરસિંહે વાટ જોઇ. ત્યાર બાદ તેણે જાણ્યું કે સંયુક્તાની યુક્તિથી તેને સંદસો પહોંચતો નથી તેથી તેણે એક પક્ષી દ્વારા કાગળ મોકલ્યો. તે વેળાએ પૃથ્વીરાજ અને સંયુક્તા જલક્રીડા કરતાં હતાં. પૃથ્વીરાજના હાથમાં કાગળ આવ્યો તે તેણે વાંચ્યો. તેને કાગળ વાંચતો જોઈને સંયુક્તાએ કહ્યું કે એ કંઈ મંતરેલું છે તેથી નાખી દો,

વર્ણન કર્યું છે તેનું યથાર્થ ભાષાન્તર નીચે આપવામાં આવે છે જે દિવસે શાહાબુદ્દીન ગોરી સેનાને લઇને છેલ્લીવાર પૃથ્વીરાજની સામે લઢવાને આવ્યો હતો, તે દિવસની રાતે પૃથ્વીરાજને એક ભયંકર સ્વપ્ન આવ્યાથી તેનું હૃદય ઘણું વ્યાકુળ થઇ મનમાં ઘણી ચિંતા ઉત્પન્ન થઈ હતી. પછી સવારે પોતાની પ્રિયતમા સંયુક્તાની આગળ તે અદ્ભુત સ્વપ્નાનું વર્ણન કરીને તે બોલ્યો:—

"ગઇ રાતે જ્યારે હું નિદ્રાના સુકોમળ ખોળામાં વિરામ ભોગવતો હતો, તે વેળાએ મેં જોયું કે રંભાની પેઠે એક રૂપવાન સ્ત્રીએ આવીને કઠોર ભાવથી મારો હાથ પકડીને મને આક્રમણ કર્યો. તેનાથી આત્મરક્ષા કરવાને માટે હું ઘણી કોશેશ કરવા લાગ્યો. એટલામાં—અહા! એક મહા ભયાનક બીભદર્શન

વાંચશો નહિ. તેમ કરીને તે કાગળ ઝુંટાવીને ફાડી નાખ્યો. પરંતુ પૃથ્વીરાજે તે પહેલાથી વાંચી લીધો હતો તેથી તે સાવધ થયો. ત્યારબાદ તે સમરસિંહને મળવા ગયો. તે પછી સંયુક્તાની પાસે આવ્યા પછી સંયુક્તાએ તેને હિંમત આપીને લઢાઈમાં જવાને કહ્યું, તેનું વર્ણન સંયુક્તામાં આપ્યું છે તે વાંચવું.

રાક્ષસ જેવો મોટો મદમત્ત હાથી દોડતો ને શુંડ ફૂંફ્કતો ફૂંકતો મારી તરફ ધસી આવ્યાને લીધે ભયથી મારી નિદ્રા ભંગ થઇ. મેં ભયભીત, સચકિત આંખથી ચારે બાજુએ જોયું. સર્વ શરીરે ઉકાંટો આવ્યો ને બંધ થયલા ગળામાંથી હર ! હર ! બોલતો પથારીમાંથી ઊઠયો. જો, હજુ પણ મારૂં હૃદય થરથરે છે ને સર્વ શરીરે ઉકાંટો આવેલો છે. નસીબમાં શું છે, તે દૈવ જ જાણે !"

આ સ્વપ્નાની વાત સાંભળતાં સાંભળતાં સંયુક્તાના પ્રભાત કમળના જેવા મોઢા ઉપર એક અપૂર્વ જ્યોતિ પ્રકાશિત થઇ. તેણે મૃદુગંભીર સ્વરથી કહ્યું-"હે ચહુઆણ કુળના ગૌરવસૂર્ય ! આ જગતમાં આપના જેવો બીજો કોણ વિપુલ સુખસંપદ અને ઐશ્વર્ય ગૌરવ ભોગવે છે ? તથાપિ આપની તૃષ્ણાની શાંતિ ક્યાં છે ? એક સામાન્ય સ્વપ્નું જોઈને ભવિષ્યની ચિંતાથી શા વાસ્તે આપ વ્યાકુળ થાઓ છો ? પ્રાણેશ્વર ! મૃત્યુ જ જીવનો એક માત્ર સહચર છે; એ દુર્નિવાર સહચરના હાથથી દેવતા પણ છૂટી શકયા નથી. જાનું છોડીને નવું રેઠાણ બદલવાની કોની ઇચ્છા ન થાય ? પરંતુ નાથ ! વિચાર કરીને

જુઓ કે જે સારાં કામમાં જીવન ગાળે છે તે જ ગૌરવની સાથે મૃત્યુને ભેટે છે. તે મરી જશે તોપણ હમેશાં જીવતો રહેશે. હું સ્ત્રી જાત છું, હું આપને શું કહી શકું? આપ સ્વાર્થના ઉપર કંઇ પણ નજર રાખશો નહિ. જેનાથી આ દુનિયામાં અમરત્વ મેળવી શકાય તેના લાયક ઉપાય પકડો. આપની આ કરાળ તરવાર લઈને શત્રુકુળનો નાશ કરો. મારે માટે વિચાર કરશો નહિ. હું હમણાં પણ આપની અર્દ્ધાંગનાનું કામ કરૂં છું."

પછી પૃથ્વીરાજે સભામાં જઇને ભાટોને બોલાવીને સઘળું વૃત્તાન્ત જણાવ્યું, એટલે તેમણે તેનો ભાવાર્થ કરી બતાવ્યો, અને રાજકુળગુરૂએ એક જયકવચ લખી આપ્યું, તેને દિલ્લીશ્વરે પોતાની પાઘડીમાં ખોસ્યું. ત્યાર પછી ભાટોના કહેવા પ્રમાણે ગ્રહોની શાંતિને માટે હજારો હાંડા વિશુદ્ધ દૂધથી સૂર્ય અને ચંદ્રને અર્ઘ આપવામાં આવ્યા, દશ દિગપાળના ઉદ્દેશથી દશ ભેંસોનો બલિ આપવામાં આવ્યો, અને ગરીબ ગુરબાને સોના રૂપાનું દાન આપવામાં આવ્યું. પરંતુ લોહી તથા દૂધ આપ્યાથી અથવા દાન ધ્યાન કર્યાથી કાંઈ શું કદી થનારની

શક્તિ રોકી શકે છે? જો તેમ થઇ શકતું હોત તો નળ અને પાંડવોને સખ્ત દુઃખ કદી ભોગવવું પડત નહિ. ઘણું સંકટ આવી પડયાથી પૃથ્વીરાજે પોતાના પ્રિયતમ બંધુ સમરસિંહની મદદ માગી, એટલે સમરસિંહ શું નિશ્ચિંત રહી શકે? વધારે વાર ન લગાડતાં તે જલદીથી પોતાની સેના લઇને દિલ્હી જવાની તૈયારી કરવામાં રોકાયો. પૃથ્વીરાજ પણ પોતાના સેનાપતિ અને સામંતોને બોલાવીને લઢાઈ વિષે વિચાર કરવા લાગ્યો. એ ભીષણ વિગ્રહની વખતે ભારતવર્ષના સર્વે રાજાઓએ દેશવૈરી યવનની ચઢાઇથી સ્વદેશનો ઉદ્ધાર કરવો એ તેઓનું મોટું કામ હતું. અને તેમણે સ્વદેશાનુરાગમાં ઉત્સાહિત થઇને પૃથ્વીરાજની મદદને માટે તરવાર લઇને આવવું જોઇતું હતું પણ તેઓ સઘળા નિઃસમ્પર્કીય ભાવથી ચુપચુપ કાળ ગાળવા લાગ્યા! તેમાં પણ વિશેષે કરીને કનોજ, પાટણ અને ધારાનગરના રાજાઓ હીનજનોચિત કુટીલ ઇર્ષ્યાના વશીભૂત થઇને અંદરખાનેથી તેનો સર્વનાશ કરવાના અભિપ્રાયથી છુપો યત્ન કરતા હતા. એ પ્રમાણે એ રજપૂત-કલંક હતભાગ્ય રાજાઓએ પાપમોહના વશીભૂત થઇને

જે કાયરપુરૂષોચિત કામ કર્યું તેનું માઠું ફળ થોડા વખતમાં તેઓને ભોગવવું પડ્યું. થોડા વખતમાં યવનની કઠોરતર દાસરૂપી સાંકળમાં તેઓને એકઠા બંધાવું પડ્યું.

સર્વ તૈયારી થઇ ચૂકી એટલે રાજકાજનો ભાર પોતાના નાના પુત્ર કરણના હાથમાં સોંપીને મહારાજ સમરસિંહ પોતાના સગાવહાલા અને સૈન્ય સામંતોને સાથે લઇને દિલ્લી જવા નીકળ્યો. પણ જતી વેળાએ તેનું હૃદય એકદમ કંપાયમાન થયું—એકદમ જાણે કોઇએ તેના કાનમાં અતિ મૃદુસ્વરે કહ્યું હોય એવું સાંભળ્યું કે "સારી પેઠે ચિતોડને એકવાર જોઈ લે, હવે તેને જોવા પામીશ નહિ." તેથી સમરસિંહ ચમકિત થયો; પરંતુ કોઇ રીતે નિરૂત્સાહ ન થતાં ઈષ્ટદેવને યાદ કરતો કરતો આગળ ચાલવા લાગ્યો. ચંદવર્દાઇના "મહાસમર" નામના છેલ્લા સર્ગમાં મહારાજ સમરસિંહના એ છેલ્લા દિલ્લી આવવાનું વર્ણન લખ્યું છે. પેલી બાજુએ દિલ્લીશ્વર પૃથ્વીરાજ, પ્રધાન અને સામંતોને લઈને ૩ કોસ સુધી સમરસિંહને લેવાને સામે આવ્યો અને મહા સનમાન અને સંભ્રમની સાથે તે બંધુને ભેટયો. સમરસિંહ

આવ્યાથી દિલ્લીના રહેવાસીઓ ઘણા ખુશી થયા. ઘેરઘેર ગીત વાદ્ય થવા લાગ્યાં. દરેક ઘરની બહાર તોરણ અને મંગળ ઘટ સ્થાપિત થયા; અસંખ્ય નિશાનો અને ફૂલની માળાઓથી દિલ્લીએ શોભિત થઇને પરમ રમણીય મૂર્તિ ધારણ કરી. બ્રાહ્મણો પવિત્ર હૃદયથી સ્તવન કરવા લાગ્યા અને બંદીજન સ્તુતિ પાઠ કરતા કરતા સમરસિંહને માન આપવાને આગળ ચાલ્યા. મતલબ કે તે દિવસ પરમ આનંદનો દિવસ હોય તેવો દેખાતો હતો. તે આનંદને દિવસે અસીમ આનંદમાં ઉત્ફુલ્લ થયલા વૃદ્ધથી તે બાળક પર્યંતના આનંદ અને માનની સાથે સમરસિંહે પાંડવના પવિત્ર લીલાનિકેતનમાં પ્રવેશ કર્યો. આજે અનેક દિવસ વીત્યા પછી હૃદયનાં પ્રિયતમ ભાઇ બેન, સાળો બનેવી અને બંધુ બાંધવને એકત્ર પાછું મળવું થયું. બંને પક્ષના સૈન્યસામંતોએ ઘણા દિવસના ઓળખીતા પ્રાણ-સુહૃદને મળ્યાથી આનંદાશ્રુવાળી આંખથી બાથ ભરીને ભેટીને સ્વર્ગસુખ અનુભવ કર્યું.

પછી થોડું વિશ્રામસુખ ભોગવીને સમરસિંહ પ્રિયતમ મિત્રની સાથે લડાઇના બંદોબસ્તની વાતો

કરવા બેઠા. અને શત્રુકુળની ગતિ રોકવાને માટે પૃથ્વીરાજે આગળ કોઇ રીતનો બંદોબસ્ત કર્યો છે કે નહિ તે પૂછ્યું. જવાબમાં જે કંઇ સાંભળ્યું, તેનાથી પ્રબળ વિસ્મયનો ઉદ્રેક થયો. તેણે સાંભળ્યું કે પૃથ્વીરાજે હજીસુધી કોઈ વિશેષ ઉપાય યોજ્યા નથી. એથી સમરસિંહે તેને સુમિષ્ટ ભર્ત્સના કરી અને જેથી ઉપયોગી કૌશલ જણાય તેને માટે વિચાર કરવા લાગ્યા. એનુ વર્ણન અતિ સુંદરરૂપથી મહાકાવ્ય વર્દાઇ ગ્રંથના છેલ્લા સર્ગમાં વર્ણવ્યું છે. એ મનોહર વિવરણાવલિ પાઠ કર્યાથી પાઠકનાં હૃદય એ બંને રજપૂતવીરના મહાન ચરિત્રના ઉપર સમભાવે આકૃષ્ટ થશે.

યુદ્ધોપયોગી સર્વ તૈયારીઓ થઇ રહી. મહારાજ સમરસિંહના હુકમથી વિશાળ રજપૂત સેના દિલ્લીને દરવાજે છોડીને શત્રુની તરફ પ્રચંડ પર્વતની નદીની પેઠે આગળ ચાલી. હથિઆરનો ખડખડાટ, પ્રમત્ત રણમાતંગ અને ઘોડાઓના ભયંકર અવાજ અને રણોન્મત્ત રજપૂત વીરોના ગંભીર ચિત્કાર તથા વિરાટ પગના ભાર, એ બધાથી ધરતી કાંપવા લાગી. રજપૂતસેનાએ કયા રસ્તા ઉપરથી જવું અને કેવી રીતે શ્રેણીબદ્ધ થઇને આગળ વધવું તથા રસ્તામાં કયી કયી

જગા પર વિશ્રામ લેવાની જરૂર છે, તે સર્વ વ્યાપારમાં સમરસિંહની સલાહ લેવામાં આવતી. તેની સલાહ સિવાય પૃથ્વીરાજ કંઈ કામ કરતો નહોતો. મહાકવિ ચંદભાટે તેને રજપૂત સેનાનો એકયુલીજ કહીને વર્ણન કર્યું છે. તે સાહસી, ધીર સ્વભાવ, અને લઢાઇમાં કુશળ હતો; તેમજ પરમપંડિત, શાસ્ત્રવિશારદ, સલાહ આપવામાં નિપુણ, ધર્મનિષ્ઠ, સત્યપ્રિય અને શુદ્ધ ચરિત્રનો હતો. શિયાળ વિહંગાદિની ગતિ અને બીજાં લક્ષણ જોઇને જોશ જોવામાં કોઇ પણ જોશી તેના જેવી ભાવી ફળાફળની ગણના કરી શકતો નહતો. મતલબ કે તે શુકન જોવામાં તથા જોશ જોવામાં ઘણો જ કુશળ હતો. સંગ્રામસ્થળમાં સેના ગોઠવવામાં અને લઢાઇની વેળાએ ઘોડો અને ભાલો ચલાવવામાં તેના જેવો બીજો રજપૂત વીર કોઈ નહતો. તેના એ સર્વ અપ્રતિમ ગુણ ગૌરવને માટે ગિહલોટ ચહુઆણ વગેરે સર્વ સૈનિક અને સામંતો તેની અતિશય શ્રદ્ધાભક્તિ કરતા. પ્રાતઃકાળે યુદ્ધયાત્રા અથવા રણાભિનય સમાપિત થયાથી રજપૂત સૈનીકો અને સામંતો છાવણીમાં આવતાં સમરસિંહ તેઓની સાથે સાદર અને સ્નેહથી વાતો કરીને નાના

પ્રસંગની નીતિમાન શિક્ષા અને ભાષણ આપતો. તે સર્વ મનોહારિણી શિક્ષા અને ભાષણ શ્રવણ કરતા કરતા છાત્રણીના સર્વે જણ પરમાનંદમાં પુલકિત થઇ જતા. મહાકવિ ચંદભાટે મુક્તકંઠથી સ્વીકાર કર્યું છે કે તેના મહાકાવ્યમાં જે સર્વ શાસન વિષયની નીતિશિક્ષા દાખલ કરી છે તેનો ઘણોખરો ભાગ ખોમાન કુળમણિ સમરસિંહના મોઢેથી નીકળ્યો છે. ધર્મનીતિ, રાજનીતિ, સમાજનીતિ, મંત્રીને પારખવાની રીતિ અને રાજદૂતના આચાર, વિશેષેકરીને રાજા પ્રતિ રજપૂતનાં મોટાં મોટાં કર્તવ્ય સંબંધમાં જે સર્વ સુંદર સુંદર વાર્તા અને રૂપક અલંકાર તેના કાવ્ય ગ્રંથમાં દાખલ કર્યાં છે તે સર્વનો વક્તા ચિતોડનો અધિપતિ સુપંડિત મહારાજ સમરસિંહ હતો.

પુણ્યભૂમિ બ્રહ્માવર્તની પ્રાંતવાહિની પવિત્ર નદી દૃષદ્વતીના* વિશાળ કિનારા ઉપરના મેદાનમાં ક્ષત્રીય અને મુસલમાન વચ્ચે ત્રણ દિવસ સુધી મોટી લઢાઇ થઇ હતી. પ્રથમ બે દિવસ સુધી એકે પક્ષના જય પરાજયનું કંઇપણ લક્ષણ જોવામાં આવ્યું નહિ. ત્રીજે દિવસ કાળ નિશારૂપે ભારતના પ્રાચીદ્વારમાં જોવામાં

* એનું હાલનું નામ કાગ્ગાર છે

આવ્યો. ભગવાન સૂર્યદેવ જાણે એક વાર અનંતકાળને માટે ભારતસંતાનોનો ગૌરવ જોવાને ધીરે ધીરે ઉદયાચલે આવ્યા હોય ને! તેમને જોઇને રજપૂતો દૃષદ્વતીના પવિત્ર પાણીમાં નાહીને પ્રાતઃકૃત્યાદિ કરવા લાગ્યા. બીજી બાજુએ પૃથ્વીરાજ પ્રિયતમા રાણી સંયુક્તાની આગળ ઉભો છે ને સંયુક્તા સ્વહસ્તે તે દિવસે તેને રણસજ્જાને સારૂ સજ્જિત કરવા લાગી છે. તેને કવચ પહેરાવીને તેની કમર ઉપર તરવાર લટકાવી દીધી છે. તે વખતે ગગનમંડળ વિદીર્ણ થઇને રણના ડંકા પ્રચંડ શબ્દથી વાગી ઉઠયા. તે ગંભીર વાદ્યધ્વનિ પ્રતિધ્વનિમાં વિલીન થતા ન થતામાં તો રજપૂતો શ્રવણભૈરવ અવાજથી સિંહનાદ કરી ઉઠયા, તેનાથી પૃથ્વીરાજ ચમકિત થયો. એટલી વારમાં વિશ્વાસઘાતક યવનો ચઢાઇ કરશે એવો તેણે મનમાં વિચાર પણ કર્યો નહોતો. પળ પણ ન થોભતાં તે દોડતો રણના મેદાનમાં ગયો. અને જોય છે તો તે છેલ્લા સમરાભિનયમાં—ભારતના તે છેલ્લા ગૌરવને દિવસે ભારતનો અદ્વિતીય મહાવીર સમરસિંહ અને તેનો પુત્ર કલ્યાણ ભીમ વિક્રમથી અગણ્ય યવન સૈન્યનો સંહાર કરીને, સ્વદેશ પ્રેમિકતાનું અને અદ્દભુત વીરત્વનું જ્વ-

અંત ઉદાહરણ દેખાડીને, પોતાની તેર હજાર રજપૂત સેના અને પ્રસિદ્ધ સામંતોની સાથે લઢાઇના મેદાનમાં અનંતકાળને માટે સૂતો છે! તે દુર્દિવસે દષદ્વતીની તે લોહીની નદીમાં ભારતનો ગૌરવસૂર્ય હંમેશાંને માટે અસ્તમિત થયો! ભારતની આશા વિલુપ્ત થઇ ગઇ! વીરશેખર સમરસિંહની પતિવ્રતા રાણી પૃથાએ જ્યારે એ ભયંકર ખબર સાંભળી,—જ્યારે સાંભળ્યું કે યવનોના કપટાચરણથી તેના જીવનનું જીવન સ્વામીરત્ન સમરસિંહ લઢાઈના મેદાનમાં મરણ પામ્યો છે; પ્રિયતમ ભાઈ પૃથ્વીરાજ યવનના હાથમાં બંદીવાન થયો છે; ભારતનો આશા ભરૂસો આર્યવીરો કાગ્ગારને કિનારે ભીષણ સમરક્ષેત્રમાં શરની પથારીમાં અનંત કાળને માટે સૂતા છે; ત્યારે તે વખત ન લગાડતાં, આત્મીય સ્વજન બંધુબાંધવનાં સાંત્વના વાક્ય ન માનતાં, તરત ચિતાનલમાં શરીર હોમીને પ્રાણપતિની સાથે રહેવાના ઉદ્દેશથી બળી મૂઇ! અને પૃથ્વીરાજને શાહાબુદ્દીને મારી નાખ્યો*

---

* કોઈ કોઇ કહે છે કે પૃથ્વીરાજને શાહબુદ્દીન ગોરીએ કાબુલમાં લઇ જઈને આંખો ફોડી નાખીને કહ્યું કે સાત તવા વીંધી નાંખ. ત્યારે પૃથ્વીરાજે

તેની ખબર જ્યારે સંયુક્તાને પડી, ત્યારે તે પણ ચિતા ખડકાવીને બળી મૂઇ. દૃષદ્વતીની રેતીવાળી જમીન ભીષણ સ્મશાનરૂપ થઈ રહી. જે પવિત્ર તટ ઉપર બેસીને આર્યગૌરવ બ્રહ્મર્ષિયો સુધામય સામગાનથી દેવતાઓને આનંદિત કરતા હતા; જેઓના શ્રવણમોહન વેદગાનથી વિમોહિત થઈને સ્વચ્છ સલિલા દેવતરંગિણી તાલે તાલે નૃત્ય કરતી કરતી સમુદ્રમાં જતી હતી, તે તટની પુણ્યમયી રેતાળ જમીન, ભીમદર્શન સ્મશાન થઈ ગઈ છે! તેના ઉપર અસંખ્ય શિયાળો, કૂતરાં અને ગીધો ભયાનક ચિત્કાર કરે છે. આજે તે સ્વચ્છ સ્થળ નરના લોહીથી પ્લાવીત થયું છે. તે બીભત્સ સ્મશાન-

---

સાત તવા વીંધીને શાહબુદ્દીન જોવા બેઠો હતો તેને તીર માર્યું તેથી તે મરી ગયો. ત્યાર બાદ પૃથ્વીરાજ સાથે ચંદભાટ આવ્યો હતો તેઓ એકમેકને તરવાર મારીને મરી ગયા. ચંદભાટ એવું પણ કહે છે કે પૃથ્વીરાજે સાત વાર શાહબુદ્દીન ગોરીને કેદ કરીને છોડી મૂક્યો હતો. પરંતુ તેણે પૃથ્વીરાજને એક વખત પકડીને મારી નાખ્યો, એ કેવું કૃતઘ્નપણું!!

ભૂમિનો ભીષણ દેખાવ બમણો વર્દ્ધિત કરીને નિશાચરના જેવા યવન સૈન્યો પતિત આર્યવીરોના અંગરાગને ચોરવા લાગ્યા છે. હાય! હવે તેઓની પ્રચંડ ગતિને કોણ રોકશે! કોણ સ્વદેશ પ્રેમિકતાના પવિત્ર મંત્રમાં ઉત્તેજીત થઇને હાથમાં તરવાર લઇને યવનોને દૂર કરશે! કોઇ નહિ! પ્રકૃતિ ચિત્કાર કરીને કહે છે—કોઈ નહિ! ભારતની રાજલક્ષ્મી યવનની સાંકળમાં બંધાઇને રડતી રડતી કહે છે—કોઈ નહિ! ભારતભૂમિ આજ અનાથિની છે—પતિ પુત્ર વગરની છે—આજ તે શત્રુના હાથમાં બંદીવાન છે!

સતી વીરાંગના.

સંયુક્તા.†

સંયુક્તા કાન્યકુબ્જના ‡ રાજા જયચંદ્રની કુંવરી હતી. ૧૧૭૦ ઇસવીસનમાં એનો જન્મ થયો હતો.

---

† કોઈ કોઈ એનું "સંજોગતા" નામ બતાવે છે. એટલુંજ નહિ પણ "રાજાવળીમાં" એનું નામ "અનંગમંજરી" લખ્યું છે. ‡ હાલ કનોજ કહેવાયછે.

પ્રખ્યાત ચંદ કવિએ ચહુઆણુરાસના કનોજ ખંડમાં એના વિષે લખ્યું છે. સંયુક્તા તે વખતની સ્ત્રીઓમાં સર્વોત્તમ રૂપવાન હતી. તેનું કેવળ અનુપમ સૌંદર્ય હતું એટલુંજ નહિ, પરંતુ તેનામાં અસાધારણ ઉદારતા પણ હતી. સંયુક્તાના સદ્‌ગુણ એટલા બધા હતા કે ચંદ કવિએ તેને કાન્યકુબ્જની લક્ષ્મી કહીને વર્ણન કરવામાં કંઇ પણ ખામી કરી નથી.

જયચંદ્ર રાઠોડ વંશના રજપૂતોમાં, અને સુપ્રસિદ્ધ દિલ્લિપતિ પૃથ્વીરાજ ચહુઆણ વંશના રજપૂતોમાં પ્રધાન હતો. આ રાઠોડ અને ચહુઆણ કુળમાં ઘણો દ્વેષ હતો. પૃથ્વીરાજે અતુલ સૌભાગ્ય સંપત્તિનો અધિકાર સ્વાધીન કર્યા પછી એક વેળાએ સુપ્રસિદ્ધ અશ્વમેધ યજ્ઞ કરવાનો આરંભ કર્યો. આ મહાયજ્ઞનો આરંભ જોઇને તેના પરમ શત્રુ જયચંદ્રના હૃદયમાં શૂળ ઉત્પન્ન થયું. ક્રોધથી અને દ્વેષથી ઉત્તેજિત થઈને પોતાનું ગૌરવ અને મોટપણું બતાવવા માટે તરત રાજસૂય મહાયજ્ઞનો આરંભ કરવામાં ગુંથાયો. એ યજ્ઞમાં કામ કરનારા સઘળા રાજાઓ જોઇએ, એવો પ્રાચીન કાળથી રૈવાજ ચાલ્યો આવતો હતો, તેથી ભારતના મોટા મોટા રાજાઓને

આ યજ્ઞમાં નિમંત્રણ કરવામાં આવ્યાં, અને સઘળા રાજાઓ આવ્યા; પરંતુ દિલ્હીનો રાજા પૃથ્વીરાજ અને મેવાડનો રાજા સમરસિંહ આવ્યા નહોતા. એઓએ પોતાની હયાતીમાં જયચંદ્રને એવો મહા યજ્ઞ કરવામાં અયોગ્ય સમજીને તેનું તેડું અગ્રાહ્ય કર્યું: તેથી જયચંદ્રે અભિમાની થઇને પૃથ્વીરાજ અને સમરસિંહની સોનાની મૂર્તિઓ બનાવીને તેઓને યથાક્રમે દ્વારપાળને ઠેકાણે અને એઠાં વાસણોની દેખરેખ કરવા ઉપર મૂકી. પછી આડંબરની સાથે રાજસૂયના કામનો આરંભ થયો. એ યજ્ઞના પછી કાન્યકુબ્જની લક્ષ્મી સંયુક્તાનો સ્વયંવર કરવાનો વિચાર હતો. સ્વયંવરની રીતિ એવા ઊંચ કુળની કન્યાને પસંદ આવે એવો વર શોધી લેવાનો સારો ઉપાય છે. પહેલાં એ સ્વયંવર સઘળાઓના ગુણોની ઓળખાણ કરવાની અદ્વિતીય જગ્યા હતી, તે આર્યસમાજમાંથી હજુ છેક જતી રહી ન હોતી. એ ચાલના અનુવર્ત્તી થઇને ગુણ—ગૌરવ—શ્રેષ્ઠ બાહુબળથી શોભિત ક્ષત્રિય રાજાઓ એકે એકે કાન્યકુબ્જના સ્વયંવરની સભામાં આવવા લાગ્યા. સઘળા રાજાઓ આવી ચૂક્યા તે વેળાએ સંયુક્તા સ્વયંવરના લાયક પોશાક પહેરી હાથમાં

ફૂલની વરમાળા લઇને દાસીની સાથે સભામાં આવી.

જે ગુણ હૃદયમાં ઉદ્દીપ્ત થાય છે તે માણસની ખાશિયતને દેવભાવના પ્રમાણે જુવે છે, બહારના સામાન્ય વસ્ત્રથી તેને નિવારિત કરાતી નથી. સંયુક્તા એ સ્વયંવરની આગમચ પૃથ્વીરાજના પ્રકાશવાળા ગુણો, હિંમત અને વીરત્વ સાંભળીને એના ઉપર આસક્ત થઇ પડી હતી. અને હાલ પણ પિતાના એ શત્રુ ઉપરથી તેની આસક્તિ દૂર થઈ નહોતી. તેણે હિંમતની સાથે પૃથ્વીરાજને જ વરમાળા પેહેરાવવાનો નિશ્ચય કર્યો હતો. સુશોભિત સભામંડપમાંના સુસજ્જિત રાજાઓનાતરફ ન જોતાં તેણે સઘળાઓને છોડીને દ્વારપાળની જગ્યા પર પૃથ્વીરાજની જે સોનાની મૂર્તિ હતી તેના ગળામાં વરમાળા પેહેરાવી. જયચંદ્ર કન્યાનું આવું કામ જોઇને ગભરાયો. અને સ્વયંવરમાં આવેલા રાજાઓ એવી રૂપ ગુણવાળી લલના રૂપી રત્નના લાભમાં આશા વિનાના થયાથી પોતાને ધિક્કારવા લાગ્યા.

સંયુકતાની વરમાળા નાંખવાની વાત પૃથ્વીરાજે સાંભળી એટલે તે સ્વસૈન્યની સાથે કાન્યકુબ્જમાં આવીને સંયુક્તાનું તેના બાપના ઘરમાંથી હરણ

ફરી ગયો. જયચંદ્રે કન્યારત્નનો ઉદ્ધાર કરવાને માટે ઘણીક મેહેનત કરી. કાન્યકુબ્જથી દિલ્લી જવાના રસ્તા ઉપર પાંચ દિવસ સુધી બંનેની વચ્ચે યુદ્ધ થયું, પરંતુ છેવટે પૃથ્વીરાજનો જય થયો અને જયચંદ્ર યુદ્ધમાં પરાજય પામીને ખેદથી કાન્યકુબ્જમાં પાછો ગયો.*

કોઇ કોઇ પૃથ્વીરાજે સંયુક્તાનું હરણ કરવાનો કાળ ૧૧૭૫ ઇસવી સનનો કહે છે, અને કેટલાકો

---

* કોઇ કોઇ કહે છે કે જયચંદ્રે પૃથ્વીરાજની સોનાની મૂર્ત્તિને દ્વારપાળની જગ્યા ઉપર રાખ્યાથી પૃથ્વીરાજને ઘણો ક્રોધ ચઢયો તેથી સૈન્ય સામંતોને સાથે લઇને કાન્યકુબ્જમાં આવીને જયચંદ્રને યુદ્ધમાં હરાવ્યો. આ વખતે સંયુક્તાએ પૃથ્વીરાજને જોઇને મનમાં ને મનમાં તેને પતિ નિર્ધાર્યો હતો. એના પછી સંયુક્તાને બાપે પૂછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે હું પૃથ્વીરાજની સાથે લગ્ન કરીશ. પૃથ્વીરાજ લોકથી આ વાત સાંભળ્યા પછી સ્વસૈન્યથી કાન્યકુબ્જમાં આવીને સંયુક્તાને પોતાની રાજધાનીમાં લઇ ગયો.

ઉપલા વખતના પછી ૧૫ વરસ બતાવે છે. † ચાહે તેમ હો, પણ પૃથ્વીરાજ આ અસામાન્ય લલનારત્નનો અધિકારી થઇને હમેશાં સારી રીતે કાળ ગાળતો હતો. સંયુક્તાના અસાધારણ ગુણથી સ્વર્ગનું સુખ પણ તેની આગળ તુચ્છ જણાતું હતું. થોડા કાળમાં તે ભર્તાની પ્રિયપત્ની થઇ પડી હતી.

પૃથ્વીરાજ જ્યારે એવો ઉત્તમ દાંપત્યપ્રેમ ભોગવતો હતો, સંયુક્તા જ્યારે આ પ્રમાણે પતિ-સોહાગિની થઇને સૌભાગ્યના હીંડોળામાં હીંચકા ખાતી હતી, ત્યારે દુરંત શાહાબુદ્દિન ગોરી ભારતને હરવાને આવ્યો હતો. સંયુક્તા આ વેળા શત્રુના હાથથી માતૃભૂમિની રક્ષા કરવાને યત્નવાન્ થઇ. કેવી રીતે યવન સૈન્યનો પરાભાવ થાય, કેવી રીતે યવનગ્રાસથી ભારતભૂમિની રક્ષા થાય, આ ચિંતાથી હાલ તેનું મન વ્યગ્ર થવા માંડયું. તેણે ભર્તાને

---

† મારા વિવેચનથી આ છેલ્લો (૧૧૯૦ ઇસવી સનનો) સમય ઠીક જણાય છે. ૧૧૭૦ ઇસવી સનમાં જ્યારે સંયુક્તાનો જન્મ થયો છે ત્યારે ૧૧૭૫ ઇ૦ સ૦ માં કેવી રીતે તેનો સ્વયંવર થાય ? પાંચ વર્ષની બાલિકા કદી પણ પોતાનો પતિ શોધી શકે નહિ.

ચતુરંગ સેનાના દળનો સેનાપતિ થઇને જલદી રણક્ષેત્રમાં જવાની પ્રાર્થના કરી. તેણે સઘળાં યુદ્ધ-પ્રકરણ એકઠાં કરીને ગંભીરોન્નત અવાજથી પૃથ્વી-રાજને કહ્યું, "જગત્‌માં કંઇ ચિરસ્થાયી નથી. આપણે આજે જે જીવનના પ્રવાહમાં દેહ તરતી રાખીને પાર્થિવ સુખ ભોગવીએ છીએ, ચહાય તો કાલે તે અનંત સાગરમાં જતું રહેશે. એવા ક્ષણભંગુર દેહને મમતામાં ખેંચીને યશનું હંમેશનું સુખ જતું મૂકવું વિધેય નથી. જેઓ મોટાં કામ બજાવવા જતાં આત્મપ્રાણ વિસર્જન કરે છે, તેઓ હંમેશાં આ જગતમાં રહેલા છે. હું આશા રાખું છું કે તમે પોતાના વિષે વિચારતાં આ મહત્તાની તરફ મન લગાડશો. તમારા હાથની તરવારથી શત્રુના શરીરના બે કડકા કરો; તમારા બેસવાના તેજસ્વી ઘોડાને શત્રુના લોહીના પ્રવાહમાં તરતો કરો; તમે અને તમારૂં ચતુરંગ સૈન્ય "હર હર" ધ્વનિથી ચોતરફ પ્રતિધ્વનિ કરો. આ મોટા કામમાં મરણનો ભય રાખશો ના. રણની જગ્યા ઉપર ભયંકર મૂર્ત્તિથી યત્નની સાથે સ્વદેશની સ્વાધીનતાની રક્ષા કરજો. હું પરલોકમાં તમારી અર્દ્ધભાગિની થઇશ." વીર રજપૂ

તાણીને મ્હોડેથી આવાં શૌર્યનાં વાક્ય નીકળ્યાથી તે વાક્યોએ તેજસ્વી પૃથ્વીરાજના હૃદયમાં પ્રવેશ કરીને તેને ઉત્સાહી કરી મૂક્યો.

તેણે જલદીથી સૈન્યોને એકઠાં કર્યાં અને યુદ્ધ કરવાને વાસ્તે નીકળ્યો. ભારતના ઘણાખરા સઘળા વીરોએ આ મહાયુદ્ધમાં શરીર અને મન અર્પણ કર્યાં. આર્યાવર્ત્તના રાજ્યકુળના "હર હર" ધ્વનિથી ચારે તરફ પૃથ્વી કંપવા માંડી. હિંદુરાજ-ચક્રવર્ત્તી પૃથ્વીરાજે આ સેનાનો સેનાપતિ થઇને શાહાબુદ્દિનને રણક્ષેત્રમાં બોલાવ્યો. ઉત્તર ભારતના નારાયણપુર ગામના તિરોહી ક્ષેત્રમાં બંને પક્ષમાં મોટો સંગ્રામ થયો. યવન-સૈન્ય ક્ષત્રિય વીરોના બળથી ભાગવા માંડ્યું. શત્રુનાં નિશાન વાવટા અને હથિઆરો પૃથ્વીરાજના હાથમાં આવ્યાં. શાહાબુદ્દિન ગોરી પરાજિત થઇ રણભૂમિમાંથી જતો રહ્યો. પૃથ્વીરાજ વિજયી થઈને મહોત્સાહની સાથે દિલ્હીમાં પાછો આવ્યો.

પરાજિત થયા પછી બે વર્ષે શાહાબુદ્દિન વળી દળબળની સાથે ભારતભૂમિમાં આવ્યો. એ વખતે પણ પૃથ્વીરાજે લઢાઇની તૈયારી કરવા માંડી. જલદીથી લઢાઇને વાસ્તે ઉમરાવોની સભા બોલાવવામાં આવી

ઘણીક જગ્યાપરથી સૈન્યો એકઠાં થવા લાગ્યાં. ક્ષત્રિય રાજાઓ એક એકના પછી આવીને સંગ્રામમાં જવા ભેગા મળ્યા. અને ટૂંક વખતમાં પાછો દિલ્લીમાં વિશાળ સૈન્યસાગરનો દેખાવ જોવામાં આવ્યો.

લઢાઇમાં જનારાઓએ પોતાના કુટુંબની છેલ્લી મુલાકાત કરી. મા, છોકરી, સ્ત્રી સઘળાંઓએ તેઓને "રણમાંથી ભાગી આવવાના કરતાં રણભૂમિમાં દેહત્યાગ કરવો શ્રેય છે." કહીને વિદાય કર્યા. એક તરફ સંયુક્તાએ ભર્ત્તાને વીરના સાજમાં સજાવ્યો. એમ સજાવતાં સજાવતાં તેના હૃદયમાં એકદમ અમંગળની આશંકા થવા લાગી, અને તેથી તે વ્યાકુળ થઇ પડી. તેની જમણી આંખ ફરકવા માંડી. સંયુક્તાએ એક ધ્યાનથી પૃથ્વીરાજની તરફ જોવા માંડયું. એકદમ કેટલોક પસીનો કપાળ ઉપરથી વહીને છાતીપર પડયો. પૃથ્વીરાજ વખત ન લગાડતાં સૈન્યમાં સામેલ થઇને નગરની બહાર નીકળ્યો. સંયુક્તા ભર્ત્તાનો જવાનો રસ્તો જોતી જોતી દીર્ઘ હાય મારીને બોલી, જણાય છે કે "હવે સ્વર્ગ સિવાય આ યોગિનીપુર (દિલ્લી)માં પાછું મળવું થશે નહિ"

સૌભાગ્યની લક્ષ્મી હંમેશાં એક માણસની પાસે

રેહેતી નથી. હંમેશાં કોઇના દહાડા સરખા જતા નથી. નસીબ ચક્રના પ્રમાણે એક વખત ઉપર જાય છે તો એક વખત નીચે જઇને આ લોકમાં સંસારનું ચાંચલ્ય બતાવે છે. પૃથ્વીરાજે તિરોહીક્ષેત્રમાં જે વિજયનું નિશાન શોભિત કર્યું હતું, તે મુસલમાનની ચતુરાઇથી અને કાળના નીતિબળથી બીજી લઢાઈમાં તૂટી પડયું હતું. ૧૧૯૩ ઇસવી સનમાં કાગ્ગાર નદીના કિનારે મહમદ ગોરીની સાથે આ બીજી લઢાઇ થઈ હતી. તે વખતે હિંદુસૈન્યોએ શત્રુની સાથે ટકથી લઢાઇ કરી હતી, પરંતુ છેલ્લે તેઓનાં શરીરરત્ન ધૂળમાં રોળાયાં. પૃથ્વીરાજ ઘણી હિમ્મતથી યુદ્ધ કરીને શત્રુના હાથમાં સપડાયો. અનંત પ્રવાહ ક્ષત્રિયના લોહીથી ભારતનું કલેવર કલંકિત થયું; અને એ લોહીના સાગરમાં ભારતના સૌભાગ્યનો સૂર્ય અસ્ત થવા લાગ્યો. સંયુક્તાની અમંગળની આશંકા ખરી પડી.

તરત આ સાંઘાતિક ખબર દિલ્લીમાં પહોંચી. ખબર મળતાં જ સંયુક્તાએ ચિતા ખડકાવી. તે ચિતાની આગની શિખા ગગન સ્પર્શિત થઇ. સંયુક્તાએ રત્નમય અલંકાર દૂર ફેંકીને લાલ વસ્ત્ર અને

લાલ રંગના ફૂલથી ભૂષિત થઇને એ આગમાં પ્રવેશ કર્યો. ક્ષણમાત્રમાં તેનું અનુપમ લાવણ્ય–ઉત્તમ શરીર ભસ્મરાશિ થઈ ગયું. તેના જીવનનો આ છેલ્લો ભાગ ભયંકર અને રૂવાટાં ઉભાં કરે તેવો છે.

પૃથ્વીરાજ સયુક્તાને છોડીને જ્યાં સુધી રણભૂમિમાં હતો ત્યાં સુધી કેવળ પાણીથી સંયુક્તાએ જીવનની રક્ષા કરી હતી. ચંદકવિના ગ્રંથમાં એક જુદા પ્રકરણમાં તેના આ અસાધારણ પાતિવ્રતનું વર્ણન કરેલું છે. સંયુક્તા પાતિવ્રતના દૃષ્ટાંતની ભૂમિ છે, સ્વર્ગની દેવી સમાન વર્ણવવા યોગ્ય છે. પતિવ્રતા શિરઃસ્થાનીય સાવિત્રીની શ્રેણીમાં તેનું નામ મૂકવા જેવું છે.

હાલની જૂની દિલ્લીમાં સંયુક્તાનાં બનાવેલાં ઘણાંક ચિન્હો હજી જોવામાં આવે છે. જે કિલ્લામાં તેની વિલાસભૂમિ હતી, તેની ભીંતો આજ પણ દેખવામાં આવે છે. જે દિવાનખાનામાં તે પતિસોહાગિની થઇને રહેતી હતી તેના થાંભલાઓ ભાગેલા સુશોભિત છે. કાળના કઠોર આક્રમણથી એક વખતે આ ભાગેલા સ્તંભો માટીની સાથે મળી

જશે. અને નાશ થનાર ઇંટોથી બનાવેલાં દિવાનખાનાં કાળે કરીને વિલુપ્તપ્રાય થશે, પરંતુ એની અધિષ્ઠાત્રી સંયુક્તા કદિ પણ આ જગત્‌માંથી અંતરિત થશે નહિ. તેનો પતિપ્રેમ, તેનું પતિવ્રતાપણું અને તેનું કુલિનપણું એ હમેશાં તેના પવિત્ર ઇતિહાસમાં પ્રકાશિત રહેશે.

વીરાંગના.

કર્મદેવી.

દુરંત શાહાબુદ્દિન ગોરી જ્યારે ભારતવર્ષમાં આવ્યો, ત્યારે વીર્યવંત આર્યપુરૂષો ગરીયસી જન્મભૂમિની રક્ષાને માટે તૈયાર થયા. દિલ્લીશ્વર પૃથ્વીરાજે સ્વદેશની સ્વાધીનતાની રક્ષાને માટે એ અફગાન શત્રુને ભારતભૂમિમાંથી હાંકી કાઢવાને વાસ્તે લડાઇની તૈયારી કરી; મેવાડનો અધિપતિ પરાક્રમી સમરસિંહ, પ્રિયતમ પુત્ર અને ઘણુંક હિંમતવાન સૈન્ય લઇને તેનો સાથી થયો. દિલ્લી અને મેવાડના યોદ્ધાઓ એકઠા થઇને એક પવિત્ર ઉદ્દેશની રક્ષાને માટે પુણ્યસલિલા દૃષદ્વતીના કિનારે આવ્યા. જે પ્રશસ્ત હૃદયા

તટિનીની મનોહર ભૂમિમાં બેસીને પ્રાચીન આર્યો જલદ ગંભીર મધુર સ્વરથી વેદગાન કરતા હતા, જ્યાં યોગાસનમાં બેસીને યોગરત આર્યતાપસો પરમ શક્તિના ધ્યાનમાં નિમગ્ન રહેતા, તે પવિત્ર સ્રોતસ્વતીને કિનારે વીર્યવાન આર્યો જીવનનું મોટું કામ કરવાને આજ એકઠા થયા છે. પરંતુ એ મોટું કામ સફળ થયું નહિ. દુરંત અફગાનની ચાતુરીથી હિંદુઓનો પરાજય થયો અને દૃષદ્વતીના કિનારા ઉપર ક્ષત્રિઓના અનંતપ્રવાહવાળા લોહીના સાગરમાં ભારતનો સૌભાગ્યરવિ ડૂબ્યો. પૃથ્વીરાજ માર્યો ગયો. ત્રણ દિવસના ઘોરતર યુદ્ધ પછી પવિત્ર રણક્ષેત્રમાં પરાક્રમી સમરસિંહનું મરણ નીપજ્યું. તેના પ્રિયતમ પુત્ર અને તેના હિમ્મતવાન સૈન્યના દેહ રત્ન નદીની રેતીમાં રોળાવા લાગ્યા. અફગાનોએ દિલ્હી પોતાના કબજામાં લીધું, કનોજમાં જયનો વાવટો ઉડાડયો, અને છેલ્લે પુણ્યભૂમિ રજપૂતાનામાં આવ્યા.

પવિત્ર રણમાં પવિત્રાત્મા સમરસિંહે દેહ છોડયો છે. આજ મેવાડ અંધારામાં છે. દુરંત શત્રુ દરવાજામાં આવ્યાથી વીરભૂમિ આજ શોકસાગરમાં નિમગ્ન

છે. રજપૂતાનાના દરેક સ્થાનમાં નર-શોણિતનો સ્રોત પ્રવાહિત થાય છે, પ્રત્યેક સ્થાન વિધર્મી યવનની ચઢાઇથી ખરાબ થતું જાય છે. તેજસ્વિતાનું-પવિત્રતાનું-સ્વાધીનતાનું આશ્રયસ્થળ આજે વિશૃંખલ અને વિધ્વંસ્ત થતું જાય છે. અને અફગાનના જુલમથી મહાશ્મશાનમાં આવતું જાય છે. આ પૂર્ણ વિપત્તિની વેળાએ એકદમ અનિર્વચનીય શક્તિના મહિમાના બનાવનો સ્રોત બીજી બાજુએ ધાવિત થવાથી એકાએક વીરભૂમિ વીર્યમદમાં ઉત્તેજિત થઇ પડી, અને મેવાડ પોતાનું ગૌરવ રાખવાને માટે નવા ઉત્સાહની સાથે રંગભૂમિમાં નીકળી પડયું. મેવાડની મહાશક્તિરૂપિણી યુવતી વીરાંગના વીર પોશાક સજીને યવનનું પરાક્રમ ભાગવાને માટે આગળ પડી.

એ મહાશક્તિરૂપિણી યુવતી કોણ હતી? મહારાજ સમરસિંહની પટરાણી કર્મદેવી સમરસિંહનો નાનો પુત્ર મેવાડનો ઉત્તરાધિકારી કર્ણ એ વખતે નાની ઉમ્મરનો હતો. એ નાની ઉમ્મરનો છોકરો યવનના પગ નીચે છુંદાશે, સંસારના વિષયથી અજાણ્યો વીરપુત્ર શત્રુના હાથથી લાંછના પામશે, અને શત્રુઓ વગર

હરકતે હૃદયરંજન ફૂલની કળીને ખરાબ કરી નાખશે, એ કર્મદેવી સહન કરી શકી નહિ, તેથી તે આજે શત્રુને દેશમાંથી દૂર કરવાને તૈયારી કરે છે. સમરસિંહ લઢાઈમાં લોકાંતરિત થયો છે, તેની વિધવા રમણીએ આજ સ્વામીના પવિત્ર ધર્મની રક્ષાને માટે દૃઢ નિશ્ચય કર્યો છે. કર્મદેવી વીરસાજ સજીને કવચથી આચ્છાદિત થઇ. તેના હાથમાં સુતીક્ષ્ણ તરવાર શોભા આપવા લાગી; વીર્યવતી વીરાંગનાનું અનુપમ લાવણ્ય આજ અનુપમ ભીષણતાની સાથે મળી ગયું. ઘણા રજપૂત વીર એ વીરાંગનાને આધીન રહી લઢવાને તૈયાર થયા. શાહાબુદ્દિન ગોરીનો પ્રિયપાત્ર સેવક કુતુબુદ્દિન રાજસ્થાનમાં આવ્યો હતો, તેને કર્મદેવીએ આંબેરની આગળ ઘેર્યો. યુદ્ધમાં એ વીરાંગનાએ પોતાનું વીરપણું દેખાડ્યું. તેના ઘેરાથી યવનસૈન્ય નાશ પામવા લાગ્યું, ને તમનું પરાક્રમ ઓછું થવા માંડ્યું. યુદ્ધક્ષેત્રમાં તેની લાવણ્યમયી ભૈરવી મૂર્ત્તિ જોઈને કુતુબુદ્દિન સ્તંભિત થયો. હવે તેને જયની આશા રહી નહિ. કર્મદેવીએ અસાધારણ હિમ્મત અને પરાક્રમની સાથે યુદ્ધ કરીને શત્રુને નિર્જીવ કર્યા. હમણાં વિજયલક્ષ્મીના મહિમાથી તેની

દેહ-લક્ષ્મી વધારે ગૌરવાન્વિત થઈ. તેણે મેવા-ડના ગૌરવની રક્ષા કરી. ભવિષ્યના દિલ્લીના પહેલા મુસલમાન બાદશાહને એ વીરાંગનાના પરાક્રમથી પરાજિત અને જખમી થઇને યુદ્ધસ્થળ છોડવું પડયું. તેરમી સદીની આખેરીએ મેવાડે એવી રીતે પોતાની સ્વાધીનતાની રક્ષા કરી હતી. ત્યાંની વીર રમણીએ એવા પરાક્રમથી શત્રુને પરાજિત કરીને અનંત અક્ષય કીર્ત્તિ રાખી હતી. એ અનંત અક્ષય કીર્તિની કહાણી પવિત્ર ઈતિહાસમાંથી કદી પણ જશે નહિ. મેવાડ ખરેખર એવા વીરત્વ-ગરિમાની લીલાભૂમિ છે.

બાળકનું વીરત્વ.

તેરમી સદીમાં ખિલજી બાદશાહ અલાઉદ્દિન જ્યારે ચિતોડ જીતવા આવ્યો, જ્યારે ચિતોડના બાળક અધિપતિ લક્ષ્મણસિંહનો કાકો ભિમસિંહ પોતાના ભત્રિજાના રાજ્યનું રક્ષણ કરવામાં મંડયો હતો, ત્યારે એક વીરબાળકે પોતાના અસાધારણ વીરત્વની ઓળખાણ આપી હતી. તેણે આત્મસંમાન-આત્મમર્યાદાની રક્ષાને માટે અને ગરીયસી વીરભૂમિનું ગૌરવ વધારવાને માટે ભય કર્યા સિવાય રણક્ષેત્રમાં

અવતીર્ણ થઈને યવન-સૈન્યને નિપીડિત અને નિર્મૂળ કર્યું હતું. આ વીરબાળક વીરત્વની જ્વલંત મૂર્ત્તિ હતી; એના વીરત્વની વાર્ત્તા ખરા કવિની રસમયી કવિતામાં ખરા ઐતિહાસિક અપક્ષપાત વર્ણનમાં ગાવા યોગ્ય છે.

દુરંત યવન વીરભૂમિના દરવાજા ઉપર આવ્યો છે, તેણે ભીમવેશથી ભીમસિંહની વનિતાની મર્યાદા નાશ કરવાને હાથ લંબાવ્યા છે. આજે વીરભૂમિ ઉન્મત્ત થઇ છે, રજપૂત વીરો પોતાના વંશનો ગૌરવ રાખવા વાસ્તે વ્યસ્ત થયલા છે. પદ્મિનીના અસામાન્ય રૂપલાવણ્યની વાતથી યવન મોહિત થયો છે, અને તેના અલૌકિક ગુણ ગૌરવના વર્ણનથી ઉત્તેજિત થઇ પડયો છે. એ મોહ અને ઉત્તેજનાના આવેશમાં તે ચિતોડને ઘેરો ઘાલવાને આવ્યો છે, અકલંકિત રજપૂત વંશમાં કલંકનો ડાઘ લગાડવાને તૈયાર થયો છે. પરંતુ તેની આશા બર આવી નહિ. ચિતોડ આક્રમણ કરવામાં પાર ન પડયો ત્યારે અલાઉદ્દિને છેલ્લે પદ્મિનીને એક પળ જોવાનો અભિપ્રાય જણાવ્યો, ને રજપૂતવીરે તેનું આરીસામાં પ્રતિફલિત પ્રતિબિંબ જોવાડવાને હા કહી. એવી રીતે જોવાને અલ્લાઉદ્દિન સંમત થયો. તેણે બહુ-

ભાવથી ચિતોડના મહેલમાં આવીને પદ્મિનીની પદ્મ-કાંતિનું પ્રતિબિંબ જોયું. પળમાત્ર તેની બંને આંખો તાજુબીમાં ઉઘાડી જ રહી, અને એ લાવણ્યમયી લલનાના અનુપમ લાવણ્યસાગરમાં તેનું હ્રદય ડૂબી ગયું. તેની આશા પાર પડી, પરંતુ તેના હ્રદયમાંથી એ મોહિની મૂર્ત્તિ ગઇ નહિ. પછી તે કપટની બંધુતા દેખાડીને ભીમસિંહને ચિતોડના ગિરિ-દુર્ગમાંથી બહાર લઇ ગયો. સરલહ્રદય રજપૂત યવનની ચાતુરી સમજી શકયો નહિ, તેથી તે ભોળાભાવથી તેની સાથે ગયો. અલાઉદ્દિને સમય જોઇને તેને કેદ કર્યો, અને પોતાની છાવણીમાં લઇ જઇને તેને કહ્યું, જ્યાંસુધી પદ્મિની મારા હાથમાં આવશે નહિ ત્યાંસુધી હું તને છોડીશ નહિ.

એવી રીતે પરાક્રાંત ભીમસિંહ શત્રુના હાથમાં સપડાયો છે, અને યવને તેના પવિત્ર કુળની પવિત્રતા નષ્ટ કરવાને દૃઢ પ્રતિજ્ઞા કરી છે. આજે ચિતોડના સઘળા લોકો અફસોસ કરે છે. પરંતુ રજપૂત વીર હમેશાં અફસોસમાં રહેતા નથી. સત્વર તેમણે પ્રસન્નભાવથી ભીમસિંહનો ઉદ્ધાર કરવાનો દૃઢ નિશ્ચય કર્યો.

વીર્યવન્ત રજપૂતની સ્ત્રીઓ યવનના હાથમાં જશે. અને યવનો બેધડક તેમના સતીત્વના ગૌરવની મર્યાદાનો નાશ કરશે, તથા એ પવિત્ર ફૂલોને અડકીને કલંકિત કરશે, એ સર્વ, રજપૂત વીર પ્રાણ રહેતાં તો જોઇ શકે નહિ. આવા સંકટની હાલતમાં વીર બાળક **બાદલ** પોતાની મર્યાદા રક્ષાને માટે આગળ પડયો; બાર વર્ષના વીરે અવિચલિત સાહસની સાથે જીવન પર્યન્ત આપવાને તૈયાર થઇને દુરંત શત્રુના હાથથીં ભીમસિંહનો ઉદ્ધાર કરવાનો સંકલ્પ કર્યો. તેનો કાકો ગોરો પણ પ્રફુલ્લ-હૃદયથી આ મહત્ વ્રતમાં ભત્રિજાના કામમાં મદદગાર થયો.

અલાઉદ્દિન ભીમસિંહને બંદીવાન કરીને પોતાની વિશ્વાસઘાતકતાથી પોતે ખુશી થવા લાગ્યો, એવી વખતે ખબર આવી કે ચિતોડની લક્ષ્મી પદ્મિની ઘણીક દાસીઓ સાથે લઇને તેને મળવા આવવાને તૈયાર થઇછે. ખિલજી બાદશાહ આ ખબર સાંભળીને આનંદથી અધીરો થઇ ગયો, અને કલ્પનાની આંખથી કેટલુંક સંમોહન સ્વપ્ન જોવા લાગ્યો. એવામાં એકાએક સાતસો પાલખીઓ તેની છાવણીની સામે આવી. આ સઘળી પાલખીઓમાં દાસીની જગ્યાપર ચિતોડના બહા-

દૂર વીરો બેઠા હતા. સારા વખતે આ સઘળા વીરોએ પાલખીમાંથી બહાર નીકળીને પોતાના સંમાનની રક્ષાને માટે જીવન અર્પણ કર્યાં. પાસે યવનસૈન્ય હતું. તેમની સાથે તેઓનું મોટું યુદ્ધ થવા લાગ્યું. બાદલ સાહસી રજપૂતોનો અગ્રિનેતા થઇને પોતાનું વીરત્વ દેખાડવા લાગ્યો. બાર વર્ષના વીરબાળકના લોકાતીત પરાક્રમથી પળપળમાં યવન સૈન્યનો નાશ થવા લાગ્યો, પળપળમાં યવનો બાળકનું અદ્‌ભુત પરાક્રમ જોઇને વિસ્મિત અને સ્તંભિત થવા લાગ્યા. ગોરો જે ભત્રિજાનો મદદગાર હતો, તેનું પવિત્ર રણક્ષેત્રમાં પડવું થયું. તેને એમ પડતો જોઇને બાદલ હતાશ અને હતોદ્યમ થયો નહિ, પણ દ્વિગુણ ઉત્સાહની સાથે ઘોડો ચલાવીને શત્રુસેનાનો ધ્વંસ કરવા લાગ્યો. એક બાજુએ દિલ્લીના બાદશાહનું બહુ સંખ્યાવાળું સુશિક્ષિત સૈન્ય હતું, અને બીજી બાજુએ બાર વર્ષના બાળકના સ્વાધીનમાં કેટલાક સો રજપૂત વીર હતા. જે માના કોમળ ક્રોડમાં લાલિત થવાને યોગ્ય છે, તે આજ ગરીયસી વીરભૂમિનું સંમાન રાખવા વાસ્તે હથિયારો સજીને અને લોઢાનું કવચ પેહેરીને ભીમ-પરાક્રમી શત્રુના સામે ઘૂમી રહ્યો છે. જેનો સુગઠિત દેહ અપરિસ્ફુટ કમળના પ્ર-

માણુ લોકોની આંખોને તૃપ્તિકર હતો, તે આજ કઠોર બાશિયતના શત્રુનાં કઠોર હથિયારના ઘાથી જખમી થાયછે. તેરમી સદીમાં મેવાડના પવિત્ર યુદ્ધ-ક્ષેત્રમાં એવા પવિત્ર દેખાવનો અવિર્ભાવ થયો હતો. આ અપૂર્વ દેખાવની અપાર પવિત્રતા આજ કોણ સમજશે? આજ કોણ એ વીરેન્દ્રની સમાજમાં વર્ણન કરવા જેવા વીરબાળકની અનંત અક્ષય કીર્ત્તિનો મહિમા હ્રદયભેદી કંઠથી નિર્જીવ નિપીડિત ભારતના ગૃહે ગૃહે ગાતા ફરશે? અવિશ્રાન્તભાવથી યુદ્ધ ચાલવા માંડ્યું, વીરબાળક અવિશ્રાંતભાવથી પોતાના લોકાતીત વીરત્વની ઓળખાણ આપવા લાગ્યો. વિજય-લક્ષ્મી એ બાળકના અપૂર્વ વીરત્વથી ખેંચાઇ. ભીમસિંહને શત્રુના હાથથી છૂટો કર્યો. દુરંત અલાઉદ્દિને પદ્મિનીને મેળવવાની આશા હાલ છોડી દીધી. બાદલ જખમી થઇને લોહીથી ખરડાયલા શરીરે ઘરમાં ગયો. તેની માતાએ અપાર આનંદની સાથે પુત્રનું મુખચુંબન કરીને તેને ખોળે લીધો. વીરબાળક જીવનનું પવિત્રવ્રત બજાવીને ઘરમાં આવીને કાકાની બાઇડીની આગળ તેના સ્વામીના અદ્ભુત વીરત્વ અને પરાક્રમની વાત કહેવા લાગ્યો. ગોરાની સ્રી સ્વા-

મીના વીરત્વની વાતથી પ્રફુલ્લ થઈ, અને તેણે હસતે મ્હોડે પરલોકગત સ્વામીની સાથે રહેવાના ઉદ્દેશથી અગ્નિ-કુંડમાં આત્મ-વિસર્જન કર્યું. ભારતના વીરબાળકે એક વખતે એવા વીરત્વ અને મહાપ્રાણતાની ઓળખાણ આપી હતી. એ વીરબાળકના આવા વીરત્વની કીર્ત્તિ અનંતકાળ સુધી જીવલોકને ગંભીર ભાવનો ઉપદેશ આપશે. નિસ્તેજ ભારતમાં આજ આ ગંભીર ઉપદેશ, વિનશ્વર શરીરમાં આ અવિનશ્વર કીર્ત્તિની વાત કોણ સાંભળશે ?

પદ્મિનીને માટે યુદ્ધ અને ઝહરવ્રત.

દુરંત અલાઉદ્દિને પદ્મિનીને મેળવવાને માટે બીજી વાર સંવત ૧૩૪૬ માં ચિતોડને ઘેરો ઘાલ્યો. એ આક્રમણમાંથી હવે તે છૂટવાનું નથી. દુર્દ્ધર્ષ અલાઉદ્દિને આ વખતે વિપુલ લસ્કર લઇને તેને ઘેરી લીધું છે. આ વેળાએ હવે કોણ તેની રક્ષા કરશે! કોણ સ્વદેશ-પ્રેમિકતાના મહામંત્રમાં ઉત્સાહિત થઇને યવનની ચઢાઇને રોકવાને માટે લઢાઇના મેદાનમાં અવતીર્ણ થશે ? જે મહા પરાક્રમશાળી પ્રચંડવીરો ચિતોડના અલંકાર જેવા હતા, તેઓ પ્રથમ વારની

લડાઇમાં સ્વદેશરક્ષાને માટે સમરક્ષેત્રમાં મુઆ છે. હાલ ચિતોડ બળ વગરનું થયું છે ! આજે તેની કોણ રક્ષા કરશે ? યવન બાદશાહ અલાઉદ્દિને તેના દક્ષિણ બાજુના પહાડનો ટેકરો અધિકાર કરીને ત્યાં પોતાની છાવણી સ્થાપી અને તેની ચારે બાજુએ નાળો ખોદી'એ નિષ્ઠુરહૃદય યવનરાજે શિશોદીય કુળના અતિ સંકટકાળમાં ચિતોડ નગરને ઘેર્યું. પરંતુ તેમ કરીને શું તે નિર્વિવાદથી, નિર્વિઘ્નથી વીરતાની—સ્વાધીનતાની લીલાભૂમિ ચિતોડને હાથ કરી શકશે ? નહિ. તેમ કદી પણ થઇ શકશે નહિ. વીર્યવાન રજપૂતના ફેફસામાં જ્યાંસુધી લોહીનું એક ટીપું પણ પ્રવાહિત થશે, જ્યાં સુધી તેઓના શરીરમાં જીવન રહેશે, ત્યાં સુધી તેઓ કદી પણ સ્ત્રીનો છેડો પકડીને અંતઃપુરમાં રહેશે નહિ—ત્યાં સુધી તેઓ કદી જુલમી દેશવૈરીની સામે રણક્ષેત્રમાં અવતીર્ણ થવામાં લડશે ~~નહિ. અલાઉ~~દ્દિને ચિતોડપુરીને ઘેરો નાખ્યો કે તરત જ તેના વીરો પ્રચંડ રોષ અને જિઘાંસાથી એકીવારે ઉન્મત્ત થઇ પડયા. અને તેના એ દુરાચરણને યોગ્ય સજા આપવાને માટે તરવાર લઇને તેની સામે થયા.

ખોમાનરાસના બનાવનારે એ ભયાનક લડાઇ લઈને

પોતાની મોહિની કલ્પનાને નાના પ્રકારના મનોહર વર્ણમાં ચિત્રિત કરી છે. એ સર્વ ચિત્રમાં કેવળ એક અતિ અદ્ભુત વિવરણ દાખલ કર્યું છે. દિવસે ઘોરતર યુદ્ધ થયા પછી એક અતિ અંધારી રાતે રાણો પોતાના વિશ્રામભવનની અંદર મોટા વિચારમાં બેઠેલો છે. અડધી રાત ગઇ છે; સમગ્ર વિશ્વસંસાર નિદ્રામાં છે. ક્યાંઇ પણ મનુષ્યનો શબ્દ સંભળાતો નથી. કેવળ વાયુ જોરથી વાઇને દરવાજા ખડખડ થાય છે; અને તેની સાથે છેટેથી શિઆળની ચિત્કારધ્વનિ શાંત ગંભીર પ્રકૃતિની નિસ્તબ્ધતા ભંગ કરે છે. એવી ગંભાર રાતે રાણો પોતાના વિશ્રામના ઓરડામાં બેસીને એક મનથી ચિતોડના ભવિષ્યભાગ્યપટનો છુપો લેખ વાંચે છે. ચિતોડના મોટા મોટા વીરો પ્રચંડ યવનાક્રમણથી તે નગરની રક્ષા કરવાને માટે દરરોજ લઢાઇના મેદાનમાં સૂઇ જાયછે,—શિશોદીયકુળની રાજલક્ષ્મી જાણે મ્લાન અને વિષણ્ણ વદનથી ચિતોડપુરી છોડીને જવાની તૈયારી કરેછે—હમણાં ચોતરફ વિપદ—ચોતરફ સંકટ—ચારે બાજુએ અસંખ્ય વિભીષકા જણાય છે! હવે કોણ એની રક્ષા કરશે? આ ઘોર સંકટમાંથી કોણ શિશોદીયકુળના ગૌરવની

રક્ષા કરી શકશે? આ મહાવિપદના સર્વ-સંહારક ગ્રાસમાંથી ક્યી રીતે રાણાના બાર છોકરામાંથી એક પણ પિતૃ લોકને પિંડદાન કરવાને માટે છૂટી શકશે?—કેવી રીતે વીરવર બાપાના વંશની રક્ષા થઇ શકે? રાણો એ સર્વ ઊંડા વિચારમાં નિમગ્ન છે, એવી વખતે તે ઘોરાનિશાખિની ગંભીર શાંતિ ભંગ કરીને કોઇ ગંભીર કંઠથી કહે છે—"મેં ભુખા હૂં."—રાણાનો પ્રચંડ ચિંતા-સ્ત્રોત તરત રોકાયો. તે ચમકી ઉઠયો,—અજાયબીથી તે શબ્દ જ્યાંથી સંભળાતો હતો તે તરફ આંખ ફેરવીને જોવા લાગ્યો. તરત એક અપૂર્વ દેખાવ તેની આંખની સામે દેખાયો. ક્ષીણ દીવાના પ્રકાશથી તે વિશ્રામ-ભવનના ઓરડાના પત્થરના થાંભલાની વચમાં તેણે ચિતોડની અધિષ્ઠાત્રી દેવીની ભીષણ મૂર્તિ જોઇ. એ ભગવતીને જોતાંજ રાણાનું હૃદય ઘણું વિષાદવાળું અને અભિમાનમાં ઉછળતું થઇ પડયું. તે વિષાદ-મિશ્રિત સ્વરે ઉચ્ચ કંઠથી બોલ્યો, "હજી પણ તમારી ભૂખ મટી નથી? આટલામાં મારા રાજવંશના આઠ હજાર પુરૂષોએ લઢાઇમાં જીવનોત્સર્ગ કરીને તમારા ભીષણ ખપ્પરને પૂર્ણ કર્યું તોપણ શું તમારી ઘણી લોહીની તરસ મટી નથી?" તેના ઉત્તરમાં "હું રાજબિલ

ચાલું છું, એટલા માટે રાજમુકુટધારી બાર રાજનંદન જો ચિતોડની રક્ષાને માટે રણક્ષેત્રમાં જીવનોત્સર્ગ નહિ કરે તો મેવાડનું રાજ્ય શિશોદીયકુળના હાથમાંથી જતું રહેશે." એવું કહીને દેવી અંતર્હિત થઈ ગઇ.

રાણો ઘણો સંકટમાં પડયો. તે રાતે તેને જરા પણ ઊંઘ આવી નહિ. સવારે પોતાના સેનાપતિને બોલાવીને સર્વની સામે રાતનું તે અદ્‌ભુત વૃત્તાંત પ્રકાશ કર્યું, પરંતુ તેનાથી તેઓને કોઇને પણ વિશ્વાસ આવ્યો નહિ. તે વર્ણનને તેમણે રાણાના ચિંતાગ્રસ્ત મસ્તિષ્કની ભૂલ જાણીને ઉડાડી મૂકયું. પરંતુ રાણો તેઓની ઉક્તિ અગ્રાહ્ય કરીને બોલ્યો "તમો અવિશ્વાસ કરો છો ખરા, પરંતુ આજે રાતે આ ઓરડામાં રહીને જો જો કે દેવી પાછી આવે છે કે નહિ?" સરદારો તેમાં રાજી થયા અને મુકરર વખતે તેઓએ રાણાના વિશ્રામભવનમાં એકઠા થઇને તે અદ્‌ભુત દેખાવ જોયો. દેવી પાછી આવી અને પોતાની પહેલાની પ્રતિજ્ઞા કહીને બોલી, "દરરોજ હજારો મ્લેચ્છ લઢાઇના મેદાનમાં મરે છે ખરા, પરંતુ તેથી મને શો લાભ છે? દરરોજ એક એક રાજકુમારને રાજ્યાસનમાં અભિષેક કરજો; તેને કિરણ, છત્ર અને ચામરથી સુસજ્જિત કરીને

યથાયોગ્ય રાજસન્માનથી સન્માનિત કરજો; એને ત્રણ દિવસ થયા પછી ચોથે દિવસે તે રણક્ષેત્રમાં આવીને અદૃષ્ટની આજ્ઞા પાળે. બાર રાજકુમાર જો એવા રીતે રણસ્થળમાં આત્મજીવન ઉત્સર્ગ કરે તો હું ચિતોડમાં રહી શકીશ.” આટલું કહીને દેવી અંતર્ધાન થઈ ગઈ. તેથી ચિતોડના સરદારો ઘણા અજાયબ થયા.

આ અદ્‌ભુત વૃત્તાન્ત કેવળ કવિકલ્પનાની અલીક સૃષ્ટિ છે; અથવા ચિતોડ–રક્ષામાં રજપૂતોને ઉત્સાહિત કરવાને માટે રાણાનું કોઇ રીતનું સુંદર કૌશલ છે, તેની સમાલોચના કરવાની કંઇ જરૂર નથી. એટલું તો કહી શકાય કે, આવી રીતનાં દેવદર્શન વીરહૃદય રજપૂતના પક્ષે ઘણાં અસંગત નથી. દેવતાના આવા અપૂર્વ બનાવમાં તેઓનો દૃઢવિશ્વાસ હતો, તે વિશ્વાસ કોઇ રીતે પણ નષ્ટ થવાનો નથી. વિશેષતઃ અધિષ્ઠાત્રી દેવીએ ચિતોડનો પહાડી કિલ્લો છોડવાને માટે જે હેતુવાદ દેખાડ્યો હતો, તે સ્વદેશપ્રેમિક તેજસ્વી રજપૂત વીરના વીરચરિત્ર અને સંસ્કારને સંપૂર્ણ લાયક જાણીને ગૃહિત થઇ શકે છે. દેવીનો હુકમ કઠોર હોવા છતાં રજપૂતો તે પાળવાને વ્યસ્ત થઈ પડ્યા. તેઓ જીવતા રહે ને દુરાચાર યવનો

ચિતોડપુરીમાં પ્રવેશ કરીને તેઓનું સર્વ લૂટી લેશે, તથા તેઓની જીવનરૂપિણી સ્ત્રીયોનું સતીત્વધન હરશે, તે તેઓ કદી પણ સહન કરી શકશે નહિ. તેથી તેઓ ભગવાન એકલિંગીના સોગન ખાઇને દેવીની આજ્ઞા પાળવાને માટે યુદ્ધક્ષેત્રમાં ગયા અને તે વેળાએ પ્રતિજ્ઞા કરી કે, જ્યાં સુધી તેઓના દેહમાં પ્રાણ રહેશે ત્યાં સુધી તેઓ કોઇ પણ રીતે યવનોને ચિતોડમાં પેસવા દેશે નહિ. ત્યાર બાદ કોણ સર્વથી આગળ દેવીનો હુકમ પાળવાને માટે લડાઇમાં પ્રાણાર્પણ કરશે તેને માટે રાણાના બાર વીર પુત્રોમાં ઘણી ગરબડ થવા લાગી. અરિસિંહ રાણાનો સર્વથી મોટો કુંવર હતો. તેથી તે પોતે પ્રથમ જન્મ્યાનું કારણ દેખાડીને દેવીના આદેશાનુસારે રાજ્યાસનપર બેઠો, અને ત્રણ દિવસ સુધી યથાયોગ્ય રાજસન્માન ભોગવીને ચોથે દિવસે યવનયુદ્ધમાં ભીષણ વીરત્વ દેખાડીને મૃત્યુલોકમાંથી ચાલ્યો ગયો. ત્યારપછી તેનાથી નાનો અજયસિંહ મોટાભાઇનું અનુસરણ કરવાને માટે તૈયાર થયો. પરંતુ રાણો તેને સર્વ પુત્ર કરતાં વધારે સ્નેહ કરતો હતો; તેથી તેને રણક્ષેત્રમાં કોઇ રીતે આગળ થવા દીધો નહિ. અજય-

સિંહે જવાની ઘણી કોશિશ કરી પરંતુ પિતાના આગ્રહાધિક્યની ઉપેક્ષા તે કરી શક્યો નહિ. લાચારીથી તેણે પોતાના નાના ભાઇઓને દૈવનિર્દેશ પાળવાને માટે લડાઇમાં જવાની અનુમતિ આપી, તે પ્રમાણે યથાક્રમે અગિઆર રાજકુમાર ચિતોડના સિંહાસન પર બેઠા અને યથાક્રમે તેમણે યવન—સમરમાં અવતીર્ણ થઇને આત્મોત્સર્ગ અને સ્વદેશપ્રેમિકતાનાં જીવંત ઉદાહરણ દેખાડીને ખુશીથી પોતપોતાનું જીવન વિસર્જ્જન કર્યું. હવે રાણાનો એક જ પુત્ર જીવતો રહ્યો હતો. તે પુત્ર તેના પ્રાણ કરતાં પણ પ્રિય હતો; જો પોતાનો પ્રાણ આપવાથી તેનો જીવ બચે તો તે પણ આપવાને રાણો કદી આનાકાની કરતો નહોતો. તે કહેતો કે પ્રાણ રહેવા છતાં અજયસિંહને જીવન વિસર્જ્જન કરવા દઇશ નહિ. હાય! તેમ થાય તો શિશોદીય કુળ નિર્મૂળ થશે! વીરવરબાપાના પવિત્ર વંશને ખોબે પાણી આપવાને કોઇ પણ જીવતો રહેશે નહિ! ત્યારે શું થશે?—કોણ દુર્દાન્ત યવનોના ભીષણ આક્રમણથી ચિતોડપુરીનો બચાવ કરશે?—કોણ ગિહલોટ કુળનો વિનાશ થતો બચાવશે? છેલ્લીવારે રાણાએ પોતે યુદ્ધક્ષેત્રમાં જીવનોત્સર્ગ કરવાના ઇરાદાથી પો-

તાના સામંતોને પાસે બોલાવીને કહ્યું, "આ વેળાએ મારો કાળ પૂર્ણ થયો છે; હું આ વેળાએ ચિતોડની રક્ષાને માટે લડાઇના મેદાનમાં જીવન ઉત્સર્ગ કરીશ"

છેલ્લીવારે રાણો આત્મહૃદયનું લોહી આપીને ચિતોડની અધિષ્ઠાત્રી દેવીનું રહેલું ખપ્પર પૂર્ણ કરવાને માટે તૈયારી કરવા લાગ્યો. આ ભીષણ તૈયારી કરવાની આગમજ તેણે બીજો એક ભીષણતર વ્યાપાર પૂરો કરવાની ઘણી જરૂર જાણી. એ ભીષણતર વ્યાપારનું નામ "ઝહરવ્રત" છે. રજપૂતકુળની સ્ત્રિયોને જ્વલંત અગ્નિકુંડમાં નાખીને વિજયી શત્રુકુળના હાથથી તેઓના સતીત્વ અને સ્વાધીનતાની રક્ષા કરવાને માટે એ ભીષણતર "ઝહરવ્રત" થતું હતું. શત્રુના પ્રચંડ આક્રમણથી રજપૂતો સ્વદેશ અને સ્વાધીનતા રક્ષાનો જ્યારે કંઇ ઉપાય ન જુએ, જ્યારે તેઓની સર્વ આશા લોપ થઈ જાય, ત્યારે તે ભીષણકાળે-આશાની તે છેલ્લી હદ ઉપર રજપૂતવીરો એ ભયાનક વ્રત ઉદ્યાપન કરવામાં અગ્રેસર થાય છે. આજે ચિતોડનો એ ભીષણકાળ આવ્યો છે-આજે તેની રક્ષાનો કંઇ ઉપાય બાકી રહ્યો નથી; તેથી તે ભીષણતમ ઝહરવ્રતના ઉદ્યાપનની ઘણી જરૂર છે. રાજપુરીના

અંતઃપુરની વચમાં જમીનની અંદર એક મોટી સુરંગ હતી, તેમાં દિવસે પણ ઘણું અંધારૂં રહેતું. તે ભીષણ સુરંગમાં મોટાં મોટાં લાકડાં એકઠાં કરીને એક પ્રચંડ ચિતા સળગાવી. જોતાં જોતાંમાં છૂટા વાળોની સાથે અગણ્ય રજપૂત સ્ત્રીઓ હૃદયવિદારક શોક–સંગીતથી ચિતોડપુરીને પ્રતિધ્વનિત કરતી કરતી તે ભીષણ સુરંગની તરફ જવા લાગી. ૨૫ લાવણ્યવતી જે સર્વ ક્ષત્રિય–મહિલા જોઇને દુરાચાર મુસલમાનોની પાશવી પ્રવૃત્તિ થઈ શકત, તે સર્વ તે લલનામંડળમાં હતી. સુર-મનોમોહિની પદ્મિની તેઓમાં છેલ્લી જવા લાગી. ચિતોડની વીરમંડળી નિર્વાક, નિસ્પન્દ, વજ્રાહતના જેવી ઉભી રહીને એ હૃદયસ્તંભક ભીષણ કાંડ જુવે છે,—સ્નેહાધારા જનની, હૃદયની પ્રીતિદાયિની સહધર્મિણી અને આનંદમયી કન્યા બહેનો, એ સર્વ અનંતકાળને માટે વિદાય ગ્રહણ કરીને તેઓની સામે તેઓની આંખોની આગળથી જ્વલંત આગમાં પ્રાણ વિસર્જન કરવા જાય છે, તથાપિ તેઓની આંખોમાં એક પણ આંસુ નથી. આજે તે આંખો સૂકી પડી છે, અને જાણે તેમાંથી વિશ્વદગ્ધકારી આગના તણખા નીકળતા હોય તે

પ્રમાણે ખૂબ લાલ થયલી જણાય છે. જે હૃદય એક વખત પ્રેમ-સુધાના ઉત્સરૂપ હતું, તે આજ શુષ્ક-મરૂ-શ્મશાન જેવું બન્યું છે. તે માટેજ આજ તેઓએ આ વિભાત્રિકામય કાંડનો આરંભ કર્યો છે. જોતાંજોતામાં તે સ્ત્રીઓ તે વિકટ સુરંગના દરવાજા ઉપર આવી, સામે પગથી હતી તેમાં ધીરે ધીરે ઉતરવા લાગી. તે સર્વ અંદર ઉતર્યા પછી ઉપરથી ભીષણશબ્દથી તે ભયાવહ સુરંગનો લોખંડનો વિરાટ દરવાજો બંધ થયો. અસંખ્ય હતભાગિનીના હૃદયવિદારક કરૂણાશોકવાળા શબ્દો થોડી વારમાં વિલીન થઇ ગયા!—બીજું કંઈ સંભળાયું નહિ—હાય! સર્વ જતું રહ્યું! રૂપ, યૌવન, લાવણ્ય, ગૌરવ સર્વે સર્વસંહારક આગમાં ભસ્મીભૂત થઈ ગયું!

આ રૂવાટાં ઉભાં થાય એવું ભીષણ "ઝહરવ્રત" પૂરૂં કરીને રાણો પોતાના રણાંગણમાં આવીને જીવનોત્સર્ગ કરવાની તૈયારી કરવા લાગ્યો. પરંતુ તેનો પ્રિયતમ પુત્ર અજયસિંહ તે વિષયમાં હરકત કરવા લાગ્યો. તે કોઇ રીતે પિતાને યુદ્ધક્ષેત્રમાં જવા દેતો નથી. એ પિતાપુત્રમાં ઘણો તર્કવિતર્ક અને વાગ્વિતંડા થયાં; પરંતુ છેલ્લે તેમાં રાણાનો જય થયો. અજયસિંહ પિતા-

ની આજ્ઞા પાળવામાં બદ્ધ થઇને ચિતોડનગર છોડીને ચાલ્યો ગયો. કેટલુંક લશ્કર સાથે લઇને તે કૈલવાડા પ્રદેશમાં ગયો. રાણાને હવે કંઈ ચિંતા નથી,–પિતૃલોકને પિંડ આપવાને માટે ઉપયુક્ત પાત્ર જીવતો રહ્યો છે, બાપાનો વંશ અનંત વિનાશથી મુક્ત થયો. હવે રાણો નિશ્ચિંત થઇને ત્રાસ વગર રણસ્થળમાં પ્રાણ છોડવાને ઉત્સાહિત થઇ પડયો અને પ્રચંડશબ્દથી રણતૂરી વગડાવીને પોતાના સરદારોને પાસે બોલાવ્યા. આજે તે સરદારો ઉન્મત્ત છે; તેમને સ્વદેહના ઉપર આસ્થા નથી, પોતાના જીવનના ઉપર મમતા નથી. તેઓ કિલ્લાનો દરવાજો ઉઘાડીને પોતાના અધિપતિની સાથે પ્રચંડ વિક્રમથી મોટી શત્રુસેનામાં કૂદી પડયા. કેટલાક હતભાગ્ય યવનો કેટલાક રણોન્મત્ત રજપૂતવીરોની તરવારથી તૃણવત્ છિન્ન થઇ ગયા. પરંતુ તે સર્વ વૃથા ગયું. સાગરના જેવા યવનના લશ્કરમાં તે કેટલાક રજપૂતો પાણીના પરપોટા પ્રમાણે થોડી વારમાં વિલીન થઈ ગયા. ચિતોડપુરી આજે જીવ વિનાની છે; આજે એ બીભત્સ સ્મશાન જેવી બની ગઇ છે! એમાં અસંખ્ય શબદેહ જ્યાં ત્યાં પડેલા છે, ને તે સર્વ એ સ્મશાનમાંના નરશોણિતમાં ખરડાયલા છે. કોઇના હાથ પગ

કપાયેલા છે; કોઇનું માથું ભાગી ગયું છે; અને કોઇ તો યવનસૈનિકોના મ્હોડાં ઉપર પોતાના વિકટ દાંત દાબીને બીભત્સ ભાવથી પડેલા છે. તે જાણે હજી પણ જીવતા છે અને હજી પણ ભીષણ પ્રતિહિંસા લેવાને માટે ઉન્મત્ત ભાવથી તેમને ચાવવાને તૈયાર છે! આ હૃદયસ્તંભન સ્મશાનનો ભયાનક દેખાવ સેંકડો ગણો વર્દ્ધિત કરીને યવનતસ્કર પિશાચની પેઠે ફરવા લાગ્યું. પિશાચમતિ અલ્લાઉદ્દિને તે જીવશૂન્ય ચિતોડ-સ્મશાનને તાબે કર્યું. અને તાબે કર્યા પછી તે પોતાની જી-વનતોષિણી પદ્મિનીના શોધ કરવામાં ઉન્મત્તની પેઠે અહિંથી તહિં ફરવા લાગ્યો. હા મૂર્ખ! હજી પણ તું ભ્રમમાં પડયો છે? એ દુરાચાર હજી સુધી પણ પદ્-મિનીની આશા ત્યાગ કરી શકયો નથી! પણ પદ્મિની કયાં છે? એ રાક્ષસની ચિત્તવિમોહિની માનસ સરસિની ફુલ્લસરોજિની સતી-સીમંતિની પદ્મિની કયાં છે? નૃશંસના-પાપિષ્ટના-નારકીના પૈશાચિક પીડનથી તે સતી શિરોમણિ સુરસુન્દરીએ, આજ જગત્સંસારને રડાવીને, ચિતોડને સ્મશાનમાં લાવીને, આ પાપી પૃથ્વી છોડી છે. જે ભીષણ સુરંગની પ્રચંડ ચિતામાં તે દેવ-કન્યાનો સજીવ પવિત્ર દેહ બળી ગયો છે, તેમાંથી હજી

પણ તેનો ધૂમાડો જ્વાળામુખી પર્વતના ધાતુ-નિઃસ્ત્રાવની પેઠે નીકળતો હતો. તે ધૂમાડો પવિત્ર છે, સ્વર્ગીય ઉપકરણથી પરિપૂર્ણ છે— સેંકડો અનુપમ સૌન્દર્ય, સતીત્વ, અને ગુણગરિમાના પરમાણુ લઇને તે ઉચ્ચ સુરલોકમાં જાય છે. તે ધૂમા-ડાના સ્પર્શથી તે વિકટ સુરંગ તે શોચનીય દિવસથી પવિત્ર ગણાઇ છે.

——:o:——

ન્યાયપરાયણ.

કુંભાજી.

રાજસ્થાનની મેવાડની જમીન વીરકુળની જનેતા છે. ત્યાંનો રાણો કુંભાજી ખરેખરો વીર પુરૂષ હતો. શત્રુના રાજ્યમાં કોઇ રીતથી જયનો વાવટો ઉડાડવો એ કઇ ખરા વીરત્વનું લક્ષણ નથી. દેશકાળ પાત્રનો વિચાર ન કરતાં જ્યાં ત્યાં તરવાર ચલાવવી એ વીર-ત્વની ખરી ઓળખાણ નથી; ઇનસાફ અને ધર્મને એક કોરે મૂકીને પરાક્રમી શત્રુઓની સ્વતંત્રતા હરણ કરવી એ કંઇ ખરા શૂરપણાનું ચિહ્ન નથી. જો કોઇ બળવાન માણસ એક બળવાન પક્ષનો અધિપતિ

થઇને વગર હથિઆરના સામાપક્ષવાળાઓનો ખુપી રીતે સંહાર કરે; કવખતે અવિચારથી જુલમ ગુજારીને સર્વત્ર ભય અને ત્રાસનું રાજ્ય ફેલાવવા માંડે, ઇનસાફનો ઉપદેશ કાન ઉપર ન ધરતાં હંમેશાં માણસોના લોહીથી ચોતરફ પૃથ્વીને રંગિન કરી મૂકે, તો અમે તેને ખરો વીર પુરૂષ ન કહેતાં જંગલી તથા ક્રૂર કહીશું. ખરા વીર પુરૂષો કદી પણ એવી દુર્બળતા દેખાડીને આગળ વધતા નથી. તેમનું હૃદય સર્વદા ઉચ્ચભાવથી પૂર્ણ રહે છે. તેઓ યુદ્ધની જગામાં જેવી વીરત્વની ઓળખાણ આપે છે, તેવીજ બીજી વખતે કોમળતા બતાવીને સઘળાઓને પોતાની તરફ પ્રીતિથી ખેંચે છે. કોઇ પણ રીતથી તેઓની યોજના નકામી જતી નથી. ભયંકર વિઘ્ન વિપત્તિ આવી પડે તોપણ પોતે ધારેલી યોજનાને વાસ્તે ગેરઇનસાફ અને ધર્મની અવગણના તેઓ કદી પણ કરતા નથી. ખરા વીરપુરૂષો સર્વદા દૃઢ નિશ્ચયથી પોતાને સુશુદ્ધ રાખીને ધર્મરક્ષા કરવામાં તત્પર રહે છે. મેવાડના રજપૂતો એવા વીર પુરૂષો હતા. તેઓએ જેવું વીરત્વ અને મનનું મોટાપણું દેખાડયું છે તેવું જુલમી પઠાણો અને મુગલોએ દેખાડયું નથી. શાહબુદ્દિન

મીરાએ જો છળભેદ વાપર્યો ન હોત તો સિંધુ નદીને કિનારે ક્ષત્રિઓના શોણિત (લોહી) સાગરમાં ભારતના સૌભાગ્યનો સૂર્ય એકદમ અસ્ત ન થાત; અકબરશાહે અંધારી રાત્રે છુપી રીતે પરાક્રમી જયમલ્લની હત્યા ન કરી હોત તો ચિતોડનું રાજ્ય એકાએક મુગલોના હાથમાં આવત નહિ અને ચિતોડની હજારો લાવણ્યવતી લલનાઓ (સ્ત્રીઓ) અગ્નિ-કુંડમાં પ્રાણત્યાગ કરત નહિ. ભારતવર્ષમાં ઘણાક વીર પુરૂષોએ પોતાના શૂરપણાને એવાં કલંક લગાડયાં છે; પરંતુ રજપૂતના વીરત્વમાં કયાંઇ પણ એવા કલંકની છાયા જોવામાં આવતી નથી. રજપૂત વીરોએ સર્વદા અકલંકિત ભાવથી પોતાની અતુલ્ય વીરત્વવાળી કીર્તિની રક્ષા કરી છે.

કૃતજ્ઞતા, આત્મસન્માન અને ભરોંસો, એ રજપૂત વીરોના ધર્મના પાયા છે. કોઇ રજપૂતને પૂછીએ કે પૃથ્વીમાં સઘળા કરતાં મોટા પાપી કોણ છે? તો તે તરત જવાબ આપશે કે, "ગુણચોર" અને "સતચોર" એજ સઘળા કરતાં મોટા પાપી છે. અકૃતજ્ઞ માણસનું નામ "ગુણ ચોર" અને વિશ્વાસઘાતકનું નામ "સતચોર" છે. જેઓ ગુણચોર અને

સતૂચોર થાય છે તેઓ અનંત કાળ સુધી જમપુરી-માં દુઃખ ભોગવતા રહે છે, એમ રજપૂતોનું માનવું છે. અમે મેવાડના એવી રીતના વીરપુરૂષોનાં પવિત્ર ચરિત્રોની વાતો લખીશું. વીરત્વની ભયાનક મૂર્તિ અને માધુર્યની ખૂબસુરત કાંતિ એક જ જગ્યા પર કેવી રીતે રહે છે, તે આ વાત ઉપરથી જાણવામાં આવશે.

કુંભાજી ૧૪૧૯ ઇસ્વી સનમાં મેવાડની ગાદીએ બેઠો. સાહસ, પરાક્રમ અને રાજનીતિમાં આ રજપૂત વીર મેવાડના ઇતિહાસમાં વિશેષ પ્રસિદ્ધ થયો છે. તે ઘણુંકરીને પચાસ વર્ષ મેવાડની ગાદી ઉપર રહ્યો. તેટલા વખતમાં તેણે ઘણાંક ઉત્તમ કામ કર્યાં છે. પરંતુ તે હમેશાં શાંતિથી રહી શક્યો નથી. દેશની સ્વતંત્રતા રહેવાને માટે તેને એક પરાક્રમી શત્રુની સાથે લઢાઈ કરવી પડતી હતી. ખિલજી વંશીય રાજાઓનું પરાક્રમ ઓછું થતું આવતું હતું તેથી કેટલાંક મુસલમાન રાજ્ય દિલ્લીના બાદશાહની આધી-નતા તોડીને સ્વતંત્ર થયાં હતાં, અને તેમાં માળવા અને ગૂજરાતના સૂબા આગેવાન હતા. જ્યારે કું-ભાજી મેવાડની ગાદી ઉપર બેઠો ત્યારે માળવામાં આ બે સરદારોએ એકઠા થઇને ઘણાંક લશ્કરની

સાથે મેવાડને ઘેરો ઘાલ્યો. આ વખતે કુંભાજી એક લાખ સૈન્ય અને ચૌદસો હાથી લઇને સ્વદેશની રક્ષા કરવાને વાસ્તે તૈયાર થયો. માળવાના વિસ્તીર્ણ પ્રાંતમાં બંને પક્ષમાં મોટું યુદ્ધ થયું. તેમાં કુંભાજી-ના શત્રુઓનો પરાજય થઇ વીરભૂમિ મેવાડની સ્વતંત્રતા અટલ રહી. છેવટે માળવાનો અધિપતિ કુંભાજીનો બંદીવાન થયો. આ વખતે મહાવીર કુંભાજીના પવિત્ર ચરિત્રનું સૌન્દર્ય પ્રકાશ થયું. તે વીરધર્મ અને વીરપદ્ધતિના અનુસારે યુદ્ધમાં પ્રવૃત્ત થયો હતો. ને વિજય-લક્ષ્મીનો પ્રસાદ ભોગવવાની આશાથી અતુલ પરાક્રમથી લડયો હતો, અને તેમાં તે ફતેહ પામ્યો હતો; તોપણ તેણે તેથી મદાંધ નહિ થતાં વીરધર્મનું માન રાખ્યું. તેણે ખરા વીર પુરૂષ પ્રમાણે પરાજિત (હારેલા) અને તાબે થયેલા શત્રુના સન્માનની રક્ષા કરી. તેને બંદીવાનની હાલતમાંથી છોડયો, એટલુંજ માત્ર નહિ, પરંતુ ઘણુંક ધન આપીને તેના સ્વરાજ્યમાં કુશળક્ષેમ મોકલી દીધો. વીર પુરૂષનું ચરિત્ર એવું મહાન અને ઉદારતાથી પૂર્ણ હોય છે.

ન્યાયવીર.

રાયમલ્લ.

મેવાડના અધિપતિ રાયમલ્લનું ચરિત્ર દેવભાવથી પૂર્ણ હતું. આ દેવભાવે આજ સુધી મેવાડના ઈતિહાસને ઉજ્જવલ કરી રાખ્યો છે. તેણે સ્વાર્થત્યાગનો મહાન ઉદ્દેશ પાળ્યો છે, વંશની પવિત્રતાના રક્ષણ માટે સ્થિર પ્રતિજ્ઞા દેખાડી છે, અને હૃદયની તેજસ્વિતાના બળથી પોતાના વીરપણાનું સન્માન કાયમ રાખ્યું છે. ડિમસ્થિનિસ અદ્વિતીય વક્તા ન થઈ શકે, વાલ્મીકિ અદ્વિતીય કવિની ખ્યાતિ ન મેળવી શકે, હઉવર્ડ અદ્વિતીય હિતૈષી તરીકે સંમાનિત ન થઇ શકે, પરંતુ રાયમલ્લ તેજસ્વિઓમાં અદ્વિતીય થશે ને થશે. એના પ્રમાણે કોઇ પણ પોતાની લોકાતિત મહાપ્રાણતાનું ઉદાહરણ બતાવી શકયા નથી, અને કોઇ પણ માણસ પાપના રાજ્યમાં પુણ્યની જ્યોતિ ફૂંકીને પોતાના મહત્વની ઓળખાણ આપવાને સમર્થ થયા નથી. જગતના ઇતિહાસે આજસુધી બીજી કોઈ જગ્યા ઉપર એવા બનાવનું એકે ઉદાહરણ દેખાડયું નથી. રોમના બ્રુનસે અપરાધી પુત્રને ઘાતકના

હાથમાં સોંપીને જગતની આગળ સ્વાર્થ-ત્યાગ અને ન્યાયબુદ્ધિનો મહાન ભાવ દેખાડયો છે; પણ મેવાડના રાયમલ્લે અપરાધી પુત્રને મારનારનું સન્માન કરીને એના કરતાં પણ વધારે ઉચ્ચભાવની ઓળખાણ આપી છે.

ચારસેંથી કેટલાંક વધારે વર્ષ ઉપર વીરભૂમિ રજપૂતાનામાં એક લાવણ્યવતી અપૂર્વ યુવતી યુદ્ધવેશમાં વગર ભયથી તીરના પ્રમાણે ઘોડો દોડાવતી કોઈ ઠેકાણે જતી હતી. એ તરૂણીની તે વેળાની ભયાનક અને મધુરી મૂર્ત્તિ ચારે બાજુએ એક અપૂર્વ વિકાશ કરતી હતી. દૂરથી એક ક્ષત્રિય જુવાને આ મોહિનીની કાંતિ જોઈ. એ જુવાન પણ ઘોડા ઉપર બેઠેલો અને યુદ્ધવેશ સજેલો હતો. એ યુવતીનું અનુપમ સૌંદર્ય અને ઘોડો ચલાવવાનું કૌશલ્ય જોઈને તે અજાયબ થયો. આ સ્થિર સૌદામિનીએ (વીજળીએ) તે જુવાનના હૃદયની આશા નિરાશાને મોહું યુદ્ધ કરાવ્યું અને તેના આઘાત પ્રત્યાઘાતથી તે અધીરો થઈ ગયો. વાંચનારાઓ! આ વાર્તાની ભૂમિકા નથી, લીલામયી કલ્પનાનો પૂર્વભાસ નથી,

પણ એ ઇતિહાસની વાત છે. આ જુવાન અને જુવતી કોણ હતાં? જુવાન મેવાડના ક્ષત્રિયકુળસૂર્ય મહારાજ રાયમલ્લનો નાનો કુંવર જયમલ્લ હતો, અને વિજળીના જેવી ચંચળ ઘોડા ઉપર બેસનારી જુવતી ટોડાના અધિપતિ રાઓ સુરતનની કુંવરી તારાબાઈ હતી. બાપારાઓનો વંશજ આજ આ યુદ્ધવેશધારિણી લાવણ્યમયી ભયંકરી મૂર્ત્તિના લાવણ્યસાગરમાં મગ્ન થયો છે.

મહારાજાધિરાજ રાયમલ્લનો પુત્ર, તારાબાઇના પાણીગ્રહણનો અભિલાષી થયો, પણ રાઓ સુરતને એકદમ તેની આશા ફ્લવતી કરી નહિ. વીરભૂમિ રજપૂતાના એ કંઈ ગુજરાત જેવો દેશ નથી. રજપુત વીર ગુજરાતીના જેવાં પાત્ર શોધતા ફરતા નથી; હાલના ગુજરાતી પ્રમાણે ધનવાન જડપિંડવત્ અકર્મણ્ય બી. એ, એમ. એ. ઉપાધીધારી વિલાસી જુવાનો મળ્યાથી જ રજપૂત વીર ખુશીમાં ગળી જતા નથી. લિલ્લા નામનો એક પરાક્રમી પઠાણ રાઓ સુરતનને દેશમાંથી બહાર કહાડીને ટોડા સ્વાધીન કરી બેઠો હતો, તેથી સુરતન દેશનિકાલ થઇને કન્યારત્નની સાથે મેવાડના રાજ્ય

માંહેલા બેદનોરમાં આવીને રેહેતો હતો. તેની એવી પ્રતિજ્ઞા હતી કે, જે કોઇ બાહુબળથી ટોડા જીતી શકે તેને વિધાતાની અપૂર્વ બનાવટ તારાબાઇ પરણાવીશ. એ પ્રતિજ્ઞા રજપૂતને ઉચિત છે. જેઓ વસુંધરાને વીરભોગ્યા જાણીને લેખેછે તેને આ પ્રતિજ્ઞાવાક્ય વીર પુરૂષના મ્હોડે શોભા પમાડેછે. જયમલ્લ રાઓ સુરતનની દુહિતા—રત્નનો અભિલાષી થઇને ટોડા જીતવા નીકળ્યો. પઠાણની સાથે તેને ઘોર યુદ્ધ થયું, પરંતુ તે સુરતનની પ્રતિજ્ઞા પાર પાડી શક્યો નહિ; મતલબ કે પરાજિત થઇને પાછો આવ્યો. એ પ્રમાણે પઠાણના પરાક્રમથી હાર્યા છતાં પણ તેના હૃદયમાં કલંકની કાળાશનો સંચાર થયો નહિ; યુદ્ધસ્થળમાં દેહત્યાગ કરવો તે એ ફરજ સમજ્યો નહિ. તેના હૃદયમાં તારાની મોહિની મૂર્ત્તિ જાગી રહી હતી, તેથી હારીને આવ્યા છતાં પણ નગુણા ભાવથી બેદનોરમાં આવીને વગર શરમાયે તે લાવણ્યમયી લલનાને મેળવવામાં ગુંથાયો. આ અપમાન રાઓ સુરતન સહન કરી શક્યો નહિ. તેણે જયમલ્લની હત્યા કરીને પોતાના વંશના સન્માનની રક્ષા કરી. રજપૂતની તરવાર રજપૂત—કલંકની છાતીમાં લાલ થઇ.

આસ્તે આસ્તે મેવાડમાં આ ખબર ફેલાઇ અને ઘેરઘેર એ વિષે ચર્ચા થવા લાગી; પણ એવી ભયાનક ખબર મહારાજ રાયમલ્લને કોણ સંભળાવે ? સઘળાઓ વિચાર કરવા લાગ્યા કે, હવે સુરતનને બચવાનો ઉપાય નથી રાયમલ્લનો સર્વથી મોટો પુત્ર નાના ભાઈના પરાક્રમથી છુપો રહેછે; બીજો પુત્ર ઉદ્ધતાઇના આરોપથી પિતાના હુકમથી દેશનિકાલ થયો છે; કેવળ એક જયમલ્લ જ તેના પિતાનો હૃદય-રંજન હતો. આજ તે હૃદય-રંજન પુષ્પ કરમાઇ ગયું ! આજના દારૂણ શોકના આઘાતથી મહારાજ રાયમલ્લ વિકળ થશે, તેને કોણ સુસ્થિર કરશે ? મેવાડના રજપૂતો એ પ્રમાણે વિચારીને મુંઝાતા હતા, પરંતુ ઘણી વાર સુધી એ વાત છુપી રહી નહિ. કોઇ પ્રકારે મહારાજ રાયમલ્લને કાને તે ગઈ. રાયમલ્લે ધીરજની સાથે સઘળું સાંભળ્યું. પછી એકાએક તેની ધીરતા જતી રહી; અકસ્માત તેનાં ભવાં વક્ર અને બંને આંખ લાલ થઇ ગઇ. પ્રાણપ્રિય પુત્રના શોચનીય પરિણામથી તે ગભરાયો નહિ. તેણે ગંભીર સ્વરથી કહ્યું કે, "જે કુલાંગાર પુત્ર પિતાનું સન્માન એવી રીતે નાશ કરવાને તૈયાર થયો, તે એવી જ શિક્ષાને પાત્ર છે. સુર-

તને એ કુલાંગારને જેટલી જોઈએ તેટલી શિક્ષા આપીને ક્ષત્રિયને લાયકનું કામ કર્યું છે.” એ પ્રમાણે કહીને તેણે પોતાના પુત્રને મારનાર રાઓ સુરતનને ક્ષત્રિય કુળને લાયક સન્માન આપવા સાથે બેદનોરનું રાજ્ય લેઈ આપ્યું.

મહા વીરનું ચરિત્ર એવું ઉચ્ચ ભાવથી પૂર્ણ હોય છે. ખરો વીર એવી મહાપ્રાણુતા અને તેજસ્વિતાથી અલંકૃત હોય છે. આ મહાપ્રાણુતા અને તેજસ્વિતાનું યથાયોગ્ય સંમાન કરી શકે એવા આજ આ વિશાળ ભારતમાં કેટલા ખરા કવિ તથા ખરા ઐતિહાસિકો છે? શું ચારણો અને ભાટો આવા ગૌરવનાં ગીતો ગાઈને સુતેલા ભારતને જગાડી શકશે નહિ?

રમણી-શૌર્ય.

તારાબાઇ.

ઈસવી સન ૧૪૭૪ માં રાયમલ્લ મેવાડના સિંહાસન ઉપર બેઠો. અસાધારણ વીરત્વથી અને પવિત્ર ચરિત્રના બળથી એ રજપૂત ભૂપતિ રાજસ્થાનના

ઈતિહાસમાં વિશેષ પ્રસિદ્ધ છે. સંગ્રામસિંહ, પૃથ્વીરાજ અને જયમલ્લ નામના એના ત્રણ પુત્ર હતા. તેમાંથી પૃથ્વીરાજ પોતાની ઉદ્ધતાઈથી પિતાની આજ્ઞાથી દેશાંતરિત થયો હતો. બીજા બે પુત્ર પિતાની પાસે હતા. પરંતુ થોડા કાળ પછી નાના પુત્રનું આયુષ્ય પણ પુર્ણ થયું-જયમલ્લ ક્ષાત્રકુળના આગૌરવ-કર કામમાં લાગ્યાથી એક તેજસ્વી ક્ષત્રિયની તરવારથી મરણ પામ્યો.

સોલંકી વંશમાંના રાઓ સુરતનના અસ્ત્રાઘાતથી જયમલ્લનું મરણ નીપજ્યું. અવૈધ ઉપાયથી પવિત્ર રાજસ્થાન-કુસુમ સુંદરી તારાબાઈના પાણિ-ગ્રહણમાં ઉદ્યુત થવાથી તેને આવી રીતની સજા થઈ હતી. પરાક્રમી રાયમલ્લે ક્ષત્રકુળ-કલંક પુત્રના હત્યાકારીને યોગ્ય રીતનું ઇનામ આપ્યું હતું. સુરતનને મેવાડના અધિપતિના પુત્રનો વધ કર્યાના બદલામાં બેદનોરનું રાજ્ય પાછું મળ્યું છે. * ધીરે ધીરે એ વાત ચોતરફ ફેલાઈ. ચારણો આ અપૂર્વ કાહાણી સુમધુર ગીતમાં જોડીને નાના સ્થાનમાં ગાતા ફરવા લાગ્ય. ક્રમે કરીને પૃથ્વીરાજે એ વાત સાંભળી.

---

* પાછળ રાયમલ્લનું ચરિત્ર જુઓ.

પોતાના નાના ભાઇએ જે વિષય લાભ કરવા જતાં પ્રાણ ગુમાવ્યો તે મેળવવાને તે તૈયાર થયો. તેણે બેદનોરમાં આવીને રાવ સુરતનની આગળ પ્રતિજ્ઞા કરી કે હું ટોડા અધિકાર કરીને એનું આધિપત્ય તમને અપાવીશ. જો એ પ્રતિજ્ઞા પૂર્ણ ન થાય, જો મારા બાહુબળથી પઠાણો પરાજય સ્વીકાર ના કરે, તો મને કદી પણ ખરો ક્ષત્રિય કહીને ઓળખાવશો નહિ.

તેજસ્વિની તારાબાઇએ તેજસ્વી પૃથ્વીરાજના અસાધારણ સાહસ અને પરાક્રમની વાત પ્રથમથી સાંભળી હતી. હમણાં એ અસાધારણ સાહસી અને પરાક્રમશાળી યુવકને આવેલો જોઇને તેણે તેની અર્દ્ધાંગ-ભાગિની થવાનો સંકલ્પ કર્યો. તરત યુદ્ધની તૈયારી કરવા માંડી. તે વેળાએ તારાબાઈ પિતાની અનુમતિ લઇને પૃથ્વીરાજની સાથે લડાઇમાં જવાને તૈયાર થઇ.

મોહોરમના દિવસ છે. ધર્મરત મુસલમાનો સંયતભાવથી પોતાના ધર્મ પ્રમાણે કામમાં લાગ્યા છે, ને ટોળાબંધ થઈ ચોતરફ શોકસંગીત ગાતા ફરે છે. પૃથ્વીરાજ, એ દિવસે તારાબાઇ અને પાંચસો સ્વારો

લઇને ટોડા અધિકાર કરવાને નીકળ્યો. સર્વે ટો-ડામાં આવીને જોય છે તો તાબુતો ચોકમાં આવેછે. એ જોઇને પૃથ્વીરાજ સ્વારોને છેટે રાખીને તારા-બાઇ અને પોતાના હંમેશાંના બંધુ સેનગડાધિપતિને સાથે લઇને તે તાબુતના લોકોની સાથે જવા લાગ્યો. એ વખતે તાબુત પઠાણરાજ લિલ્લાના મેહેલની પાસે આવ્યા હતા. લિલ્લો તાબુતની સાથે જવાને માટે પોશાક પેહેરતો હતો તે એકદમ ત્રણ અપરિચિત સ્વારોને તાબુતની સાથે જોઇને લોકોને એ વિષય પૂછેછે, એટલામાં પૃથ્વીરાજ અને તારાબાઇએ ફેંકેલાં બાણ તેની છાતીમાં ગોચાયાં, તેથી તે પઠાણરાજ અચેત થઇને મેહેલની નીચે પડી ગયો. ત્યારપછી તેને ચેતના આવી જ નહિ. આ આકસ્મિક વ્યા-પાર જોયાથી સમસ્ત પઠાણો ભય કરીને ગરબડ મચાવવા લાગ્યા. એવામાં બંને વીર પુરૂષો અને વીરબાળા ઘોડા દોડાવીને નગરના દરવાજા ઉપર આવ્યાં. એ વખતે એક પ્રકાંડ હાથી તેઓનો જ-વાનો રસ્તો રોકીને ઉભો હતો, પણ તેથી તેજસ્વિની તારાબાઈ કંઇપણ કર્ત્તવ્યવિમુખ થઇ નહિ. તેણે વિપુલ સાહસથી પોતાની તરવારથી તે હાથીની શુંઢ

છેદન કરી નાખી, તેથી હાથી દુઃખથી અધીરો થઇને ભાગવા લાગ્યો. વીરબાલાના અસાધારણ વીરત્વથી દરવાનો એ બંધ દરવાજા ખોલ્યા, એટલે ત્રણે જઇને પોતાના સ્વારોની સાથે મળી ગયાં.

તરત અફગાનો ટોળાબંધ થઈને લઢાઇમાં પ્રવૃત્ત થયા. પરંતુ તેઓ રજપૂત-સૈન્યનું પરાક્રમ સહન કરી શકયા નહિ. તારાબાઈએ એ યુદ્ધમાં ઘણું પરાક્રમ બતાવ્યું. તે ઘોડા ઉપર બેસી વિદ્યુતવેગથી વિપક્ષ દળમાં પ્રવેશ કરીને પોતાની શત્રુસંહારિણી શક્તિની ઓળખાણ આપવા લાગી. એ મહાશક્તિથી પઠાણો પરાજિત થયા. તેમાંથી ઘણાકો યુદ્ધક્ષેત્રમાંથી ભાગી ગયા, ને ઘણાકો યુદ્ધક્ષેત્રમાં વિપક્ષિયોના અસ્ત્રાઘાતથી જખમી થઇને અનંત નિદ્રામાં સૂતા. ત્યારપછી ટોડામાં પાછો રજપૂત-વિજયનો વાવટો ઉડવા લાગ્યો. તેથી વીરપુરૂષની પ્રતિજ્ઞા પૂર્ણ થઇ. પૃથ્વીરાજે રાવ સુરતનને ટોડાનું આધિપત્ય આપ્યું. સુરતન પોતાની કબુલાતમાં ઉદાસીન થયો નહિ. તેણે યથાવિધાનથી તારાબાઇને પૃથ્વીરાજના હાથમાં અર્પણ કરી. સુંદરે સુંદર મિલન થયું. તેજસ્વિની બાળા તેજસ્વી વીર પુરૂષની ભાર્યા થઇને પવિત્ર રાજસ્થાનનું ગૌરવ વધારવા લાગી.

પૃથ્વીરાજ મેવાડમાં આવીને નવપરિણીતા વનિતાની સાથે કોમલમીરના મેહેલમાં રહેવા લાગ્યો. ત્યારપછી તેણે ઘણીક લડાઇઓ કરી હતી. એ સર્વ લડાઇઓમાં તારાબાઇ તેને ઉત્સાહિત કરતી હતી. વીરરમણી સર્વદા પોતાની તેજસ્વિતા દેખાડીને વીરભૂમિ મેવાડના ગૌરવની રક્ષા કરતી. પરંતુ એ દંપતિ ઘણો કાળ સુધી આ નશ્વર સંસારમાં એકત્ર રહી શકયાં નહિ. દુરંત શત્રુ એઓના પાર્થિવ સુખમાં હરકત નાખવા લાગ્યા. સિરોહીરાજ પ્રભુરાવની સાથે પૃથ્વીરાજની બેનનો વિવાહ થયો હતો. પણ એ સિરોહીપતિ પોતાની સ્ત્રીની સાથે સારો વ્યવહાર કરતો નહતો. એ વાસ્તે પૃથ્વીરાજે સિરોહીમાં જઇને પ્રભુરાવને શાસન કરવાને પોતાની બેનના જોડા તેને માથે લેવડાવ્યા. ક્ષત્રકુલાંગાર પ્રભુરાવ એ અપમાનનો બદલો લેવાને માટે પોતાના ચિરંતન પવિત્ર ધર્મથી વિચ્યુત થવામાં સંકુચિત થયો નહિ. તેણે ચાર પાંચ દિવસ સુધી ઘણી મેહેમાનદારી કરી. જ્યારે તે નીકળવાનો હતો ત્યારે તેને રસ્તામાં ખાવાને માટે ઝેર ભેળેલા લાડુ આપ્યા. તે વિષયમાં પૃથ્વીરાજ કંઈ જાણતો નહોતો. તે એવા ઝેરવાળા લાડુ

બાઇને ઘરની તરફ જવા નીકળ્યો. ને છેટેથી કોમલમીરનો મેહેલ જોવામાં આવ્યો ત્યારે ખુશીની સાથે તે ઝેરવાળા લાડુ ખાવા લાગ્યો. ખાઇ રહ્યા પછી ધીરે ધીરે તેનું શરીર અવશ થયું. મમાદેવીના મંદિરની પાસે આવ્યા પછી તેનાથી વધારે ચલાયું નહિ, તેથી તે સમજ્યો કે તીવ્ર ઝેર શરીરમાં પ્રવેશ થયું છે. મૃત્યુ પાસે આવેલું જોઈને તેણે તારાબાઇને ખબર મોકલી. પરંતુ તારાબાઇ આવવાની પહેલાં તેનો પ્રાણવાયુ ચાલ્યો ગયો. તારાબાઇએ આવીને જોયું તો પ્રિયતમસ્વામી આ લોકમાંથી વિદાય થયો છે. તે વેળાએ તે તેની સાથે પરલોકમાં જવાને તૈયાર થઇ. તરત તેણે ચિતા ખડકાવવાની આજ્ઞા કરી. પતિપ્રાણા રમણીએ તે ભવાની મમાદેવીના પવિત્ર મંદિરની પાસે પોતાના આદરના ધનને ખોળામાં રાખીને ધીર ભાવથી જવલંત આગમાં આત્મવિસર્જન કર્યું.

વીર રમણી વીરા.

અકબર બાદશાહે બે વખત ચિતોડને ઘેરો નાખ્યો હતો. પરંતુ ફેરિસ્તાના ગ્રંથમાં તેનું એક

વખત ઘેરો નાખવાનું વૃત્તાન્ત જોવામાં આવેછે. જે વખતે તેની મોટી દ્વેષની આગમાં ચિતોડનું સર્વ નાશ થયું હતું તે વખતની ચઢાઇનું વર્ણન તેમાં છે. પરંતુ જે વેળાએ તે પરાજિત અને નિરાશ થઇને રણમાંથી ભાગી ગયો હતો, તે વેળાનું વર્ણન તેના ગ્રંથમાં જોવામાં આવતું નથી. માલુમ પડેછે કે પરાજયરૂપ અપમાનથી પોતાના રાજ ચક્રવર્તીને બચાવવાને માટે મુસલમાન ઇતિહાસ કરનારે તેનું વર્ણન કર્યું નથી. ભાટના ગ્રંથોમાં વર્ણન કર્યું છે કે, તે જ અકબરની પ્રથમની ચઢાઈ હતી. ઉદયસિંહની વીરા ઉપપત્નીના વિક્રમ અને બળથી દિલ્લીશ્વર તે ચઢાઇમાં પાર પડયો નહતો. અકબર બાદશાહ પોતાની જીતનારી સેનાને સાથે લઇને ગર્વથી ચિતોડમાં આવ્યો. કાયરપુરૂષ ઉદયસિંહ પહેલાં તેની ચઢાઇને રોકવાને હિંમતવાન થયો નહિ; પરંતુ સરદારોના ઉત્તેજનથી અને રાજભ્રષ્ટના ભયથી છેલ્લીવારે તે અકબરની સામે થયો. હૃદયમાં હિમ્મત નહોતી-પ્રતિજ્ઞા કરી નહોતી—દૃઢતા નહોતી; ત્યારે તે કોની મદદથી તે મોગલવીરની ચઢાઇને રોકી શકે? તેના લશ્કરે ઘણી વાર સુધી અકબરના પરાક્રમી લશ્કરની સાથે

લઢાઈ કરી; પરંતુ જે તેઓનો રાજા-અધિનાયક, તેનો ઉત્સાહ અને ઉત્તેજન ના મળ્યાથી તેઓ કોને માટે કયા બળથી લઢાઇ કરી શકે? તેથી સર્વે રણમાં ભંગ કરીને લઢાઇના મેદાનમાંથી ભાગી ગયા. હતભાગ્ય ઉદયસિંહ વિજયી અકબરના હાથમાં સપડાયો. મોગલ બાદશાહ તેને બંદીવાન કરીને પોતાની છાવણીમાં લઈ ગયો. મેવાડનો અધિપતિ મુસલમાનના હાથમાં બંદી થયો,—વીરજનની મેવાડ ભૂમિને મોઢે કલંકની રેખા અંકિત થઈ! મેવાડમાં એવું કદી થયું નથી. આજે કાયર પુરૂષ ઉદયસિંહથી તેવું થયું, એ કંઇ સામાન્ય ખેદનો વિષય નથી. ઉદયસિંહ દુશ્મનના હાથમાં બંદીવાન થયો. રાજપરિવારમાં મોટી ગરબડ મચી રહી. કેવી રીતે તેનો છૂટકો થાય તે વિષય કોઇને કંઇ પણ વિચાર સૂજતો નહોતો. સરદારો તેને છોડવવાને માટે કંઈપણ વ્યગ્રતા પ્રકાશ કરતા નહોતા. તેથી ચિતોડ સંપૂર્ણ નિઃસ્પૃહ અને નિસ્તેજ જેવું જણાતું. તે નિસ્પૃહ અને નિસ્તેજભાવ જોઇને ઉદયસિંહની ઉપપત્નીનું હૃદય અભિમાન અને ક્રોધથી ઘણું ગરમ થયું. ચિતોડ શું આજે વીર વગરનું છે? વીર પુરૂ-

ધોને ઉત્પન્ન કરનાર મેવાડની ભૂમિએ શું આજે પોતાનું સઘળું તેજ ગુમાવ્યું છે? હમણાં જે અસંખ્ય જીવ ચિતોડમાં રહેછે, તેઓ શું નિર્જીવ છે?—તેઓ શું શિથીલ માંસના લોચા છે? ક્ષત્રિય સ્ત્રીઓએ શું અચેત માંસના લોચાનો પ્રસવ કર્યો છે? ક્ષત્રિયોની હિંમત, વીરપણું, તેજસ્વિતા, અને આત્માભિમાન એકીવારે આ લોકમાંથી ચાલ્યું ગયું? નહિ તો તેઓ પોતાની આંખે પોતાના રાજાનું અપમાન અને કેદખાનામાં બંધ થતું જોઇને કયા· પ્રાણથી નિશ્ચિંત, નિઃસ્પૃહ, નિર્જીવ થઇ રહ્યા છે! એનો વિચાર કરીને તે વીર રમણીએ મોટા આવેશમાં અને જિઘાંસામાં ઉન્માદિત થઇને કોમળ શરીરમાં સખ્ત લોઢાનું બખતર પેહેર્યું અને હાથમાં ધનુર્બાણ ને તરવાર લઇને ઘોડા ઉપર બેસીને તે લઢાઇના મેદાનમાં ગઇ. એવી રીતે ચિતોડનો નિર્જીવ અને નિઃસ્પૃહ ભાવ દૂર કરીને રજપૂત—સેનાને નવા ઉત્સાહમાં ઉત્સાહિત કરીને કાયર પુરૂષ ઉદયસિંહની વીરા ઉપપત્ની લશ્કરની સાથે મુગલની છાવણીની સામે ભીમબળથી ઉભી રહી. તેના હાથમાંના પ્રચંડ ભાલાના આઘાતથી અને બાણના

ફેંકવાથી ઘણુંક યવનલશ્કર મરી ગયું. થોડી લડાઈ થયા પછી યવનો પછવાડે ભાગવા માંડયા. રૂદ્રચંડા રજપૂત સ્ત્રી વધારે ઉત્સાહ અને વિક્રમની સાથે તેમને વધારે ભગાડવા લાગી, અને ધીમે ધીમે તે અકબરના પ્રધાન સેનાપતિની તરફ જવા લાગી. એ વીર નારીની અદ્‌ભુત વીરતા જોઇને મુગલબાદશાહ સ્તંભિત અને અજાયબ થઇ ગયો. અને છેલ્લે નાના પ્રકારનું નુકસાન થવાની શંકા કરીને લશ્કરની સાથે લડાઇના મેદાનમાંથી જતો રહ્યો. રમણીની લડાઇમાં આજે ભારતવર્ષના બાદશાહનો મુગટ મુગલવીર અકબર હાર્યો. રમણીના બળથી આજે વિજયી મુગલસેના ભાગી ગઇ. એ રજપૂત વીર રમણીના વીરત્વોચ્છ્‌વાસનું એક જવલંત ઉદાહરણ છે!

રજપૂત વીરોનું વીરત્વ અને અકબરથી જયમલની હત્યા.

અકબર મેવાડનો સર્વનાશ કરવાને માટે પ્રતિજ્ઞાબદ્ધ થઇને ચિતોડ જીતવાને માટે આવ્યો, તે વેળાએ

રાજધર્મશૂન્ય, અકર્મણ્ય ઉદયસિંહના હાથમાં મેવાડનો શાસન-દંડ સમર્પિત થયો હતો, બાપા, સમરસિંહ, હમીર વગેરે રાજનીતિજ્ઞ અને શાસ્ત્રવિત્ રાજાઓ જે શાસનદંડ ચલાવતા હતા, તેઓ સુદક્ષ અને કામ કરવામાં કુશળ હોવા છતાં, રાજ ચલાવવું એ મોટું કામ જાણીને સર્વદા સાવચેત રહેતા. પણ આજે અકર્મણ્ય ઉદયસિંહ તે કામને ઘણું સહેલું અને જલદી થવાવાળું અનુમાન કરતો હતો; તેથી મેવાડના દુઃખના ઢગલા ઘણા પરિપૂર્ણ થઈ પડ્યા હતા. શિશોદીય કુળની અધિષ્ઠાત્રી દેવીએ નિશ્ચય કર્યો હતો કે, બાપારાવનો વંશ જ્યાંસુધી તેની આજ્ઞા પાળશે, ત્યાં સુધી તે કોઈ રીતે ચિતોડને છોડી જશે નહિ. બાપારાવના વંશજ આજ સુધી તેની તૃપ્તિને માટે વગર અચકાયે પોતાનું લોહી આપતા હતા; તેથી મહાદેવીની પણ પ્રતિજ્ઞા યથાયથ પળાતી હતી. સ્વદેશની સ્વાધીનતા રક્ષાને માટે ગિહલોટ રાજાઓએ જે અદ્ભુત પ્રાણાર્પણનું જ્વલંત ઉદાહરણ દેખાડ્યું હતું, તેનો વિચાર કર્યાથી કોના હૃદયમાં અજાયબી ન થઈ શકે ? તે જાણીને કોણ ચિતોડની સ્વાધીનતારૂપ તે ભગવતી ચતુર્ભુજા દેવીની

સામે પ્રાણ-વિસર્જન કરવાને આગળ ન પડે? પહેલું ઉદાહરણ—જ્વલંત ઉદાહરણ—તે દિવસનું છે કે જે દિવસે હિંદુદ્વેષી કઠોર હૃદયવાળા અલાઉદ્દિનના પ્રચંડ દ્વેષરૂપી આગના સ્પર્શથી સોનાનું ચિતોડ રાખ થઈને સ્મશાન જેવું થયું હતું, તે દિવસે—તે દુર્દિવસે—બાર રાજકુમારોએ આત્મહૃદયનું લોહી આપીને ચિતોડની અધિષ્ઠાત્રી દેવીની તરસ નિવારણ કરી હતી, અને તેથી વીરવર બાપારાવનું લાલ રંગનું નિશાન પાપી મુસલમાનના ગ્રાસથી રક્ષાયું હતું! તે દિવસ ચિતોડનો કેવો ગૌરવવાળો પણ ખરાબ દિવસ હતો! રજપૂત વીરત્વોચ્છ્વાસનો કેવો અતુલનીય મહાયોગ હતો! ત્યાર પછી બીજી વાર જે દિવસે મેવાડના દક્ષિણ સીમાવાળા પર્વતોને ઓળંગીને બાજ બાહાદૂરની વિજયી સેના અનંત સાગરોચ્છ્વાસની પેઠે પ્રચંડ વેગે મેવાડના હસ્તા મેદાનમાં આવી પોહોંચી, તે દિવસે બાપારાવના બીજા વંશના વીરવર વાઘજીએ પ્રાણાર્પણ કરીને પ્રદિપ્ત ઉદાહરણ દેખાડીને ભગવતી ચતુર્ભુજાની સખ્ત આજ્ઞા પાલન કરી હતી. પરંતુ આ ત્રીજી વાર ચિતોડના ભયાનક દુઃખની વેળાએ શિશોદીય કુળના આ અનિવાર્ય નિદારૂણ અધઃપતન-

ની વેળાએ બાપારાવના કોણ વંશજ પ્રાણાર્પણ દ્વારા ચિતોડની અધિષ્ઠાત્રિ દેવીની તૃપ્તિ કરશે ! કયા વીરના હૃદયનું લોહી પી તૃપ્ત થઇને ભગવતી ચામુંડા આજે ચિતોડની રક્ષા કરશે ? આજ કોઇ પણ આવ્યા નથી-કોઇ પણ તે ભયાનક રણસ્થળમાં આવ્યા નથી. શું થશે ! શું તેનો કંઈ ઉપાય નથી ? તેથી શું ચિતોડનું શોચનીય ભયાનક અધઃપતન થયું ? ચિતોડનો સ્વાધીનતાસૂર્ય હમેશાંને માટે અ-સ્તમિત થયો ? તે મોહ પમાડનારી મહામાયા ક્યાં ચાલી ગઇ ? તે ગઇ નથી. જુઓ, તે આવે છે.

અકબરના આવ્યાથી કાપુરૂષ ઉદયસિંહ ચિતોડ છોડીને ભાગી ગયો, પરંતુ તેથી ચિતોડ કાંઇ રક્ષક વગરનું નહોતું. ચિતોડનો કુલાંગાર અધીશ્વર તેને છોડીને ગયો ખરો, પરંતુ તેના પવિત્ર નામની એવા મોહિની માયા છે કે, ક્યાંઇથી સાહસિક અને વિક્રમશાળી અસંખ્ય વીર ચિતોડની રક્ષાને માટે ઉઘાડી તરવાર હાથમાં લઇને યવનની સામે લડવા આવ્યા. જાણે કેઇ અદૃશ્ય દેવતા મૃતસંજી-વન મંત્રના બળથી ચિતોડના પતિત વીરોના રાખના ઢગલામાંથી પાછા અસંખ્ય વીરની સૃષ્ટિ કરવાની

તજવીજમાં હોયની ! રાજસ્થાનના ભિન્નભિન્ન નગરમાંથી સરદાર અને સામંતો પોતપોતાનું લશ્કર લઇને ચિતોડના ભિન્નભિન્ન સ્થાનની રક્ષા કરવા ઉભા. સહિદાસ ચંદાવતવંશીય ઘણીક તેજસ્વી અને સાહસી સેનાને લઇને ચિતોડના પ્રધાનતમ તોરણદ્વાર "સૂર્યદરવાજામાં" ઉભો રહ્યો. માદ્રેરિયાના રાજારાવત્ દુદા સંગાવતોને લેઇને લઢાઇમાં કૂદી પડ્યો. બૈદલા અને કોઠારિયા નામનાં બે શેહેરોમાંથી દિલ્લીશ્વર હિંદુરાજ ચક્રવર્તી મહારાજ પૃથ્વીરાજના વંશના બે વીર્યવાન સામંત રાજાઓએ અને વિજોલિનો પરમાર અને સદ્રિવના ઝાલાપતિએ ઘણા ઉત્સાહની સાથે લઢાઈના મેદાનમાં આવીને પોતાના વીરોચિત રણાભિનય અને ઉદ્દીપનાથી પોતપોતાની સેનાને ઉત્સાહી કરી નાખી. એઓમાંના ઘણાક મેવાડના અમલને આધીન હતા. એ સિવાય ઘણાક વિદેશીય રજપૂત વીરે મુગલ બાદશાહનું પ્રબળ બળ રોકવાને માટે તેની સામે તરવાર ધારણ કરી હતી, તેઓમાં દેવલપતિ વાઘજીનો વંશ, ઝાલોરપતિ શનિગુરરાવ, ઇશ્વરદાસ, રાઠોડ, કરમચંદ કછવાહ અને ગોવાલિયરનો તુવારરાજ, આ સર્વ વીર તે વેળાએ

વિશેષ પ્રસિદ્ધ હતા. એઓનું અદ્‌ભુત વીરપણું અને રણમાં ચાતુરી એનું વર્ણન ઇતિહાસમાં બિરાજીત છે.

જોતા જોતામાં હિંદુ મુસલમાનની વચ્ચે મોટું યુદ્ધ થવાનો આરંભ થયો. ભીમ પરાક્રમી યવનસૈન્ય શ્રવણભૈરવ રણોન્માદી રણના વાજાથી લઢાઇનું મેદાન કંપાયમાન કરતું અને જયના અવાજ કરતું કરતું ચિતોડના સૂર્યદરવાજાની તરફ દોડવા લાગ્યું. પેલી બાજુએ રણોન્મત રજપૂતસેના ભયંકર સિંહનાદથી ગગનતલવિદારિત કરીને ગર્વની સાથે બાણો ફેંકવા લાગી. અવિલંબે ચંદાવત્‌વીર સહિદાસ ભીમગંભીર અવાજથી હોકારો કરીને યવનસેનાના ઉપર તીર ફેંકવા લાગ્યો. તે વખત સૂર્યદરવાજામાંથી ચિતોડના કિલ્લામાં પેસવાના ઈરાદાથી મુગલો તોફાનવાળા સાગરની પેઠે તેની તરફ આવવા લાગ્યા. દૂરભેદી બંદુકોમાંથી અગ્નિ જેવી ગોળી ફેંકીને અસંખ્ય ચંદાવત્ વીરને મારતા મારતા તેઓ ધીમે ધીમે સૂર્યદરવાજાની સામે આવ્યા. તેથી વીરવર સહિદાસે પાછી પાની કરી નહિ; તેને મદદ આપવાવાળા વીરો એક પછી એક ગોળી લાગવાથી મરવા લાગ્યા, તથાપિ તે એક પળ પણ નિરુત્સાહ થયો નહિ. જ્યાંસુધી તેની

મૂઠી શિથીલ થઈ નહિ, ત્યાંસુધી શત્રુદળ કોઇપણ રીતે તે દરવાજામાં પ્રવેશ કરી શકયું નહિ.

ચંદાવત્‌વીર સહિદાસના જ્વલંત ઉદાહરણથી ઉત્તેજિત થઇને બીજા ક્ષત્રિયવીર ઘણી હિંમતની સાથે શત્રુદળને ત્રાસ પમાડવા લાગ્યા. પરંતુ બે મહા-વીરે, પરાક્રમી યવન બાદશાહના ગર્વ તોડનાર ધૂમ-કેતુની પેઠે ઉદિત થઇને મેવાડના તે વિષાદ અંધકારથી ઢંકાયલા ભાગ્યગગનને થોડીક વારને માટે ઘણાક ઉજ્વલ પ્રકાશથી પ્રકાશિત કરી મૂક્યું હતું, જે-ઓના યશ, લોકોને અજાયબીમાં નાખે એવું વીરપણું, અને રણનૈપુણ્યનું વર્ણન વર્ણિત થઇને મેવાડના ઇતિહાસના આ અંધારા પ્રકરણને ઉજ્જવલિત કરી મૂક્યું છે. સ્વયં અકબરે જેઓનું તે વીરત્વ અને રણ-નૈપુણ્ય કાયમ રાખવાને માટે પોતાને હાથે તેનું વર્ણન લખ્યું છે. તેઓનું પવિત્ર નામ જયમલ અને પુત્ત છે. જયમલ બેદનુરનો અધિપતિ હતો. તે રાઠોડકુળની બીજી શાખા મિરતિયા ગોત્રમાં ઉત્પન્ન થયો હતો અને મારવાડના સાહસિક સામંતોમાં એક માત્ર તે જ ઘણોક હિંમતવાન હતો. પુત્ત કેલવારનો રાજા હતો, તે ચંદા-વત કુળની બીજી શાખા જગવત્‌ ગોત્રનો સર્વથી

પહેલો વીર હતો. એ બંને મહાવીરનાં પવિત્ર નામ આજ પણ રજપૂત અને ભાટ લોકોના જપ કરવામાં આવી રહ્યાં છે. આજે પણ પ્રાતઃકાળે બીછાનું છોડતી વેળાએ પ્રાતઃસ્મરણ્ય મહાપુરૂષોની પવિત્ર નામમાળા જપ કરવાની વખતે તેઓ આ બંને મહાવીરનાં પવિત્ર નામોચ્ચારણ કરે છે. આજે પણ રજપૂત સ્ત્રીઓ સંધ્યા પ્રદીપ કરતી વેળાએ જયમલ અને પુત્તને સ્મરણ કરીને પોતપોતાના પુત્ર કન્યાની મંગળ કામના કરે છે અને ગૃહસ્થની સ્ત્રીઓ અનાજ દળવાની વખતે ભાટનાં કરેલાં વીરત્વનાં ગીત સમસ્વરે ગાય છે. જગતમાં જ્યાંસુધી વીરપણાનું સંમાન રહેશે, જ્યાંસુધી આર્યવીર રજપૂત જાતિના હૃદય આગળ થયલા વીરત્વનું એક પણ કણ બાકી રહેશે, જ્યાંસુધી આગળ થઇ ગયલા બનાવનું ચિત્ર તેઓના મનમાં થોડું પણ અંકિત રહેશે, ત્યાં-સુધી જયમલ અને પુત્તનું નામ જગતમાંથી દૂર થશે નહિ, અને કોઇ દૂર કરી શકશે નહિ. જયમલ અને પુત્ત કોઇના પણ ઉત્સાહથી ઉત્સાહિત થયા ન હોતા, કોઈની ઉદ્દીપનાથી ઉન્માદિત થઇને ચિતોડને માટે પ્રાણાર્પણ કરવાને આગળ પડયા ન હોતા; પણ

તેઓના અત્યુન્નત હૃદયના સ્વજાતિ અને સ્વદેશ પ્રેમના પવિત્ર ઉગ્ર સ્વરૂપે, પવિત્રતમ હૃદયની ઉન્મત્ત પ્રેરણાએ તેઓને તે સખ્ત કામમાં ઝોકાવવાને ઉત્સાહિત કર્યા હતા યશને માટે અથવા સ્વાર્થને માટે અગર બીજી નીચ ખાશિયતના વશીભૂત થઇને તેઓએ યવનની સામે તરવાર પકડી ન હોતી. એ ભયાનક લડાઇ કેવળ પુરૂષોએજ કરી ન હોતી; ઘણીક અંતઃપુરમાં રહેનારી રજપૂત સ્ત્રીઓ પોતપોતાના સુકોમળ શરીર ઉપર કઠણ લોઢાનાં કવચ પહેરીને સ્વાધીનતાના લીલાસ્થળ ચિતોડની રક્ષા કરવાને માટે લઢાઈના મેદાનમા આવી હતી, તે પુત્ત અને તેની મા, બેહેન તથા ભાર્યાનું વીરત્વ વાંચ્યાથી જણાશે.

જ્યારે શાલુંબ્રાપતિ ચંદ્રાવત્ વીરે સૂર્યદરવાજા ઉપર પ્રાણાર્પણ કર્યો ત્યારે હતાવશિષ્ટ ચંદાવત્ વીરોએ જયમલને આધિનેતૃત્વભાર સોંપ્યો. સઘળાઓ માયા મમતા છોડીને એકીવારે ઉન્મત્તના જેવા થયા. ઉન્મત્ત પ્રમાણે સિંહનાદ કરીને દોડતા તેઓ શત્રુસેનાની પાસે જવા લાગ્યા. વિશાળ મોગલસેના તોફાની સમુદ્રની પેઠે પ્રચંડ વેગથી ઉછાળો મારતી ભીષણ બળની સાથે ચિતોડના કિલ્લાની તરફ આવવા લાગી. પ્રલય

કાળની મેઘગર્જના પ્રમાણે તેઓની બંદુકમાંથી જ્વલંત ગોળી વરસવા માંડી અને તેથી ભૈરવ મોટો અવાજ ગર્જી ઉઠયો. એ સમસ્ત ગોળીના આઘાતથી સેંકડો રજપૂતના ટૂકડે ટૂકડા થઇને શૂન્યમાં ઉડવા લાગ્યા. સેંકડો ક્ષત્રિયવીરની મૂઠીમાંથી તીરકામઠાં પડી ગયાં ! એવી રીતે રજપૂતસેના ધીરે ધીરે મરવા લાગી; પરંતુ રજપૂતવીર કોઇ પણ રીતે નિરૂત્સાહી થયો નહિ. કોઇ રીતે શત્રુઓને આત્મસમર્પણ કરવાની ઈચ્છા કરી નહિ. આત્મસમર્પણ ! ક્ષત્રિય-કુળમાં જન્મ લઇને દેશવૈરી યવનના હાથમાં આત્મ-સમર્પણ ! આવો જઘન્ય, નિકૃષ્ટ ઉપાય અવલંબન કરીને પાપી જીવનની રક્ષા કરવી ! તેવું જીવન મેળવવાની જરૂર નથી. આત્મસમર્પણમાં રાજી થવું તો દૂર રહ્યું; પણ તે પાપી ચિંતા વીરકેશરી રજપૂતોના હૃદયમાં કદીપણ ઉદિત થઇ નથી. સ્વદેશ-રક્ષા અને પ્રાણાર્પણના બીજમંત્રમાં ઉત્તેજિત થઇને તેઓ ઉન્મત્ત પ્રમાણે યથાસાધ્ય હાથમાંની તરવારના આઘાતથી જ્વલંત ગોળીથી બચાવ કરતા પળપળમાં ભયંકર સિંહનાદ કરતા હતા, પરંતુ તે સર્વે વૃથા ગયું ! આખરે યવનના મોટા સૈન્યથી ચિતોડ ઘેરામાં

પડ્યું અને રજપૂત સેનાપતિ ઘણીજ સાવચેતીથી બંદોબસ્ત કરવા લાગ્યો. એમ છતાં એક રાત્રે જયમલને કિલ્લા ઉપર મશાલને અજવાળે જોઇને અકબરે બંદુકની એક જવલંત ગોળી ફેંકી તે તે પ્રધાન સેનાપતિના હૃદયમાં લાગી. વીરવર જયમલ તે દારૂણ જખમથી ઘોડા ઉપરથી ભૂમિપર પડ્યો. ભીષણ ક્રોધ અને જિઘાંસાથી તેનું વીર હૃદય એકેવારે ઉન્મત્ત થઇ પડ્યું! કાયર પુરૂષે શત્રુકુળ ધર્મવિરૂદ્ધ ઉપાય અવલંબન કરીને દૂરથી તેને માર્યો તેથી મનની વેદનાથી તેનું હૃદય વિદીર્ણ થઇ ગયું. તેણે લાલ આંખમાંથી બે પાણીનાં ટીપાં નાખ્યાં, તથા રોષથી અને જિઘાંસાની ઉત્તેજનાથી દાંત પીસીને તે અકબરને હજારો ધિક્કાર કરવા લાગ્યો.

અકબરને હાથે વીરવર જયમલનું મૃત્યુ થયું હતું. જે બંદુકની મદદથી તે કાયર પુરૂષોચિત કામ પાર પડ્યું હતું તેણે તેનું નામ "સંગ્રામ" રાખ્યું હતું. તેની સત્યતા આબુલફજેલ અને જાહાંગીર બાદશાહથી પ્રમાણિત થઇ છે. ધર્મથી ઉલટો ઉપાય પકડીને જયમલને માર્યો હતો ખરો, પરંતુ તે વીર–શેખરના ઉત્તમ ગુણ-ગરિમાના સંબંધમાં આંધળો નહોતો.

જયમલ્લને પોતાને હાથે મારીને તે પોતાને કૃતકૃતાર્થ અને સંમાનિત વિચારતો હતો! એટલું જ નહિ પણ તેણે જયમલ્લ અને વીરબાળક પુત્તનું લોકવિસ્મયકર વીરત્વ કાયમ રાખવાને માટે દિલ્લીમાં પોતાના મહેલના દરવાજા ઉપર બંનેની પત્થરની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી હતી. *

વીરાંગનાનો વીરત્વ-મહિમા.

મુગલ બાદશાહ અકબરશાહે દિલ્લીનો શાસન દંડ લીધો છે. ભારતના ઉત્તરમાં અને દક્ષિણમાં, પૂર્વમાં અને પશ્ચિમમાં મુગલનો વિજય-પતાકા વાયુમાં કં-

---

* બસો વર્ષ પહેલાં વિખ્યાત ફ્રેંચ પંડિત બર્ણિયર ભારતવર્ષમાં મુસાફરી કરવાને આવ્યો હતો તેણે ઉપલી બંને મૂર્તિઓ જોઇ હતી. તેણે ભારતવર્ષના સંબંધમાં સ્વદેશમાંના બંધુઓને જે સર્વ પત્ર લખ્યા હતા તે ઘણા ખરા પુસ્તકાકારમાં ઇસવી સન ૧૬૮૪ માં લંડનમાં છપાયા છે તેમાં જયમલ અને પુતની મૂર્તિનું વર્ણન છે તે ઉપરથી જણાય છે કે તે પત્ર તેણે તા૦ ૪થી જુલાઈ ૧૬૬૩માં લખેલો છે.

પ્રાયમાન થઇને જાણે વિપક્ષિયોને તર્જના કરતો ન હોય એવું દેખાડે છે. જે સઘળા સાંમતોએ દિલ્હીની આધીનતા તોડી હતી, તેઓ પાછા એક એક અકબરની આધીનતા માનતા આવેછે. બાદશાહ અકબર પોતાના બાહુબળથી અને પોતાના મંત્રકૌશલથી વિશાળ રાજ્ય સ્થાપિત કરીને વિપુલ ભાવથી, અને સુશાસનના ગૌરવથી સર્વને વરણીય થયો છે. આર્યાવર્ત્તના શ્યામલ પ્રાંતમાં, દક્ષિણના પ્રશસ્ત ક્ષેત્રમાં, અફગાન-ભૂમિના પાહાડી પ્રદેશમાં તેની ગૌરવની વાર્ત્તા ઉદ્ઘોષિત થાયછે. જનમંડળ તેની શક્તિ, તેનું પ્રાધાન્ય, અને તેના અલોકસાધારણ ગુણ જોઇને દેવતા જ્ઞાનથી તેને ભક્તિ અને શ્રદ્ધાની પુષ્પાંજલિ આપેછે.

આજે અકબરશાહનો ખુશ રોજ છે. વિશાલ રાજપુરીમાં સુંદર બજાર બેઠો છે. એ બજારમાં પુરૂષનો સમાગમ નથી; કેવળ કમનીય કામિની હારબંધ દુકાન સજાવીને ચાર બાજુએ અપૂર્વ શોભાનો વિસ્તાર કરેછે. બાદશાહની બેગમો આવી છે, સામન્ત-લલનાઓ હસતી હસતી બજારમાં ચોતરફ ફરતી ફરેછે, રજપૂત કામિની-

ઓ સુદ્રશ્ય વેષભૂષાથી શોભિત થવાથી સૌંદર્ય બમણું ખીલી રહ્યું છે. જે સ્થાનમાં જેકંઈ સુંદર વસ્તુ છે, જેકંઇ મનોમદ છે, જે કંઇ તૃપ્તિપદ શિલ્પ દ્રવ્ય છે, તે સર્વ આ રમણીના રમણીય બજારમાં ગોઠવેલું છે. સ્ત્રીઓ એ સર્વ અપૂર્વ શિલ્પદ્રવ્ય વેચવાને અને લેવાને આવી છે,

લાવણ્યવતી લલનાથી ભારતના અદ્વિતીય બાદશાહનો મહેલ આજે એવી રીતે પરિપૂર્ણ છે. શિલ્પ ચાતુરીના અપૂર્વ સૌંદર્યથી, કામિનીઓની અપૂર્વ કમનીય કાંતિથી આજ રાજભવન એવી રીતે પ્રકાશિત થઇ રહ્યું છે. બાદશાહ છદ્મવેશ (છુપા પોશાક) થી આ રૂપવતી કુળના બજારમાં ફરતો ફરેછે. પળે પળે તેની આંખ ચોતરફ ફરતી ફરેછે. તે પળે પળે કામિનીઓનાં સૌન્દર્ય અને તેઓનાં ક્રયવિક્રય જોઇને આનંદિત થાયછે. વિધાતાની સૃષ્ટી મધ્યે શ્રેષ્ઠ લલનાંકુસુમથી તેનો મહેલ સુશોભિત જોઇને તે પ્રીતિ-પ્રફુલ્લ હૃદયથી એક દુકાનમાંથી બીજી દુકાનપર જાયછે, અને પ્રત્યેક દુકાનમાં જઇને કોઇ કોઇ વસ્તુની કીમત પૂછેછે. વેચનાર સ્ત્રીઓ થોડી હસીને ઉત્તર આ-

વેચે છે. બાદશાહ સોનાની મોહોરો આપીને તે વસ્તુ વેચાતી લે છે. સ્ત્રીઓ પાછી પહેલા પ્રમાણે થોડી કમીને મોતીઓ લે છે. ફુટેલાં કમળની પ્રશાન્ત કાંતિથી બજાર એવી રીતે પ્રકાશિત થઇ રહ્યો છે. અકબરશાહ સુખના આવેશથી આ કમળવનમાં ફરતો ફરે છે. મુસલમાનના પ્રથમ મહિનાના નવમે દિવસે એ બજાર થતો, એ વાસ્તે એનું નામ "નવરોજ" ઇતિહાસમાં પ્રસિદ્ધ થયું છે. અકબર એ બજારનો સ્થાપનકર્તા છે. આદરથી એનું નામ "ખુશરોજ" રાખ્યું હતું. બાદશાહ આજ પોતાના સ્થાપેલા ખુશરોજને દિવસે અનંત ખુશીના તરંગમાં તરતો હતો.

એક રૂપવતી યુવતી એ બજાર જોવાને આવી છે. તેના સૌન્દર્યથી અને તેના સ્થિર ગંભીર ભાવથી સ્તંભિત થઇને બજારની સ્ત્રીઓ તેની તરફ જોતી રહી છે. યુવતીના સ્થિર વિદ્યુત્ પ્રભાવથી સમસ્ત બજારમાં [illegible] અપૂર્વ સૌન્દર્યનો પ્રકાશ થઇ રહ્યો છે. યુવતી ધીમે ધીમે ચાલતી દુકાનો જોય છે. સુસજ્જિત દુકાનની શિલ્પ ચાતુરી જોઇને તેને ખુશી ઉત્પન્ન થાય છે ખરી, [illegible] [illegible] કરવાને કોઇ કોઇ

સ્રીની લજ્જાહીનતાથી મનમાં ઘણી વિરક્ત થાયછે. એ લલનાકુળ હસતું હસતું વાત કરેછે પરંતુ તે હસવામાં શીળતાનો આવેશ નથી, તેથી તે હસવું એ શીળતામયી યુવતીના હૃદયમાં ખુશીનો તરંગ કરાવી શકતું નથી. તે યુવતી, સુંદરીઓમાં શીળતાનો આવા રીતનો અભાવ જોયાથી,—પવિત્રસૌન્દર્યના અદ્વિતીય અવલંબન લજ્જાના આવી રીતના અપવ્યવહારથી નાખુશ થઇને બજાર છોડી જવાને તૈયાર થઈ. બાદશાહે થોડીક પળ સુધી એ લાવણ્યવતી સ્રીને જોઈ. સ્થિર સૌદામિનીની અપૂર્વ કાંતિથી તેનું હૃદય ખેંચાયું, યુવતી બજારમાંથી નીકળવાને જવા લાગી. નીકળવાનો રસ્તો ઘણો કુટિલ હતો, યુવતી તે કુટિલ રસ્તામાં ધીરે ધીરે આગળ જવા લાગી, એવામાં અકસ્માત્ તેની ગતિનો રોધ થયો. અકસ્માત્ તેની સામે અકબરશાહને જોયો. બાદશાહે યુવતીના રૂપમાં મુગ્ધ થઇને તેનો રસ્તો રોકયો હતો તેથી તે પવિત્ર-સ્વભાવાકુલ મહિલાને અપરિસીમ કોપનો સંચાર થયો, આસમયે અતર્કિત ભાવથી ભારતના અદ્વિતીય અધિપતિને સામે જોઇને તે કોઇ રીતે ભયભીત થઇ નહિ. ક્રોધથી તેની બંને

આંખો લાલ થઈ ગઇ, તેણે તરત પોતાનાં વસ્ત્ર-માંથી એક સુતીક્ષ્ણ કટાર કાઢી, ને તે બાદશાહની છાતીની તરફ પકડીને આત્મસંમાન રક્ષણને માટે તૈયાર થઈ. તે યુવતી આવીરીતે ભારતવર્ષના અધી-શ્વરને લક્ષ્ય કરીને તીક્ષ્ણ કટાર પકડીને ગંભીર સ્વ-રથી બોલી "જે નરાધમ પવિત્ર ક્ષત્રિય-કુળકલંકિત કરવાને તૈયાર થાય છે તેને આ કટારથી જેવી જોઇએ તેવી શિક્ષા આપવી જોઈએ." બાદશાહ તે લાવણ્યવ-તી લલનાની આવી રીતની ભૈરવી મૂર્તિ જોયાથી સ્તં-ભિત થઈ ગયો. તે વેળાએ તેણે બીજી કોઇ જાતની દુ:શીળતા અથવા ઉદ્ધતભાવની ઓળખાણ આપી ન-હિ. વીરાંગનાના આ વીરત્વથી અને તેજસ્વિતાથી તેના હૃદયમાં આલ્હાદનો સંચાર થયો. ગુણપક્ષપાતી બાદશાહે તેના ગુણની અમર્યાદા કરી નહિ. તેણે સૌ-મ્યભાવથી બહુ સન્માનની સાથે તે તેજસ્વિની ક્ષત્રિ ય-મહિલાને વિદાય કરી.

આ વીરનારી વીરપ્રસવિની મેવાડ-ભૂમિના શુ-ક્તાવત વંશના સ્થાપિતાની કુંવરી અને રાઠોડ કુળના સાહસી પૃથ્વીરાજ વીકાનેરીઆની ભાર્યાછે. લોક-પ્રસિદ્ધ ઈતિહાસના આદરણીય બાદશાહ અકબરે એ વખતે

એ લાવણ્યવતી વીરાંગનાને કલંકિત કરવામાં આવી રીતનો ખરાબ ઉપાય પકડયો હતો. જેણે પ્રશાંતભાવથી રાજ્ય ચલાવ્યું હતું, સુનિયમથી પ્રજા-રંજન-ગુણની ઓળખાણ આપી હતી, જે અવિકાર ચિત્તથી ન્યાય અને ધર્મના સન્માન રક્ષાને માટે ઈન્દ્રિયો–વશીભૂત રાખતો હતો, અલૌકિક શક્તિના મહિમાથી સાધારણોની આગળ જે દેવભાવથી પૂજાતો હતો, તે પણ એક વખતે આવી રીતની કુપ્રવૃત્તિના માર્ગમાં પગ મૂકવાને સંકુચિત થયો નહોતો! તે ચિર પ્રસિદ્ધ રજપુત રાજમહિલાએ પુરૂપસિંહની સામે અસીમ તેજસ્વિતા દેખાડીને પોતાના વંશોચિત ગૌરવની રક્ષા કરી હતી. વિધાતાની તે અપૂર્વ સૃષ્ટિનું પવિત્રતામય પ્રફુલ્લ કુસુમ પોતાના ગૌરવના મહિમાથી આવા રીતે અકલંકિત રહ્યું હતું.

વીરાંગના.

દુર્ગાવતી.

હિંદુસ્થાનના મધ્યભાગમાં અલાહાબાદથી આશરે એક સો કોસ ઉપર દક્ષિણ-પશ્ચિમ મર્યાદામાં ગંડ

મંડલ નામે પૂર્વે એક પરાક્રમી રાજ્ય હતું. તેમાં સોહાગપુર, છત્રિસગઢ, સંભલપુર, ઇત્યાદિ ઇત્યાદિ શેહેરો આવેલાં હતાં. અને તેથી ગંડમંડલના* નામે આખું રાજ્ય ઓળખાતું હતું. સોહાગપુર બુંદેલખંડની અંદર છે. આ જગ્યા ઘણીખરી અરણ્યમય છે. પૂર્વે એ ધનસંપત્તિમાં પરિપૂર્ણ હતું. છત્રિસગઢ ગોડવન પ્રદેશમાં છે. પ્રાચીન વખતમાં એ રત્નપુરના નામથી પ્રસિદ્ધ હતું અને ઘણાખરા જહરખંડના નામથી પણ તેને ઓળખે છે. આ શેહેરના ભૂભાગમાં કેટલોક ભાગ અરણ્ય અને પર્વતોથી ઢંકાયેલો છે. ગંડમંડલ રાજ્ય તેજસ્વી અને શ્રેષ્ઠ હતું. એમાં માણસોની વસ્તી સારી હતી. સુંદર તળાવો, રમ્ય ઉપવનો, નદીઓ અને પર્વતોથી એ રાજ્યનો પ્રદેશ મનોહર અને અપૂર્વ હતો. ગંડમંડલની રાજ્યધાની નર્મદા નદીના દક્ષિણ કિનારા ઉપર આવેલ જબલપુરથી આશરે પાંચ મૈલને અંતરે પ્રસિદ્ધ ગંડનગરમાં હતી. તેની ચોતરફ પર્વતોની હાર આવેલી

* સોલમી સદીના મધ્ય સમયમાં ગંડમંડલ રાજ્યનો ઘેરાવો ત્રણસો માઇલ અને વિસ્તાર એક સો માઇલ હતો.

હતી. તેથી આ શેહેરને શત્રુઓ સેહેલાઇથી લઇ શકે તેવું ન હતું. અસલના વખતમાં યવન રાજાઓએ જ્યારે દિલ્લીનું તખ્ત હાથ કરીને ચોતરફ પોતાની આણ વર્તાવી ત્યારે ગંડમંડળના રાજ્યે પોતાની પ્રતિષ્ઠા અને રાજ્યની સ્વાધીનતા સારી રીતે જાળવી રાખી હતી. મુસલમાન રાજાઓ આ રાજ્યને કશી રીતે નડતર કરી દબાવી શકતા નહતા; પણ સોળમી સદીના મધ્યસમયમાં જ્યારે દિલ્લીના તખ્ત ઉપર મુગલ બાદશાહ અકબર આવ્યો ત્યારે હિંદુસ્તાનના ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમના પ્રદેશો ઉપર પોતાની સાર્વભોમ સત્તા સ્થાપવાની ઈચ્છાથી લશ્કર મોકલી નાનાં નાનાં સંસ્થાનો તાબે કરવા માંડયાં હતાં, ને થોડે થોડે ઘણાંને તાબે લેઈને સત્તા વધારી હતી. પરંતુ આ તેના દિગ્વિજયની વખતે માત્ર મેવાડનો જગપ્રસિદ્ધ પ્રતાપસિંહ રાજા અને દુર્ગાવતી એ બંને તાબે થયાં નહતાં. દુર્ગાવતી ચંદન નામના મહારાજાની કન્યા હતી. તે આ વખતે વિધવાપણામાં હતી અને ગંડરાજ્યની સ્વાધીનતા તેના હાથમાં હતી. કહેછે કે એના રૂપ લાવણ્યતાની સમાન એ વખતે કોઇ કવચિતજ સ્ત્રી હશે એવી તે કાંતિ-

માન હતી. એનું જેવું અસાધારણ સૌન્દર્ય હતું તેવીજ તે બુદ્ધિમાન અને અસાધારણ હિંમતવાન હતી. તે રાજ્યનીતિમાં કુશળ હતી. તેથી પોતાનું રાજ્ય સારી રીતે ચલાવીને સઘળી પ્રજાને રાજી રાખતી હતી. માટે તેની પ્રજા તેને આરાધના કરવા યોગ્ય માનતી અને રક્ષણ કરવાવાળી દેવીના પ્રમાણે ધારી શ્રદ્ધા અને ભક્તિવડે તેને ચાહતી હતી. અકબરશાહ ખંડીઆ રાજાઓ પોતાના તાબામાં આવે એટલા સારૂ, તેમને શાસન કરવાને વાસ્તે ઘણીક જગ્યાપર લશ્કર લેઇને પોતાના સેનાપતિઓને મોકલતો હતો. આ પ્રસંગે તેણે આસફખાં નામે એક તુંડમિજાજના સેનાપતિને નર્મદા નદીના કિનારા ઉપરના પ્રદેશના શાસનને વાસ્તે મોકલ્યો. તે આસફખાં ગંડમંડળની સમૃદ્ધિ વિષે જાણતો હતો, તેથી હાથ કરી લેવાને તજવીજ કરવા લાગ્યો. પછી બાદશાહના હુકમથી તે ઉત્સાહમાં હિમ્મતવાન થઇને ૧૫૬૪ ની સાલમાં ૬૦૦૦ ઘોડેસ્વાર અને ૧૨૦૦૦ પેદલ લશ્કર લેઇને ગંડમંડલને આક્રમણ કરવાને નીકળ્યો. આ ખબર ગંડરાજ્યમાં ઝાહેર થઇ. રાજ્યમાં નિવાસ કરી રહેલા બાળ, જુવાન, વૃદ્ધ સ્ત્રી

પુરૂષો સર્વે આ ખબરથી ભય પામવા લાગ્યા અને આખું શેહેર ખળભળી રહ્યું, પરંતુ વીર તેજવાળી રાજ્યની માલીક બહાદૂર દુર્ગાવતીના હૃદયમાં આથી કાંઇ પણ ભયનો આવિર્ભાવ થયો નહિ. એ ભય વગર હિંમતથી લડાઇની તૈયારી કરવા લાગી. અને પોતાનું લશ્કર થોડા વખતમાં એકઠું કરી લઢાઇના મેદાનમાં શત્રુઓના આગળ ખડી થઇ. આ સમયે દુર્ગાવતીનો વીરવલ્લભ નામનો અઢાર વર્ષની વયનો એક કુંવર હતો તે પણ હિંમત અને મર્દામીથી આવી યુદ્ધમાં જનારાઓના દલમાં મલ્યો. આ મામલાની વખતે દુર્ગાવતી સૈન્યોને એકઠાં કરીનેજ માત્ર બેશી રહી નહોતી. પણ તે પોતે યુદ્ધના વેશમાં સજ્જિત થઇ માથા ઉપર રાજમુગુટ મેલી બખતર ધારણ કરી એક હાથમાં તરવાર અને બીજા હાથમાં ધનુષબાણ લઇને હાથી ઉપર બેઠી. કામિનીનું કોમળ હૃદય હમણાં સ્વદેશની સ્વાધિનતા રાખવા અને રક્ષણ કરવાનેજ અચલ થઈ રહ્યું હતું. પછી દુર્ગાવતી હસ્તિપર સ્વારી કરીને શત્રુઓના કટક સામી પોતાના અમીર ઉમરાવો અને ફોજ સાથે જવા લાગી તથા ગંભીર સ્વરથી સૈન્યોને ઉત્સાહ અને હિં-

હિમ્મત આપવા લાગી. વીરજાયાનાં વચન સાંભળી સર્વ સૈન્ય ઉત્સાહિત થયું અને તેઓએ મોટા ભયંકર શબ્દોથી ધરતી ચોતરફ ગજાવી મૂકી. બહાદુર દુર્ગાવતી, ચઢી આવેલા વિધર્મી શત્રુઓને દેશમાંથી દૂર કરવાને વાસ્તે પોતાના ઉત્સાહિત સૈન્યદલના આગળ આગળ ધસમસી જવા લાગી. તે જ્યારે ૮૦૦૦ ઘોડેસ્વાર, દોઢ હજાર હાથી અને ઘણા પેદલની સાથે શત્રુની સામે આવી, ત્યારે તેની ભયંકર મૂર્તિ જોઇને યવન સૈન્ય વિસ્મિત થયું. અને તેઓના હૃદયમાં એક જાતનો ડર સંચારિત થયો. જેથી તેમને પોતાનું કામ બજાવવામાં ચઢેલું વીરત્વનું પાણી નરમ પડવા લાગ્યું. દુર્ગાવતીએ બે વાર મોટા પરાક્રમની સાથે આસફખાનના લશ્કરને ઘેર્યું. બંને વખત તેનો જય થયો. આ વખતે શત્રુ પક્ષના ૬૦૦ ઘોડેસ્વાર લઢાઈમાં માર્યા ગયા. છેલ્લે રહેલું લશ્કર લઢાઇના મેદાનમાંથી ભાગી ગયું. દુર્ગાવતી પાછી બીજીવાર શત્રુના લશ્કર પછાડી દોડી, તે સમયે પણ આસફખાનનું લશ્કર ત્રાસ પામી નાઠું. આથી દિલ્લીના બાદશાહના આ સેનાપતિનું અપમાન થયું. જે વીર પુરૂષોએ એક વખતે હિંદુસ્થાનના નાના સંસ્થાનોમાં

જયનો વાવટો ઉડાડયો હતો, તેઓ આજ વીર્યવન્ત દુર્ગાવતીના બળથી હારીને ભાગવા લાગ્યા. દુર્ગાવતી અચ્યલિત હિંમતની સાથે પ્રતિપક્ષિની પછવાડે પછવાડે જવા લાગી, અને વિરામ અથવા વિશ્રામ ન લેતાં મર્દાનીથી શત્રુસૈન્યને ભગાડવા લાગી. મુગલ સેનાપતિ આ અદ્ભુત પરાક્રમ જોઇને અજાયબ થયો. આ ભયંકર મહા શક્તિના અપૂર્વ પ્રભાવથી તેનું શરીર કંપવા લાગ્યું, હિંમત દૂર થઇ ગઇ અને તેજ આંખું પડી ગયું તેથી આસફખાં ચોગમ અંધકાર જેવું દેખવા લાગ્યો. દુર્ગાવતી શત્રુના પછવાડે પછવાડે જતી ગઇ. એમ કરતાં કરતાં દિવસ અસ્ત પામવા લાગ્યો. છેલ્લે તે આથમી ગયો તે જોઇને દુર્ગાવતીએ પોતાના લશ્કરને થોડી આસાએસ લેવાને કહ્યું; આ વિશ્રામ સુખ લેવામાં દુર્ગાવતીના લશ્કરે આખી રાત આરામ લેવાની ઇચ્છા દેખાડી અને સઘળાઓએ તેને વિનય સહિત કહ્યું કે રાતે યવનલશ્કર ઉપર હુમલો કરવો નહિ. આ તેમની વિનતી તેને કબુલ રાખવી પડી તેથી લગાર તેને ચિંતા ઉપજી કેમકે થોડીએક આસાએશ લીધા પછી તે રાત્રે શત્રુના ઉપર હુમલો કરવા તેની મરજી હતી, પણ તે ન બન્યું. જો

તેની ધારણા પ્રમાણે થયું હોતતો આસફખાનનું લશ્કર ઘણું ખરૂં માર્યું જાત. પરંતુ તેની આ ઇચ્છા ફલવતી થઇ નહિ. એક તરફ આસફખાં મેહેનત કરતો હતો પણ તેનું કશું વળતું નહોતું. લઢાઇમાં બે વાર પરાજિત થયાથી તે ઘણો નાહિંમત થયો હતો. હમણા ગંડમંડલનું લશ્કર આરામ લે છે એ ખબર સાંભળીને તે હર્ષની સાથે બંદુક લઇને તેઓના ઉપર હુમલો કરવા નીકળ્યો. અને પ્રભાત થયું નહતું તેટલામાં તો તે મુકરર કરેલી જગ્યાપર આવ્યો. ગંડમંડલવાસી લશ્કર શાંતિથી ઘોર નિદ્રામાં પડેલું હતું. આસફખાં તે સુયોગનો લાભ લેઇને તેઓના ઉપર તુટી પડયો. દુર્ગાવતી આવા એકાએક નહિ જાણેલા હુમલાથી કંઇપણ ભયભિત બની નહિ, પણ પોતાનું લશ્કર લઇને એક સાંકડી પાહાડની તલેટીનો આશ્રય લેઇને ઉભી રહી. ત્યાં તેના ઉપર ઉપરાઉપરી ગોળાઓનો વરસાદ વરસવા લાગ્યો અને ભારે સંગ્રામ મચ્યો. તેથી તે જગાએ ઝાઝીવાર તેનાથી ટકી શકાયું નહિ એટલે તે પાહાડની સાંકડી જગ્યા છોડીને એક પ્રકાશિત યુદ્ધક્ષેત્રમાં આવી, અને પ્રતિસ્પર્ધિઓના હુમ-

લાને દૂર કરવા લાગી. આ વખતે તેનો અઢાર વર્ષનો કુંવર જે વીરવલ્લભ હતો તે અતુલ બળ દેખાડવા લાગ્યો. અને યવનોની સાથે મોટા આવેશથી લડયો. શત્રુઓ તેનું પરાક્રમ જોઇને અજબ થવા લાગ્યા. તથાપિ છેલ્લે શત્રુના અત્યંત હુમલાથી તે જખમી થયો અને ઘોડા ઉપરથી પડી ગયો. દુર્ગાવતી પોતાના પ્યારા પુત્રને આવી સ્થિતિમાં જોઇને પણ લઢાઇથી વિરક્ત થઇ નહિ; પરંતુ તેને રણભૂમિમાંથી સારી જગાએ લઇ જઇ આસના કરવાને સારૂ પોતાના માણસોને હુકમ કર્યો. અને પોતે પેહેલાના કરતાં વધારે પરાક્રમથી રણકૌશલ્યતા દેખાડવા લાગી. પ્રતિસ્પર્ધિઓએ પ્રપંચ ભાવથી આ હુમલ્લો તેના ઉપર કર્યો હતો પણ તેથી તે ગભરાતી નહોતી તેમ પોતાના વાહાલા પુત્રના જખમથી તે અધિરી થઈ નહિ, પણ અડગ થઇને તેણે લઢવાજ કર્યું. તેનું ઘણુંખરૂં સૈન્ય કપાઇ ગયું અને રણભૂમિ ભયાનક જેવી થઇ ગઈ. યવનોનું લશ્કર મોટી ગર્જનાઓ કરતું અને તેના ઉપર ભારે મારો ચલાવતું ચલાવતું ધીરે ધીરે તેની સન્મુખ આવ્યું તે વખતે દુર્ગાવતી માત્ર ત્રણસો પેંદલ લશ્કર સહા-

યમાં રાખી લઢાઇ કરતી હતી. આ પ્રસંગે શત્રુની તરફથી ફેંકેલું એક તીક્ષ્ણ બાણ આવીને તુરત તેની એક આંખમાં લાગ્યું. દુર્ગાવતીએ બાણને બળની સાથે ખેંચી લેવાની મેહેનત કરી, પણ તેની મેહેનત ફળદાયક નિવડી નહિ. તે બાણ ન નીકળતાં આંખમાં ભરાઇ રહ્યું. ત્યાર પછી બીજું એક તીર મોટા વેગથી શત્રુઓએ નાંખેલું આવી તેની છાતીમાં ઘોંચાયું. દુર્ગાવતી આ રીતે ફરીને તીરના જખમથી વિંધાઇ ગઇ ને અત્યંત દુખી થવા લાગી. આંખે અંધારાં આવવા લાગ્યાં અને આસપાસ બધે અંધારૂં દેખવા લાગી, ત્યારે તેણે જયની આશા છોડી. જે વિચારથી તે યુદ્ધક્ષેત્રમાં આવી હતી, જે વિચારથી તેણે માહાશૌર્ય દર્શાવીને યવનોના ઉપર હુમલો કર્યો હતો, જે વિચારથી તેણે રણાંગણ વિશે પોતાના પ્રિય પુત્રને જખમી થયલો જાણી શોક કરીને પાછું વાળી જોયું નહોતું તેમ ગભરાઈ ન હોતી, તે બધા વિચારો પૂર્ણ થવાની કંઇ પણ સંભાવના રહી નહિ. તથાપિ તે ધૈર્યવાન એ અવસ્થામાં પણ બિરૂના પ્રમાણે લઢાઈનું મેદાન છોડીને ભાગી નહિ અને વીરધર્મ તજીને અથવા બૂદ્ધિને શત્રુઓને તાબે થઇ નહિ.

વીરધર્મની રક્ષાને વાસ્તે તેણે પોતાનો દેહ છોડવાનો નિશ્ચય કર્યો. જ્યારે જખમી થયેલા ભાગ ઉપરથી લોહીની ધારા વેહેવા લાગી અને તેથી શરીર લોહીથી તર થઇ સ્તંભિત થવા માંડયું તથા તેજ ક્ષીણ થવા લાગ્યું, ત્યારે તે ધીરજથી અને ઠાઉકે મોહેથી, પાસે એક કર્મચારી ઉભો હતો તેના હાથમાંથી બળથી એક તીક્ષ્ણ તરવાર લેઈને ધીર ભાવથી અને અમ્લાન વદનથી તે તરવાર પોતાના શરીરમાં પ્રવેશિત કરીને મરણ પામી. તેની અનોપમ મૂર્ત્તિ, બાહાદુરી અને હિંમત એ સર્વનો અંત આવી રહ્યો. સૈનિક પુરૂષો દુર્ગાવતીની સામે ઉભા હતાં. તેઓએ આ અજબ હિંમતનું કામ જોયાથી જીવવાની આશા છોડીને શત્રુમાં પ્રવેશ કર્યો, અને ઘણીવાર લ્હાઈ કરીને અંતે તેઓ પણ સ્વદેશની સ્વાધીનતાને વાસ્તે અનંત નિદ્રામાં ઉંઘ્યા.

જે જગ્યા ઉપર દુર્ગાવતીએ પ્રાણ ત્યાગ કર્યો છે તે એક સાંકડી પહાડની તલેટી છે. એની પાસે બે ઘણા મોટા ગોળ અને ઊંચા પત્થર છે, તે સાધારણ લોકો કહે છે કે દુર્ગાવતીના રણડંકાના બનેલા છે. જો કે ચાહે તેમ હો, તો પણ આ પાહાડની તલાટીની સાથે

એક ઐતિહાસિક બનાવનો સંબંધ હોવાથી એ એક જોવા લાયક જગ્યા છે. આ ગંભીરસ્થાનનો ગંભીર દેખાવ જોયાથી મનમાં એક તરેહના ભાવનો સંચાર થઇ રહે છે, દુર્ગાવતી મરણ પામી તે પછી મુગલ સૈન્યે ગંડનગરમાં લુટ કરીને ઘણુંક દ્રવ્ય મેળવ્યું હતું અને તેમાંથી આસફખાં વિશ્વાસઘાતક થઇને ઘણું ધન પોતે હજમ કરી ગયો હતો. કહે છે કે તેને દુર્ગાવતીના ધનભંડરમાંથી સોનાની મોહોરોથી ભરેલા એક સો ચરૂ મલ્યા હતા. દુર્ગાવતીના કીર્તિગીતો વિણુસંયોગથી આજે પણ કેટલાક ગાય છે. જો કે કાળના કઠણ અને કઠોર આક્રમણથી ગંડ રાજ્યનું પેહેલાંનું ગૌરવ હાલ ભ્રષ્ટ થયું છે, તો પણ તેજસ્વિની દુર્ગાવતીનું ગૌરવ કદિ પણ આ દુનિયામાંથી વિલુપ્ત થશે નહિ. જેનામ દેહાભિમાન છે, તેજ પોતાના અસાધારણ વીરત્વને જાળવી રાખે છે અને વીરેન્દ્ર સમાજમાં પોતાનું નામ અમર કરે છે. જ્યાં સુધી **"जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी"** આ મધુર વાક્ય સ્વદેશવત્સલ માણસોના કોમળ હૃદયમાં અમૃત પ્રવાહનો સંચાર કરશે, અને જ્યાં સુધી આ પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, અને

વિદ્વાનોના પુસ્તકોમાં પડેલા લેખો ચિરકાળ રહેશે, ત્યાં સુધી દેહાભિમાની દુર્ગાવતીનું પવિત્ર નામ રહેશે.

દેવગઢનું યુદ્ધ.

મેવાડનો અદ્વિતીયવીર—સ્વાધીનતાનો અદ્વિતીય ઉપાસક પ્રતાપસિંહ આ લોકમાંથી ચાલ્યો ગયો છે. તેની અનંત-કીર્તિની વાર્ત્તા રાજસ્થાનના નાના સ્થાનમાં ઘોષિત થાય છે..રજપુતો તેને દેવ સમજીને પવિત્ર ભક્તિ અને પ્રીતિમયી શ્રદ્ધાની પુષ્પાંજલિ આપે છે, તેનો જ્યેષ્ઠ કુંવર અમરસિંહ પિતૃસિંહાસનપર બેઠો છે, પ્રતાપસિંહ સ્વાધીનતાની રક્ષાને માટે પર્વતે પર્વતે, જંગલે જંગલે ફર્યો હતો. તેણે બહુ કષ્ટ સહન કરીને પોતાની મહાપ્રાણતાની ઓળખાણ આપી હતી; અમરસિંહે બાલ્યકાળથીજ પિતાની સાથે રહીને એ સઘળાં કષ્ટ સહન કર્યાં હતાં. તેની વય આઠ વરસની હતી ત્યારથી તે દુઃખમાં, વિપદમાં, પરિશ્રમમાં પિતાનો સાથી થયો હતો. પિતાના મરણ સુધી અમરસિંહે બહુ કષ્ટ ભોગવ્યાં હતાં. ઘણી વિપદમાં પડીને તે અનલસ, ઉદ્યોગી અને અધ્યવસાયવાળો થયો હતો

પિતૃદેવનું અસિમ સાહસ અને સ્વાધીનતાને માટે સર્વ પ્રકારનો સ્વાર્થત્યાગ જોઇને તેના સાહસની વૃદ્ધિ થઇ હતી, સ્વાધીનતાની સ્પૃહા બળવતી થઇ હતી, અને રજપુતના કઠોર ધર્મના પાલનમાં પ્રવૃત્તિ જન્મી હતી. પ્રતાપસિંહે વિચાર કર્યો હતો કે, અમરસિંહ સોખીન જુવાન છે, તેથી તે રાજ્યરક્ષાનો ક્લેશ સહન કરશે નહિ. એ માટે તે મરતી વખતે પોતાની રહેવાની ઝુંપડીને લક્ષ્ય કરીને બોલ્યો હતો, "કદાચિત આ ઝુંપડીને બદલે ઘણા મૂલ્યવાન મહેલ બનશે; અને મેવાડની સ્વતંત્રતા રક્ષણનેમાટે મેં કેટલું બધું કષ્ટ સહન કર્યું છે, તે આ ઝુંપડીની સાથે જતું રહેશે." આસન્ન મૃત્યુ પિતાના આ શબ્દો અમરસિંહના હૃદયમાં દ્રઢરૂપથી અંકિત થયા હતા. તેથી મેવાડનું સિંહાસન લઈને ખરો રાજધર્મ પાળવાને તે તૈયાર થયો હતો.

મેવાડનો સર્વથી મોટો વેરી અકબર હતો, તે પ્રતાપસિંહના મૃત્યુ પછી આઠ વરસ જીવતો રહ્યો હતો. એ વખતમાં તે પાછો મેવાડને આક્રમણ કરવાને આવ્યો નહોતો, કારણકે તેનું ધ્યાન બીજી તરફ ગયું હતું. તે આઠ વરસ સુધી પોતાના વિશાલ

રાજ્યના નિયમ બાંધવાનો યત્ન કરતો હતો.તેથી અ-મરસિંહને પિતૃવેરીની સામે યુદ્ધ કરવાની જરૂર પડી નહિ. તે વેળાએ મેવાડમાં શાંતિ બિરાજતી હતી. અમરસિંહ શાંતિમય રાજ્યમાં શાંતભાવથી રાજ્ય-ધર્મ પ્રતિપાલન કરતો. તેણે પોતાના તાબાના ગામો-માં શાસન પ્રણાલી સારી રીતે ચલાવવાને અને જમી-નના કર મુકરર કરવાને સારી રીતિ કાઢી, અને પેશ-લા સરોવરના કિનારાની જમીનપર એક સુદશ્ય પ-થરનો સુશોભિત મહેલ બનાવ્યો. એ મહેલનું નામ ,"અમરમહેલ" પાડ્યું કુદરતના આ રમણીય રાજ્ય-માં આજસુધી અમરમહેલ રાજસ્થાનનો અનંત ગૌરવ વિસ્તાર કરે છે.

પરંતુ અમરસિંહ ઘણો વખત સુધી શાંતિ-સુખ ભોગવી શક્યો નહિ. મેવાડમાં જય મેળવવાની મોગલની વૃત્તિ પાછી ઉત્તેજિત થઈ પડી. અકબર-ના મૃત્યુ પછી તેનો પુત્ર જહાંગીર દિલ્લીની ગાદી ઉ-પર બેઠો. તેણે ચાર વરસ સુધી રાજ્યની અંદરની ગડબડ બંધ કરવાની કોશેશ કરી હતી. ત્યારપછી તેણે પર રાજ્યો મેળવવાને મન લગાડ્યું આર્યાવર્તના સર્વે રાજાઓએ તેની આધીનતા માની હતી. સર્વ રા-

જાઓએ તેને સમગ્ર ભારતનો અદ્વિતીય બાદશાહ સમજીને અભિવાદન કર્યાં હતા. પરંતુ મેવાડે તેની વશ્યતા માની નહિ. મેવાડના પ્રાતઃસ્મરણીય પ્રતાપસિંહના પુત્ર અમરસિંહે તેની આધીનતા માનીને પવિત્ર વીરધર્મને તિલાંજલિ આપી નહિ. તેથી જહાંગીર પહેલાં મેવાડ અધિકાર કરવાને તૈયાર થયો. તેના પિતાએ લઢાઈના પછી લઢાઈમાં જે વિશાળ શેહેરોને વિધ્વંસ્ત કર્યાં હતાં, તરવારના આઘાતથી જે શેહેરોના વીરપુરૂષોને અનંત નિદ્રામાં સુવાડયા હતા અને દરમહીને અજસ્ત્ર અર્થ ખર્ચ કરીને તથા ઘણું લશ્કર મોકલીને જેનું અમૂલ્ય સ્વાધીનતા-રત્ન ચોરવાનો યત્ન કર્યો હતો, તે શેહેરોમાં હાલ જહાંગીરે પોતાની વિજય-પતાકા શોભિત કરવાનો નિશ્ચય કર્યો હતો. તેણે લશ્કરને દિલ્હીમાં એકઠું કરીને મેવાડની તરફ કુચ કરવા હુકમ કર્યો.

એવી રીતે મોગલ લશ્કર પાછું મેવાડનાદ્વારદેશમાં આવ્યું. પવિત્રાત્મા પ્રતાપસિંહ અમરલોકમાં ગયો છે. આજે તેની આવાસભૂમિ અંધકારમાં છો પરંતુ એ અંધારા પ્રદેશની એક બે જગાપર એક બે ઉજ્જવલ પ્રકાશ પોતાની પ્રભાવિકાશ કરતા હતા. પ્રતાપસિંહ-

ના મૃત્યુ પછી સ્વતંત્રતાના ભક્ત વીર્યવન્ત રજપૂતો પોતાના વીરત્વ-મહિમાની જે ઓળખાણુ આપતા હતા, એઓએ પોતાની સ્વતંત્રતાની અવમાનતા કરી નહિ. પોતાનો ગૌરવ ખર્વ કરવાને તેઓ તૈયાર થયા નહિ. તેમણે આત્મસન્માનમાં જલાંજલિ આપીને આત્માવમાનના પરિતર્પણમાં યત્ન કર્યો નહિ. એઓનાં સાહસ અને પરાક્રમ અટલ ભાવથી રહ્યાં. એઓ પ્રતાપસિંહના મહામંત્રથી ઉત્તેજિત થઇને સ્વદેશની સ્વતંત્રતાના રક્ષણને માટે, ચઢાઇ કરનાર મોગલની સામે અટલ ગિરિવરની પેઠે ઉભા રહ્યા.

મેવાડના ઇતિહાસમાં ઇસવી સન ૧૬૦૮ નું એક ચિરસ્મરણીય પવિત્ર વરસ છે. એ વરસમાં મેવાડના રજપૂતોએ પોતાની પવિત્ર સ્વાધીનતાના ઉદ્દેશ્યથી આત્મપ્રાણ અર્પણ કર્યાં હતાં. અમરસિંહે મુગલ બાદશાહના હુકમના અનુવર્ત્તી થવાની ઈચ્છા કરી હતી, પરંતુ મેવાડના વીરપુરૂષોએ એ પવિત્ર દિવસે તેને તે વિષયમાં નિરસ્ત કરીને પોતાની ચિરન્ત મહાપ્રાણુતાની ઓળખાણુ આપી હતી. સાહસી ચંદાવત-કુલતિલકે આ પવિત્ર વરસમાં આસન્નમૃત્યુ પ્રતાપસિંહના મહત્ ઉપદેશના અનુસરણુમાં સર્વને ઉત્તેજિત કર્યા તેથી અમરસિંહ

એ પવિત્ર વરસમાં મેવાડના તેજસ્વી યુદ્ધવીરોની અપૂર્વ તેજસ્વિતા જોઇને પોતાના પ્રથમના સંકલ્પને માટે વૈરાગ અને અનુતાપની સાથે મહિમામય વંશના ગૌરવની રક્ષાને માટે આગળ ધસ્યો. ઇસવી સન ૧૬૦૮માં પ્રસિદ્ધ દેવગઢમાં મુગલોની સાથે રજપૂતનું યુદ્ધ થયું. મુગલ સૈન્યે એ ગિરિસંકટમાં પ્રવેશ કર્યો તેથી સાહસી રજપૂતોએ તેઓને ઘેર્યા. ઘણીવાર સુધી લડાઇ થઇ. ઘણીવાર સુધી રજપૂતોએ એ ગિરિસંકટમાં ગિરિશ્રેષ્ટની પેઠે અટલ ભાવથી ઉભા રહીને પોતાના અલોક સાધારણ વીરત્વની ઓળખાણ આપી. છેલ્લીવારે મુગલનો પરાજય થયો, અને દેવગઢના યુદ્ધસ્થળમાં રજપૂતોની વિજય-પતાકા એ અનંત ગગનમાં ઉડીને રાજસ્થાનનો અનન્ત મહિમા વિકાશ કર્યો.

રાણા અમરસિંહના કાકા સાહસી કણ્વના પરાક્રમથી આ લઢાઇમાં રજપૂતોએ જય મેળવ્યો. એ વીરપુરૂષના છોકરા હાલ કણ્વાવત નામથી પ્રસિધ્ધ છે. સાહસી કણ્વના વીરત્વથી વીરભૂમિ એક સમયે એવી રીતે ઉદ્ભાસિત થઈ પડી હતી. બાહુબળાંધ મુગલોએ એક સમયે એ વીરપુરૂષના વીરત્વ ગરિમાથી પરાજિત થઇને રજપૂતની સાથે કોલકરાર કર્યા હતા.

વીરબાળા કર્મદેવી.

ચૌદમી સદી ગઇ છે. પંદરમી સદીએ અનંત અસીમકાલનો ફેરફાર દેખાડતા વિશ્વસંસારમાં પગ મૂકયો છે. પરાધીન પરપીડિત ભારતવર્ષ જુલમી તૈમુરલંગના જુલમથી મહાસ્મશાન જેવું થઇ ગયું છે. દિલ્લીનો પાદશાહ મહમદ તગલક એ મહાસ્મશાનની એક બાજુએ પડી રહ્યો છે. તેની શક્તિ, તેનો પ્રભાવ સઘળો જતો રહ્યો છે. તેની રાજધાની મહાનગરી દિલ્હી એ દુઃખદાયક સ્વારીના જુલમથી શ્રીભ્રષ્ટ થઇને શોકનો, દુઃખનો અને દારિદ્રનો હૃદયભેદક દેખાવ પ્રકાશ કરેછે. ભરતખંડની આવી દૂર્દશાની વેળાએ વીરભૂમિ રજપૂતાના પોતાના હંમેશાંના વીરત્વ ભરેલા ગૌરવથી કાયમ રહેલી હતી. રજપૂતાનાની વીરબાળાએ પોતાના અસાધારણ ચરિત્રના ગુણથી અને અસાધારણ તેજસ્વિતા દેખાડીને પતિના ઉદ્દેશથી પ્રાણાર્પણ કર્યું હતું. વીરભૂમિની તે તેજસ્વિની વીરબાળાનું નામ કર્મદેવી હતું.

રજપૂતાનામાં પશલમીર નામનું એક નગર છે. એ નગર અફળદ્રુપ ભૂમિના મધ્યભાગમાં આવેલું છે. એની ચોતરફ મોટા મોટા રેતીના ડુંગર હંમેશાં

તેના ભવ્ય દેખાવથી મુસાફરના હૃદયમાં ભય પેદા કરેછે. કુદરતના આવા ભયાનક રાજ્યમાં કેવળ યશલમીર લીલા તરૂલતાથી શોભિત થઈને વાસંતી લક્ષ્મીનો મહિમા વધારી મુકે છે. પંદરમા સેંકડાના પ્રારંભમાં યશલમીરના અન્તર્ગત પૂગલ નામના પ્રાંતમાં રણુંગદેવ આધિપત્ય કરતો હતો. તેના પુત્રનું નામ સાધુ હતું. ભટિપતિમાં સાધુ સર્વથી શ્રેષ્ઠ વીર પુરૂષ હતો. તેની હિંમત, તેની શક્તિ અને તેના વીરત્વની આગળ સઘળાઓ મસ્તક નમાવતા. તેણે મરૂભૂમિથી લઈને સિંધુનદીના કિનારા સુધી પોતાનો પ્રતાપ ફેલાવ્યો હતો. તેના ભયથી પાસેના ભૂખંડમાંથી કોઇ પણ રાજા પોતાનું માથું ઉચું કરી શકતો નહિ. પૂગલ—કુમારે એવી રીતે ભીષણ મરૂ પ્રાંતમાં અસીમ પ્રતાપ અને અવિચલિત શૌર્યની સાથે પોતાનું આધિપત્ય કાયમ રાખ્યું હતું.

એક વેળાએ તે એક નગરને જીતીને યુદ્ધસ્થળથી પાછો વળતો હતો, તે વેળા સાંઝે ઘણા ઘોડા, ઉંટ અને સૈન્યની સાથે અરિન્ત નગરમાં આવી પોહોંચ્યો. અરિન્ત નગર મહિલવંશના માણિકરાવની રાજધાનીનું શેહેર હતું. માણિકરાવ ૧૪૪૦ ગામનો રાજા

હતો. તેણે માનપૂર્વક પુગલ-કુમારને નિમંત્રણ કર્યું. સાધુ ખુશીની સાથે મહિલ રાજ્યનો પરોણો થયો. તે વખતે સાધુના શૂરપણાનો મહિમા બધે ફેલાએલો હતો. સૌંદર્ય-લીલામયી ઉદ્યાનલતાએ સુદૃઢ આરણ્ય તરૂવરનો આશ્રય લેવાની ઈચ્છા કરી. તેથી મહિલ-રાજ માણિકરાવની કુંવરી કર્મદેવી સાધુના વખાણ સાંભળીને મોહિત થઇ પડી.

રાઠોડ વંશના મંડોર રાજકુમાર અરણ્યકમલની સાથે મહિલરાજકુમારી કર્મદેવીનો વિવાહસંબંધ થયો હતો. પરંતુ એ સંબંધમાં બંધાવાની કર્મદેવીની ઇચ્છા થઇ નહિ. પુગલ-રાજકુમારના અતુલ વીરત્વ અને હિંમતની વાતો તેણે સાંભળી હતી ને હમણાં તેને તે વીરવરના શૂરાપણાની અનિર્વચનીય દૃઢતાની ઓળખાણ મળી તેથા તે વીરબાળાએ પવિત્ર વીરકીર્ત્તિની અવગણના કરી નહિ. તે અરણ્યકમલને છોડીને મરૂભૂમિવિહારી પુરૂષસિંહની સાથે વિવાહ સૂત્રમાં બંધાવાને ઉત્સુક થઈ.

સાધુએ પણ એમાં પોતાની સંમતિ પ્રકાશ કરી. અરણ્યકમલના ભયથી તેના નિર્ભીક હૃદયમાં કંઇપણ ભયનો આવિર્ભાવ થયો નહિ. તેણે પોતાના સાહસ

અને બાહુબલના ઉપર ભરોસો રાખીને તે કામિની-રત્નને ગ્રહણ કરવાની ઇચ્છા કરી. યથાસમયે વિવાહનો દિવસ મુકરર થયો. યથાસમયે માણિકરાવે પોતાની રાજધાની અજિન્ત નગરમાં કન્યારત્નને સાધુના હાથમાં સોંપી. ઉદ્યાનશોભિની એ નવીન લતા એ આરણ્યતરૂવરનો આશ્રય કરીને તેનો ગૌરવ વધાર્યો.

એ વિવાહથી અરણ્યમકલના હૃદયમાં જખમ લાગ્યો. તેના નિરાશ હૃદયમાંથી આશાનો સુશોભિત દેખાવ જતો રહ્યો. જે કલ્પના તેની સામે ધીરે ધીરે સુખનું, શાંતિનું અને પ્રીતિનું રાજ્ય વિસ્તારતી હતી તે અતર્કિત ભાવથી ક્યાંને ક્યાં જતી રહી! અરણ્યકમલ વૈરના કઠોર દુઃખથી અધીરો થયો. આશાના સુશોભિત દેખાવની જગામાં—મોહિની કલ્પનાના અનન્ત ઉત્સવમય રાજ્યને બદલે અરણ્યકમલ હિંસાથી તીવ્ર વિષપૂર્ણ ભયંકર મૂર્તિ જોવા લાગ્યો. તેણે વેર લેવાનો સંકલ્પ કર્યો; અને પ્રતિજ્ઞા કરી કે કોઈપણ રીતે એ સાધનાથી ડગીશ નહિ. જ્યાં સુધી ક્ષત્રિયના લોહીનું છેલ્લું ટીપું છાતીમાં રહેશે, ત્યાં સુધી પ્રતિસ્પર્ધી સાધુને મારવામાં વિમુખ થઇશ

નહિ. વિધાતાની અપૂર્વ સૃષ્ટિ—અપૂર્ણ વિકશિત કામિનીકુસુમલાભમાં વંચિત થયાથી અરણ્યકમલનું નિરાશ હૃદય એ પ્રમાણે કાળું થયું.—દૃઢ સંકલ્પે તેને એ પ્રમાણે ભયંકર વ્રત સાધનમાં ઉત્તેજિત કર્યો. સાધુના ભવિષ્યના સુખના માર્ગમાં એવી રીતે કાંટો ઉગ્યો.

અરિન્ત રાજાએ પોતાના જમાઇને ભેટ સ્વરૂપ બહુમૂલ્ય મણિમુક્તા, સુવર્ણ અને રૂપાના વાસણો તથા તેર કુમારી દાસીઓ આપીને સ્નેહની સાથે વિદાય કર્યો. વળી તેણે તે સાથે ચાર હજાર મહિલા સૈન્ય આપવાને ચાહ્યું પરંતુ સાધુએ તે લેવાને ના પાડી. તે પોતાની સાતસો ભટ્ટિ સેના, અને પોતાની અસાધારણ હિંમત ઉપર ભરોસો રાખીને નવી પરણેલી સ્ત્રીને પોતાના રાજ્યમાં લઇ જવાને તૈયાર થયો. છેલ્લે અરિન્ત રાજાના વિશેષ આગ્રહથી તેણે મહિલ સેનાના પચાસ સિપાઇઓ સાથે લીધા. કર્મદેવીનો ભાઈ મેઘરાજ આ સૈન્યનો અધિનેતા થઇને આવ્યો હતો.

સઘળાઓ અરિન્ત નગરથી ચાલ્યા. સર્વે એકજ ઉત્સવ અને એકજ ખુશીના પ્રવાહમાં તરતા પૂગલ-

નગરની તરફ જવાં લગ્યા. માર્ગમાં ચંદન નામની જગામાં સાધુ જ્યારે વિશ્રામ કરતો હતો, ત્યારે દૂરથી મરૂભૂમિની ધુળ ઉડાડતી એક સૈન્યની ટુકડી પ્રબળ વેગથી તેની તરફ આવતી દેખાઇ. એ સૈન્યદળ જોતાજોતામાં ભયાનક મરૂપ્રાંતને છોડીને મોટા ગર્વની સાથે તેના વિશ્રામની જગાની સામે આવી પોંહોચ્યું આથી સાહસી સાધુએ પણ જોયું કે બહુ રાઠોડસૈન્ય તેના પાસે આવતું જાય છે. અરણ્યકમળ મહાવેગથી તરવાર ચલાવતો ચલાવતો સૈન્યદળને પરિચાલન કરતો આવે છે. એ જોતાંજ સાધુ ધીર ભાવે યુદ્ધને માટે તૈયાર થયો. ધીરભાવે તેણે પોતાના સૈન્યને આત્મવિસર્જન અથવા વિજયલક્ષ્મીના અધિકારને વાસ્તે તૈયાર થવાને કહ્યું. ચાર હજાર રાઠોડ સૈન્ય તેની સામે આવીને ઉભું, તેનો પ્રતિદ્વન્દ્વી તેજસ્વી અરણ્યકમળ તેના લોહીમાં પોતાની વિદ્વેષબુદ્ધિના પરિતર્પણને વાસ્તે કૃતસંકલ્પ થયો છે, એનાથી સાધુ કોઇ પણ રીતે ડગ્યો નહિ. ધીરતાની હદ છોડીને કોઇ પણ રીતે ચંચલતાની ઓળખાણ તેણે આપી નહિ. વીરત્વાભિમાની વીરયુવક વીરધર્મનું સંમાન રાખવાને તૈયાર થયો. જોતા જોતામાં ચાર

હજાર રાઠોડસૈન્ય મહાવિક્રમથી ભટિ સેના પર આવી પડયું. તેઓ સંખ્યામાં વધારે હતા, પણ તેમણે થોડી ભટિસેનાને એકદમ ઘેરી નહિ, કારણ કે એવી રીતના ઘેરાને તેઓ સર્વદા ધિક્કારે છે. પેહેલા પ્રતિદ્વન્દ્વી પ્રતિદ્વન્દ્વીમાં દ્વન્દ્વયુદ્ધનો આરંભ થયો. પ્રતિદ્વન્દ્વી પ્રતિદ્વન્દ્વીને વચમાં વચમાં ઘેરીને પોતાની હિંમત અને વીરત્વની ઓળખાણ આપવા લાગ્યા. ૧૪૦૭ ઇસવી સનમાં રજપૂતાનાના મરૂપ્રાંતની પાસે ચંદન નામના ભૂખંડમાં લાવણ્યવતી રજપૂત બાળાને માટે એવી રીતે એકમેકમાં યુદ્ધ થયું. છેલ્લે સાધુ ઘોડા ઉપર સ્વાર થઇને સમરભૂમિમાં આવ્યો. એ વખત તે હથીઆર ચલાવતો ચલાવતો પરાક્રમી રાઠોડસૈન્યમાં પેઠો, ને બે વાર તેના શસ્ત્રાઘાતથી ઘણા રાઠોડ વીર માર્યા ગયા. અસમયે અતર્કિત ભાવથી એવું યુદ્ધ થયાથી કર્મદેવી ભય પામી નહિ આશંકાના તીવ્ર દુઃખથી તે આત્મવિહ્વલ થઇ નહિ. તેના સૂખ દુઃખનો અદ્વિતીય અવલંબન પ્રાણાધિક સ્વામી શત્રુથી ઘેરાયલો છે, પ્રિયતમના જયની આશા સંશયમાં ડોલા ખાય છે, તેનાથી પણ તે મુંઝાઇ નહિ. તે હિમ્મતની સાથે પ્રિયતમને ઉત્સાહિત કરવા લાગી,

તથા તેનું અદ્‌ભુત સમરચાતુર્ય અને અદ્‌ભુત સાહસ જોઈને મનમાં ને મનમાં તેને ધન્યવાદ આપવા લાગી. સાધુના પરાક્રમથી છસો રાઠોડ રણભૂમિમાં માર્યા ગયા ને તેનું પણ અડધું સૈન્ય મરી ગયું. કર્મદેવી પૂર્વના પ્રમાણે અટલ ભાવથી રહી. પેહેલાના પ્રમાણે અટલ ભાવથી તેણે સ્વામીને કહ્યું, "હું તમારૂં રણ-પારદર્શિતપણું જોઇશ ને તમે જો રણશાયી થશો તો હું પણ તમારી અનુગામિની થઇશ." સાધુ બાલિકાના અપરિસ્ફુટ કુસુમસુકુમાર દેહમાં એવી અસાધારણ તેજસ્વિતા અને અટલતા જોઇને ખુશ થયો, અને તેણે અપરિસીમ પ્રીતિની સાથે સ્નેહ ભરેલી દૃષ્ટિથી તેની એ તેજસ્વિતાનું સંમાન કરીને અરણ્યકમળને યુદ્ધને માટે બોલાવ્યો. અરણ્યકમળ આ યુદ્ધનો જલદી છેડો લાવવાને ઘણો ઉત્સુક હતો, તેથી શત્રુના લોહીથી પોતાના અપમાનનું ચિન્હ સાફ કરવાને સાધુની સામે આવ્યો. થોડીવાર સુધી બંનેમાં શીળતાની સાથે વાતો થઇ. તે પવિત્ર યુદ્ધમાં ઠગવાનો આવેશ નહોતો, ચાતુરીનો પાપી ભાવ નહોતો, અધર્મની છાયા પણ નહોતી, તેજસ્વી ક્ષત્રિય બંને તરુણોએ આત્મપ્રાધાન્ય આત્મમર્યાદા રક્ષાને માટે થોડીવાર

સુધી શીઘ્રતાની સાથે વાતચીત કરીને તરવાર ઉપાડી. હથિયારના ઘર્ષણથી અગ્નિના તણખા નીકળ્યા. સાધુએ અરણ્યકમળના હાથ ઉપર તરવારનો ઘા કર્યો. અરણ્યકમળે પણ સાધુના મસ્તક ઉપર લક્ષ્ય કરીને વિજળીના વેગ પ્રમાણે પોતાની તરવાર ચલાવી, કર્મદેવીએ જોયું કે, તેના પ્રાણેશ્વરના મસ્તકમાં તરવાર લાગી છે. બંને યુવકો પરસ્પરના શસ્ત્રપ્રહારથી અચેતન થઈને રણસ્થાનમાં પડયા. કેટલીક વારે અરણ્યકમળ સચેતન થયો, પરંતુ સાધુ એ નિદ્રામાંથી પાછો ઉઠયો નહિ. તેજસ્વી પુગલકુમાર તેજસ્વિતાનું માન રાખવા માટે નિડરપણે અમલિન ભાવથી અનંત નિદ્રામાં અભિભૂત થયો. કર્મદેવીનો આશા ભરૂસો જતો રહ્યો. જે કલ્પનાના તરંગમાં હિંચકા ખાતી ખાતી તે તેજસ્વિની બાળા પિતામાતાની આગળથી વિદાય લઈને ખુશીની સાથે પુગલમાં આવતી હતી, તે તરંગો હંમેશાને વાસ્તે જતા રહ્યા. તે બાલિકાના પ્રાણનું ધન આજ ભયાનક ઉજડ પ્રાંતમાં જતું રહ્યું. પરંતુ કર્મદેવી એનાથી મુંઝાઈ નહિ. તેણે ધીરભાવથી તરવાર લીધી અને ધીરભાવથી તેનાથી પોતાને હાથે પોતાનો એક હાથ કાપીને નોકરને

કહ્યું, "આ હાથ પ્રિયતમના પિતાને આપીને કેહેજો કે તેની પુત્રવધુ આવી રૂપવાન હતી." તેણે બીજો એક હાથ પણ એ પ્રમાણે કાપી નાખવાનો હુકમ કર્યો. તે હુકમ બજાવવામાં આવ્યો હતો. કર્મદેવીએ એ કાપેલો હાથ તેના વિવાહના મણિમુક્તાની સાથે મહિલકવિને ભેટ આપવા કહ્યો, ત્યારપછી યુદ્ધક્ષેત્રમાં ચિતા તૈયાર કરાવી. પતિપ્રાણા સાધ્વી બાળાએ પ્રાણાધિક ધનને ખોળામાં રાખીને શાંત ભાવથી જવલંત અગ્નિમાં પ્રાણત્યાગ કર્યો. જોતા જોતામાં તેનું કોમળ ખુબસુરત શરીર ભસ્મરાશિમાં મળી ગયું, પરંતુ તેની કીર્ત્તિ નાશ થઇ નહિ. એ તેજસ્વિની વીરબાળા અપૂર્વ ચરિત-ગુણ અને અસાધારણ પતિભક્તિ દેખાડીને અનંત કીર્તિના મહિમામાં અમર થઇ ગઇ.

કર્મદેવીનો કાપેલો હાથ યથાસમયે પુગલમાં પોહોંચ્યો. વૃદ્ધ-પુગલરાજે એને બાળવાની અનુમતિ આપીને એ બાળવાની જગા ઉપર એક તળાવ બંધાવ્યું. આજ પણ એ તળાવ "કર્મદેવીકા સરોવર" એ નામે ઓળખાય છે. અરણ્યકમળ પણ ઘણો જખમી

થયો હતો, તેના જખમ પણ સારા થયા નહિ તેથી ૭ મહિના પછી તે પણ મરણ પામ્યો.

રાજસિંહનો રાજ-ધર્મ.

દુરંત ઓરંગજેબ દિલ્લીના મયુરાસનમાં અધિરોહણ કરે છે. વિશ્વાસઘાતકની વિશ્વાસઘાતકતામાં રાજત્વનો માર્ગ નિષ્કંટ થયો છે. તેનો વૃદ્ધ પિતા કેદખાનામાં પડયો છે. તેના ભાઈઓએ ઘાતકના હાથથી રાજ્યપ્રાપ્તિની આશાની સાથે આત્મત્યાગ સમર્પણ કર્યાં છે. નિષ્ઠુર બાદશાહ દયાધર્મમાં જલાંજલિ આપીને, આત્મીય સ્વજનના શોણીતપાત કરીને ચિરભક્તિ-ભાજનં પિતાને શોચનીય અવસ્થામાં નાંખીને, અકાતરથી બાદશાહી સુખ ભોગવે છે. એ વખતે બે હિંદુ વીરપુરૂષ એ ધર્માન્ધ અને તેજાન્ધ બાદશાહના અત્યાચારના વિરૂદ્ધમાં ઉભા થયા છે. દક્ષિણમાં મહારાષ્ટ્રરાજ શીવાજીએ અપૂર્વ તેજસ્વિતાની સાથે હિંદુના ગૌરવની રક્ષા કરી; અને આર્યાવર્તમાં મેવાડના અધિપતિ રાણા રાજસિંહે લોકોતર દ્દઢતાની સાથે પ્રકૃત રાજ-ધર્મની ઓળખણુ આપી.

ઔરંગઝેબ વિશાલ સામ્રાજ્ય મેળવીને હિંદુ ધર્મના ઉપર ઘોરતર વિદ્વેષ દેખાડવા લાગ્યો. ધર્માન્ધતાની સાથે તેની ભોગ-વિલાસ સ્પૃહા પણ વધવા લાગી. તે રૂપનગરના અધિપતિ વિક્રમ શોલંકીની લાવણ્યવતી કન્યાનુ પાણિગ્રહણ કરવામાં ઉદ્યત થયો. રજપૂતકુમારી એ કહેણમાં રાજી થઇ નહિ. તેણે વિધર્મી મોગલની બેગમ થઇને પોતાના પ્રાતઃસ્મરણીય વંશની પોતાના ચિરપવિત્રધર્મની-અવમાનના કરવાની ઇચ્છા કરી નહિ. તે ધિક્કાર અને વિરાગની સાથે મોગલ બાદશાહની દાંભિકતાનો યોગ્ય બદલો આપવાને તૈયાર થઈ. તેની સ્મૃતિમાં રાણા રાજસિંહનો અલોક સાધારણ ગુણગ્રામ બિરાજતો હતો. રૂપનગરની રાજબાલાએ આ અલૌકિક ગુણસંપન્ન પુરૂષસિંહથી બચવાની ઇચ્છા કરી. હમણાં મોગલનું અન્યાય કહેણ સાંભળીને તે સ્થિર રહી શકી નહિ. ક્રોધથી અને અભિમાનથી તેજસ્વિની રાજબાલાએ રાણા રાજસિંહને કહાવી મોકલ્યું કે "શું રાજહંસી સારસની સહચરી થશે? જે રજપૂત કુમારીના શરીરમાં પવિત્ર લોહી પ્રવાહિત થાય છે, તે શું વાનર-મુખ અસભ્યને સ્વામી કહીને ગ્રહણ કરશે-

જો મારૂ સંમાન રક્ષા કરવામાં ન આવે, જો ચિર પવિત્ર આર્ય-ગૌરવ કાયમ ન રહે, જો યવનના કઠોર હસ્તથી મારી મર્યાદાનો વિલોપ કરવામાં આવે તો મારા વંશની પ્રાતઃ-સ્મરણીય પદ્મિની વગેરે જે માર્ગે અવલંબન કરીને અંતિમમાં અનંત સુખની અધિકારિણી થઈ છે, તે પંથનું હું પણ અસંકોચથી અવલંબન કરીશ." રૂપનગરના પૂર્વતન કુલ-પુરોહિતે રાણા રાજસિંહની પાસે જઈને રજપુત-બાળાની આ વાત જણાવી. રાજસિંહ પોતાની વંશ-મર્યાદાનું સંમાન રાખવાને ઉદાસીન થયો નહિ, તે એક દલ સાહસી રજપૂત યોદ્ધા લઇને આરાવલ્લીની તલેટી ઓળંગી રૂપનગરમાં ગયો. તેના પરાક્રમથી મોગલ સૈન્ય પરાજીત થયું તેજસ્વી ક્ષત્રિય વીર તેજસ્વિની ક્ષત્રિય-બાલાનો ઉદ્ધાર કરીને પોતાની રાજધાનીમાં લાવ્યો. એ રીતે પ્રબળ-પ્રતાપ મોગલ શાસનમાં રજપૂતના રાજ ધર્મના સંમાનનું રક્ષણ થયું.

પેલી બાજુએ અધર્મી ઓરંગજેબના અપકર્મની શાંતિ થઇ નહિ. એ દુરાચારી બાદશાહે હિંદુઓને અધિકતર નિગૃહીત કરવાને વાસ્તે "જિજીયા" કર સ્થાપન કરવાની ઈચ્છા કરી. એ કર કેવળ

હિંદુઓને આપવો પડતો. તેના હુકુમથી અંબર-રાજ જયસિંહ પરાક્રાન્ત શિવાજીનો પ્રતાપ ખર્વ કરવાને માટે દક્ષિણપથે રહેલો હતો, મારવાડના અધિપતિ પરાક્રાન્ત યશોવંતસિંહને રાજકીય કાર્ય સાધનને માટે કાબુલમાં મોકલ્યો હતો. એઓ બંને મોગલ રાજત્વના મુખ્ય સ્તંભ સ્વરૂપ હતા મોગલ બાદશાહ એઓની ક્ષમતા, એઓની વિશ્વસ્તતા અને એઓની કાર્યકુશલતાના ઉપર નિર્ભર કરીનેજ ઘણીક વેળાએ ઘણાંક સંકટથી રક્ષા પામતો હતો. "જિજિયા" કર સ્થાપનની વેળાએ કોણજાણે એઓ ઘોરતર-આપત્તિ કરે અને અભીષ્ટ વિષયના અંતરાય સ્વરૂ-પ થાય, એ આશંકાથી ઓરંગજેબે છુપી રીતે તે-ઓને ઝેર ખવાડીને તે બંનેનો પ્રાણનાશ કરવાનો હુકમ આપ્યો. એ હુકમ પ્રમાણે કામ પાર પડ્યું. વિશ્વસ્ત બંને રજપૂત પોતાની વિશ્વસ્તતા દેખાડ-વા જતાં વિદેશમાં દગાથી મૃત્યુ પામ્યા. યશોવંત-ની રાણી પોતાના બાળકુંવર અજિતસિંહને લઇને કાબુલથી સ્વદેશમાં પાછી આવતી હતી; મોગલ બાદશાહે તેઓને પકડવાનો હુકમ આપ્યો. પરંતુ તેનો રક્ષક પરાક્રાન્ત દુર્ગાદાસ આ હુકમથી ડર્યો ન-

હિ. માત્ર હડીસો સાહસી રજપૂતે એક પર્વતની ખીણમાં પાંચ હજાર મોગલ સૈન્યને અટકાવી રાખ્યું એથી યશોવંતસિંહની રાણી નિરાપદ સ્થાનમાં ગઈ. પેલી બાજુએ રાજસિંહ પણ સ્થિર રહી શક્યો નહિ. તેણે અગ્રસર થઈને અજિતસિંહ અને તેની માતાની રક્ષા કરી. તેના હુકમથી એઓનું આવાસસ્થાન નક્કી થયું; અને મોગલ બાદશાહના આક્રમણથી એઓની રક્ષા કરવાને વાસ્તે બાહાદુર રજપૂતો નિયોજિત થવા લાગ્યા. રાણા રાજસિંહ પોતે એઓનો પ્રધાન રક્ષક થયો. એ રીતે એ ક્ષત્રિય-શ્રેષ્ઠ પુરૂષસિંહે ક્રૂર-પ્રકૃતિ ઓરંગજેબના કઠોર હુકમની ઉપેક્ષા કરીને નિર્ભીક ચિત્તથી અનાથ શિશુ અને તેની અનાથ જનનીની મર્યાદાની રક્ષા કરી.

ઓરંગજેબને જિજિયા કર સ્થાપન કરવામાં ઉદ્યત જોઈને રાણા રાજસિંહ મર્માહત થયો. ભારત-ભૂમિમાં ચિર-પ્રસિદ્ધ હિંદુ જાતિની અવમાનના થશે, આર્યગણ વિધર્મી મુસલમાનના જુલમથી પીડિત અને નિગૃહીત થશે, ધર્માન્ધ બાદશાહ પોતાના ધર્મ સંપ્રદાયના લોકોને બાદ કરી-

ને, પૈસાને વાસ્તેકેવલ હિંદુઓને મારવામાં પ્રવૃત્ત થશે, એ ક્ષોભ તેના હૃદયમાંથી ટળ્યો નહિ. રાજધર્મવિત રાજન્યશ્રેષ્ઠ નિર્ભયથી એ અનુચિત આજ્ઞાની વિરૂધમાં ઉભો થયો. તેની ધમનીમાં લોહીનો વેગ પ્રબલ થયો. હૃદયમાં અપૂર્વ તેજસ્વિતા વિકાશ પામી, મનમાં ક્ષોભ, રોષ 'અને અપમાન એકીવારે આવીને તુમુલ સંગ્રામ થવા માંડયો. તેથી તેણે હિંદુઓના અધિનાયક સ્વરૂપ થઇને, હિંદુજાતિના સંમાનિત નામથી ઓરંગજેબ ઉપર આવી રીતનો એક પત્ર લખ્યો:—

"સર્વ શક્તિમાન્ જગદીશ્વરનો મહિમા પ્રશંસિત થાઓ. સૂર્ય અને ચંદ્ર પ્રમાણે ગૌરવાન્વિત આપની વદાન્યતા પ્રશંસાને પામો. આપનો શુભાકાંક્ષી—હું હાલ આપની આગળથી વિચ્છિન્ન રહ્યો છું, તથાપિ સમુચિત રાજભક્તિનું નિદર્શન દેખાડવામાં હું કંઈ ત્રુટિ રાખનાર નથી. આ હિંદુસ્થાનનો રાજા, મિર્જા, રાય અને સંભ્રત ગણુના, ઇરાન, તુરાન, શામ અને રૂમના અધિપતિયોના અને સ્થલપથ અને જલપથ-યાત્રિયોના સર્વાંગીન ઉપકાર સાધનમાં હું સર્વદા તૈયાર રહ્યો છું. એ વિષયમ

જણાય છે કે આપ કશો સંદેહ રાખતા નથી એ વારતે હું મારા પૂર્વકૃત કાર્યને યાદ કરીને અને આપની શીતલતા અને સૌજન્યતા ઉપર નિર્ભર કરીને સાધારણના સ્વાર્થ સંબંધી એક ગુરૂતર વિષય ઉપાડું છું. મને આશા છે કે, આપ એ વિષયમાં વિશેષ મનોયોગી થશો.

"મેં જાણ્યું છે કે, આપે આ શુભાકાંક્ષીના વિરૂદ્ધમાં યુદ્ધ કરવાને માટે પુષ્કળ અર્થ અપવ્યય કર્યો છે અને આપનો શૂન્ય ધનભાંડાર પૂર્ણ કરવાને વારતે એક વિશેષ કર લેવાનો હુકમ આપ્યો છે.

"આપના સ્વર્ગીય પૂર્વ પુરૂષ મહંમદ જલાલુદ્દીન અકબરે સમદર્શિતા અને દ્રઢતાની સાથે બાવન વર્ષ સુધી આ સામ્રાજ્યનું કાર્ય ચલાવ્યું છે. તેના રાજત્વમાં સર્વ જાતિના લોક સુખ સચ્છંદમાં રહેતા હતા. ગમેતો ઇશા, મુસા તથા મહંમદના શિષ્ય હો, ચાહેતો બ્રાહ્મણ તથા હિંદુ જાતિના ભિન્ન ભિન્ન સંપ્રદાયના લોક હો, તે સર્વના પ્રતિ તે અનુગ્રહ અને શીતલતા દેખાડતા હતા. તેમની એવી રીતની સમદર્શીતાને વાસ્તે પ્રજાગણ કૃતજ્ઞતાના આવેશમાં તેમને જગદ્ગુરૂ કહીને માન આપતી હતી.

"સ્વર્ગીય નુરૂદીન જહાંગીરે બાવીશ વર્ષ યથા-નિયમથી પ્રજા પાલન કર્યું છે. મિત્ર રાજગણના પ્રતિ ગંભીર વિશ્વાસ પ્રદર્શન કરીને તે સર્વ સમયમાં ને સર્વ વિષયમાં કૃતકાર્ય થયા હતા.

"મહિમાન્વિત શાહજહાં બતરીશ વર્ષ રાજ્ય કરીને દયા અને ધર્મના ગૌરવ-યુક્ત પુરસ્કાર સ્વરૂપ-અક્ષય સુખ્યાતિના અધિકારી થયા હતા.

"આપના પૂર્વ પુરૂષોનાં લોક-હિતકર કાર્ય એવાં છે. તેઓ એવા મહત્ અને ઉદાર નીતિના વશવર્તી થઇને જ્યાં પગ મૂકતા, ત્યાં વિજયલક્ષ્મી અને સૌભાગ્યશ્રી તેઓના સામે આવતી હતી. તેઓએ અનેક દેશ અનેક કિલ્લા પોતાના આધિનમાં કર્યા હતા. પરંતુ આપના રાજત્વમાં પુષ્કલ મુલક સામ્રાજ્યમાંથી ગયો છે. હાલ અત્યાચાર અને અવિચારનો સ્રોત અપ્રતિહત વેગથી પ્રવાહિત થાય છે, તેથી ભવિષ્યમાં બીજાં ઘણાં સ્થાન એવી રીતે હાથમાંથી જતાં રહેશે. આપની પ્રજાગણ પદદલિત થાય છે. આપના રાજ્યનો પ્રત્યેક પ્રદેશ દુઃખ દારિદ્રમાં ડુબી ગયો છે. જ્યારે રાજ્યાધિપતિનો ભંડાર ખાલી થાય છે, ત્યારે સંભ્રાન્ત લોકની અ-

વસ્થા બીજી શું થઈ શકે? સૈન્યગણુ વિરક્ત થઈ પડયા છે, વણિકો નાનારૂપ અભિયોગ કરે છે, મુસલમાનગણુ અસંતુષ્ટ થયા છે, હિંદુગણુ નિર્ધન થઇ પડયા છે અને જનસાધારણુ રાત્રિકાલે ખાવાનું ન મળ્યાથી ક્રોધથી અને નિરાશાથી ઉન્મત્ત થઇને સમસ્ત દિવસ માથાં કૂટયા કરે છે.

"જે રાજ્યાધિપતિ એવા દરિદ્ર જનસાધારણુને ભારે કરના બોજાથી નિપીડિત કરવાને માટે પોતાની શક્તિ વાપરે છે, તેનું મહત્વ કેવી રીતે રક્ષિત થઇ શકે? આ દુર્દશાના સમયે પૂર્વથી લઇને પશ્ચિમ સુધી એમ બોલાય છે કે, હિંદુસ્થાનનો બાદશાહ હિંદુ-ધર્મના ઉપર ઘોરતર વિદ્વેષી થઇને બ્રાહ્મણુ અને યોગી, વૈરાગી અને સંન્યાસિયોની પાસેથી કર લેશે. સુપ્રસિદ્ધ તૈમૂર વંશના ગૌરવના પ્રતિ અનાદર દેખાડીને, આપ એવા નિર્જન-સ્થાનવાસી નિરપરાધી તપસ્વિયોના ઉપર આપની ક્ષમતા વિસ્તાર કરવામાં ઉદ્યત થયા છો. પરંતુ કોઇ પણ ધર્મ ગ્રંથના ઉપર વિશ્વાસ સ્થાપન કરીને જોયાથી જોઇ શકશો કે, ઇશ્વર સમસ્ત માનવ જાતિનો ઈશ્વર છે, તે કેવળ મુસલમાનનોજ ઇશ્વર નથી. હિં

દુ અને મુસલમાન બંને તેની આગળ સમાન છે. વર્ણભેદ કેવલ તેની પ્રવર્તિત રીતિ માત્ર છે. તેજ સર્વના અસ્તિત્વનું આદિ કારણ છે. આપના ધર્મ-મંદિરમાં તેના નામનાં સ્તોત્ર ઉચ્ચારિત થાય છે. દેવાલયમાં ઘંટા-ધ્વનિકાલે તેજ સંપૂજિત થાય છે. બીજા ધર્મ અને આચારની અવમાનના કરવી અને સર્વ શક્તિમાન ઇશ્વરની ઈચ્છાની વિરૂદ્ધ કામ કરવું એ બંને સમાન છે. જ્યારે આપણે કોઇ ચિત્ર ચેરીએ છિયે, ત્યારે ચિતારો સ્વભાવતાજ આપણા ઉપર ક્રોધ પ્રકાશ કરે છે. એ વાસ્તે કવિએ યથાર્થ કહ્યું છે કે, વિશેષ ન જાણતાં સાંભળતાં સ્વર્ગીય શક્તિના નાનાવિધ કાર્યના વિરૂદ્ધમાં ઉભા થવું ઉચિત નથી.

"આપ હિંદુઓની પાસેથી કર લેવા ચાહો છો, તે ન્યાયથી વિરૂદ્ધ છે, અને સાધુ રાજનીતિ અનુમોદિત પણ નથી. એનાથી દેશ અધિકતર દરિદ્ર થશે. અધિકંતુ એ હિંદુસ્થાનના પ્રચલિત નિયમથી વધારે વિરોધી છે. પરંતુ જો આપની ધર્મા-ન્ધતા આપને આ કાર્યથી દૂર ન કરે તો ન્યાયપરતાના નિયમાનુસારે હિંદુઓના પ્રધાન રામસિંહની

પાસેથી પેહેલાં એની માગણી કરવી ઉચિત છે, તે પછી આપના આ શુભાકાંક્ષીને કર આપવાનો હુકમ કરવો કર્તવ્ય છે; પરંતુ કીડી અને માખીઓને નિપીડિત કરવાં એ ખરા વીરત્વ અને ખરા મહાનુભાવકત્વનાં લક્ષણ નથી, આપના વજીર ઉમરાવો જે છે, તેઓ ન્યાયપરતા અને સંમાનની સાથે રાજ્ય ચલાવવાને વાસ્તે આપને સદુપદેશ આપવામાં ઉદાશીન રહેલા છે, એથી મને અત્યંત વિસ્મય ઉત્પન્ન થાય છે."

રાણા રાજસિંહનું પત્ર આવી શીલતા, આવું અભિમાન અને આવું સાહસ દેખાડનારો થયો હતો. એ ક્ષત્રિય ભૂપાલે એવી તેજસ્વિતા, અને એવી નમ્રતા અને એવી સ્પષ્ટવાદિતાની સાથે દિલ્હીના બાદશાહને અપકર્મથી રોકવાનો અનુરોધ કર્યો હતો. રાજનીતિની ઉચ્ચતાથી, ભાવની ગંભીરતાથી, ઉદારતાના મહિમાંથી અને ખરા વીરત્વના અપૂર્વ જુસ્સાથી એ પત્ર પૃથિવીના કોઇપણ સભ્યદેશના કોઇપણ સમયના રાજનીતિજ્ઞોની આગળ સમુચિત સન્માન પામી શકશે. એના પ્રત્યેક અક્ષરમાં હિંદુત્વ દેખાઇ આવે છે અને હિંદુ રાજાના ખરા રાજધર્મનો પરિચય મળે છે.

આ પત્ર અને યશોવંતસિંહની સ્ત્રીની રક્ષાની ખબર મળવાથી, દુર્વૃત્ત બાદશાહ ક્રોધથી અધીર થઇ ગયો. ક્રોધના આવેગથી તે રાણા રાજસિંહની વિરૂદ્ધમાં યુદ્ધ કરવાનો ઉદ્યોગ કરવા લાગ્યો. એ વાસ્તે બંગાલા, કાબુલ અને દક્ષિણથી તેના પુત્રો રાજધાનીમાં આવ્યા. એઓને એક એક દલ સૈન્યના ઉપરી બનાવ્યા. દુરાચાર ઔરંગઝેબ એવી રીતે બહુ સેનાપતિ અને ઘણું સૈન્ય લઇને મેવાડની તર્ફ ચાલ્યો પેલી બાજુએ રાજસિંહ પણ પોતાના વંશનો ગૌરવ સાચવવામાં ઉદાશીન નહોતો. તેણે સૈન્યદલને ત્રણ ભાગમાં વિભકત કરીને એક ભાગની અધ્યક્ષતા મોટા છોકરા જયસિંહને આપી, ભીમસિંહ બીજા ભાગનો અધિનાયક થયો, અને રાણો પોતે પ્રધાન ભાગનો પરિચાલન ભાર લઇને બાદશાહની ગતિ રોકવાને આગળ પડયો. પાર્વત્ય પ્રદેશનાં આદિમ અધિવાસિયો પણ આર્યાવર્તના હિંદુ-કુલ-સૂર્યની મદદને માટે મેવાડના લાલ વાવટાના આધીનમાં સજ્જિત થયા.

મેવાડનો અધિપતિ આ સર્વ બહાદુર સેનાને આરાવલ્લી પર્વતની ગોદમાં રાખીને દુરાચાર ઔરંગ-

વિરૂદ્ધમાં ઉભો રહ્યો. રાજકુમાર જયસિંહે
મથી વિપક્ષની ખાદ્ય સામગ્રી લાવવાનો માર્ગ
કર્યો. ઓરંગઝેબ દુર્ગમ પાર્વત્ય પ્રદેશમાં આ
રે કષ્ટ ભોગવવા લાગ્યો. તેની છાવણીમાં નિ-
દુકાલનો સંચાર થયો. તેની પ્રિયતમા બેગમ
ામાં પરિવૃત થઇને પર્વતની બીજી બાજુએ
હતી, તેને રાજસિંહની પાસે લાવવામાં
. રાજસિંહે તેને સમુચિત આદર અને
ાનની સાથે ગ્રહણ કરી, અને સમુચિત આદર
સંમાનની સાથે ઉપયુક્ત રક્ષકની સાથે ઓ-
ઝેબની પાસે મોકલી દીધી. પેલી બાજુએ તેના
થી મોગલની ખાદ્ય સામગ્રી લાવવાનો રસ્તો
ખુલ્લો કર્યો. કારણ કે તેવા પરાકાન્ત શત્રુના
દારનું કષ્ટ જોઇ શકયો નહિ. એ પ્રમાણે તેણે
ી વિપક્ષની ખાદ્ય સામગ્રી લાવવાનો સુયોગ
ને ઉપસ્થિત વિપદથી તેમની રક્ષા કરી. રજપૂત
નું હૃદય એવું ઉચ્ચતર ગુણથી અલંકૃત હતું.
રીતના ઉચ્ચતર રાજધર્મથી રજપૂત વીરે
સ્મરણીય આર્યગૌરવની રક્ષા કરી હતી.
પરંતુ દુર્બુદ્ધિ દુરાશય મોગલે એ ઉચ્ચતર
અને આ ઉચ્ચતર રાજધર્મનું સંમાન રાખ્યું

નહિ. તે રાણાની સાથે યુદ્ધમાં પ્રવૃત્ત થયો. ક્ષત્રિય વીર એનાથી કોઇ રીતે ભયભીત થયો નહિ. તેન યોદ્ધાઓ વિપુલ સાહસની સાથે શત્રુના સામે થયા. ઔરંગજેબે ઘણો યત્ન કર્યો તોપણ તેજસ્વી રજપૂતોની ગતિ તે રોકી શક્યો નહિ; યુદ્ધમાં પરાજય સ્વીકાર કરીને તે ભાગી ગયો. તેના વાવટા,તેના હાથી, તેનાં લડાઇનાં હથિયારો વિજયી રાજસિંહના હાથમાં આવ્યાં. ૧૭૩૭ સંવત્‌ના ફાગણ મહીનામાં આ મહાયુદ્ધ થયું હતું. ૧૭૩૭ સંવત્‌માં પુણ્યપુંજમય રજપૂતભૂમિમાં રાણો રાજસિંહ એવી વિજયલક્ષ્મીથી સંવર્દ્ધિત થયો હતો. ૧૭૩૭ સવત્‌ના મધુર વસંતકાલના વાસંત ઉત્સવમાં મેવાડના હિંદુ નરપતિએ એવી રીતના પોતાના લોકાતીત સાહસ અને શૂરપણાની ઓળખાણ આપી હતી.

રાજસિંહના યુદ્ધમાં જય થયા છતાં નાસનારના ઉપર જુલમ કરવાની ચેષ્ટા તેણે કરી નહિ ભીમસિંહ ગૂજરાતને આક્રમણ કરીને સુરતની તરફ અગ્રસર થતો હતો એ સ્થાનમાં ઘણા લોક ભાગતા હતા. રાજસિંહે એઓને નડવાની ઇચ્છા કરી નહિ. દયા, ધર્મ, અને સૈજન્યનો ઉપદેશ તેની પાસે

ઉચ્ચતર જણાયો હતો. તેણે ભીમસિંહને સુરત આક્રમણ કરવાને માટે ના કહી મોકલી.

રાજસિંહે પોતાની ઉદારતાના ગુણુથી એવી રીતે ખરા રાજધર્મની રક્ષા કરી હતી. તેણે પોતાના શત્રુને પણ અનાહારથી કષ્ટ આપ્યું નહિ, તેના જયેષ્ઠ પુત્રે જ્યારે મોગલની ખાવાની સામગ્રી લાવવાનો માર્ગ બંધ કર્યો અને વિપક્ષને અનાહારથી નિપીડિત કરીને પોતાના પદાનત કરી મૂક્યા, ત્યારે રાજસિંહે તેનું એ કાર્ય અટકાવવાનો હુકમ આપ્યો હતો. તેણે પોતાના રાજ્યને વિપદમાં મૂકવા છતાં યશોવંતસિંહના શિશુ સંતાનની રક્ષા કરી હતી. બાદશાહ અધિકતર કોપમાં પડશે એ જાણ્યા છતા તે ગરીયસી કર્ત્તવ્ય બુદ્ધિના અનુરોધથી "જિજિયા" કરના વિરૂદ્ધમાં ઉભો થયો હતો અને પોતાના યોદ્ધાઓનાં જીવન સંકટાપન્ન કરીને પણ રૂપનગરની તેજસ્વિની રાજબાલાનો ઉદ્ધાર કરીને તેણે સુરાજમહિમાનો એક શેષ દેખાડયો હતો. સાહસમાં, વીરત્વમાં અને પોતાના રાજ્ય-રક્ષણુમાં તે વર્ણુનીય છે. રાજધર્મની મર્યાદા-પાળવામાં સમસામયિક ઈતિહાસમાં તે અદ્વિતીય છે. દુરાચારના દૌરાત્મ્ય દમન-

માં તે સર્વનો અગ્રગણ્ય હતો તેનું પ્રત્યેક કાર્ય તેના અપૂર્વ મહત્વ અને તેની અપૂર્વ મનસ્વિતાની ઓળખાણ આપે છે. તે નિઃસ્વાર્થ પરોપકાર-વ્રતને પોતાનો શ્રેષ્ઠ ધર્મ સમજતો હતો. તેના પ્રતિષ્ઠિત રાજ-સમુદ્રમાં તેની શિલ્પ વિશેની સુરુચિની ઓળખાણ મળે છે. અને આજ સુધી એ શિલ્પ-કીર્તિ રજપૂતાનાને શોભા આપે છે.

હિરોલ.

સૈન્યસામન્તની સાથે મેવાડના રાણા યુદ્ધે ચઢે ત્યારે ચંદાવત્ સામન્ત સસૈન્યથી લશ્કરની આગળ જતા હતા. અને રાજનૈતિક યુદ્ધના વ્યવહારમાં સસૈન્યમાં લશ્કરની આગળ જવું એ રજપૂત જાતિમાં અતિ ગૌરવાત્મક વ્યાપાર તરીકે પ્રખ્યાત થતું આવ્યું છે. એનુંજ નામ હિરોલ છે. એ હિરોલ-સંમાન મેળવવાને માટે મેવાડના પ્રબલ સામંતગણો લોલુપ હોય છે. પરંતુ હમેશાંથી ચંદાવત્ સામંતના ભાગ્યમાંજ એ સંમાન આવતું હતું કોઇ કોઇ વખતે એ હિરોલ-સંમાન મેળવવાને માટે સામંતોમાં લડાઇઓ થતી હતી. ચંદાવત્ અને શુક્તાવત્ સામંતોમાં જે ઘો-

રતર ઝઘડો થયો હતો તેનું વર્ણન કરવા પહેલાં અમે એ બંને સામંતોની ઓળખાણ આપીએ છિયે.

રાણાના પુત્રોમાં મોટો છોકરો સિંહાસન મેળવે છે, ન્હાના છોકરાને ઘણુંકરીને જાહાગીર મળે છે અને તે સામંતરૂપે સીમાન્ત પ્રદેશમાં રહે છે. લક્ષરાણાનો મોટો છોકરો ચંદ ઘણો વીર પુરૂષ હતો, તેને જમાઇ કરવાના ઉપદેશથી મારવાડના રણમલ્લે વૈવાહિક સંબંધસૂચક દ્રવ્યસામગ્રી (શ્રીફળ વગેરે) મેવાડમાં મોકલી હતી. જ્યારે દૂત રાણાની સભામાં ગયો, ત્યારે ચંદ ત્યાં નહોતો; તેથી ઉપહાસ છલથી વૃદ્ધ રાણા લક્ષસિંહે દૂતને સંબોધન કરીને કહ્યું, "રણમલ્લે શું આ વૃદ્ધને જમાઇ કરવાને માટે વૈવાહિક દ્રવ્ય સામગ્રી મોકલી છે?" એ ઉપહાસ્યજ છેલ્લે સત્ય થયો. ચંદે લોકોના મોઢેથી ઉપલી પિતાની મશ્કરીની વાત સાંભળીને વિવાહમાં અસંમતિ જાહેર કરીને. મારવાડના દૂતે તેને વિશેષ રૂપથી સમજાવ્યું કે, રણમલ્લે તમારા ઉદ્દેશથીજ વિવાહની ભેટો મોકલી છે તથાપિ ચંદ સમજ્યો નહિ. તેણે કહ્યું-"પરિહાસછલથી પિતાએ જેને વિવાહ કરવાની ઈચ્છા કરી છે તેને હું કેવા ધર્માનુસારે પરણું?

મારવાડની રાજકુંવરી મારી મા જેવી છે; પિતૃદેવના હાથમાં તે સમર્પિત થયાથી હું ઘણો સંતોષ મેળવીશ." રાણાએ પણ ચંદને સમજાવવાને કંઈ મણા રાખી નહિ, પરંતુ તેથી કંઇપણ થયું નહિ; ત્યારે લક્ષસિંહે જોયું કે વૈવાહિક ભેટ પાછી વાળવાથી રણમલ્લ ઘણો અપમાનિત થશે, તેથી શું કરે? વૃદ્ધપામાં ફરીથી વિવાહ કરવાને માટે સંમત થયો. તેણે ચંદ ઉપર થોડો નાખુશ થઇને વિવાહ સ્વીકૃત થવાની વખતે તેને પોતાની પાસે બોલાવીને કહ્યું,—"સાંભળ ચંદ હું રણમલ્લના અપમાન નિવારણને માટે તેની કન્યાનો પાણિગ્રહણ કરીશ, પણ તારે સોગન લેવા પડશે કે, નવી રાણીના પેટે જે પુત્ર સંતાન થાય તે મારો ઉત્તરાધિકારી થશે." ચંદે ખુશીથીજ સ્વીકાર કર્યું કે "હું તેમાંજ સ્વીકૃત થયો એટલુંજ નહિ પણ એકલિંગનું નામ લઇને મેં તે વિશેમાં સોગદ લીધા."

વૃદ્ધ રાણાએ રણમલ્લની વૈવાહિક ભેટો લીધી. રાઠોડ યુવતીએ વૃદ્ધના સ્કંધમાં આશ્રય લીધો થોડા કાલ પછી નવીન પત્નીના ગર્ભમાં એક પુત્ર જન્મ્યો, તે પુત્રનું નામ મુકલ પાડયું.

મુકલે જન્મ લીધા પછી થોડા દિવસમાં લક્ષરાણાને પવિત્ર ધર્મક્ષેત્ર ગયા ધામમાં જવાની જરૂર પડી. મ્લેચ્છોએ ગયા ધામ આક્રમણ કર્યું છે, રજપૂત વીર સિવાય કોણ તેનો ઉદ્ધાર કરશે? તેથી રજપૂત વીરો સજ્જિત થયા—લક્ષરાણો તેમનો અગ્રેસર થયો. એ ધર્મયુદ્ધમાં જવાની વેળાએ તેણે ચંદને પૂછયું “મુકલ મેવાડનો કયો ભાગ પામશે?” ચંદે જવાબ આપ્યો,—“શા વાસ્તે? તે શું! મુકલને વાસ્તે કેમ તમે એટલી બધી ચિંતા કરો છો? શું તમોને યાદ નથી કે, મુકલ જન્મવાની પેહેલાં આપે મેવાડનું આધિપત્ય અર્પણ કર્યું છે? મેં પણ એકલિંગના સોગન લઇને તેમાં સંમતિ આપી છે! તો હવે વિચાર કરવાનું કારણ શું?” એમ કહીને ચંદે તરત મુકલને મેવાડના સિંહાસન ઉપર બેસાડીને પેહેલાં પોતે તેની તાબેદારી સ્વીકાર કરી. પછી તે મેવાડનો પ્રધાન સામંત થઇને શિશુ રાણાના રક્ષક રૂપે સમસ્ત રાજ કાર્ય કરવા લાગ્યો. પેલી બાજુએ ધર્મયુદ્ધમાં લક્ષ રાણાનું મરણ નિપજ્યું. આ સુયોગ મળ્યાથી મારવાડનો રાજા આવીને દોહિત્રનો વાલી થયો. અને

તેના પછી તેનો પુત્ર જોધસિંહ (જેણે જોધપુર સંસ્થાપન કર્યું) આવ્યો. ચંદ પોતાના હાથે સર્વ રાજકાર્ય કરે છે તે જોઇને મુકલની માના મનમાં નાના પ્રકારના સંદેહ થવા લાગ્યા. કોણ જાણે કદાચ ચંદ કોઇ તદબીરથી રાજસિંહાસન અધિકાર કરીને મુકલને રસ્તાનો ભિખારી કરે? એ ભયથી તે આકુલ થઇ. તેનાં સગાંવાહાલાં પણ તે તર્ક પોષણ આપવા લાગ્યા, તેથી મુકલની મા ઘણી ઉદ્વિગ્ન થઇ. ચંદે એ સર્વ વ્યાપાર જાણ્યાથી મેવાડ છોડવાનો નિશ્ચય કર્યો, પરંતુ જવાની વખતે એકવાર ઓરમાન માને મળીને કહ્યું "મેવાડના માન સંભ્રમના ઉપર તમે નજર રાખજો, હું જાઉં છું." એમ કહીને ચંદ પોતાની જાહાગીર સાલુમ્બ્રામાં ગયો. થોડા દિવસ પછી જ્યારે મુકલની માએ જોયું કે, ચંદના વિના ચિતોડમાં ઘણી ગડબડ થઇ છે, પિતા રણમલ્લ મેવાડનું સિંહાસન હાથ કરી લેવાની તૈયારી કરે છે, તેનું દલબલ દિવસે દિવસ વધતું જાય છે, અને કદાચ હોય તો એ (રણમલ) વૃદ્ધ મેવાડના સિંહાસનથી લક્ષચાઈને દૌહિત્રનો પ્રાણ લઈ શકશે. આવા વિચારથી મુકલની માના હૃ-

હૃદયમાં અતિશય ભય ઉત્પન્ન થયો. અને તેનો તે ભય નિતાંત અમૂલ્ક કહી શકાતો નથી. રણમલ્લે વિશ્વાસઘાતકતાદ્વારા રાજસભામાંના અનુગૃહીત સામંતને મારી નાખવાથી રાણીનો ભય વર્દ્ધિત થયો; ત્યારે તેણે પોતાને ઘણી નિરૂપાય સમજીને ચંદને સમાચાર કહાવી મોકલ્યા; વિમાતાના હુકમથી ચંદે કામ ઉપર આવીને થોડા કાળમાં મેવાડનું સહાસન શત્રુ શૂન્ય કર્યું. એ ચંદના વંશીઓજ ચંદાવત્ નામથી વિખ્યાત છે, તેનો પ્રધાન માણસ ચંદાવત્ તથા સાલુમબ્રા સામંત છે. મેવાડના સામંતોમાં એ સર્વથી પ્રધાન છે. રાજકાર્ય સંબંધી સઘળા કાગળ પત્રમાં સ્વાક્ષરના ઉપર ચંદાવત્ સામંતના સ્વાક્ષર રહે છે. અને હિરોલનું સંમાંન હમેશાંથી એઓના હાથમાં રહે છે.

મહારાણા ઉદયસિંહના ચોવીશ પુત્રમાં જગદ્વિખ્યાત પ્રતાપસિંહ પહેલો અને શુક્ત બીજો હતો. પાંચ વરસની ઉમરમાં શુક્તની અસામાન્ય નિર્ભીકતાની ઓળખાણું મળે છે. એક દિવસ હથીઆર વેચનાર એક તીક્ષ્ણ ધારવાળી તરવાર રાજ સભાનાં લાવીને તેની તીક્ષ્ણતાની પરીક્ષા દેખાડતો હતો.

તે વેળાએ સૂત્ર કાપવાથી ધારની પરીક્ષા થાય છે એ જોઇને શિશુ શુક્ત તેજોગર્વથી બેલ્યો, "હાડકાં માંસ કાપવાને વાસ્તે શું એ તૈયાર કરવામાં આવી નથી! આમ કહીને તે બાલકે એ હથીઆર લઈને પોતાની આંગળીમાં આઘાત કર્યો. દરદર ધારાથી લોહી નીકળ્વાથી ગાદી ભીંજાઈ ગઈ, પરંતુ શિશુએ કંઇપણ યાતનાનું ચિન્હ દેખાડયું નહિ. પેહેલાં શુક્તના જ્યોતિષોએ પરીક્ષા કરીને ભવિષ્ય કહ્યું હતું કે–" શિશુ મેવાડનો કલંક સ્વરૂપ થશે." ત્યારથી એ પુત્રના ઉપર ઉદયસિંહને ઘણો ધિક્કાર થયો હતો; અને હાલના બનાવથી વધારે વિરક્ત થઈ એ બાલકને મારી નાંખવાનો હુકમ આપ્યો. સાલુમમ્બ્રા સામંતે રાણાના પગ નીચે પડીને શિશુના જીવનની યાચના કરીને કહ્યું—"દેવ હું નિસંતાન છું, મને એ પુત્રરત્ન આપો. હું પુત્ર પ્રમાણે શિશુનું પ્રતિપાલન કરીને ચંદાવત્ સામંત પદનો ઉત્તરાધિકારી કરીશ." રાણો તેમાં રાજી થયો; ચંદાવત્ સામંત શુક્તને પોતાને ઘેર લઇ ગયો અને તેનું પ્રતિપાલન કરવા લાગ્યો. પણ વૃદ્ધ ઉમરમાં ચંદાવત્ સામંતને પુત્ર જન્મ્યો. આથી

રાણાના મોટા પુત્ર પ્રતાપસિંહે મધ્યમ ભ્રાતા શુક્તને રાજધાનીમાં આણ્યો. કેટલાક દિવસ તેઓ હળીમળીને રહ્યા. એક દિવસે મૃગયા રમતાં બંનેમાં વિવાદ થયો. પ્રતાપે દ્વન્દ્વ યુદ્ધનો પ્રસ્તાવ કર્યો; શુક્તે કહ્યું "તમે પહેલાં અત્ર ચલાવીને રણપાંડિત્યની ઓળખાણ આપો !" બંનેમાં દ્વન્દ્વ યુદ્ધનો આરંભ થયો; એવી વખતે ત્યાં કુલ-પુરોહિતે આવવાને જોયું કે, સર્વ નાશ થાય છે ! બંનેને શાંત થવાને ઘણો અનુનય વિનય કર્યો પણ તેથી કંઇપણ ફલ દેખાયું નહિ. પુરોહિતે જોયું કે, બંને કુમારમાંથી એક અવશ્ય બીજાના હાથથી જીવન વિસર્જન કરશે, અથવા તો એ બે જણાઓ મરી જશે. ત્યારે શું કરે ? ધ્વંશ થવા બેઠેલા સિંહાસનની રક્ષાને માટે બ્રાહ્મણે બંને યોદ્ધાના મધ્યસ્થલમાં ઉભા રહીને પોતાની છાતીમાં તરવાર ભેકી. વીર યુગલના મધ્યસ્થાનમાં પુરોહિતનો દેહ તરફડવા લાગ્યો; તેથી તેઓ પોતાના યુદ્ધને ભૂલી ગયા, ને બ્રાહ્મણની સુશ્રુષા કરવામાં પ્રવૃત થયા. પણ હવે સુશ્રુષા કોની ? બ્રાહ્મણનો પ્રાણ જતો રહ્યો. કેવી ભયાનક રાજભક્તિ ! કેવો ચમત્કાર-

જાનક યજમાનસ્નેહ ! વીરયુગલને ચૈતન્યોદય થયો, હસ્તસંકેત દ્વારા પ્રતાપે શુક્તને ભાગી જવાનો હુકમ આપ્યો, શુક્તે પણ ત્યાં કાલ વિલંબ ન કરતાં જન્મ સ્થાન પરિત્યાગ કરીને એકીવારે અકબરની આગળ આશ્રય લીધો. એ મૃત પુરોહિતને વાસ્તે પ્રતાપે જે જે કામ કર્યાં હતાં તેના વર્ણન દ્વારાએ પ્રસ્તાવ વધારવાનો અમારો ઉદ્દેશ નથી. એ શુક્ત વંશિયો શુક્તાવત્ નામથી પ્રસિદ્ધ થયા છે.

બંને સામંતની ઓળખાણ આપવામાં આવી હવે પ્રકૃત વિષયપર આવીએ છીએ.

પ્રખ્યાત અકબરનો વંશધર બાદશાહ જાહાંગીરે મેવાડની પ્રાચીન રાજધાની ચિતોડ અને તેનો કિલ્લો જીતી લેઇને મહારાણાને મેવાડની પશ્ચિમ સીમામાં પાર્વત્ય પ્રદેશ અને ગહન વનમાં કાઢી મૂક્યા છે. રાણા બહાદુરે સિંહાસનથી વિચ્યુત થઇને ગહન વનમાં આશ્રય લીધો છે, સામંતગણ આવીને તેની સાથે એકઠા થયા છે, તેઓ જેમ બને તેમ મુસલમાનોને નબળા કરવાની મેહેનત કરે છે. એ વખતે સીમાડા પરના સમતલ પ્રદેશનાં કોઈ કોઈ કિલ્લાના પુનરુદ્ધારનો અવસર આવ્યાથી મહારાણા સસૈન્યથી

એ કિલ્લા તરફ કુચ કરવાનો ઉદ્યોગ કરવા લાગ્યા તેમણે ધારેલો ઓન્તાળાનો કિલ્લો નવી રાજધાની ઉદેપુરની પૂર્વ તર્ફે ઘણું કરીને નવ કોસના ફાસલા ઉપર સમતલ પ્રદેશમાં સીમાંત દુર્ગ તરીકે હતો. એ ઓન્તાલાના કિલ્લાથી ચિતોડની તર્ફે એક અતિ પ્રાચીન માર્ગ જતો હતો ઓન્તાલા ઊંચી જગા ઉપર છે, અને એની ચારે બાજુએ દુર્ભેદ્ય પથરની દીવાલ છે. વચમાં વચમાં ઊંચા ગુમ્બજવાળા બુરજો બિરાજીત છે. એની દીવાલની નીચે એક ન્હાની નદી વહે છે. વચ્ચમાં કિલ્લેદારનો દુર્ગબદ્ધ પ્રાસાદ છે એવા આ દુર્ગ પ્રવેશને માટે ફક્ત એક દરવાજો હતો.

એ કિલ્લાપર ચઢાઇ કરવાની વખતે ચિર પ્રચલિત રીતિના પ્રમાણે ચંદાવત્ સામંત સર્વાગ્રે સૈન્ય ચલાવવાનો ઉદ્યોગ કરતા હતા, એવી વખતે શુક્તાવત્ સામંત આવીને બળદર્પમાં અગ્રગામી થવાની મેહેનત કરવા લાગ્યા. હિરોલ સન્માન ચિરદિન ચંદાવત્ વાળાને મળે છે. તેઓ હમણા તે સંમાન પરિત્યાગ કરશે કેમ ? પરંતુ શુકતાવતો કોઈ રીતે અત્યારે ચંદાવત્ સામંતને તે સંમાન મેળવવા દેશે નહિ. શુક્તાવત્‌ગણ અન્યાન્ય સંપ્રદાયના કરતાં જે પ્રકારે

અસીમ સાહસ સંપન્ન અને બલશાલી છે,તે જોતાં તે વેળાએ હિરોલ સંમાન તેઓને મળવું જોઇએ, પરંતુ ચંદાવતગણુ પ્રરૂપાનુક્રમે એ સંમાન મેળવતા આવે છે,માટે કે.ઇ રીતે તે સંમાન પરિત્યાગ કરશે નહિ. તત્ક્ષણાત્ જાહેર કરવામાં આવ્યું કે, અમારા સિવાય કોણ વળી સર્વાગ્રે અગ્રસર થઇને વીરત્વ પ્રકાશ કરશે ? બંને દલમાં ઘોરતર ગડબડ થઇ, કે.ઇએ પણ ન્યૂનતા સ્વીકાર કરી નહિ,છેલ્લે વિપદ એટલી ભયાનક થઇ પડી કે જાણે શોણિતપાત દ્વારા બંનેનું બલક્ષય અનિવાર્ય જણાવા લાગ્યું. હિરોલ સંમાન મેળવવાને માટે બંને ટોળાઓએ અસ્ત્રશસ્ત્ર સજ્યાં, મહારાણાએ જોયું કે ચાહે તેમ હો, પરંતુ તેના કામને નુકશાન પોંહોંચશે. તેથી એ વખતે રાણાએ જે બુદ્ધિનું કામ કર્યું હતું તેવું જો ન કર્યું હોત તો બંને ટોળામાં તુમુલ યુદ્ધ થઇ જાત અને એ સર્વ ઉદ્યોગ આયોજન ખરાબ થાત. સંકટમાં પડયાથી રાણાની એવી બુદ્ધિ ઉત્પન્ન થઇ કે, " જે સમ્પ્રદાય સર્વથી પેહેલા અેાન્તાલના કિલ્લામાં પ્રવેશ કરવામાં સમર્થ થશે, તેઓજ હિરોલ સંમાન મેળવશે." રાણાના મોઢેથી

આવો હુકમ નીકળતાંજ બંને સંપ્રદાય વીરત્વ વિક્રમ દેખાડવાને માટે ઓન્તાલ કિલ્લાની તર્ફ જવા લાગ્યા. જેઓ પેહેલા દુર્ગમાં પ્રવેશ કરશે તેઓજ હિરોલ સંમાન મેળવશે એ મહારાણાનો અતિ સંયુક્તિવાળો હુકમ છે એવો સ્થિર નિશ્ચય વિચાર કરીને તરવાર દ્વારા સંમાન લાભની લાલચ તુરત પરિત્યાગ કરીને પ્રતિદ્વન્દ્વી અને પ્રતિયોગી સંપ્રદાય ચંદાવત્ અને શુક્તાવત્ હરોલ સંમાન મેળવવાની લાલચથી એકી વેળાએ કિલ્લાની તર્ફ જવા નીકળ્યા. પ્રભાત થવાને ૯૦ ઘડી વખત હતો તે વેળાએ વીરમૂર્તિ ધારણ કરીને [illegible] ઓન્તાલ કિલ્લાની તર્ફ જવા લાગ્યા, બંનેના હૃદયમાં સંમાન લાભની લાલચ ઘણી પ્રબળ હતી; સાંપ્રદાયિક કવિયો પોત પોતાના પ્રભુના ઉત્સાહપૂર્ણ હૃદયના ઉપયોગી કવિતાદ્વારાએ ઉત્સાહ રૂપી આગને વધારે ઉત્તેજિત કરતા હતા, સુહૃદગણ અનુગત વાક્યદ્વારાએ તેઓને વધારે ઉત્સાહીત કરતા હતા, તેથી બલદર્પમાં ઉભય સંપ્રદાય આગળ જવા લાગ્યા.

ઉભય સંપ્રદાય સૂર્યોદયની પેહેલાં એકી વેળાએ કિલ્લાની તર્ફ જવાને નીકળ્યા હતા પરંતુ અટળ

અડચણ અને વિપત્તિ નડવાથી બંને એકી વખતે કિલ્લાના દરવાજા ઉપર પોહોંચી શક્યા નહોતા શુ-ક્તાવત્ સંપ્રદાયે અરૂણોદયના પહેલા કાલમાં કિ-લ્લાની સામે આવીને એકાએક વિપક્ષ દલને આક્ર-મણ કર્યું. અકસ્માત્ રજપૂત સૈન્ય આવેલું જોઇને મુસલમાન સૈન્યે ચકિત થઇને સશસ્ત્રે કિલ્લાની દિ-વાલના ઉપલા બાગમાં ઉભા રહી યુદ્ધ આરંભ કર્યું. રજપૂતોનો એટલો બધો આયાસ વિશેષ કાર્યકર થયો નહિ.

સંમાનરૂપ જીવંત ઉદ્દીપનાના વશવર્તી થઈને સ-માન વેગે ચંદાવત્ સંપ્રદાય પણ ઓન્તાલની તર્ફ-નીકલ્યા ખરા પરંતુ જવાનો રસ્તો ન જાણ્યાથી તેઓ એક સુવિસ્તૃત ભીની ભૂમિમાં પડયા; છેલ્લે ઘણા કષ્ટથી તેઓ કેટલાક ભાગમાંથી નીકળ્યા ખ-રા, પરંતુ રસ્તાની દુર્ગમતા વિવેચના કરીને પાછા વળવાનું કરતા હતા એવી વખતે સૌભાગ્યથી એક ઓન્તાલ નિવાસી ખેડુતની સાથે મળવું થયું; તેણે તેઓને રસ્તો દેખાડ્યો. વીરમૂર્તિ ચંદાવત્ગણ અ-મિત સાહસની સાથે ખરાબા પાર થઈને કિલ્લાની તર્ફ વેગેથી ધાયા સર્વથી પેહેલાં તેઓને ખાઈ ઓ-

સંધવાની હતી પણ ચંદાવત્ગણે હમેશાંથી એવા કામદ્વારા અભિજ્ઞતા મેળવી હતી, તેથા આવવાની વખતે તેઓએ પ્રયોજનીય ઉપકરણ સ્વરૂપ નીસરણીઓની સાથે આવીને સમર-કુશલતાની યથેષ્ટ ઓળખાણ આપી હતી.

કિલ્લામાં પ્રવેશ કરવાને માટે જ્યારે શુક્તાવત્ સંપ્રદાય ભીમ પરાક્રમથી મેહેનત કરતા હતા, ત્યારે ચંદાવતગણ ઘનઘોર હુંકાર નાદથી શત્રુકુલને સ્તંભિત કરીને કિલ્લો સર કરવામાં પ્રવૃત થયા હતા. ચંદાવત્ નાયક નીસરણીઓ મૂકીને દરવાજાપર ચઢી જવાનું કરતાં અનુચરવર્ગને તેના પ્રમાણે ચાલવાનો હુકમ કરતો હતો, એવી વખતે તે સામા પક્ષના ગોલાના આઘાતથી મૃત્યુ પામીને પોતાના સૈન્યદલમાં આવી પડયો. હિરોલ સંમાન મેળવવાનું તેના ભાગ્યમાં આવ્યું નહિ. જણાવા લાગ્યું કે, મુસલમાનોના બલદર્પમાં ઉભય સંપ્રદાય ખરાબ થઈ જશે. ચંદાવત સામંતનું પરિણામ જ્યારે એવું શોચનીય થયું, ત્યારે શુક્તાવત્ સામંત વીરત્વવિક્રમથી કિલ્લામાં જવાનો યત્ન કરતો હતો. તે એક મદમત્ત હાથી ઉપર બેસી કિલ્લાનો દરવાજો ભાંગીને

અંદર જવાની મહેનત કરવા લાગ્યો. પણ દરવાજાના કમાડોમાં સુતીક્ષ્ણ લોઢાના ખીલા હતા તેનાપર' શરીર અડકાડીને એવી રીતે વેગથી બલ લગાડતો હતો કે તરત ખીલા ખુંચતા તેથી વેદનાથી કાયર થઇને તે પાછો પડતો હતો.અહિં એ હાથીની એવી હાલત હતી, અને બીજી બાજુએ વળી સામા પક્ષના બાણથી પોતાના સંપ્રદાયના સેંકડો વીર મરતા હતા, એવા વખતે ચંદાવતોમાં મહા ભીષણ અવાજ સાંભળ્યાથી, સુક્તાવતના એ સરદારે સ્વપક્ષના જયલાભમાં એક રીતે નિરાશ થઇ પોતાના જીવની માયા પરિત્યાગ કરી પોતે પ્રાણ આપ્યાથી જો પોતના સપ્રદાયને હિરોલ સંમાન મળે તો જન્મનું સાર્થક થાય એવો વિચાર કરીને ખીલાદાર દરવાજાનાં પોતાનો દેહ રાખી હાથી પાસે માથું મરાવવાને માવતને હુકમ આપ્યો. તે સમજ્યો હતો કે, સુતીક્ષ્ણ ખીલાની વેદના ભયથી ડરીને હાથી જોરભેર ધક્કો મારી શકતો નથી પરંતુ હવે એના શરીરમાં ખીલા લાગશે નહિ અને મારા દેહ પર હાથી ચાલવાથી હું જીવતો રહી શકીશ નહિ, પરંતુ એમ કર્યાથી હાથી જો દરવાજો ભાગવાને

સમર્થ થશે તો મારા પક્ષિયો હિરોલ સંમાન મેળવી શકશે, એના કરતાં વધારે બીજો કયો સૌભાગ્યનો વિષય થઇ શકે? હવે માવતે જોયું કે હાથીના ધક્કાથી સરદાર મરી જશે, તેથી તે આનાકાની કરવા લાગ્યો, ત્યારે સરદાર તેને પ્રાણદંડનો ભય દેખાડી પોતાના શરીર ઉપર હાથીને ચલાવવા વારંવાર હુકમ કરવા લાગ્યો. તેના એવા અત્યાગ્રહથી માવતે હાથી ચલાવ્યો, એટલે અસીમ બલ સમ્પન્નાએ હાથીના દેહ ભારથી કડકડ કરતો કિલ્લાનો દરવાજો ભાંગી ગયો, સામંતનો દેહ છુંદાઇ ગયો, અને તેના ઉપર થઇને તેના સંપ્રદાયના વીરો ઘનઘોર ગંભીર નાદથી જય જય અવાજ કરતા કરતા કિલ્લામાં પ્રવેશ કરીને વિપક્ષીઓને મારવા લાગ્યા. પરંતુ જે હિરોલ સંમાનને સારૂ એ શુક્તાવત્ સામંત પોતાના અમૂલ્ય જીવનને ઘણું અકિંચિત્કર સમજીને સહેજમા હાથીથી છુંદાઇ મૂઓ તે સંમાન શુક્તાવતોના ભાગ્યમાં ઘટિત થયું નહોતું. જે વખતે શુક્તાવત સામતે પ્રાણ ત્યાગ કર્યો અને તેના દલે કિલ્લામાં પ્રવેશ કર્યો તેજ વખતે ચંદાવત્ સામંતના મૃત દેહ કિલ્લાની દિવાલ ઉપર પ્રતિષ્ઠત

થયો અને તેના સૈન્યે કિલ્લામાં પ્રવેશ કર્યો. શુક્તાવત્ સૈન્યમાં એકવાર પ્રતિદ્વન્દ્વીઓની ગભીર ગર્જના સંભળાઇ હતી. તે બીજું કંઇજ નહોતું, માત્ર ચંદાવતોની કૃતાર્થતા સબંધી જય ધ્વનિ હતી.

ચંદાવત્ સામંત પ્રાણ વિનાનો થઇને દિવાલની નીચે પોતાના સંપ્રદાયમાં પડ્યો ત્યારે તેના તાબાનો અતિ આત્મીય નિકટનાં સગાં દેવગડના સામંતે ચંદાવત્ ગણની અધ્યક્ષતાનો ભાર લીધો કે અસીમ સાહસી અભીત-તેજસ્વી વીર પુરૂષ એવો નીર્ભીક હતો કે, તે કોઇ જાતની વિપદના ઉપર લક્ષ્ય કરતો નહોતો—એટલુંજ નહિ પરંતુ સિંહના મોંઢામાં જવામાં પણ ડરતો નહોતો. એ વારને સઘળાઓ તેને " બંદાઠાકુર " એટલે ઘેલો સામંત કહેતા.

સામંતનું મૃત શરીર ચાદરમાં બાંધીને નવીન અધિનાયકે સશસ્ત્રે કિલ્લાની ભીંત ઉપર ચઢીને બળદર્પથી સંહાર મૂર્તિની સાથે પોતાનો વાવટો ચઢાવી દીધો તેના અસ્ત્રોથી સામા પક્ષની હજારો સેના મરવા લાગી. છેલ્લે તેણે તે શબ દેહ દિવાલના ઉપર રાખીને જય જય અવાજથી લલકારીને કહ્યું—" અમે પેહેલા કિલ્લામાં ગયા છિએ, હિરોલ સંમાન અમે મેળવ્યું છે."

ચંદાવતગણોએ નવીન સામંતના એવા જય જયરવમાં પોતાની જય ધ્વનિ સંયોજીત કરીને ચારે બાજુએ પ્રતિધ્વનિત કરી મૂકી વિપક્ષિઓ ભાગી ગયા. શુકતાવતગણોએ કિલ્લામાં પ્રવેશ કરીને જોયું તો ચંદાવનોએ દુર્ગદ્વાર ક્ષણમાત્ર પેહેલા કબજે કરી લીધું છે. મેવાડની જય પતાકા એ રીતે એન્તાલ દુર્ગમાં અને ચંદાવતગણે હિરોલ સંમાન મેળવ્યું.

એવી જાતના લોમહર્ષણ વ્યાપાર બીજા કોઇ દેશના ઇતિહાસમાં જોવામાં આવતા નથી. વીરત્વ ગૌરવ મેળવવાની પ્રબલ પિપાસામાં ઉત્તેજીત થઇને શુકતાવત સામંતે સ્વેચ્છાથી જીવન વિસર્જન કર્યું. એ રજપૂત સાહસનું કામ છે, રજપૂત સિવાય બીજા કોઇને સાધ્ય નથી, એ વાંચનારે જરૂર જાણવું. રજપૂત ઇતિહાસમાંથી એવાં દૃષ્ટાંત ઘણા આપી શકાશે. સાહસ સહિષ્ણુતા દેશહિતૈષિતા વગેરે સદ્ગુણોના સંબંધમાં રજપૂત જાતિ પૃથ્વીમાં અતુલનીય છે, એ વાત કર્નલ ટાડના જેવા મહામના યુરોપિયનો પણ વારંવાર સ્વીકાર કરે છે.

આ જગ્યા ઉપર પ્રસંગને અનુસરતી એક રહસ્યની વાત પાઠક વર્ગને નિવેદન કરીએ છીએ.

ઓનતાલદુર્ગના દરવાજે અને કોટ પાછળ જ્યારે મોટું યુદ્ધ થતું હતું ત્યારે મહેલમાં બે જણા ઉચ્ચ-પદસ્થ મોગલ, ચતુરંગ-શેતરંજની રમતમાં ઉન્મત્ત થયા હતા. રજપૂતોના હુમલાની વાત જાણતા છતાં પણ તેઓએ તે વાતની દરકાર કરી નહિ, દુર્ગની દુર્ભેદ્યતા અને મોગલસેનાની શ્રેષ્ઠતાના તોરમાં તેઓનો દૃઢ નિશ્ચય થયો હતો કે, થોડી વારમાં રજપૂતો ભાગી જશે એવો વિચાર કરીને તેઓ રમવા લાગ્યા એટલુંજ નહિ પણ વધારે રમવામાં મશગુલ થયા. એકતો રજપૂતની દુશ્મનાઇ તેમાં તેઓએ આજ મોહમંત્રમાં મુગ્ધ થઇને કિલ્લો ઘેર્યો છે, તે વાત જો તેઓ જાણી શકત તો માલમ પડે છે કે, તેઓ કદિપણ ચતુરંગમાં એવા મત્ત થાત નહિ. કિલ્લાની અંદરનો રાજમેહલ રજપૂતોના હાથમાં આવ્યો ત્યારે પણ તેઓ ચેત્યા નહિ. ક્ષણકાલ પછી તે ઓરડામાં ક્ષત્રિય સેના દાખલ થઇ અને એ બંને મોગલને ઘેરી લીધા. તેઓ રમતમાં ઉન્મત્ત હતા. વિજેતા વર્ગને સાનુનયથી તેમણે કહ્યું, "આપ થોડો વખત શાંત થાઓ, અમે રમત પૂરી કરી નાખીએ." ક્ષત્રિયવર્ગ તેમાં સંમત થયો.

પરંતુ તેઓનો વિલંબ જોઇને તેઓ ઘણા અધિરા થયા; તેનું કારણ એ કે, તેઓના ઉભય સંપ્રદાયના સામંતોએ પ્રાણ છોડયા છે. તેઓના હૃદયમાંથી દયા જતી રહી અને રમતની સમાપ્તિસુધી વિલંબ કરી ન શકયાથી એ બંને મોગલોને તેમણે મારી નાખ્યા.

શેતરંજના સબંધમાં પાઠકવર્ગે એવી ઘણીક વાતો સાંભળી હશે, પરંતુ આ તેમાં કંઇક ભયાનક સમજી શકાશે. આપણા દેશમાં શેતરંજની રમતના સંબધમાં ઘણી વાતો ચાલે છે તેનું વર્ણન કરીને પ્રસ્તાવ લબાવવાની ગરજ નથી. તો પણ ગ્રીસ દેશમાંના એક પંડિતની વાત અહીંઆં કહ્યા સિવાય રહી શકાતું નથી. તે શેતરંજની રમતમાં એવો તો મત્ત થયો હતો કે, જ્યારે વિપક્ષિયોએ નગરને ઘેરો નાખ્યો ત્યારે તે એક નવો અંક કહાડવાને નવી જાતની નીશાની શોધવા લાગ્યો. સામાપક્ષે જ્યારે નગરને હાથ કરી લીધું અને તેના મેહેલમાં આવ્યા; ત્યારે પણ તે નવી નીશાની શોધવામાં ચકચૂર હતો. પછી જ્યારે તેઓ તેનું માથું વાઢવાને તૈયાર થયા ત્યારે તેણે તેઓને વિનીત વચનથી કહ્યું "મારો આ અંક પૂરો થતાંસુધી રહે

ત્યારે મને મારી નાખજો." આવા માણુસો પૃથ્વીમાં ઘણા કમ હોય છે તેમાં સદેહ નથી.

ખરેખની તેજસ્વિતા.

ઓરંગજેબને દમન કરવાને માટે સોલમી સદીના મધ્યભાગમાં રઠોડરાજ યશોવંતસિંહ ત્રીશ હજાર રજપૂત સૈન્ય અને કેટલાક મોગલ સૈન્યના અધિનાયકત્વમાં અભિષિક્ત થઇને આગરામાંથી નિકળ્યો, તેની વિશાલ સેનાનાં પ્રચંડ પગલાંથી ધરતી ધ્રૂજવા લાગી. આવી મોટી સેના ઘણા પરાક્રમની સાથે નર્મદાની તર્ફ જવા લાગી. ઉજ્જયિનીથી આઠ કોસ દક્ષિણમાં સેના આવી પોહોંચી છે તે વેળાએ તેના સાંભળવામાં આવ્યું કે, ઓરંગજેબ તેની પાસે આવવા ઇચ્છેછે. તેથી તેણે આગળ ન વધતાં તે જગાપર છાવણી કરી જોતા જોતામાં ઓરંગજેબનું લશ્કર નર્મદા ઉતરીને યશોવંતની પાસે આવવા માંડયુ. પરંતુ એકદમ તેની સાથે લઢવાની હિંમત કરી નહિ રટોડરાજ ઇચ્છા કરત તો તે જગાપર તેઓને ઉત્સાહિત કરી શકત; પરંતુ તે વેળાએ તે ચુપ રહ્યા. એથી ઓરંગજેબને વખત મળ્યો. તેણે એ સુયોગમા પોતાના ભાઇ મુરાદની

સાથે એકત્રિત થઈને પોતાનું બલ દૃઢ કરી લીધું. એ જાણ્યા છતાં પણ યશોવંતસિંહ કંઈ પણ બોલ્યા નહિ, એક વખત પણ તેઓને તેમ કરતાં રોક્યા નહિ. પોતાના બળમદમાં મત્ત થઇને તે વિચાર કરતો હતો કે, એકીવારે બન્ને વિદ્રોહી ભાઇનું એકઠું બલ વિનાશ કરીશ. એ વાસ્તેજ તેણે તેઓને પરસ્પર મળવા દીધા હતા. પરંતુ તેનાથી તેનો અભિપ્રાય સિદ્ધ ન થયો એટલુંજ નહિ પણ ઉલટું ખરાબ પરિણામ નિપજ્યું. તેનાથી તેના સંમાન ગૌરવમાં ઘણીક રીતે ઓછાપણું આવી પડ્યું. ચતુર ઓરંગજેબ ભાઇની સાથે મળીને બેસી રહ્યો નહિ, પણ યશોવંતના આધીન મોગલ સૈનિકોની સાથે કાવતરાં કરવા લાગ્યો. તે કાવતરાંનું ફલ થોડીવારમાં જાહેર થયું. કેમકે રાઠોડરાજે જે વેળાએ વિદ્રોહીઓની સાથે લડાઇ કરવાનો હુકમ આપ્યો, તે વેળાએ તરત મોગલ સ્વારો તેને છોડીને ઓરંગજેબના પક્ષમાં ગયા. દુર્વૃત્તોની આવી વિશ્વાસઘાતકતાથી તેજસ્વી યશોવંત એક પળને માટે પણ નિરૂત્સાહ થયો નહિ, ઉલટો તેનો ઉત્સાહ પ્રથમના કરતાં વધારે ઉત્તેજીત થઇ પડ્યો. યવનો તેને છોડી

ગયા પણ તેની ૩૦ હજાર રજપૂત સેનાના વાવટા નીચે તે ઉભો રહ્યો. તેનો અને તેની રજપૂત સેનાનો દૃઢ વિશ્વાસ હતો કે શત્રુસેના ગમે તેટલી મોટી હોય તોપણ તેઓની પાસેથી પરાજિત થશે. એ વિશ્વાસથી હિંમતવાન થઇને તેઓએ કાન ફાડી નાખે તેવો સિંહનાદ કર્યો અને તેઓ પ્રચંડ પાહાડી નદીના પેઠે શત્રુસેનાના તર્ફ આગળ વધ્યા. રાજા યશોવંતે ભીષણ ભાલો હાથમાં પકડીને પોતાના રણતુરંગ માઝુમના ઉપર બેસીને બાદશાહના બંને છોકરાને ઘેર્યા. તે ભીષણ ચઢાઇમાં દશ હજાર મુસલમાનો મરી ગયા. તેઓને મારવા જતાં ૧૭ સો રાઠોડ તથા તે સિવાય ગિહલોટ, હાર, ગેર અને રાજવાડના દરેક સામંત સમ્પ્રદાયના ઘણાક વીર મરી ગયા. ઓરંગને લઇ મુરાદ બહુ મુશ્કેલીથી પ્રાણ લઇને નાઠો. કેમકે તેઓનું મૃત્યુ આવ્યું નહોતું. માઝુમ અને તેનો માલેક યશોવંતસિંહ લોહી લુવાણ થયા હતા. યશોવંતસિંહ ભુખ્યા વાઘની પેઠે દેખાતો હતો અને તે પ્રમાણે તે એક સિંહની પેઠે પોતાનો શિકાર છોડીને ચાલ્યો ગયો.

બીજે દિવસે ફરી લડાઈ થઇ તે વેળાએ ફ્રેન્ચ ગોલન્દાજ બર્નિયાર હતો. તે વખતે બંદુકની ગોળી

અને તોપના ગોળા ચાલતા હતા અને મોટી લડાઇ થતી હતી તેમાં કોઇનો પણ જય જણાયો નહિ. રાત પડી ત્યારે બંને પક્ષે લડાઈ કરવી બંધ કરી; ત્રીજે દિવસે સવારે રાજા યશોવંતસિંહ યુદ્ધસ્થળ છોડીને પોતાના રાજ્ય ભણી પાછો ફર્યા *

રાઠોડરાજ યશોવંતસિંહ લડાઇનું મેદાન છોડીને ગયો ખરો. પરંતુ એનાથી તેનો કંઇપણ અપજશ થયો નહિ કેમકે ક્રમાગત એક દિવસ સુધી ઘોર યુદ્ધના પછી બને પક્ષોએ લડાઇનું મેદાન છોડયું હતુ. અદ્યાપિ બને પક્ષમાં જય પરાજયનું કંઇપણ લક્ષણ જોવામાં આવ્યું નહોતું, તથાપિ વિશેષ વિવેચન કરીને જોયાથી સ્પષ્ટ જણાશે કે, ઓરંગજેબનોજ જય થયો હતો. તેની દુરભિસંધિ વ્યર્થ કરવા જતાં રજપૂતોએ ઘણું વીરત્વ દેખાડયું હતું ખરૂં, પરંતુ વિદ્રોહી બાદશાહના બેટાઓનાં ઘણાં લશ્કરની આગળ તેઓનું વીરત્વ વધારે ફલદાયક થયું નહિ. કેમકે તેઓના ઘણાખરા વીર લડાઇના મેદાનમાં પડયા હતા. જેઓ બાકી રહેલા હતા, તેઓને લઇને યશોવંતસિંહે ઓરગજેબના ઉપર પાછી ચઢાઈ કરવાની ઈચ્છા કરી નહિ ચતુર ઓ-

---

* બાર્નિયાર અને ખાફિખા કહે છે કે કાસિમખા નામનો જે યવન યશોવંતના આધીનમાં મોગલસેનાનો અધિનાયક થઈને ગયો હતો તેની વિશ્વાસ–ઘાતકતાથી યશોવંત પરાજિત થયો હતો.

રંગઝેબ પણ તેમાં ખુશ થઈને તેની સાથે લઢવા ગયો નહિ ગમે તે હો પરંતુ બંને પક્ષો કોઈ જાતની ગડબડ ન કરતાં લઢાઈના મેદાનમાંથી વિદાય થયા રાજા યશોવંત પોતાની રાજધાની તરફ આવવા લાગ્યો; પરંતુ તે સહેલાઇથી જોધપુરમાં આવી શક્યો નહિ; તેના પ્રવેશનો માર્ગ એક માણસથી રોકાયલો હતો, તે માણસ તેની પ્રિયતમા રાણી હતી.

રાજા યશોવંતસિંહે શિશોદિય કુલની એક સ્ત્રીની સાથે લગ્ન કર્યું હતું. તેની રાણી જેવી ઉચ્ચકુલમાં ઉત્પન્ન થયલી હતી, તેવીજ તે ઉચ્ચતમ ગુણાલંકારથી ભૂષિત હતી. તેણે ફતિયાબાદની લઢાઈના વર્ણન વિષે જ્યારે સાંભળ્યું કે, તેના પતિનું ઘણું ખરૂં સર્વ લશ્કર નાશ પામ્યું છે. અને તે શત્રુને પરાજય ન કરી શક્યાથી લઢાઈના મેદાનમાથી પાછો આવ્યો છે. ત્યારે તેના હૃદયમાં ઘણો ક્રોધ અને ધિક્કાર ઉત્પન્ન થયો તેથી રણજંગથી થાકેલા નૃપતિને સાંત્વના વાક્યથી તાઢો પાડવા તો રહ્યો, પણ તેમ ન કરતાં કિલ્લાનો દરવાજો બંધ કરવાનો હુકમ તેણે કર્યો. આ આશ્ચર્ય હુકમ સાંભળ્યાથી તેની સખીઓએ આશ્ચર્ય થઇ સાહસ ઉપર ભરૂસો રાખીને

આકસ્મિક મનોવિકારનું કારણ પૂછ્યાથી તે સાર્પિણીના પેઠે ગર્જન કરીને બોલી "રજપૂતકુલમાં જન્મ લઈને વીરપૂજ્ય શિશોદીય કુલમાં લગ્ન કરીને જે માણસ પ્રાણ હોવા છતાં શત્રુને પીઠ દેખાડે તે શું વીર પુરૂષ છે? નહિ, કદી નહિ, કદી નહિ, તે કાયર પુરૂષ છે—કાયરપુરૂષથી પણ અધમ છે. તે અધમ માણસને મારા આ કિલ્લામાં પેસવા દઈશ નહિ. તેને કહેજો કે, હું એવા માણસને સ્વામી કહીને સ્વીકાર કરી શકતી નથી. કેમકે શિશોદીય રાજનો જમાઈ કદીપણ આવો નીચ મનનો થઈ શકતો નથી. તેણે યાદ રાખવું જોઈએ કે એવા ઉચ્ચ વંશમાં લગ્ન કર્યાથી એના અસીમ ગુણરાશિનું અનુકરણ કરવું જોઈએ. અને તો લડાઈમાં જય મેળવવો જોઈએ, નહિ તો દુશ્મનના હાથે મરવું જોઈએ; તથાપિ પરાજય પામીને કદીપણ પ્રાણ લઈને ઘરમાં પાછું આવવું ન જોઈએ" એટલું કહેતામાંજ રાણીના મુખમંડળે બીજી મૂર્તિ ધારણ કરી; વિશાળ બંને આંખમાંથી અવિરલ ધારાથી આંસુ વહેવાં લાગ્યાં, ગાંડીના પેઠે તે રડવા લાગી. અને રડતાં રડતાં તે વેળાએજ એક મોટી ચિંતા

તૈયાર કરવાનો હુકમ કર્યો. તે હવે જીવન ધારણ કરશે નહિ, તેમ અવમાનિત અને કલંકિત થયેલા પોતાના સ્વામીને પણ જીવતો રહેવા દેશે નહિ; જરૂર રાજાને મરવું પડશે; તે તેની સાથે જશે, તેની સાથે એકત્ર તે ચિતાનલમાં જીવન વિસર્જન કરશે. વળી એક પળમાં એ શોકોન્માદિની મૂર્તિ પણ બદલાઇ. તેની જગાપર પાછી પહેલાંની રૂદ્રમૂર્તિ જોવામાં આવી. તે સ્વામીને ઉદ્દેશીને હજારો ધિક્કાર આપવા લાગી. એવી રીતે ઉન્માદિનીની હાલતમાં આઠ નવ દિવસ ગાળ્યા. સ્વામીને મળવાની તેની ઇચ્છા પ્રથમથીજ નહોતી. છેલ્લે તેની મા તેની પાસે આવીને તેને ઘણીક રીતે સમજાવવા લાગી. અને કહેવા લાગી કે, રાજા વિશ્રાંતિ લઈને પાછો લડાઇના મેદાનમાં જશે અને ઓરંગજેબને હરાવીને નાશ પામેલો ગૌરવ પાછો મેળવશે." તેથી તેના ક્રોધની આગ ઓલવાઇ અને તેના કિલ્લાના દરવાજા ઉઘાડવાનો હુકમ આપ્યો. આ ઉપરથી જણાય છે કે રાજસ્થાનની સ્ત્રીઓ ઘણી હિંમતવાન અને ઉન્નત હૃદયવાળી હતી. હાય! આજે એવી નારી ક્યાં છે?

સતીત્વરક્ષાને માટે આત્મોત્સર્ગ.

જ્યારે ગનોર રાજ્યને યવનોએ ઘેરી લીધું ત્યારે ગનોરની રાણીએ યવનોની બહુ ચઢાઈઓ રોકી, પરંતુ લશ્કરનું બળ કમી હોવાથી હજારો વીરપુરૂષો ટપોટપ મરવા લાગ્યા. શત્રુઓએ રાજ્યના કિલ્લાઓ એક પછી એક હાથ કરી લીધા; તથાપિ રજપૂત વીરાંગનાએ આત્મસમર્પણ કર્યું નહિ. છેલ્લે આત્મરક્ષાનો ઇલાજ નહિ જોયાથી તે નર્મદાના કિનારાપરના પોતાના એક કિલ્લામાં જવાને નિકળી. એ વીરાંગના જેવી મછવામાંથી ઉતરી કિલ્લા તર્ફ જાય છે, એટલામાં તો શત્રુઓએ તેને ઘેરી લીધી. તે છતાં જેમ તેમ મહ કષ્ટે તે કિલ્લામાં દાખલ તો થઈ ચૂકી, પરતુ જોતા જોતામાં દરવાજો બંધ કરી મૂક્યો. ગનોરની અધીશ્વરી જેવી વીર્યવતી, તેવીજ પરમ લાવણ્યવાળી હતી; પરંતુ તેની તે અસામાન્ય સુંદરતાજ તેના કાલ સ્વરૂપ હતી. મૂળમાં તેના રૂપથી લુબ્ધ થઇનેજ યવનરાજે ચઢાઇ કરી હતી. તેથી તેનું રાજ્ય જીત્યા પછી યવનરાજે તેને કહાવી મોકલ્યું કે,—"સુંદરિ! તમારૂં

રાજ્ય પાછું લઇ તમે મારા હૃદયરાજ્યના અધી- શ્વરી બનો વિવાહથી મને ચરિતાર્થ કરો એટલે પછી દાસ થઈને રહીશ.”પત્ર વાંચી રાણીને પગથી માથા સુધી ક્રોધાનલ પ્રગટ્યો પરંતુ તે શું કરે? થોડો વિચાર કરી વીરાંગનાએ જ્યાં નીચેના ઓર ડામાં કામ મોહિત યવનરાજ બેઠો હતો, ત્યાં તેને ઉત્તર મોકલ્યો કે,—“મને બે કલાકનો વખત આ- પો તો લગ્નને માટે વિવાહ યોગ્ય પોશાક તૈયાર કરી શકું.” બાદ બે કલાક થયા પછી લગ્નનો લાયક પોશાક પહેરીને તે પોતાના વિશ્રામભવનમાં આવીને બેઠી, અને એક મૂલ્યવાન પોશાક યવન- રાજ્યને મોકલાવ્યો. તે પોશાક પેહરીને થોડા વ- ખતનાં યવનરાજ તે સુદરી સમીપ આવી ઉભો ર- હ્યો. પ્રથમ તો તેના મનમાં સુખના હજારો વિચા- રો આવવા લાગ્યા, પરંતુ અકસ્માત્ તેના હૃદયમાં ભયંકર દરદ ઉપડી આવ્યું; તેની આંખોએ અધા- રી આવી અને તે ઘેલાની માફક બકવા લાગ્યો; “અરર! બળી મરૂં છું!” એવો તેનો બોલ સાં- ભળી વીરાંગનાએ કહ્યું—“તમારૂં આયુષ્ય હવે પૂ- રૂં થયું. આજેજ આપણું લગ્ન અને મૃત્યુ એકઠું

થશે. તમારા અપવિત્ર ગ્રાસમાંથી રમણીના સાર રત્ન સતીત્વધનની રક્ષાનો બીજો ઉપાય ન જોયાથી મેં તમોને ઝેર ભરેલો પોશાક આપ્યો હતો." એટલું બોલીને તે બાળા ગાળપરથી નીચે પછડાઈ. અરે હાય! તે બાપડી મરણ પામી; અને ત્યાર પછી યવન તરફડીને મૂઓ. ધન્ય એ સતીને!

વીર બાલક અને વીરાંગનાઓ.

પુત્ત, કર્મદેવી, કમલાવતી અને કર્ણવતી.

ઇસવી સન ૧૫૬૭ માં પરાક્રમી બાદશાહ અકબરશાહે જ્યારે ચિતોડ નગરને ઘાલ્યો, ત્યારે સ્વતંત્રતાને પ્રિય રજપૂત વીરો જ્યારે પ્રખ્યાત જન્મભૂમિને માટે નિડરતાથી રણભુમિમાં મરવા લાગ્યા, રજપૂતકુળગૌરવ જયમલ્લ જ્યારે શત્રુના હાથે માર્યો ગયો, ત્યારે સોળ વર્ષનો જુવાન પુત્ત અસીમ ઉત્સાહથી સ્વાધીનતાના જયનો વાવટો ઉરાડવાને શત્રુના સામે આવ્યો, ત્યારે ચિતોડની ત્રણ વીરાંગનાઓ (બહાદુર સ્ત્રીઓ) એ સ્વદેશને માટે પ્રાણ અ-

પેણ કર્યા હતા. અને કોમળ શરીરે કઠણ લોહનાં બખતર પહેરીને નાજુક હાથમાં કઠોર હથિઆર ધરીને તેઓ મુગલસેનાની ગતી રોકવાને ઉભી રહી હતી. આ લલનાઓ શત્રુપીડિત રાજ્યસ્થાનની ખરી વીરાંગનાઓ અને સ્વાધીનતાની તજોમય પ્રતિમાઓ હતી. જયમલના સ્વર્ગવાસથી ચિતોડની વીરભૂમિ વીર વિનાની થઇ હતી. તે વખતે મદાંધ મુગલો તેને દરવાજે આવી ખડા થયા હતા, તેમને કોણ રોકે? એવા બારીક સમયમાં પુત્ત નામે એક વીર બાલક પોતાની પ્રિય જન્મભૂમિને માટે પ્રાણ આપવાને તૈયાર થયો અને જયમલ્લ વિના જે ખોટ પડી હતી તે તેણે પૂરી નાંખી. એનું વય સોળ વર્ષનું હતું, એટલે ઉમરમાં તો તે બાળક હતો, પરંતુ સાહસમાં, પરાક્રમમાં અને શક્તિમાં તે પ્રૌઢ હતો. પોતાની માતા કમેદેવી પાસે યુદ્ધમાં જવાની પરવાનગી માગી અને તે તેણે આપી. પછી તે પોતાની પ્રિયતમા કમલાવતી પાસે ગયો અને તેણે પણ પ્રફુલ્લ હૃદયથી પોતાના પ્રાણાધાર પતિને વિદાયગીરી દીધી.તેની બેન કર્ણાવતીએ પણ એ પ્રમાણે જન્મભૂમિની રક્ષાને માટે ઉત્તેજિત કર્યો. એ પ્રમાણે

રજા માગીને જુવાન વીર પુત્ત રણભૂમિમાં હાજર થયો. એ વખતે મુગલની સેના બે ભાગમાં વહેંચાએલી હતી તેમાંના એક ભાગના ઉપરી અકબરશાહ પોતે થયા હતા, અને બીજો ભાગ એક વિચક્ષણ યોદ્ધાના સ્વાધીનમાં હતો; એ બીજા ભાગના સૈન્યની સાથે પુત્તનું ઘોર યુદ્ધ થતું હતું, તે વખતે બીજી બાજુએથી અકબરશાહ તેને અટકાવવાને આવતો હતો; એવામાં યુદ્ધસ્થળની સામેના સાંકડા ગિરિશિખરના પૂર્વ ભાગમાં કાળાં પત્રથી છવાયલાં એક બે ઝાડ હતાં તેની પછવાડેથી તેના સૈન્યની ઉપર ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો;તેના આઘાતથી ઘણા મુગલ યોદ્ધાઓ ટપોટપ મરવા લાગ્યા, અને પુત્તના તરફ ધસી જવામાં તેમની ગતિનો રોધ થયો. આથી વિસ્મય પામીને અકબરશાહ સામી બાજુએ જોવા લાગ્યો તો ત્રણ વીરાંગનાઓ ગિરિશિખરની ઓથે ઉભેલી તેણે જોઈ. તેમાંની એક વૃદ્ધ અને બીજી બે જુવાન હતી. એ ત્રણે ઘોડા ઉપર બેઠેલી, લોઢાના કવચ પહેરેલી અને હથિયાર ચલાવવામાં કુશલ હતી. મધુરતાની સાથે ઉગ્રતાનું એવું સંમિલન જોઈને અકબર સાનંદાશ્ચર્ય

પામ્યો, તથા તેમના પરાક્રમથી અને ગોળી માર-
વાની ચતુરાઇથી પોતાનું ઘણું સૈન્ય નાશ પામ્યું
તેના ક્ષોભથી લજ્જાયમાન થઇ તે લેવાઇ ગયો. પછી
ઘોર યુદ્ધ થવા લાગ્યું. તેમાં કર્મદેવી, કમલાવતી
અને કર્ણવતી પોતાનું અપૂર્વ પરાક્રમ દેખાડવા લાગી.
સોળ વર્ષનો જુવાન પુત્ર પ્રબલ શત્રુની સાથે એ-
કલો યુદ્ધ કરે તે કર્મદેવી જેવી વીરમાતા જોઇ શકે
નહિ; તેમજ પ્રાણાધાર પતિ એકલો મુગલોનાં હ-
થીયારથી જખમી થાય અને જન્મભૂમિની રક્ષાને
વાસ્તે તે એકલો પ્રાણત્યાગ કરે એ, કમલાવતી
જેવી પતિવ્રતા સન્નારી સહન કરી શકી નહિ; ત-
થા પોતાનો સ્નેહનિધિ ભાઈ તેનો પવિત્ર ધર્મ બજા-
વતાં દેહ ત્યાગ કરે અને મદાંધ મુગલો ચિતોડની
સ્વાધીનતા હરણ કરે એ, કર્ણવતી જેવી પ્રેમાળ
બેન જોઇ શકી નહિ; તેથી પુત્તની સામે જતા સૈ-
ન્યનો માર્ગ રોકવાને તેઓ સ્થિર ઉભી રહી અને
અકબરશાહને હંફાવવા લાગી. એ પ્રમાણે એક ત-
રફ સોળ વર્ષનો પુત્ત અને બીજી તરફ તેની વૃદ્ધ
જનની તથા જુવાનીના મદથી ભરેલી પ્રાણપ્રિયા
અને બેન એમની વચ્ચે અકબરનું સૈન્ય આવી ગયું.

એવી સ્થિતિમાં બપોરથી સંધ્યાકાળ સુધી ઘમસાણ યુદ્ધ ચાલ્યું; તેમાં એ બહાદુર રજપૂતાણીઓની કુશળતાથી અકબરના ઘણા યોદ્ધાઓ નાશ પામ્યા. અકબર ખરો વીર પુરૂષ હતો તે પણ, એ ત્રણ વીરાંગનાઓનું વીરત્વ જોઇને સ્તંભિત અને મોહિત થયો, તથા તેમના વીરત્વનું બની શકે તેટલું સન્માન કરવાને તે તલસ્યો. તેણે પોતાના સૈન્યમાં ઢોંડી પીટાવી જાહેર કર્યું કે, "જે કોઇ પહેલવાન એ વીરાંગનાઓને જીવતી પકડીને મારી પાસે લાવશે તેને ઘણું ધન અને ઇનામ મળશે." પરંતુ સઘળાઓ યુદ્ધમાં ઉન્મત્ત હતા તેથી એ ઉપર કોઇએ લક્ષ આપ્યું નહિ અને જ્ઞાનશૂન્ય થઇ યુદ્ધ કરવા લાગ્યા એવામાં એકાએક કર્ણવતી ખરતા ફુલની પેઠે પડી ગઇ. તેની માતા કર્મદેવીએ તે જોયું, પણ તેથી નહિ ગભરાતાં સ્થિર ચિત્તથી તે પોતાના યુદ્ધકર્મમાં સાવધાન રહી પછી થોડીવારે એક ગોળી આવી તે કમલાવતીના ડાબા હાથમાં વાગી; તેના ભયંકર જખમથી નમી નહિ જતાં થોડીવારસુધી તો તેણે સ્થિર ભાવથી શત્રુઓને માર્યા, પણ પછી બેશુદ્ધ થઇ પડી. ત્યાર કેડે કર્મદેવીની

પણ એ દશા થઈ. જ્યારે પુત્ત અકબરના સૈન્યનો પરાજય કરીને ગિરિશિખરના પાસે આવ્યો, ત્યારે કમલાવતી અને કર્મદેવીની વાચા બંધ થઈ હતી. પુત્તે તેમનાં માથાં પોતાના હાથમાં લીધાં; તે વખતે કમળાવતીએ ધીરભાવથી પ્રિયતમના સામું જોયું અને તેવીજ સ્થિતિમાં દેહ ત્યાગ કર્યો. કર્મદેવીએ પણ પાછું યુદ્ધ કરવાની સાન કરી આંખ મીચી. કર્ણાવતી બેન તો પ્રથમથીજ પુત્તનો સંબંધ છોડીને સ્વર્ગે ગઇ હતી. આ દેખાવ જોઇને પુત્તે પળવાર વિચાર કરી "હર હર" અવાજની ગર્જના સાથે શત્રુના દળમાં પ્રવેશ કર્યો અને કેટલીકવાર યુદ્ધ કરીને તથા ઘણાક મુગલ યોદ્ધાઓને મારીને તે જુવાન વીર જન્મભૂમિના ખોળે અનંત નિદ્રામાં સુતા ! ! અહા ! મેવાડના રજપૂત વીરોના પરાક્રમની સ્તુતિ કોણ કરી શકશે ! !

પ્રતાપસિંહનું વારત્વ.

આજ સંવત ૧૬૩૨ ના શ્રવણની અજવાળી ૭ મ શ્રે. આજે મેવાડના રાજપુરૂષો સ્વર્ગાધિક જન્મભૂમિને માટે પોતના પ્રાણ આપવાને તૈયાર થયા છે. બાદશાહ અકબરનો જ્યેષ્ઠ પુત્ર સેલિમ રાજા

માનસિંહની સાથે મેવાડને જીતવા આવ્યો છે. વિધર્મી યવન, પવિત્ર સૂર્યવંશમાં કલંકનો ડાગ લગાડવાને તૈયાર થયા છે, પણ મેવાડનો વીરશ્રેષ્ઠ પ્રતાપસિંહ આજે એ વંશને અકલંકિત રાખવા વાસ્તે તૈયાર થયો છે. ખરા ક્ષત્રિય વીરે આજે ખરા ક્ષત્રિયત્વના ગૌરવની રક્ષાને માટે દૃઢ સંકલ્પ કર્યો છે. ચિરસ્મરણીય હલદિઘાટમાં ચોહાણ, રાઠોડ, ઝાલા વગેરે કુલના બાવીશ હજાર રજપૂતવીર એકઠા થયા છે, અને પ્રતાપસિંહ એ બાવીસ હજાર રજપૂતોનો અધિનેતા થઇને પરાક્રમી મુગલ સૈન્યનો ગતિરોધ કરવાને ઉભા થઈ રહ્યો છે.

હલદિઘાટ એક ગિરિ ઉપર છે. એની ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણના ઘણા ખરા સઘળા ભાગમાં સમુન્નત પર્વત, લંબભાવથી ઉભેલો છે. આ સ્થાન પર્વત જંગલ અને ન્હાની નદીમાં ઢંકાયલું છે. પ્રતાપસિંહ એ ગિરિનો આશ્રય લઇને અકબરના પુત્રની સામે થયો. એ હલદિઘાટના યુદ્ધનો દિવસ રજપૂત વીરોનો અનંત ઉત્સવનો દિવસ હતો. એ ઉત્સવમાં મત્ત થઇને તેઓએ પોતાના પ્રાણ અર્પણ કર્યા હતા અને એકના પછી એક અનંત નિદ્રામાં

સૂતા હતા. આ ઉત્સવમાં મહાવીર પ્રતાપસિંહ સઘળાઓથી આગળ હતો. પેહેલાં અંબરના રાજા માનસિંહની તર્ફ દોડયો. પરંતુ માનસિંહ દિલ્લીના અસંખ્ય સૈન્યની વચમાં હતો. પ્રતાપ તે સૈન્ય ભેદ કરી શકયો નહિ; તેણે મેઘ ગંભીર સ્વરથી માનસિંહને કાપુરૂષ, રજપૂત કુલાંગાર કહીને તેનો તિરસ્કાર કર્યો. પણ માનસિંહે પ્રતાપના આ તિરસ્કારમાં કાન લગાડયા નહિ. તેના પછી યુવરાજ સેલિમ હાથી ઉપર બેસીને જે બાજુએ યુદ્ધ કરતો હતો તે બાજુએ પ્રતાપે પોતાની તરવાર ચલાવવા માંડી. અને એકે એકે અનેકને મારતા મારતા સેલિમના દેહ-રક્ષકોને ભૂમીશાયી કરવા માંડયા. હાથીના માવતનોએ જીવ લીધો. એ રીતે પ્રતાપ નિર્ભીકચિત્તથી યુદ્ધ કરવા લાગ્યો. તે ત્રણવાર મુગલ સેનામાં ગયો હતો, અને ત્રણવાર તેનું જીવન સંકટમાં આવી પડયું હતું પણ રજપૂતોએ પોતાના પ્રાણ આપીને તે ત્રણેવાર એવા આસન્ન મૃત્યુથી તેની રક્ષા કરી. રાણાનો પ્રાણ બચાવવાને માટે તેઓ આત્મ-પ્રાણ તુચ્છ જાણતા હતા. પ્રતાપસિંહના શરીરના એક સ્થાનમાં ગોળી લાગી, ત્રણ

જગ્યા ઉપર તીરનાં ભાલાં ભોકાયાં, અને ત્રણ જગ્યા ઉપર તરવારના જખમ લાગ્યા હતા. આવી રીતે સાત ઠેકાણે તે જખમી થયો હતો, તથાપિ તેણે ઉન્મત્ત ભાવથી શત્રુમાં પ્રવેશ કર્યો; રજપૂતોએ પાછો તેને બચાવવાની મેહેનત કરી. પરંતુ તેઓમાંના ઘણાકો વીર-શય્યામાં સૂતા હતા. ચોહાણ, રઠોડ, ઝાલાકુલના અગ્રગણ્ય વીરો સર્વપ્રિય જન્મભૂમિની રક્ષાને માટે હાથમાં તરવાર લઇને અનંત નિદ્રામાં ઊંધ્યા હતા;તેથી પ્રતાપનો ઉદ્ધાર કરવો એ આ વખતે મુશ્કેલ જણાયું પણ એટલામાં દેલવાડાના વીરમલ્લે એ જોયું અને પલવારમાં તે પોતાનું સૈન્ય લઇને પ્રતાપની તર્ફ દોડયો. આ વખતે મુગલના લશ્કરની હારનો ભેદ થયો તેથી પ્રતાપસિંહ રક્ષા પામ્યો, પરંતુ વીરમલ્લ પાછો ફર્યો નહિ. રાણાને વાસ્તે તે અસીમ સાહસથી યુદ્ધ કરીને રણભૂમિમાં સૂતો. પ્રતાપ તેના તર્ફ જોઇને બોલ્યો " દેલવાડા! તમારૂં જીવન આપીને મારા જીવનની રક્ષા કરી. " તે સાંભળીને આસન્ન મૃત્યુ દેલવાડાએ અસ્પષ્ટ સ્વરથી ઉત્તર આપ્યો, " રજપૂત વીરધર્મ જાણું છે. તેઓ વિપત્તિની વેળાએ પણ મહા-

રાણાને ત્યાગ કરતા નથી. ” મુગલસૈન્ય રજપૂતોનું વિક્રમ જોઈને પ્રશંસા કરવા લાગ્યું; પરંતુ રજપૂતોનો જય થયો નહિ. મુગલસૈન્ય તીડના પ્રમાણે ચોતરફ છાઈ પડયું હતું તે હઠયું નહિ. ચૌદહજાર રજપૂતના લોહીથી હલદિ ઘટનું ક્ષેત્ર રંજીત થયું. આખરે પ્રતાપે જય લાભમાં નિરાશ થઇને રણસ્થળ પરિત્યાગ કર્યું.

એવી રીતે હલદી ઘાટની લઢાઈનો છેડો આવ્યો. એવી રીતે ચૌદહજાર રજપૂતોએ હલદિ ઘાટની રક્ષાને વાસ્તે અમ્લાન વદનથી, અસંકુચિત ચિત્તથી પોતાનું જીવન ત્યાગ કર્યું. હલદિ ઘાટ પરમ પવિત્ર યુદ્ધ-ક્ષેત્ર થયું. કવિની રસમયી કવિતામાં એ અનંતકાળ ગવાશે, ઐતિહાસિકોના અપક્ષપાત વર્ણનમાં એ અનંતકાળ સુધી વર્ણિત થશે. પ્રતાપસિંહ અનંતકાળસુધી વીરેન્દ્રની સમાજમાં હૃદયગત શ્રદ્ધાથી પૂજાશે. અને પવિત્રથી પણ પવિત્રતર થઇને અનંતકાળ અમર થઇ રહેશે.

પ્રતાપસિંહે અનુચર વીનાનો થઇને ચેતક નામના કાળા રંગના તેજસ્વી ઘોડા ઉપર બેસીને રણસ્થલ ત્યાગ કર્યું. એ ઘોડોપણ તેજસ્વીતામાં પ્રતાપની

પ્રમાણે રાજસ્થાનના ઇતિહાસમાં પ્રસિદ્ધ થયો છે. જ્યારે એ મુગલ સરદારો પ્રતાપના પછવાડે દોડતા હતા, ત્યારે એ ચૈતકે એક ન્હાનો પર્વતનો ઝરો કુદાવીને સામે પાર થઇ પોતાના પ્રભુની રક્ષા કરી. પરંતુ પ્રતાપના પ્રમાણે ચતક પણ યુદ્ધ-સ્થલમાં જખમી થયો હતો. જખમી થયલા સ્વામીને લઇને આ જખમી થયલો ઘોડો ચાલવા લાગ્યો. અકસ્માત્ પ્રતાપે પછવાડે ઘોડાનાં પગલાંનો અવાજ સાંભળ્યો અને પછવાડે ફરીને જોયું તો તેનો સહોદર ભાઇ શક્ત આવે છે. એ શક્ત પ્રતાપનો શત્રુ હતો. તે બાપના ધર્મનો નાશ કરીને મુગલની સાથે મળ્યો હતો. પ્રતાપે એ ક્ષત્રીકુલના કલંક સહોદરને જોઇને ક્ષોભથી અને રોષથી ઘોડાને થોભાવ્યો. પરંતુ શક્તે કોઇ પણ રીતે વિરૂદ્ધાચરણ કર્યું નહિ. તેણે હલદિ ઘાટ ઉપર મોટા ભાઇની અલૌકિક બાહાદુરી અને શક્તિ જોઇ હતી. અને એ અપૂર્વ દેખાવ જોઇને તેના મનમાં આત્મ-ગ્લાનિ થઇ હતી. તેથી તે આંખમાં આસુ આણીને મોટાના પગમાં પડયો. પ્રતાપે આગળનો સઘળો અપરાધ ભૂલી ગયો. ઘણા દિવસની શત્રુતા દૂર થઇ ગઇ. પ્રતાપે પ્રગાઢ

સ્નેહથી ન્હાનાભાઈને આલિંગન કર્યું. આમ એક તરફ ભાઇ એ ભાઇ મળીને મેવાડની ગયેલી કીર્ત્તિ મેળવવાને દૃઢ પ્રતિજ્ઞા કરી અને એક તર્ફ રસ્તામાં ચૈતકનો પ્રાણ ગયો. પ્રિયતમ વાહનના સ્મરણને માટે પ્રતાપે એ જગ્યા ઉપર મંદિર બનાવ્યું. આજ સુધી આ જગ્યા "ચૈતકકા ચબુતરા"ના નામથી ઓળખાય છે.

૧૫૭૬ ઇસવી સનના જુલાઇ મહીનામાં ચિરસ્મરણીય હલદિ ઘાટમાં મેવાડના ગૌરવ-સ્વરૂપ રજપૂતોના લોહીના સ્રોત પ્રવાહિત થાય છે. સેલિમે પણ વિજયી થઇને રણક્ષેત્ર છોડયું. કમલમીર અને ઉદયપુર શત્રુના હાથમાં ગયાં! પ્રતાપ છોકરાઓને લઇને એક પર્વતથી બીજા પર્વત ઉપર, એક અરણ્યમાંથી બીજા અરણ્યમાં, એક ગુફામાંથી બીજી ગુફામાં જઇને શોધનારા મુગલોના હાથથી પોતાની રક્ષા કરવા લાગ્યો. વર્ષના પછી વર્ષ જવા લાગ્યાં, તથાપિ પ્રતાપના દુઃખનો છેડો આવ્યો નહિ, હરએક નવાં વર્ષ નવાં નવાં દુઃખ સંચય કરીને પ્રતાપની આગળ આવવાં લાગ્યાં પરંતુ પ્રતાપ અટલ રહ્યો, મુગલની આધીનતા તેણે સ્વીકારી નહિ. આસ્તે આસ્તે મેવાડનું

આકાશ વધારે અંધકારવાળું થવા માંડયું, આસ્તે આસ્તે પરાક્રમી શત્રુ ઘણીક જગ્યામાં પોતાનું આધિપત્વ સ્થાપન કરવા લાગ્યા, તથાપિ પ્રતાપ અચલ રહ્યો, બાપારાવનું લોહી કલંકિત કર્યું નહિ આ વખતે પ્રતાપસિંહ એવી ખરાબ હાલતમાં પડયો હતો કે, એક વેળા વિશ્વાસી ભીલોએ તેના કુટુંબને એક નિરાપદ સ્થાનમાં લઇને રાખ્યા, અને ખાવાનું આપીને તેઓની પ્રાણ રક્ષા કરી.

પ્રતાપના એવા અસાધારણ સ્વાર્થત્યાગ અને પૂર્વે નહિ જોયેલા એવા દુઃખથી સદાશય શત્રુના હૃદયમાં દયા આવી. દિલ્લીના પ્રધાન રાજકર્મચારીએ એવી હિતૈષણાથી વિમોહિત થઇને પ્રતાપને સંબોધન કરીને નીચેના ભાવની એક કવિતા કરી મોકલી હતી. "પૃથ્વીમાં કંઇજ સ્થાયી નથી; ભૂમિ અને સંપતિ અદૃશ્ય થશે; પરંતુ મહત્ લોકોનો ધર્મ કદિપણ વિલુપ્ત થશે નહિ. પ્રતાપે સંપતિ અને ભૂમિ ત્યાગ કરી છે, પરંતુ કદિપણ મસ્તક અવનત કરશે નહિ. હિંદુસ્થાનના સઘળા રાજાઓમાં તેજ કેવળ પોતાના વંશના સન્માનની રક્ષા કરે છે." પ્રતાપ એવી રીતે વિપક્ષી

શત્રુની આગળથી પણ પ્રશંસાભાજન થઈને વને વને ફરતો હતો. પ્રાણાધિક પત્ની અને છોકરાઓના દુ:ખથી એક એક વખતે તે ઉન્મત્ત થઇ જતો હતો. તેણે પાંચ વાર ખાવાની તૈયારી કરી હતી, પરંતુ જોગવાઇ વિના પાંચેવાર ખાણું છોડીને તેને પાર્વત્ય પ્રદેશમાં ભાગવું પડયુ હતું. એક વખત તેની રાણી અને પુત્રવધૂએ મલ નામના ઘાસના બીજથી કેટલાક રોટલા તૈયાર કર્યા હતા તેમાંથી થોડાક તે સમયે ખાઈને બાકીના ભવિષ્યને વાસ્તે રાખી મૂક્યા હતા. પછી પ્રતાપની એક છોકરી એ રહેલા રોટલા લઈને ખાતી હતી એવી વખતે એક જંગલી બીલાડો તેના હાથમાંથી રોટલો લઇને ભાગી ગઇ. બાલિકા આર્તસ્વરથી રડી પડી; પ્રતાપ તેની પાસે રહીને પોતાની શોચનીય હાલત વિષે વિચાર કરતો હતો, તે છોકરીના રડવાથી ચમકિત થઇને જોય છે તો રોટલા જતા રહ્યા છે. બાલિકા ભુખથી ટળવળતી રડે છે. પ્રતાપે અમ્લાન વદનથી હલદિઘાટમાં સ્વદેશીઓના લોહીના સ્રોત જોયા હતા, અમ્લાન વદનથી સ્વદેશીઓને સ્વદેશની સંમાન-રક્ષાને માટે આત્મ-પ્રાણ આપવાને ઉત્તેજીત કરી મૂક્યા

હતા, અને અમ્લાન વદનથી રજપૂતવંશના ગૌરવ- ની રક્ષાને માટે રણુસ્થલની કરાલ સંહાર-મૂર્તિની તુચ્છતા દેખાડીને કહ્યું હતું "આ ભાવથી દેહ વિ- સર્જનને માટેજ રજપૂતોએ જન્મ લીધો છે." પ- રંતુ હમણાં તે સ્થિરચિત્ત રાખીને છોકરીની કાતર- તા જોઈ શક્યો નહિ. સ્નેહાસ્પદ બાલિકાનું કાતર સ્વરનું રડવું જોઇને તેનું હૃદય વ્યથિત થયું, જાણે તેની આગળ સેંકડો કાલ-ભૂજંગોએ આવીને, સર્વા- ગમાં દંશન કર્યું હોય એવી યાતના તેને થવા માંડી, અને કષ્ટ દૂર કરવાને વાસ્તે તેણે અકબરની આગ- ળ આત્મસમર્પણનો અભિપ્રાય જણાવ્યો.

પ્રતાપની આ આધીનતા—સ્વીકારની ખબર અ- કબરના નગરમાં વ્યાપી રહી અને અકબરે મહોત્- સવથી ઉત્સવ કરવાનો હુકમ નગરવાસીઓને કર્યો. પ્રતાપે અકબરની આગળ જે પત્ર મોકલ્યો હતો તે પત્ર, પૃથ્વીરાજે જોયો. એ પૃથ્વીરાજ બિકાનેરના અધિપતિનો ન્હાનો ભાઇ હતો. સ્વજાતિ- પ્રિયતા અને સ્વજાતિ હિતૈષિતામાં તેનું હૃદય પૂર્ણ હતું. ને પ્રતાપની શ્રદ્ધા અને ભક્તિ કરતો હતો. તેથી પ્રતાપ એકદમ દિલ્લીશ્વરની આગળ મસ્તક નમાવશે

એ વિચારીને તેનું હૃદય ઘણું ક્ષુબ્ધ થયું. તેણે વખત ન લગાડતાં નીચના ભાવની કેટલીક કવિતા રચીને પ્રતાપની પાસે મોકલાવી:—

હિંદુઓની સઘળી આશા ઉમેદો હિંદુજાતિના ઉપરજ આધાર રાખે છે. રાણાએ હમણાં તે સઘળું છોડયું છે. અમારા સરદારોમાં તે વીરત્વ નથી, નારીઓમાં તે સતીત્વ ગૌરવ નથી. પ્રતાપ ન હોતનો અકબર સઘળાઓનેજ એક સરખા કરી મૂકત. આપણી જાતિના બજારમાં અકબર એક વેપારી છે; તેણે સઘળાઓને વેચાતા લીધા છે; કેવળ ઉદયના તનયને તે વેચાતો લઇ શકયો નથી. સઘળાઓએ હત-શ્વાસ થઇને નોરોજના બજારમાં આવીને અપમાન વહોર્યું છે, કેવળ હમીરના વંશધરે આજસુધી તેવું અપમાન જોયું નથી. જગત્ પૂછે છે કે પ્રતાપનું અવલંબન કયાં છે? પુરૂષત્વ અને તરવારજ તેનું અવલંબન છે. આ અવલંબન બલથીજ તે ક્ષત્રિયના ગૌરવની રક્ષા કરે છે. બજારનો આ વેપારી કંઇ હમેશાં જીવિત રહેશે નહિ. એક દિવસ જરૂર તે આ લોકમાંથી જતો રહેશે. ત્યારે અમારી જાતિના સઘળા પરિત્યક્ત ભૂમીમાં

રજપુત-બીજને વાવવાને માટે પ્રતાપની આગળ હાજર થશે, જેથી આ બીજની રક્ષા થઇ શકે, જેથી એની પવિત્રતા પાછી સમુજ્જવલ થઇ શકે, તેને વરને સઘળાઓ પ્રતાપની તર્ફ જોઇ રહ્યા છે ”

પૃથ્વીરાજનું આ ઉત્સાહ-વાક્ય લાખો રજપૂતના તુલ્ય બળકારક થયું. એણે પ્રતાપના મુમુર્ષમાનદેહમાં જીવનીશક્તિ આપી અને તેને પાછો સ્વદેશ ગૌરવકર મહાન કામ બજાવવાને ઉત્તેજીત કર્યો. પ્રતાપે દિલ્લીશ્વરની આગળ નમવાનો સંકલ્પ છોડયો. પરંતુ આ વખતે વરસાદનું એવું જોર થયું હતું કે, તે કોઇપણ રીતે પર્વત શિખર ઉપર રહી શકો નહિ. તેણે મેવાડ છોડીને મારવાડ ઓલંગી સિંધુનદીને કિનારે જવાનો દૃઢ નિશ્ચય કર્યો. આ સંકલ્પની સિદ્ધિને વાસ્તે તે કુટંબવર્ગનાં માણસો અને બીજા મેવાડના કેટલાક વિશ્વાસી રજપૂતોની સાથે આરાવલીથી ઉતરીને મારવાડમાં ગયો. આ વખતે પ્રતાપના મંત્રીએ તેના પૂર્વ પુરૂષોનું એકઠું કરેલું સઘળું ધન લાવીને પ્રતાપની આગળ હાજર કર્યું, એ સંપત્તિ એટલી હતી કે એનાથી બાર વર્ષ સુધી પચીસ હજાર માણસોનું ભરણ પોષણ

વગર હરકતથી થઇ શકે. કૃતજ્ઞતાના એ મોટા ઉદાહરણથી પ્રતાપ પાછો હિમ્મતની સાથે અભીષ્ટ મંત્ર સાધનને વાસ્તે ધારણા પાર પાડવાને તૈયાર થયો, અવિલંબે અનુચરવર્ગ એકઠા થયા. અને એઓને લઇને આરાવલીને પેલે પાર ગયો. મુગલ સેનાપતિ શાહબાજખાં લશકર લઇને દેવીરમાં હતો. એ દેવીરના યુદ્ધમાં પ્રતાપે જય મેળવ્યો. શાહબાજખાં હત થયો. પછી આસ્તે આસ્તે પ્રતાપે કમલમીર અને ઉદયપુર હસ્તગત કર્યાં. આસ્તે આસ્તે આજમીઢ અને મંડલગઢ સિવાય સઘળો મેવાડનો પ્રદેશ તેના તાબે થઇ પડયો. આ વિજયની વાર્તા અકબરે સાંભળી. પરાક્રમી મુગલોએ દશ વર્ષ સુધી ઘણો પૈસો ખર્ચ કરીને અને બહુ સૈન્ય નષ્ટ કરીને મેવાડમાં જે વિજય મેલવ્યો હતો તે પ્રતાપસિંહે એક દેવીરના યુદ્ધમાં પોતાના આધીન કરી લીધો. એના પછી મુગલ સૈન્ય પાછું મેવાડમાં આવ્યું નહિ. પ્રતાપની વિજય-લક્ષ્મી અચલ રહી પરંતુ એવો વિજયલાભ થવા છતાં પ્રતાપ જીવનની છેલી અવસ્થામાં શાંતિ પામી શક્યો નહિ. એક વખતે તે પર્વત-શિખર ઉપર ચઢતો હતો તે

વેળાએ તેનાં નેત્ર ચિતોડના કિલ્લાની દિવાલ ઉપર પડતાં તે યાતનાથી અધીર થઇ પડયો જે ચિતોડમાં બાપ્પારાઓએ જીવિતકાળ અતિવાહિત કર્યો છે, જે ચિતોડને સારૂ રજપૂતકુલ-ગૌરવ સમરસિંહ સ્વદેશની સ્વાધીનતાની રક્ષાને માટે દૃષદ્વતી નદીના કિનારે પૃથ્વીરાજની સાથે દેહ ત્યાગ કરતાં સમર શય્યામાં સૂતો હતો, જે ચિતોડને માટે બાદલ, જયમલ્લ અને પુત્ત, એઓયે પવિત્ર યુદ્ધક્ષેત્રમાં અમ્લાન વદને—અક્ષુબ્ધ હૃદયથી આત્મપ્રાણ અર્પણ કર્યાં હતા, તે ચિતોડ આજ સ્મશાન, તુલ્ય છે, આજ તેની દિવાલ અંધકારથી છવાયલી ભયાનક પથ્થરની હારના પ્રમાણે રહી છે. પ્રતાપ ઘણું કરીને એવીજ ચિંતા—એવીજ કલ્પનામાં નિમગ્ન રેહેતો હતો,—તરગના પછી તરંગના આઘાતથી તેનું હૃદય ડામાડોલ થતું હતું.

એવી રીતના અન્તર્દાહથી પ્રતાપ તરૂણ ઉમરમાં ઐહિક જીવનની છેલ્લી સીમામાં આવ્યો હતો. દુરંત રોગે આવીને જલદીજ તેનો દેહ કબજે કર્યો. પ્રતાપ અને તેના સરદારોએ પેશોલા નદીના કિનારા ઉપર પોતાની દુર્ગતિના વખતે વરસાદથી

પોતાની રક્ષા કરવાને માટે એક ઝુંપડી કરી હતી, તે ઝુંપડીમાંજ પ્રતાપના જીવનનો છેલો ભાગ અતિ વાહિત થતો હતો. પ્રતાપ પોતાના છોકરા અમરસિંહના ઉપર આસ્થાશૂન્ય હતો. તે જાણતો હતો. કે કુમાર અમરસિંહ હમેશાં શોખીન જુવાનીયાના જેવો છે; રાજ્ય રક્ષાનો ક્લેશ કદિ પણ તે સહન કરશે નહિ. છોકરાની વિલાસપ્રિયતાથી પ્રતાપના હૃદયમાં ઘણી વ્યથા થતી હતી, મરવાની વેળા પણ તેની એ યાતના દૂર થઈ નહિ. આ દુઃસહ મનોવેદના આસન્ન-મૃત્યુ પ્રતાપના મ્હોડાથી વિકૃત સ્વરથી બાહાર નીકલવા માંડી. એક સરદારે આ દુઃખ જોઈને પ્રતાપને પૂછયું કે તમને એવું શું કષ્ટ થાય છે કે, પ્રાણવાયુ શાંતભાવથી બાહાર જઈ શકતો નથી ! પ્રતાપે ઉત્તર આપ્યો " જેનાથી સ્વદેશ તુરકોના હાથમાં ન જાય, તે વિષે કોઇ વચન પ્રતિજ્ઞા જાણવાને વાસ્તે મારો પ્રાણ હાલ જવાને અતિ કષ્ટ અને વિલંબ કરે છે. છેલ્લે તેણે ઝુંપડીને લક્ષ કરીને કહ્યું, " કદાચ આ ઝુંપડીને બદલે મોટો કિંમતી મેહેલ બનશે, અને મેવાડની જે સ્વાધીનતા રક્ષાને વાસ્તે મે

એટલું કષ્ટ સ્વીકાર્યું છે તે કદાપિ આ ઝુંપડીની સાથે વિલુપ્ત થશે!" સરદારોએ તે સાંભળી સોગન ખાઇને કહ્યું, "જ્યાંસુધી મેવાડ સ્વાધીન ન થશે ત્યાંસુધી કોઈ મેહેલ બનશે નહિ." પ્રતાપે તે પર ભરોશો રાખ્યો, હોલવાતા દીવા પ્રમાણે તેનું મુખ મંડળ ઉજ્વલ થયું. મેવાડ પોતાના સ્વાધીનતાની રક્ષા કરશે એ સાંભળીને તે શાંત ભાવથી આ લોકમાંથી વિદાય થયો.

એવી રીતે ૧૫૯૭ ઇસવી સનમાં સ્વદેશ-વત્સલ પ્રતાપસિંહ પરલોક પ્રાપ્ત થયો. જો મેવાડની થિઉકિદિદિસ અથવા જેનોફન રહેતો "પેલપાનિસસના વખતે" અથવા 'દશ હજારના બદલે" ઇ૦ પણ આ રજપૂત એટના અવદાનના કરતાં ઇતિહાસમાં અધિકતર મધુર ભાવથી કીર્તિત થાત નહિ. અપ્રમેય વીરત્વ, અવિચલિત દ્દઢતા અશ્રુતપૂર્વ અધ્યવસાયની સાથે પ્રતાપે દીર્ઘકાલ પ્રબલ-પરાક્રાન્ત, ઉન્નતાકાંક્ષ, સહાયસંપન્ન બાદશાહની વિરૂદ્ધાચરણ કર્યું હતું. એ વાસ્તે આજ સુધી પ્રતાપસિંહ પ્રત્યેક રજપૂતના હૃદયમાં અધિષ્ઠાતા દેવતારૂપથી વિરાજે છે. જ્યાં સુધી સ્વ-

શહિતૈષિતા રજપૂતના મનમાં અંકિત રહેશે ત્યાં
ધી પ્રતાપસિંહના આ દેવ-ભાવનું ધ્યાન બંધ
શે નાહે.

પ્રતાપસિંહે સ્વદેશની સ્વાધીનતાની રક્ષાને વાસ્તે
રન્ત યવનોથી માતૃભૂમિને પવિત્ર રાખવા માટે
હત્ કાર્ય બજાવ્યું છે, રાજસ્થાનના ઇતિહાસમાં
હમેશાં સુવર્ણાક્ષરોથી અંકિત રહેશે. સદીની
છી સદી ગઈ છે, તે છતાં અદ્યાપિ રાજસ્થાનના
કોની સ્મૃતિમાં આ વૃતાંત જાજ્વલ્યમાન રહ્યા
. પૂર્વ પુરુષનું આ વૃતાન્ત કહેવાની વખતે ર-
પૂતના હૃદયમાં અભૂત પૂર્વ તેજનો આવિર્ભાવ
ાય છે. છાતીમાં રક્ત-લોહીની ગતિ પ્રબલ થાય
, લોહી અને આંસુથી ગાલો બદબદ થઇ રહે છે.
સ્તુતઃ પ્રતાપસિંહનું કામ રાજસ્થાનના અદ્વિતીય
રવ-અદ્વિતીય મહત્વનો વિષય છે. કોઇ માણસ
જવંશમાં જન્મ લઈને અને સર્વ પ્રકારે સૌભા-
-સંપતિનો અધિકારી થઇને પ્રતાપના પ્રમાણે
શામાં પડયો નથી, કોઇપણ માણસે સ્વદેશહિતૈ-
ણામાં ગરમ થઇને સ્વાધીનતાની રક્ષાને માટે જં-
ે જંગલે પર્વતે પર્વતે ફરીને પ્રતાપના પ્રમાણે

દુઃખ ભોગવ્યું નથી. આરાવલી પર્વતોનાં સઘળાં શિખર, સઘળી ખોઓ પ્રતાપસિંહના ગૌરવથી ભરેલી છે. ચિરકાલ એ સઘળા ગૌરવ-સ્તંભ ઊભા રહીને, રાજસ્થાનનો મહિમા પ્રકાશ કરશે. ભારત મહાસાગરના સઘળા પાણીનાં પણ એ નિમગ્ન થશે નહિ, હિમાલયના સઘળા પથ્થરથી પણ એ વિચૂર્ણ થશે નહિ.

ઝાલાપતિ માન્નાનું વીરત્વ.

સંવત્ ૧૬૩૨ (જુલાઇ ૧૫૭૬) ના શ્રાવણ શુદ ૭ મનો દિવસ આર્યકુલનો વીરત્વોજ્જ્વાલનો એક પ્રસિદ્ધ દિવસ છે, આર્યગૌરવનો એક જ્વલંત મહાયોગ છે ! જ્યાંસુધી માનવ-મંડળી વીરત્વ અને મહત્વની પૂજા કરશે, જ્યાંસુધી રજપૂત જાતિ કાયમ રહેશે, ત્યાંસુધી તે દિવસનો બનાવ મનુષ્યના ઇતિહાસમા ઉજ્વલ અક્ષરથી બીરાજશે, ત્યાંસુધી તે દિવસ અનંતકાલ સ્રોતની એક ભયાનક વાર્તા કરશે તેજ દિવસે પુણ્યભૂમ હલદિઘાટના પહાડો અને પહાડી રસ્તા મેવાડના સાહસિક પુત્રોના પવિત્ર લોહીથી લાલ થયા હતા. જે ચૌદ હજાર વીર પ્રાણાર્પણના મહામંત્રમાં ઉત્તેજિત થઇને તે ભયાનક

રણક્ષેત્રમાં અનંત શસ્ત્રશય્યામાં સુતા હતા, તેઓ સર્વની ઓળખાણ આપવી સંભવતી નથી; તોપણ તેઓમાં જેઓ પ્રસિદ્ધ છે, તેઓનુંજ ટૂકું વર્ણન પ્રકટ કરવામા આવે છે. રાણા પ્રતાપસિંહના ઘણા પાસેના પાંચશો સગાએ અને ગોવાલિયરના પદચ્યુત નૃપતિ રામશા અને તેના પુત્ર ખંડેરાવે વિક્રમશાલી ૩૫૦ તુવારવીરની સાથે મેવાડને માટે રણક્ષેત્રમાં પ્રાણ આપીને કૃતજ્ઞતાની ઓળખાણ આપી હતી. અને એ સર્વ કરતાં વીરવર ઝાલાપતિ માન્નાએ વધારે અને લોક વિસ્મયકર વીરત્વ પ્રકાશ કર્યું હતું. સર્વ વાત મૂકી દઈને એકમાત્ર તેના અદ્ભુત વીરત્વ અને આત્મોત્સર્ગના વિષે વિચાર કરવાથી તે દિવસનું અતુલનીય ગૌરવ કાયમ રહી શકશે. વીરવર માન્ના ૫૦ સામંત સાથે લઇને જ્યારે તે સાગરવત્ વિશાલ મોગલ સેનામાં પ્રવેશ કરીને અદમ્ય સાહસ અને અધ્યવસાયની સાથે યુદ્ધ કરવા લાગ્યો; જ્યારે તેણે મુઠીભર રજપૂત વીરની સાથે તે અનંત મોગલ સેનાને કાપતાં અને ત્રાસ આપતાં આપતાં છેલ્લે સહર્ષથી જીવન ઉત્સર્ગ કર્યું, ત્યારે જે કોઇએ તેનું અતુલ વિક્રમ અને વિ-

ભયંકર રણનૈપુણ્ય જોયું હતું, તેઓ તેની ઘણી પ્રશંસા કર્યા સિવાય રહી શક્યા નહોતા; તે દિવસની વાત હજી સુધી કોઇપણ ભૂલી શક્યા નથી. તે દિવસે મેવાડના પ્રત્યેક વીરવંશ વીરશૂન્ય થઈ પડયા હતા, ઘણીક વીર-રમણીના માથાના સિંદૂરનો ચાંદલો (સેંથો) અનંતકાળને માટે ધોવાઇ ગયો હતો.

આત્મ-ત્યાગ.

અમે ધીરે ધીરે મેવાડના વીરપુરૂષ અને વીર-રમણીના તેજસ્વિતાનાં જ્વલંત દૃષ્ટાંત વાચકોની આગળ દેખાડતા આવ્યા છિયે. જગતના ઇતિહાસોમાં એવા દૃષ્ટાંત ઘણા વિરલ છે. જો ઇતિહાસની તરફ ચાહિને પૂછવામાં આવે, કે પૃથ્વીમાં કયી જાતિ કેટલીક સદીઓ જુલમ, અવિચાર સહન કરતી આવે છે તે છતાં તેણે પોતાની સભ્યતા અખંડિત અને પોતાના જાતીય ગૌરવનું પ્રાધાન્ય જેમનું તેમ રાખ્યું છે? તો નિઃસંદેહ આ ઉત્તર મળશે કે, મેવાડના રજપૂતોજ તે અદ્વિતીય જાતિ છે. યુદ્ધના પછી યુદ્ધ થવાથી મેવાડ સઘળું પાયમાલ થયું, ને વીર સઘળા મરી ગયા; તરવારના પછી તરવારના

આઘાતથી રજપૂતોના દેહ જખમી થઇ ગયા; વિ-
જેતાના પછી વિજેતાએ આવીને પોતાની સંહારિણી
શક્તિની ઓળખાણ આપી પરંતુ મેવાડ કદિ પણ
ચિરકાલ અવનત રહ્યું નથી. માનવજાતિના ઇતિ-
હાસમાં કેવલ મેવાડના રજપૂતોજ ઘણા જુલમ
અને દૌરાત્મ્ય સહન કર્યા છતાં વિજેતાના પદાનત
થયા નથી, અને વિજેતાની સાથે ભળીને પોતાના
ગૌરવને બાળી નાખ્યું નથી. રોમીનોએ-બ્રિટનોના
ઉપર આધિપત્ય સ્થાપન કર્યાથી બ્રિટનો વિજેતાની
સાથે એકેવારે ભળી ગયા છે. તેઓ જે પવિત્ર વૃ-
ક્ષને સંમાન આપતા હતા, જે પવિત્ર વેદીની મર્યાદા
રાખતા હતા, અને જે (ડ્રુઇડ) પુરોહિતોનું પ્રાધા-
ન્ય ગણતા હતા તે સઘળા અતીત સમયના ગર્ભમાં
વિલીન થયા છે પણ મેવાડના રજપૂતોના કદિ
પણ એવા રૂપાંતર થયાં નથી. તેઓ ઘણીવાર પો-
તાની ભૂસંપત્તિથી સ્ખલિત થયા છે,—પરંતુ કદિપણ
પોતાના પવિત્ર ધર્મથી તથા પવિત્ર આચાર વ્યવ-
હારથી વિચ્યુત થયા નથી. તેઓના અનેક રાજ્ય પ-
રહસ્તગત થયાં છે, અનેક સૈન્ય પવિત્ર યુદ્ધ ક્ષેત્રમાં
વીર- શય્યામાં સૂતાં છે, અનેક વંશ અનંતકાળ

સાગરમાં ડૂબી ગયા છે, તોપણ મેવાડ પોતાના ધર્મથી ભ્રષ્ટ થયું નથી. આ વીરભૂમિએ દીર્ઘકાલ પ્રબલ તરંગનો આઘાત સહન કર્યો છે, તથાપિ પોતે તેમાંથી મુક્ત થવા વાસ્તે આત્મ-સંમાનનો નાશ કરયો નથી. મેવાડના વીરપુરૂષો ઘોરતર યુદ્ધમાં આગળ પડયા હતા. સ્વતંત્રતાની રક્ષામાં અનાદર દેખાડયું નથી; મેવાડની વીરરમણીઓએ સંગ્રામ-સ્થલમાં દેહ છોડયા છે, તથાપિ વિજેતાની પદાનત થઇ નથી, મેવાડના વીર બાલકો માનનીય જન્મભૂમીને વાસ્તે પવિત્ર રણસ્થલમાં અનંત નિદ્રામાં સૂતા છે, તથાપિ તેમણે સ્વાધીનતાને છોડી નહિ, મેવાડની વીરદાઇએ સ્નેહના અદ્વિતીય અવલંબન પ્રાણાધિક પુત્રને નિષ્ઠુર ઘાતકની તરવારના મુખમાં અર્પણ કર્યા છે, તથાપિ પ્રભુના વંશની રક્ષાને વાસ્તે તે પાછળ પડી નહિ, મેવાડના અધિપતિએ પોતાના હૃદયરંજન પુત્રના હત્યાકારીને બખશીસ આપી, તથાપિ ન્યાયના પવિત્ર રાજ્યમાં પાપનો ડાઘ લગાડવાને તૈયાર થયો નહિ, મેવાડના કુલ-પુરોહિતે રાજવંશના મંગલને માટે અમ્લાનવદને પોતાના હાથે પોતાનું જીવન નષ્ટ કર્યું, તથાપિ

પોતાનો મહત્ ઉદ્દેશ સાચવવામાં કાતર થયો નહિ એ રીતે બીજી ભૂમિ જે બતાવી શકી નથી, તે જગત્‌ના ઇતિહાસમાં મેવાડે બતાવ્યું છે.

કુલપુરોહિતના અપૂર્વ આત્મત્યાગની વાત અનિર્વચનીય મહત્વથી પૂર્ણ છે. જો જગતમાં કોઇ પ્રકારની નિસ્વાર્થતા હોય તો તે આ પુરોહિતની જીવંત મૂર્તિમાં છે, જો કોઇ પ્રકારના ઉદાર મહાનુભાવનું આશ્રય સ્થાન હોયતો તે આ પુરોહિતના હૃદયમાં છે. મેવાડ યથાર્થ આ આત્મત્યાગ મહિમાની લીલાભૂમિ છે. બીજો કોઇ ભૂખંડ એ વિષયમાં મેવાડ સામે થઇ શકતો નથી. પોતાનું જીવન આપીને પારકાના જીવનની રક્ષા કરવી એ નિઃસંદેહ અલૌકિક કામ છે મેવાડનો પુરોહિત આ અલૌકિક કામ કરીને અક્ષય કીર્તિ રાખી ગયો છે. આ નશ્વર જગતમાં આ જીવલોકના ક્ષણપ્રભાવત ક્ષણિક વિકાશમાં કોઇની સાથે પણ આ "દાનવીરની" તુલના કરવી સંભવતી નથી. સોળમી સદીની આખેરીએ એક વેળા બે ક્ષત્રિય યુવક મૃગયા રમવાની ખુશીમાં ગયા હતા. બંને યુવકની આકૃતિ સરખી હતી, બંનેના દેહ વીરત્વ-વ્યંજક હતા

બંને સુગઠિત, ખુબસુરત અને જુવાનીના તેજમાં પરિપૂર્ણ હતા. આ તેજસ્વિતાની પ્રખર જ્યોતિની સાથે એક અપૂર્વ માધુર્યનો શીતળ પ્રકાશ બંનેના મુખમંડળ ઉપર જાહેર થતો હતો. બંને યુવકમાં દીર્ઘકાલથી બંધુતા હતી. દીર્ઘકાલથી બંને પ્રીતિનો સુખાનુભવ કરતા હતા. પરંતુ મેવાડની મૃગયા-ભૂમિમાં એકાએક આ બંધુતામાં વ્યતિક્રમ થયો, એકદમ પ્રીતિની જગ્યામાં દ્વેષનું સ્થાન થયું. કંઇ અનિર્દિષ્ટ કારણથી બંનેમાં પરસ્પર શત્રુતા થઇ. આ બંને તેજસ્વી ક્ષત્રિયવીર, મહારાણા ઉદયસિં-હના કુંવરો હતા. એકનું નામ પ્રતાપસિંહ અને બીજાનું નામ શુક્ત હતું. એક અતુલ્ય વીરત્વ દેખાડીને અને ચિરકાલ સ્વાધીનતાની ઉપાસના કરીને પ્રાતઃ-સ્મરણીય થઈ રહ્યો છે, બીજો સ્વદેશી સ્વજાતિના શોણિતમાં પોતાની દ્વેષબુદ્ધિયા ઘુમ્યો છે. એક જાતિય ગૌરવની જીવંત મુર્તિ છે, બીજો જાતિય કલંકની લીલાભૂમિ છે. આજે આ તેજસ્વી ભાઇ-ઓમાં વિરોધ થયો છે. આજે ભઇ ભાઇને દુશ-મન દુશમનોનું વેર થયું છે. એ વીરત્વ અને તેજ-સ્વિતા જો એકત્ર રહે તો મેવાડનો ગૌરવસૂર્ય ઉ-

જીવલથી ઉજ્જવલતર થઇ શક્ત, પરંતુ હાય ? આજ તેમણે પરસ્પર વિચ્છિન્ન થઇને પોતાનું બલક્ષય કર્યું.

પ્રતાપસિંહ મહારાણા ઉદયસિંહનો મોટો કુંવર હતો, તેથી મેવાડની ગાદી તેના હાથમાં આવી હતી. ઉદયસિંહનો બીજો પુત્ર શુક્ત હતો, તે ભાઇના આશ્રયમાં કાળ ગાળતો હતો. તેજસ્વિતા અને કઠોરતામાં શુક્ત કોઇપણ રીતે કમ નોહોતો એક વખત એક તરવાર તૈયાર થઇને આવી. એને ધાર છે કે નહિ તે જાણવા માટે કેટલીક જાડી સુતરની દોરીઓ એકઠી કરીને તે તરવારના આઘાતથી કાપી જોવાનો પ્રસ્તાવ થયો. શુક્ત તે વેળાએ પાસે હતો, તે આ વાત સાંભળીને ગંભીર ભાવથી કહી ઉઠયો, જે તરવાર હવે પછી માંસ હાડકાં કાપશે, તેની પરીક્ષા સુતરથી કરવી ઉચિત નથી. એમ કહીને તેણે આગળના જેવાજ ગંભીર ભાવથી તરવાર લઇને પોતાની આંગળીમાં આઘાત કર્યો. જખમ થવલા સ્થાનમાંથી અનર્ગલ લોહી નીકળવા માંડયું એ વખતે શુક્તની ઉમર પાંચ વર્ષની હતી. પાંચ વર્ષના બાળકે જે સાહસ અને તેજસ્વિતા

દેખાડયાં હતાં, તે તેની વયોવૃદ્ધિની સાથે આસ્તે આસ્તે વધ્યાં હતાં. પરંતુ મોટા ભાઇના ઉપર જે દ્વેષ હતો, તે તેના હૃદયમાંથી દૂર થયો નહિ. પ્રતાપસિંહનો પણ નાના ભાઈ ઉપર જાતિ ક્રોધ હતો; કોઇપણુ રીતે આ દ્વેષ-ક્રોધ દૂર થતો નહોતો. કોઇપણુ રીતે આગળના જેવો સદ્ભાવ અને પ્રીતિ એ બંનેમાં રહી શકયાં નહિ. આસ્તે આસ્તે એ દ્વેષ અને ક્રોધ ગાઢતર થયો, આસ્તે આસ્તે બંને એક એકનો ભોગ દેવાને તલપી રહ્યા. એક વેળા પ્રતાપસિંહ ચક્રાકાર અશ્વની રમતની ભૂમિમાં ઘોડો દોડાવે છે. તેના હાથમાં તરવાર શોભા આપી રહી છે. એ ક્રીડા ભૂમિમાં તે પોતાના હથીઆર ચલાવવાનું કૌશલ્ય દેખાડતો હતો. એ વખતે શુક્ત તેની પાસે ગયો. પ્રતાપે ગંભીર અવાજથી ન્હાનાભાઇને કહ્યું, "આજ આ ક્રીડાભૂમિમાં યુદ્ધ કરીને આપણે આપણા વિવાદનો નીવેડો કરીએ, આજે જોઇયે કે શોણિત વર્ષાવવામાં કોની શક્તિ વધારે છે." શુક્ત હઠયો નહિ. તેણે અવિલંબે યુદ્ધનું આયોજન કરીને ગંભીરસ્વરથી કહ્યું "તમે પહેલો હાથ કરો. પછી તરતજ બરછીઓ

બંને એક એકના સામે થયા. મેવાડની આશા સ્થલ તેજસ્વી વીર યુગલનું જીવન આજ સંશયમાં દોલવા માંડ્યું. બરાબર એ વખતે એ બંને ભાઇઓની વચમાં એક મનોહર મૂર્તિ આવીને ઉભી રહી. એ આવનાર પુરૂષ તેજસ્વિતા અને મધુરતા બંનેનું આશ્રય સ્થળ હતું; સાહસિક પુરૂષ ધીરભાવથી વિરાટ પુરૂષના પ્રમાણે ઉદ્યત બંને ભાઇઓના વચમાં આવીને ઉભો. આ માધુર્યમય તેજસ્વી પુરૂષ મેવાડના પવિત્ર રાજકુલનો મંગલ-વિધાત્રી દેવતા છે. એ પવિત્ર કુલ-પુરોહિત આજે બંને ભાઇઓનું યુદ્ધ અટકાવવા વાસ્તે તૈયાર થયો છે. આજે તેણે બંને ભાઇઓની વચમાં ઉભો રહીને બંનેના જીવનની રક્ષાનો દૃઢ નિશ્ચય કર્યો છે. તેણે ધીર ગંભીર ઉન્નત સ્વરથી એ બંને ભાઇઓને કહ્યું. "આ રમવાની ભૂમિ છે, ખરૂં યુદ્ધસ્થલ નથી, ભાઇ ભાઇમાં યુદ્ધ કરવું એ ખરા ક્ષત્રિયત્વનું લક્ષણ નથી. તમે શાંત થાઓ, તમારી લોહી ભરી બરછીઓ શત્રુના હૃદયમાં પ્રવેશ કરો, તમારા તેજસ્વી ઘોડા શત્રુના લોહીમાં તરતા કરો. વંશની મર્યાદાને નષ્ટ કરો નહિ. મહાપુરૂષ બાપારાઓનું

કુલ નષ્ટ કરવામાં ઉદ્યત ન થાઓ. જોજો, ભાઇના લોહીથી ભાઈના પવિત્ર હથીઆરની પવિત્રતા નષ્ટ ન થાય" પરંતુ તેની વાતથી કંઈ ફલ થયું નહિ. વીરયુગલ એક એકનો જીવ લેવાને તૈયાર થઇ રહ્યા હતા. તીક્ષ્ણ બરછીઓ આગળના પ્રમાણે બંનેના હાથમાં શોભતી હતી. પવિત્ર કુલના હિત કરવાવાળા, પવિત્ર સ્વભાવના પુરોહિતે એ જોયું. પળવારમાં તેની પાંપણ પલકી અને બંને આંખ પ્રકાશવાળી થઈ ગઇ. પલમાત્રમાં તેણે જાણે કંઇ વિચાર કર્યો. બીજી કંઇ વાત તેના મ્હોડેથી નીકળી નહિ. પળવારમાં તેણે ન્હાની તરવાર પોતાની પાસેથી બાહાર કાહાડીને પોતાની છાતીમાં મારી. લોહીનો સ્રોત પ્રવાહિત થયો. મેવાડની મંગલ વિધાત્રી કુલદેવતાએ યુદ્ધોન્મુખ બંને ભાઇઓની પ્રાણરક્ષાને માટે અકાતરથી અમ્લાનભાવથી આત્મજીવન વિસર્જન કર્યું.

પ્રતાપસિંહ અને શુકત એ જોઇને સ્તંભિત થઇ ગયા. તેઓનાં અંગ અવશ અને હાથ શિથિલ થઇ પડયા. પુરોહિતનું શબ તેઓના મધ્યસ્થલમાં પડી રહ્યું હતું. તેના પવિત્ર શોણિતે તેઓના દેહમાં

સ્પર્શ કર્યો હતો. પ્રતાપસિંહને ઘણો ખેદ થયો. તેણે કનિષ્ટને અસ્ત્રાઘાત કર્યો નહિ. પુરોહિતના આત્મત્યાગથી મહાનુદ્દેશ સિદ્ધ થયો. પ્રતાપે હાથ ઉંચા કરીને તીવ્ર સ્વરથી પોતાના ન્હાનાભાઈને રાજ્ય છોડીને જવાનું કહ્યું. શુકત મોટા ભાઇનો હુકમ સાંભળીને પાસે ન આવ્યો અને માથું નમાવી જતો રહ્યો, ત્યારબાદ શુકત મુગલ બાદશાહ અકબરની સાથે મળીને વેર લેવાનો ઉપાય જોવા લાગ્યો પણ કેટલાક સમય પછી આખરે એ છૂટા પડેલા ભાઇઓમાં પાછો મેળ થયો હતો. મેવાડના થર્મોપલીમાં-હલદીઘાટના ગિરિસંકટમાં-ને પ્રાતઃસ્મરણીય પુણ્ય પુંજમય મહાતીર્થમાં શુકત મોટા ભાઈનું અસામાન્ય સાહસ, તથા જન્મભૂમિની સ્વાધીનતાને માટે તેનું લોકાતીત પરાક્રમ જોઈને મુગ્ધ થયો હતો; એ યુદ્ધના પછી કનિષ્ટે જયેષ્ઠના પગે પડી ક્ષમા માંગી હતી; બંને જણાઓએ પાછું પ્રીતિ ભેર આલિંગન કર્યું હતું.

આત્મ સન્માનમાં આત્મ વિસર્જન.

વાઇનસોર હમેશાંથી પ્રસિદ્ધ મેવાડનું એક તા-

ભાનું શેહેર છે. મેવાડના સામંત રાજાઓ આ સ્થાનનું રાજ કરે છે. વાઇન્સોરના કિલ્લાની એક બાજુએ ઉન્નત પર્વત-માળા આકાશ ભેદ કરીને અનુપમ કુદરતની શોભાની ઓળખાણ આપે છે. પર્વતની તળેટીમાં અંબલનદીનો પ્રવાહ વેગથી તરંગલીલા વિસ્તારતો વહે છે. કિલ્લા ઉપરથી કુદરતના રાજ્યનો આ ખૂબસુરત દેખાવ જોવાથી હૃદયમાં અપૂર્વ આનંદનો આવિર્ભાવ થાય છે. વાઇન્સોરની પશ્ચિમમાં બાણગંગા નદી ખરતર વેગથી પર્વતના ઉપરથી પડે છે. એ નદીનો પ્રવાહ પર્વતોમાં પછડાઇને ભયંકર તરંગોની ઉત્પત્તિ કરે છે. એ સુંદર નગરમાં એક વખતે પરમારવંશનો એક રજપૂત શ્રેષ્ઠ રાજ્ય કરતો હતો. એઇગુ નગરના મેધાવતવંશના એક ક્ષત્રિય-સંતાનની કુંવરી એ પરમારવંશના વાઇનસોરના રાજાની સહધર્મિણી હતી. લગ્ન થયા પછી એ દંપતીમાં કોઇ રીતનો વિવાદ થયો નહોતો. બંને વાઇન્સોરના તે રમણીય મેહેલમાં સુખથી કાળ ગાળતાં હતાં. અપૂર્વ ગાંભીર્યથી બન્ને પરિતૃપ્ત હતાં. પર્વતથી પાસેની નદીનો પ્રવાહ બંનેને સમભાવે આનંદ આપતો હતો. આ વિશ્વ સંસારમાં બંને પર-

પરસ્પરને પોતાના સમજતાં હતાં. પવિત્ર પ્રેમમાં—અપાર્થિવ મોહોબતમાં બન્ને એક સૂત્રમાં ગંઠાયલાં હતાં.

એવા પ્રેમમાં નિમગ્ન થઇને એ દંપતી એક વેળાએ વાઇન્સોરના મેહેલમાં પંચીશી અર્થાત્ પાશાની રમતમાં લાગ્યાં છે. બંને ખુશીના તરંગમાં ડીચકો ખાય છે, એકમેકને હરાવવાને માટે વિશેષ મન લગાડીને રમે છે. જયશ્રી એકવાર નાયકના, બીજીવાર નાયિકાના હૃદયમાં ઘણી આશા અને ખુશીની શરૂયાત કરેછે. એકવાર પરમારપત્ની અહંકારથી થોડી હસીને પતિને પોતાની રમતની ચાતુરી દેખાડે છે, અને એકવાર પરમારરાજ પ્રણયિનીની તે રમતનાં ગર્વ ખર્વ કરવામાં હસતાં હસતાં પોતાનો પક્ષ સમર્થન કરે છે. એવી રીતે પંચીશી અર્થાત્ પાશાની રમતમાં વાઇન્સોરના કિલ્લામાં અનંત સુખને સ્રોત ચાલ્યો જાય છે.

જોતા જોતામાં તે અનંત સુખના પ્રવાહમાંથી તીવ્ર ઝેરની ઉત્પત્તિ થઇ. પ્રીતિની રમતમાં દ્વેષની જગા થઇ ગઇ. રમતની ખુશીમાંથી દુઃખદાયક વિવાદ ઉત્પન્ન થયો. રાજાએ ક્રોધના આવેગમાં પોતાના સસરાના કુળને લક્ષ્ય કરીને એક ગ્લાનિકારક

વાત કહી. તેજસ્વીની રજપૂત-કન્યા પિતૃકુલની એ અજ્ઞાની સહન કરી શકી નહિ, તેનો ક્રોધ વધી ગયો; સુંદર કોમળ હૃદય જ્વાલામયી પ્રતિહિંસાથી અધીર થયું. પોતાના પ્રીતિ અને આદરનાં ધનને તે ઘોરતર દ્વેષની આંખે જોવા લાગી. એ અપમાનનો લાયક બદલો વાળવાને માટે તેણે દૃઢ પ્રતિજ્ઞા કરી અને બીજે દિવસે બેઈગુ નગરમાં દૂત મોકલીને એ અપમાનના વિષે પોતાના પિતાને જણાવ્યું.

બેઈગુનો રાજા એ દૂતના મોઢેથી પવિત્રવંશની નિંદા સાંભળીને, સક્રોધથી જમાઈની સામે લઢવાની તૈયારી કરવા લાગ્યો. અવિલંબે સૈન્ય રાજધાનીમાં એકઠું થયું. બેઇગુનો અધિપતિ એ સૈન્યદલ લઈને વાઇનસોરની તરફ જવા નીકળ્યો. વાઇનસોરથી કેટલાક કોશ ઉપરથી સૈન્યને બેભાગમાં વિભક્ત કર્યું; તેમાંનો એક ભાગ લઇને પોતે વિકટ ગિરિપથથી જવા લાગ્યો અને અને તેનો પાટવી કુંવર બીજા એક દલનો અધીનેતા થઇને બ્રાહ્મણીને કિનારે કિનારે આગળ વધવા લાગ્યો. આ છેલ્લું દલ પ્રથમ વાઇનસોરમા પોંહોચ્યું. બેઇગુનો રાજ-

કુમાર ઉઘાડી તરવાર હાથમાં લઇને વાઇનસોરના રાજાની આગળ ગયો. પરમાર રાજ કાયર પુરૂષ નહોતો. તે પણ તરવાર હાથમાં લઇને દ્વંદ્વ યુદ્ધમાં તૈયાર થયો. આ લઢાઈમાં બેઇગુનો રાજકુમાર જય પામ્યો. પિતાના આવવાની પહેલાં તેણે પિતૃકુલના અપમાન-કારીને મારી નાખ્યો. દુરંત પ્રતિહિંસાનું પરિતર્પણ કર્યું.

સર્વનો છેડો આવ્યો. ગતાસુપતિના શરીરમાંથી વહેતાં લોહીના સ્રોતમાંથી તેજસ્વિની પરમાર-પત્નીનો સર્વ દ્વેષ-સર્વ ક્રોધનું ચિન્હ ભુસાઇ ગયું. હવે તેને પ્રશાંત હ્રદયમાં પાછો તે પતિપ્રેમનો—પતિના ઉપર પ્રીતિનો સંચાર થયો.વીરનારીએ પતિની સાથે બલી મરવાનો દ્દઢ નિશ્ચય કર્યો. બેઇગુના રાજાએ કન્યાને તેના કર્તવ્યમાં રોકી નહિ. બ્રાહ્મણી સંગમની જગાપર તેણે ચિતા ખડકાવી. એ રજપૂત બાળા પ્રફુલ્લ હ્રદયથી મૃત પતિની પાસે સુવા પછી બેઇગુના રાજાએ પોતાના હાથે તે ચિતા પેટવી. જોતાં જોતામાં પરમાર રાજાની સાથે પરમાર પત્નીનો પ્રફુલ્લ કમળદળના જેવો ખુબસુરત દેહ બળીને ભસ્મ થઇ ગયો. તેજસ્વિની ક્ષત્રિય નારી એવી રીતે કઠોર

ભાવથી અપમાનનો બદલો લઇને છેલ્લીવારે પ્રશાંત ભાવથી પતિની સાથે પરલોકમાં ગઇ.

મહારાષ્ટ્રની મહાશક્તિ.

શિવાજી.

મુગલ બાદશાહી જ્યારે ઉન્નતિની છેલ્લી સીમામાં આવી હતી. ઔરંગઝેબના કઠોર શાસનથી જ્યારે ભારતના ઉત્તરમાં અને દક્ષિણમાં, પૂર્વમાં અને પશ્ચિમમાં સઘળી જગાપર ભય અને ત્રાસ વરતાઇ રહ્યો હતો, સ્વાધીનતાના મોટા ઉપાસક, તેજસ્વિતાના અદ્વિત્ય અવલંબન, સાહસના એકમાત્ર આશ્રયસ્થલ રજપૂતો જ્યારે મુગલના અનુગત થયા હતા, ત્યારે ભારતના દક્ષિણ પ્રાન્તમાં પશ્ચિમ પર્વતમાળાથી ઘેરાયલા પવિત્ર ક્ષેત્રમાં એક મહાશક્તિ ધીરેધીરે પોતાનું પરાક્રમ પ્રકાશ કરીને સઘળાના હૃદયમાં ગંભીર આશ્ચર્યતા ઉત્પન્ન કરે છે. ક્રમે કરીને ભારતનો બાદશાહ એના પરાક્રમથી કંપિત થયો છે. ક્રમે કરીને એના ઉત્સાહ અને તેજના

ઓતે દક્ષિણથી લઈને આર્યાવર્ત સુધીનો સઘળો મુલક ડુબાડી નાંખ્યો છે. એ મહાશક્તિ હિંદુ-રાજ-ચક્રવર્તી ભવાની-ભક્ત શિવાજી છે.

શિવાજી વીરત્વની જ્વલંત મૂર્તિ—સ્વાધિનતાનું અદ્વિતીય આશ્રયક્ષેત્ર છે, જ્યારે એનો આવિર્ભાવ થયો હતો, ત્યારે ભારતનો પૂર્વનો વીરત્વ-વૈભવ ધીરેધીરે સમયના અનંત સ્રોતમાં ડુબી જતો હતો જેઓ એક સમયે સાહસ અને વીરત્વમાં પ્રસિદ્ધ હતા, વીરેન્દ્ર-સમાજમાં વરણીય થઈને અનંત કીર્તિ જેમણે એકઠી કરી હતી, તેઓનાં છોકરાં તે વેળાએ પરાધીનતાની સાંકળમાં ક્રમે ક્રમે દઢ બદ્ધ થયાં હતાં અને સ્વાધીનતાની ઉપર પાણી મુકીને પારકાની તાબેદારી માનવાને પોતાના જીવનનો પ્રધાન ઉદ્દેશ્ય સમજતાં હતાં; જે તેજસ્વિતાના બળથી પૃથ્વીરાજ પવિત્ર તિરૌરી ક્ષેત્રમાં અજેય થયો હતો, સમરસિંહ આત્મપ્રાણ તુચ્છ સમજીને બેરવરવથી વિધર્મી શત્રુની સામે ઉભો હતો, અને છેલ્લે પ્રાતઃસમરણીય પ્રતાપસિંહે દીર્ઘ-કાલ સુધી પ્રબળપરાક્રમી સહાયસંપન્ન શત્રુની સાથે સંગ્રામ કરીને વિજય-લક્ષ્મીથી પરિશોભિત થ-

ગો હતો, તે વેળાએ તે તેજસ્વિતા અને સ્વાધીન-પ્રિયતા ધીમે ધીમે જતી રહી હતી, અનૈક્ય પ્રયુક્ત વીર્યવંત આર્યપુરૂષો ક્રમે પરસ્પરથી વિછિન્ન થઈ પડતા હતા, અને મુસલમાનના પદાનત (તાબેદાર) થઇને પોતાના શોચનીય અધપતનનું છેલ્લું ફલ ભોગવતા હતા. મહાપરાક્રમી શિવાજીએ એ અનૈક્યને દૂર કર્યું, અને જાતિ-પ્રતિષ્ઠાની શરૂઆત કરીને દક્ષિણદેશમાં એક મહાજાતિ પ્રતિષ્ઠિત કરી મૂકી. એના મહામંત્રથી અજેય મુગલ બાદશાહી નાશ પામી અને વિજયી મુસલમાન વિજિત હિંદુના પદાનત થઇ ગયા.

ભારતના નકસાના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં પર્વતોથી ઘેરાયલો એક પ્રદેશ જોવામાં આવે છે. એ પ્રદેશના ઉત્તરમાં સાતપુડા પાહાડ ગંભીરભાવથી રહેલો છે, પશ્ચિમમાં અપાર અનંત સમુદ્ર તરંગ લીલા વિસ્તાર કરીને, જડજગતની અસીમ શક્તિની ઓળખાણ આપે છે. પૂર્વમાં વરદા નદી વહે છે અને દક્ષિણમાં ગોવા નગર અને પહાડી પ્રદેશ આવી રહેલો છે. આ પ્રદેશ મહારાષ્ટ્ર નામથી ઓળખાય છે. એનું ક્ષેત્રફલ ૧૦૨૦૦૦ વર્ગ માઇલ

છે. મનોહર કુદરતના સૌંદર્યથી વિભૂષિત છે. એની અંદર સહ્યાદ્રિ પર્વત ઉત્તરથી દક્ષિણમાં આવી રહેલો છે. લીલાં ઝાડોથી એ પહાડો ઘણાખરા સુશોભિત છે. ત્રણે પર્વતની હારોમાં કુદરતે પોતાના સૌંદર્યનો અનંત ભાંડાર સજાવી રાખ્યો હોયને એવું જણાય છે. આંખે જોયા વિના તે અનંત ભંડારનું અપૂર્વ માધુર્ય જણાશે નહિ. કુદરતના આ પ્રિયતમ આવાસ ક્ષેત્રમાં અનંત જગતના આ સૌંદર્ય-પૂર્ણ ભૂખંડમાં શિવાજીનો જન્મ થયો હતો.

બાદશાહ ઓરંગજેબની કારકીર્દી વખતે દક્ષિણનાં ઘણાંક સ્થલ મુસલમાનના તાબામાં હતાં. બિજયપુરના મુસલમાન નવાબ વિશેષ શક્તિવાળા હતા. શાહજી નામનો એક મહારાષ્ટ્રવાસી જુવાન એ બિજયપુરની સરકારમાં ચાકરી કરતો હતો. ક્રમેકરીને કામકાજમાં એ શાહજીની શક્તિ ખીલવા માંડી, ક્રમે તે નવાબનું માન પામે એવાં કામ કરનારમાં ગણાવા લાગ્યો. જીજીબાઈ નામની એક મરાઠા સ્ત્રીની સાથે એણે લગ્ન કર્યું હતું. એ જીજીબાઇના ગર્ભમાં શાહજીને બે પુત્ર થયા હતા; પહેલા પુત્રનું નામ શંભુજી, અને બીજાનું નામ શિવાજી હતુ.

૧૬૨૭ ઇસવીસનના મે મહીનામાં પુનાથી પચાસ માઇલ ઉત્તરે આવેલા શિવનેરીના કીલ્લામાં શિવાજીનો જન્મ થયો. તે પિતાનો ઘણો સ્નેહપાત્ર થયો નહોતો, શાહજી એના કરતાં શંભુજીને વધારે ચહાતો હતો, એ વાસ્તે તેણે શંભુજીને પોતાની પાસે રાખ્યો હતો, શિવાજી માની સાથે રહેતો હતો. એના જન્મ પછી ત્રણ વર્ષે શાહજીએ તુકાબાઈ નામની બીજી એક મરાઠા સ્ત્રીની સાથે લગ્ન કર્યું, તેથી જીજીબાઇની સાથે તેનો વિરોધ થયો, એ વાસ્તે શિવાજીએ છ વર્ષ સુધી પિતાને જોયો નહોતો ગમે તેમ હો, શાહજીએ દાદાજી કોંડદેવ નામના એક માણસને શિવાજી અને તેની માની સંભાળ અને પુનાની જાગીરનો બંદોબસ્ત કરવાને માટે રાખ્યો હતો. એ દાદાજી ઘણો વગવાળો અને રાજ્ય મામલામાં અજાણો હતો તેણે જીજીબાઈને માટે પુનામાં એક મોટું ઘર તૈયાર કરાવ્યું. નવા ઘરમાં દાદાજીની સંભાળ નીચે શિવાજીનું બાલ્યકાલ અતિવાહિત થયું.

એ વખતે મરાઠા થોડુંક લખતા વાંચતાં શીખતાં. પણ લખવા વાચવાના કરતાં વીર પુરૂષોચિત

ગુણોમાં અલંકૃત થવામાં તેઓનો વિશેષ ઉત્સાહ અને આગ્રહ જોવામાં આવતો હતો. શિવાજી પોતાનું નામ લખી શકતો નહોતો, પરંતુ તે તીર ફેંકવામાં, તરવાર ચલાવવામાં, ભાલા ભોંકવામાં વિશેષ પારદર્શી હતો, તેના સ્વદેશીઓ ઘોડેસ્વારમાં વિશેષ પ્રખ્યાત હતા. એ વિષયમાં પણ શિવાજીએ સ્વદેશના સઘળા લોકોને માહાત કર્યા હતા. તેની અશ્વચાલનાની કૌશલતા જોઇને જોનારાઓ અપરિસીમ વિસ્મય અને પ્રીતિની સાથે તેનાં વખાણ કરતા હતા. દાદાજી શિવાજીને પોતાના ધર્માનુગત વિષયમાં આસ્થાવાળો કરવાને યત્નવાન થયો હતો અને તેનો તે યત્ન સઘળી રીતે સફળ થયો હતો. પવિત્ર હિંદુધર્મસંમત કામમાં શિવાજી નિષ્ઠાવાન નીવડ્યો હતો. તે ધ્યાન લગાડીને હિંદુધર્મની વાત સાંભળતો. રામાયણ મહાભારત અને ભાગવતની કાહાણીઓથી તેને સુખ થતું હતું. બાલ્યકાલથી કથા કહેનારાઓના ઉપર તેની એવી શ્રદ્ધા હતી કે, જ્યાં એ કથા કરતા ત્યાં તે નાના પ્રકારનાં વિઘ્ન અને વિપત્તિ અતિક્રમ કરીને પણ જતો. હિંદુધર્મના ઉપર એવી અચળા ભક્તિ અને હિંદુધર્મ-

સંતત કામમાં એવી આંતરિક શ્રદ્ધા રહેવાથી એ મહાવીર હિંદુ નામના ગૌરવની રક્ષા કરવામાં દૃઢ પ્રતિજ્ઞ થયો હતો. તેની એ પ્રતિજ્ઞા કોઇ રીતે વિ-ચલિત થઈ નહી. શત્રુની કડક નજરથી અને વિપ-દથી પણ ઘોરતર તે એ પ્રતિજ્ઞાથી ચાલ્યો નહિ. પોતાનાજ જીવનની છેલ્લી ઘડી સુધી નિર્ભીક-હૃદયથી અવિચલિત ચિત્તથી એ સાધુ પ્રતિજ્ઞા તેણે પા-ળી હતી.

રામાયણ અને મહાભારતની વીરત્વપૂર્ણ વાતોથી શિવાજીની તેજસ્વિતા ઉદ્દીપ્ત થઈ હતી, તેની હિ-મ્મતની વૃદ્ધિ થઈ હતી અને સ્વજાતિપ્રિયતા અને સ્વદેશહિતૈષિતાનું મૂળ સજ્જડ થયું હતું. તેણે મુગલ-શાસનની અંદર હિંદુરાજત્વ સ્થાપવાનો દૃઢ સંકલ્પ કર્યો. ધર્માંધ મુસલમાનના કઠોર પીડનમાં હિંદુધર્મની મહાન શક્તિનો વિકાશ બતાવવાને તે ઉદ્યોગી થયો. તેનો તે સંકલ્પ અને યત્ન વિફલ થયાં નહિ. જ્યારે બાદશાહ ઔરંગજેબના પ્રતાપ સમસ્ત ભારતવર્ષમાં પસરી રહ્યો હતો, ત્યારે દક્ષિણમાં શિવાજીની શ-ક્તિથી એક સ્વાધીન હિંદુરાજ્ય સ્થાપિત થયું હતું. એ સ્વાધીન રાજ્યના સ્વાધીન ભક્ત મહાવીરના

અપૂર્વ વીરત્વમાં ચિરજયી મુગલની વિજયિની શક્તિ વિલુપ્ત થવા આવી હતી. હિંદુકીર્ત્તિના ગૌરવથી ઘણા દિવસના પછી પાછી હિંદુની પવિત્ર ભૂમિ ગૌરવાન્વિત થઇ પડી હતી.

શિવાજી માવાલ નામના પાર્વત્ય સ્થાનના રહેવાસી માવાલીઓનો ઘણો પક્ષપાતી હતો. એઓ જોવામાં જોવા જોઈએ તેવા ખૂબસુરત નહોતા તે છતાં કામ કરવામાં ઘણા કુશળ હિંમતવાન અને અધ્યવસાયવાળા હતા. શિવાજીએ એ માવાલી સૈન્યના ઉપર આધાર રાખીને ઘણાક સ્થાનમાં પોતાનો વિજયનો વાવટો ઉરાડયો. તે બાલ્યકાલથીજ મુસલમાનોને ધિકારતો હતો, અને ઉમરે વધતા તેનો એ મુસલમાન–વિદ્વેષ વધવા લાગ્યો. તે ઘણું કરીને કહેતો કે "હું મુસલમાનોને પરાજિત કરીને સ્વાધીન રાજા થઇશ." તરૂણ વયના વીર પુરૂષનું એ વાકય નિષ્ફલ થયું નહિ. તે મુસલમાનને હરાવીને સ્વાધીન હિંદુ ભૂપતિના સન્માનિત પદમાં અધિરૂઢ થયો હતો.

સોળ વર્ષની ઉમરમાં શિવાજી એવોતો તેજસ્વી અને હિંમતવાન થઇ પડયો હતો કે, તે દાદાજીનો

હાથ તોડીને ઘોડેસ્વાર સૈનિક પુરૂષોની સાથે પર્વતે પર્વત ફરવા લાગ્યો. એવી રીતે સ્વદેશના દુર્ગમ પાર્વત્ય રસ્તાઓ તેના જાણવામાં આવ્યા. મહારાષ્ટ્રમાં ઘણા ગિરિ-દુર્ગ હતા. શિવાજીએ કૌશલ્યક્રમે એ ગિરિ-દુર્ગને પોતાના સ્વાધીનમાં લીધા. કિલ્લા તાબે કર્યાથી વિજયપુરના રાજાની સાથે તેનો વિરોધ થયો. આફજલખાં વિજયપુરના સૈન્યનો અધિનાયક થઈને તેની સામે લડાઈ કરવા આવ્યો તે વેળાએ તે પ્રતાપગઢમાં રહેતો હતો ત્યાંજ રહીને તેણે દુશ્મનને દમન કરવાનો દૃઢ નિશ્ચય કર્યો, તેનો એ સંકલ્પ પાર પાડવાને કોઇપણ રીતની હરકત આવી નહિ. સુસમય તેનો સાથી થયો. સુસમયે તેણે એ વિજયપુરના સૈન્યની સામે પ્રાધાન્ય સ્થાપવાની કૌશલ્ય જાલ વિસ્તારી. તેણે આફજલખાંને જણાવ્યું કે, વિજયપુરના અધિપતિના જેવા મહાશક્તિશાળી પુરૂષના સામ વિરૂદ્ધાચરણ કરવાની તેની કંઇ ઇચ્છા નથી. પોતાની વર્તણુકને માટે તેણે ઘણું દુઃખ પ્રકાશ કર્યું. અને જો આફજલખાં કૃપા કરીને તેને આશ્રય આપે તો તે પોતાના અધિકારનો પ્રદેશ તેના હાથમાં સોંપી દેવાને તૈયાર છે.

એમ જણાવ્યું.

શિવાજીની આવી નમ્રતું આપવાની વાતથી આ-ફજલખાં સંતુષ્ટ થયો. જંગલમય દુર્ગમ પાહાડી દેશમાં સૈન્ય લઇને આગળ જવું એ કેટલું કષ્ટદાયક છે તે તે પ્રથમથી જાણતો હતો. તેથી હમણાં શિવાજી પોતાની મેળે તેનો અનુગત થશે, એનો વિચાર કરીને તે ઘણીક રીતે નિશ્ચિંત થયો. તેણે વખત ન લમાડતાં ગોપીનાથપંત નામના એક મહારાષ્ટ્રીય બ્રાહ્મણને પ્રતાપગઢમાં શિવાજીની પાસે મોકલ્યો. એ દૂત કિલ્લાના નીચેના ગામમાં આવ્યો ત્યારે શિવાજી કિલ્લામાંથી નીચે ઉતરીને તેને મલ્યો. ગોપીનાથપંતે ધીરતાની સાથે શિવાજીને કહ્યું કે, "શાહજીની સાથે આફ્જલખાઁનને વિશેષ બંધુત્વ છે, તેથી બંધુના પુત્રને કોઇ પણ રીતે નુકશાન પોંહોંચાડવાની ઇચ્છા તે રાખતો નથી. તે તમારી સાથે દુશ્મની ન કરતાં તમોને એક જાગીરનું અધિપતિપણું આપવાને તૈયાર છે." ત્યારે શિવાજીએ વિશેષ સૌજન્ય અને વિનય-નમ્રતાની સાથે આફ્જલખાંના એ દૂતને કહ્યું, "એક જાગીર મલ્યાથી હું ઘણો ખુશી થઇશ, હું વિજયપુરના રાજાનો એક

સામાન્ય નોકર માત્ર છું." દૂત શિવાજીની એવી શીલતા અને નમ્રતા જોઇને સંતોષ પ્રકાશ કરવા લાગ્યો. ત્યાર પછી શિવાજીએ એ દૂતને રહેવાને માટે યથાયોગ્ય સ્થાન બતાવ્યું. પરંતુ દૂતના સાથીઓ યવનોને થોડેક દૂર રહેવાને માટે સ્થાન દેખાડયું, અને ત્યાં તેઓ રહેવા લાગ્યા. એક દિવસે અંધારી રાતે શિવાજી ગોપીનાથપંતની પાસે આવીને પોતાની ઓળખાણ આપીને બોલ્યો. "હું હિંદુ જાતિના પરિશુદ્ધ વિશ્વાસ અને પવિત્ર ભક્તિનું સન્માન સાચવવાને માટે સર્વ કામ કરવાને પ્રતિજ્ઞાબદ્ધ થયો છું. બ્રાહ્મણ અને ગાયની રક્ષા કરવામાં, પવિત્ર દેવ મંદિરના અવમાનકારીઓને સજા આપવામાં અને સ્વધર્મ વિરોધી શત્રુઓની શક્તિ રોકવામાં મારો વિશેષ આગ્રહ છે. હું ભવાનીના હુકમથી આ પવિત્ર કામ બજાવવાને માટે વ્રતી થયો છું. તમો બ્રાહ્મણો છો તેથી તમને મદદ આપવી એ મારૂં કર્ત્તવ્ય છે. હું આશા રાખું છું કે બ્રાહ્મણની સાથે હું પરમ સુખથી કાળ ગાળી શકીશ." ધીરગંભીરભાવથી એ કહીને તેણે ગોપીનાથપંતને એક ગામ ઇનામ આપવાનું વચન

આપ્યું. ગોપીનાથપંત એ તરૂણ હિંદુવીરના અસીમ સાહસ, અસાધારણ દેવભક્તિ અને અપરિમેય સ્વદેશ હિતૈષિતાથી મુગ્ધ થયો. હવે તેના મોઢામાંથી શિવાજીના વિરૂદ્ધમાં કંઇ પણ વાત બહાર નીકળી નહિ. તેણે ધીરભાવથી તેના કાર્ય સાધનમાં મદદનું વચન આપ્યું; પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી જીવન રહેશે, ત્યાં સુધી તમારા (શિવાજીના) વિરૂદ્ધાચરણ કરીશ નહિ. શિવાજીની આશા ફલવતી થઇ, ગોપીનાથપંત શિવાજીનાં સાહસ, સ્વદેશ-ભક્તિ અને વાક્ચાતુર્યમાં મોહિત થયાથી તેનો હમેશાંનો સાથી થયો.

ગોપીનાથપંતની સલાહથી શિવાજી આફજલખાંને મળવાને તૈયાર થયો. અને પ્રતાપગઢના કિલ્લાની નીચેના એક સ્થાનમાં મળવાને નક્કી કરી રાખ્યું તેણે એ જગાપરનું જંગલ કપાવી નાંખ્યું. અને આફજલખાંને આવવાનો રસ્તો સાફ કરાવ્યો. પરંતુ આસપાસનું જેવું ને તેવું રાખી એ જંગલમાં પોતાના સાહસી માવાલી સૈન્યને સંતાડી રાખ્યું. વિજયપુરના સૈન્યે એમાંનું કાંઈ જાણ્યું નહિ. મુકરર વખતે આફજલખાં શિવાજીને મળવા નિકળ્યો. તે

યુદ્ધ વેશમાં સજેલો નહોતો; તેનો પોશાક સાદો મસલીનનો હતો. કમર ઉપર એક તરવાર ઝુલતી હતી. પંદરસો સૈનિક તેની સાથે આવતા હતા, પરંતુ ગોપીનાથપંતની સલાહથી એ સઘળું સૈન્ય પ્રતાપગઢથી છેટે રાખ્યું. આફૂજલખાં કેવળ એક માત્ર સશસ્ત્ર સિપાઇ લઇ પાલખીમાં બેસીને શિવાજીએ મુકરર કરેલા સ્થળની તર્ફ જવા નીકળ્યો.

તે તર્ફ શિવાજી પોતાનું અભિષ્ટ કામ પાર પાડવાને માટે તૈયારી કરવા લાગ્યો. તેણે લોઢાનું કવચ પેહેરી લીધું એ કવચમાં વૃશ્ચક અને વાઘના નખ* ભરાવ્યાં હતાં અને તે બીજા ન સમજી શકે એને માટે ઉપર સ્વચ્છ વસ્ત્ર પેહેર્યાં. એવી રીતે સજ્જિત થઇને શીવાજી ધીરે ધીરે કીલ્લામાંથી નીચે ઉતરીને યથોચિત શિલતાની સાથે સલામ કરતો કરતો આફૂજલખાંની પાસે આવ્યો. આફૂજલખાંની પેઠે તેની સાથે પણ એક સશસ્ત્ર સિપાઇ હતો. યથા રીતિ સલામ કર્યાં પછી શિષ્ટાચાર પ્રમાણે ઉભય ઉભયમાં આલિંગન થયું. અકસ્માત્ આફૂજલખાંને

---

* વૃશ્ચક વીંછુના જેવું વાંકું હથિયાર, વાઘનખ, વાઘના નખના જેવું હથિયાર.

શ્વાસાન્તર થયો. અકસ્માત્ તે "ઘોરતર વિશ્વાસઘાતકતા" કહીને બુમ પાડી ઉઠયો. આલિંગનની વખતે શીવાજીએ આફજલખાંના પેટમાં વાઘના નખ ભોંકી દીધા હતા. તેના દુઃખથી અધીર થઇને આફજલખાંએ શીવાજીને તરવારનો ઘા કર્યો. પરંતુ શીવાજીનાં કપડાંની નીચે લોઢાનું બખતર હોવાથી એથી કંઈ ફલ થયું નહિ. એ સર્વ કામ એક પળમાં થઇ ગયું. પળની અંદર શીવાજીએ અસ્ત્રચાલના કરીને આફજલખાંને નિસ્તેજ કરી નાંખ્યો. આફજલખાંનો સિપાઈ એ જોઇને સ્થિર રહી શક્યો નહિ. તે અવિચલિત ધીરતા અને ઘણી હિમ્મતની સાથે પ્રભુહન્તા શત્રુની સાથે લઢાઇમાં પ્રવૃત્ત થયો. એ અનુચરે એ લઢાઇમાં અપરિસીમ વીરત્વ દેખાડયું હતું. પરંતુ થોડીવારમાં તેનું પણ મરણ નીપજ્યું. એ અવસરે પાલખી ઉડાવનારાઓ આફજલખાંને લઇને ભાગવાનું કરતા હતા. પરંતુ તેઓનો એ ઉદ્યમ સફળ થયો નહિ. શિવાજીના કેટલાક સિપાઇઓ એકદમ આવીને આફજલખાનું માથું વાઢીને પ્રતાપગઢમાં લઇ ગયા. બીજી બાજુએ ઇસારો થયાથી માવાલીઓએ જંગલમાંથી

બહાર નિકળીને એકીવારે ચોતર્ફથી વિજયપુરના લશકરને ઘેર્યું. સામે વાળાઓ તેઓનું પરાક્રમ સહન કરી શકયા નહિ. તેઓ ન ઘણીઆતાં થઇને ચારે-તર્ફ ભાગી ગયા. તેથી શીવાજી જીત્યો. મહારાષ્ટ્રમાં તેની અપરિસીમ પ્રતિપત્તિ કાયમ થઇ. તરત તે ઘણા સૈન્ય અને ઘણા ધનનો અધિકારી થઇ પડયો.

જેઓ સરલ હૃદયવાળા હોય છે, જેઓ જીવનના દરેક કામમાં સરલતાની ઓળખાણ આપે છે, તેઓ એ કામમાં ઘોરતર વિશ્વાસઘાતક પાપંડ જાણીને શીવાજીને ધિક્કારી શકે. પરંતુ જેઓ દુર્દાન્ત શત્રુને પરાજિત કરીને સ્વદેશની સ્વાધીનતા રક્ષામાં ઉદ્યત થાય છે, સ્વદેશ દ્રોહીમાં જુદું રાજ્ય સ્થાપવાનો જેઓનો યત્ન હોય છે, તેઓ એ વિષયનો વિચાર બીજી રીતે કરશે. મુસલમાનની ચાતુરીના બલથી ભારતની સ્વાધીનતા નાશ થઇ છે. જ્યારે મહાવીર પૃથ્વીરાજ સ્વદેશની સ્વાધીનતાની રક્ષાને માટે ઘણું લશ્કર લઈને દશદ્વતિના કિનારે ખડો થયો હતો ત્યારે દુરન્ત શાહાબુદ્દીન ગોરી તેની સાધારણ તેજ-સ્વિતા અને ઘણું લશકર જોઈને સ્તંભિત થયો હતો. એ શાહબુદ્દીને ચાતુરી અવલંબન કરીને

અંધારી રાતે પ્રતિદ્વન્દ્વિના અજ્ઞાતસારે હિંદુ લશ્કરને ઘેર્યું નાહોત તો એકદમ પૃથ્વીરાજનું મરણ નીપજત નહિ, અને એકદમ અનંત અતલ જળમાં ભારતનું સ્વાધીનતા-રત્ન ડુબત નહિ. જેઓએ એવી રીતની ચાતુરી-એવી રીતની છેતરપિંડી કરીને ભારતમાં પોતાનું આધિપત્ય સ્થાપ્યું છે, તેઓની સાથે તેવી રીતની ચાતુરી ન કર્યાથી અભીષ્ટ સિદ્ધ થશે નહિ, એ શિવાજી સારી પેઠે સમજ્યો હતો. તેનો વિશ્વાસ હતો કે ચતુરની સાથે ચાતુરી અને શઠની સાથે શઠતા ન કર્યાથી તે કોઇપણ રીતે મુસલમાન રાજ્ય તાબે કરીને હિંદુ રાજ્યનો ગૌરવ સ્થાપન કરી શકશે નહિ. જે દસ્યુએ* અગોચરથી અજ્ઞાતસારે પોતાની દુરાકાંક્ષા પારપાડી છે, તેમની આગળ સરલ ભાવ દેખાડયાથી કદીપણ પોતાની ખાયશ પાર પાડી શકશે નહિ. શિવાજી બાલ્યકાલથીજ એ નીતિ શીખ્યો હતો. એ નીતિના બલથીજ તે અભીષ્ટ સાધનમાં પાર પડયો હતો. જેઓ સ્વદેશહિતૈષિતામાં ઉદ્દીપ્ત થઇને દુરંત ચતુર શત્રુના ઘોરતર જુલમને રોકવાને તૈયાર થાય છે.

* લુટારા—ધાડપાડુ.

તેઓની આગળ શિવાજીની એ શિક્ષાનું ફળ કદી-પણ અનાદૃત થશે નહિ.

સંહ્યાદ્રિના પશ્ચિમથી લઇને સમુદ્રસુધીનો મુલક કોકણ નામથી ઓળખાય છે. વિજયપુરના સૈન્યનો પરાજય કર્યાપછી શિવાજીએ એ કોકણ પ્રદેશનો ઘણો ખરો ભાગ તાબે કર્યો. ત્યારપછી તે કોકણમાંનો પનેલીનો કીલ્લો હાથ કરી લેવામાં ગુંથાયો. એ કી-લ્લો વિજયપુરના અધિપતિના તાબામાં હતો અને તે દુર્ભેદ્ય તરીકે પ્રસિદ્ધ હતો. શિવાજીએ કીલ્લો લેવામાં પણ અપૂર્વ કૌશળતાની ઓળખાણ આપી હતી. તેણે પોતાના કેટલાક પ્રધાન સેના-નાયકોની સાથે સલાહ કરીને છલથી તેઓમાં વિવાદ કર્યો. એથી એ સેના-નાયકો અસંતુષ્ટ થઇને જાણે આ-ઠસો સૈન્યના સાથે શિવાજીની ચાકરી છોડીને પને-લીના કીલ્લાના ઉપરીની આગળ ગયા. એ કીલ્લાનો ઉપરી એઓની કૌશળતા સમજી શક્યો નહિ. શિ-વાજીની સાથે એઓને અસદ્ભાવ થયો છે એમ સમજીને તેણે હૃષ્ટ ચિત્તથી એઓને કીલ્લામાં રા-ખ્યા. પેલી તર્ફ શિવાજી તરત તે કીલ્લાની તર્ફ આવવા લાગ્યો. કીલ્લાની દીવાલના બરાબર ઉચાં

કેટલાંક ઝાડ દીવાલની સામે હતાં. શિવાજીના જે સઘળા સર્દારો કીલ્લામાં રહ્યા હતા તેઓ એક વેળાએ રાત્રે એ સર્વ ઝાડપર ચ્હડીને બહારથી શિવાજીને અને તેના સીપાઇઓને કીલ્લાની અંદર લઇ ગયા. તેમણે જઇને કીલ્લાનો દરવાજો ઉઘાડી નાખ્યો, તેથી કીલ્લો સહજથી તેમને તાબે થયો.

એવી રીતે પુનઃ પુનઃ જય મેળવ્યાથી શિવાજીની એટલી તો ખ્યાતિ થઇ હતી કે ઘણીક જગાપરથી હિંદુ સૈનિકપુરૂષોએ આવીને તેનું દળ પરિપુષ્ટ કરવા માંડ્યું. બલવૃદ્ધિની સાથે શિવાજી વધારે હિંમત ભરેલું કામ કરવાનો આરંભ કરવા લાગ્યો. તેનું ઘોડેસ્વાર લશ્કર મુસલમાન બાદશાહના તાબેનાં ઘણાંક શેહેરો લુટવા લાગ્યું. એઓનો ઉદ્યમ, હિંમ્મત અને તેજસ્વિતા વિચલિત થઇ નહિ. એઓ જોતા જોતામાં વિજયપુર નગરની દીવાલની પાસે આવીને લુંટવા લાગ્યા.

વિજયપુરના નવાબે તેથી ક્રોધાયમાન થઇને વશ્યતા સ્વીકારને માટે શિવાજીની પાસે દૂત મોકલ્યો. એ દૂત શિવાજીની પાસે આવ્યો ત્યારે શીવાજીએ ધીરગંભીર સ્વરથી તેને કહ્યું "દૂત! મારી ઉપર

તમારા નવાબની એવી શું સત્તા છે કે, હું તેની વાતમાં રાજી થાઉં, જલદી અહીંઆંથી જાઓ નહિંતો તમને અપમાનિત થવું પડશે.” દૂત એ સાંભળીને ચાલ્યો ગયો. વિજયપુરના નવાબે શિવાજીના આવા ઉદ્ધતભાવને માટે વધારે ક્રોધાયમાન થઇને શાહજીને કેદખાનામાં નાખ્યો, અને કહ્યું કે “તમારો પુત્ર જલદીથી વશીભૂત ન થયાથી આ કેદખાનાનો દરવાજો ચણાવીને તમોને જીવદ્દશામાં સમાધિત કરીશ” પિતાના કેદખાનાની ખબરથી શિવાજી થોડો શંકિત થયો હતો ખરો, પરંતુ તેથી કર્તવ્યથી વિમુખ થયો નહિ. કેટલાંક વર્ષ બાદ વિજયપુરના નવાબે શાહજીને છોડી મૂક્યો. શાહજી મુક્ત થઇને રાયગઢમાં પોતાના એ દુરદ્દષ્ટના મૂળ છોકરાની પાસે ગયો. શિવાજીએ પોતાનું યથાયોગ્ય સન્માન કરવામાં કમતાઇ કરી નહિ. તે બાપને ગાદી ઉપર બેસાડીને પોતે તેના જોડા લઇને સામાન્ય ચાકરની પેઠે પાસે ઉભો રહ્યો, મહાવીર શિવાજી કેવી રીતનો પિતૃભક્ત હતો તે આના ઉપરથી જણાય છે.

શાહાજી છૂટો થયો, શિવાજી પાછો પોતાનું આ-

પ્રિપત્સ વિસ્તારવાનો યત્ન કરવા લાગ્યો આ વેળા-એ વિજયપુરના નવાબે શિવાજીને પરાજિત કરવા-ને માટે ઘણું લશ્કર મોકલ્યું. એક રણદક્ષ આબિ-સિનીયન સર્દાર એ સૈન્યદળનો અધિનાયક થયો. એ લશ્કરે શિવાજીને પનેલીના કીલ્લામાં ઘેર્યો. પરંતુ એ વેળાએ પણ શિવાજીનો જય થયો. તેના કૌશળથી એબીસિનીયાના સર્દારની કોશેશ વ્યર્થ થઇ ગઇ. અને વિજયપુરના નવાબે છેલ્લીવારે ક્રોધાયમાન થઇને એ સર્દારને મારી નખાવ્યો.

જ્યારે ઔરંગજેબ પોતાના પિતાને સિંહાસન-ચ્યુત કરવાને માટે આગ્રામાં ગયો હતો, ત્યારે તેણે શિવાજીની પાસે કેટલાક આબરૂદાર સર્દારો મોકલીને તેની મદદની પ્રાર્થના કરી હતી. પરંતુ શિવાજીએ તેના એ અન્યાય ભરેલા કામમાં સહાયતા આપી નહિ અને તેની પ્રાર્થના પણ ગ્રાહ્ય કરવાની ઇચ્છા કરી નહિ. તેણે ઔરંગજેબની અન્યાયની વાત સાંભળીને ધિક્કાર અને વિરાગની સાથે દૂતને વિદાય કર્યો અને ઔરંગજેબની પાસેથી જે પત્ર લાવ્યો હતો, તે ધિક્કાર અને વિરાગની સાથે કુતરાની ડોકમાં બાંધવાનો હુકમ આપ્યો

તે વખતથી શિવાજીના ઉપર ઔરંગજેબને પ્રગાઢ વિદ્વેષનો સંચાર થયો હતો, ત્યારથી ઔરંગજેબ શિવાજીને "પર્વતનો ઉંદર" કહેતો અને તેનું અનિષ્ટ કરવાનો યત્ન કરતો હતો.

ઔરંગજેબે વૃદ્ધ પિતાને ગાદી ઉપરથી ઉઠાડીને કેદખાનામાં પુર્યો અને પોતે ગાદી ઉપર બેઠો. પેલી બાજુએ શિવાજીની સાથે વિજયપુરના નવાબને સંધિ થઇ. એ સમયે શિવાજીએ કોકણ પ્રદેશને તાબે કર્યો હતો. તેની પાસે સાત હજાર ઘોડેસ્વાર અને પચાસ હજાર પેદલ લશ્કર થયું હતું.

વિજયપુરના નવાબની સાથે સંધિ થયા પછી શિવાજી મુગલ રાજ્ય ઉપર ચઢાઇ કરવાને માટે તૈયારી કરવા લાગ્યો. તેના હુકમથી તેના સેનાપતિયો દિલ્લીશ્વરના અધિકારના દેશો લુંટીને પુનામાં પાછા આવ્યા. શાયેસ્તાખાઁ આ વખતે દક્ષિણનો સુબેદાર હતો. બાદશાહ ઔરંગજેબે શિવાજીને નમાવાને માટે તેના ઉપર હુકમ મોકલ્યો. એ હુકમના અનુસારે શાયેસ્તાખાઁ ઘણું લશ્કર લઇને ઓરંગાબાદથી નીકલ્યો. શિવાજીએ મુગલ સૈન્યની આવવાની ખબર સાંભળી

તેથી તે રાયગઢ છોડીને સિંહગઢમાં રહેવા ગયો. શાયેસ્તાખાઁ પુના તાબે કર્યા પછી દાદાજી કોંડદેવે જે ઘર તૈયાર કર્યું હતું તે ઘરમાં રેહવા લાગ્યો. અને શિવાજીની કૌશળતાની વાત તે જાણતો હતો, વાસ્તે સાવચેતથી એ ઘરને સુરક્ષિત રાખ્યું. તેના પરવાના સિવાય કોઇ હથિયારબંધ મરાઠાને પુનામાં પેસવા દેતો નહોતો પરંતુ મુગલ સુબેદારની એ સાવચેતીથી પણ કંઇ ફલ ફળ્યું નહિ. ચતુર શિવાજીની હિમ્મતથી અને કૌશળતાથી સાવચેત મુગલનું સર્વ નાશ થવાની શરૂઆત થઇ.

એ વેળાએ રાત્રે પૃથ્વી ઘોર અંધકારમાં આચ્છન્ન થઇ છે. પુનાના રસ્તા, ઘાટ, મકાન સઘળાં ગભીર અંધકારમાં મળી ગયાં છે. ક્યાં પણ જનસમાગમ થતો નથી કેવળ એક વિવાહનું સાજન રાતની નિસ્તબ્ધતા ભંગ કરીને ધીરે ધીરે પુનાની તર્ફ આવે છે. હિમ્મતવાન શિવાજી આવો લાગ જોઇને મુકરર સ્થાનમાં સૈન્ય રાખીને પોતે કેવળ પચીશ સીપાઈને સાથે તે લગ્નના વરઘોડામાં મળ્યો. એ વરઘોડો ગમ્મત કરતો કરતો પુનામાં પેઠો. શિવાજી પણ તેઓની સાથે મળીને પુનામાં

જઇને એકીવારે પોતાના ઘરે પોહોંચ્યો. તે વેળાએ શાયેસ્તાખાઁ સૂતો હતો તેના કુટુંબની કેટલી બાઓએ આ અકસ્માત આક્રમણની ખબર મળ્યાથી તેને જગાડયો. જાગીને તે સૂતાના ઓરડાની બારીએથી ભાગવાની તજવીજ કરવા લાગ્યો. એ વેળાએ આક્રમણકારીઓની તરવારના આઘાતથી તેના હાથની એક આંગળી કપાઇ ગઇ. તો પણ તેણે કોઈ રીતે ભાગીને પોતાની રક્ષા કરી. પરંતુ તેના પુત્ર અને અનુચરોને મારી નાખ્યા. શિવાજી જયોલ્લાસથી ખુશ થઈને ઘણી મશાલોના અજવાળાથી રસ્તો પ્રકાશવાળો કરીને પાછો સિંહગઢમાં ગયો.

સમસ્ત મહારાષ્ટ્રમાં મહાવીર શિવાજીની આ વીરત્વ-કીર્તિ પસરી ગઇ. સમસ્ત મહારાષ્ટ્રવાસી સ્વદેશીય મહાવીરના આ અપૂર્વ વીરત્વમાં મુગ્ધ થઇને તેના ગુણ ગાવા લાગ્યા. ઘણા વર્ષ જતાં રહ્યાં છે, ઘણાં વર્ષ અતીતકાળના તરંગમાં તણાઇ ગયાં છે, પરંતુ શિવાજીની એ હિમ્મત અને વીરત્વની કાહણી વિલુપ્ત થઇ નથી. મહારાષ્ટ્રીઓ આજ સુધી આહ્લાદની સાથે શિવાજીની એ હિંમત અને વીરત્વનું ગાયન ગાય છે.

બીજે દિવસે પ્રાતઃકાળે કેટલાક મુગલ ઘોડેસ્વાર સિંહગઢની તર્ફ આવ્યા. શિવાજીએ એઓને કી-લ્લાની પાસે આવવાની અનુમતિ આપી. એઓ મહાવિક્રમથી રણડંકાધ્વનિની સાથે ઉઘાડી તરવાર ફેરવતા ફેરવતા કીલ્લાની પાસે આવ્યા. ત્યારે શિ-વાજીએ એઓની સામે તોપ સ્થાપન કરી, એ તોપની આગળ તેઓ ટકી શક્યા નહિ, હથિયાર લઇને ભાગી ગયા. શિવાજીના એક સેનાપતિએ તેમની પછવાડે દોડીને તેઓને નસાડી મૂક્યા. આ પહેલીવાર મુગલ સૈન્ય શિવાજીના લશ્કરથી પરા-જય થઇને ભાગી ગયું. શિવાજીએ પોતાના અપૂર્વ વીરત્વ-બલથી વિજયી થઇને દક્ષિણમાં આત્મપ્રા-ધાન્ય કાયમ રાખ્યું.

એના પછી શિવાજી ઘોડેસ્વાર લશ્કર લઇને બાદશાહ ઔરંગજેબના તાબેનું સુરત નગર લુંટીને ઘણું દ્રવ્ય એકઠું કરીને રાયગઢમાં પાછો આવ્યો. તે જળમાર્ગમાં પણ પોતાનું આધિપત્ય સ્થાપવામાં યત્નશીલ હતો. તેની ઘણી રણતરિ*હતી. એ સર્વ

*લડાઇનાં વહાણ.

રણતરીથી મુગલ બાદશાહની રણતરી અધિકૃત થઈ.

સુરત લુટીને આવ્યા પછી શિવાજીએ સાંભળ્યું કે તેના પિતાનું મરણ નીપજ્યું. તેથી તેણે સિંહગઢમાં જઈને શ્રાદ્ધાદિ કર્યું. ત્યારપછી રાયગઢમાં આવીને પોતાના મુખ્ય અમલદારોની સાથે મળીને તાબે કરેલા મુલકનો સારો બંદોબસ્ત કરવાની વ્યવસ્થા કરવા લાગ્યો. એ કામમાં કેટલાક મહીના ગયા. એ વખતે એ રાજા કહેવડાવીને પોતાના નામના રૂપીઆ પડાવવા લાગ્યો. વીર પુરૂષની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ. મુગલ બાદશાહીના મહાપ્રતાપની અંદર ભારતનો મહાવીર સ્વાધીન રાજાના સન્માનિત પદમાં અધિરૂઢ થઈને સ્વાધીન ભાવથી શાસન દંડ ચલાવવાને સમર્થ થયો.

મક્કે જનાર મુસલમાનો સુરતના બંદર ઉપર આવીને વહાણમાં બેસતા. એ વાસ્તે મુસલમાનોમાં સુરત એક પવિત્ર સ્થાન તરીકે પ્રખ્યાત હતું. એ પવિત્ર સ્થાન લુટી લીધું અને રાજાપદ ધારણ કર્યું, એ ખબર ઔરંગજેબે સાંભળ્યાથી તેણે ક્રોધાયમાન થઈને તેને દમન કરવાને માટે જયસિંહ અને દિલીરખાંને મોકલ્યા. પરંતુ શિવાજી એઓની સાથે લઢાઈમાં પ્રવૃત્ત થયો

નહિ. તેણે સંધીનો પ્રસ્તાવ કરીને પહેલાં રઘુનાથપંત ન્યાયશાસ્ત્રીને જયસિંહનાપાસે મોકલ્યો. જયસિંહ-ની સાથે દૂતની ઘણી વાતો થઇ. પછી તે દૂત વિદાયગિરી લઇને શિવાજીની પાસે આવ્યો. શિવા-જી વીર-ધર્મનો પક્ષપાતી હતો, તેથી તેણે કોઈ જાતની આશંકા ન કરતાં થોડા અનુચરના સાથે વરસાદના પ્રારંભમાં જયસિંહની છાવણીમાં જઇને પોતાની ઓળખાણ આપી; જયસિંહે તેને માન આપવાને માટે એક આબરૂદાર માણસને મોકલ્યો. અને જ્યારે તે છાવણીના દરવાજા ઉપર આવ્યો ત્યારે જયસિંહે પોતે આગળ જઇને તેને આલિંગન કરીને પોતાના તંબુમાં લઇ જઇને પોતાના આસ-નની દક્ષિણ તરફ બેસાડ્યો. સંધિના નિયમ (સરતો) મુકરર થયાના મંજુરી માટે તે મોકલ્યા. બાદશાહે પણ તે સર્વનું માન્ય કરીને પાછા મોકલ્યા. એના પછી શિવાજી મુગલનો પક્ષ લઈને વિજયપુરની સામે લઢવાને ગયો; બીજે વર્ષે બાદશાહની તરફથી દિલ્લીમાં આવવાનું નિમંત્રણ આવ્યાથી તે પોતાના પુત્ર, પાંચસો ઘોડેસ્વાર અને એક હજાર માવાળી સૈન્યની સાથે દિલ્લી જવા નીકળ્યો.

શિવાજી દિલ્હીમાં પોહોંચ્યો. દિલ્હીના સઘળા રહેવાસી તેને જોવાને માટે વ્યસ્ત થયા. પરંતુ ઓરંગજેબે દુર્મતિથી એ પરાક્રાન્ત હિંદુભૂપતીનું જેવું જોઇએ તેવું સન્માન કર્યું નહિ. તેણે શિવાજીને પોતાની પ્રજાની સામે અપમાન કરવાનો સંકલ્પ કર્યો.

શિવાજી બાદશાહના સભાગૃહમાં ગયેઃ ત્યાં ઓરંગજેબે તેને માન ન આપતાં ત્રીજી શ્રેણીના કામદારોના આસન ઉપર બેસાડયો. શિવાજીએ એથી મર્માહત થઇને સભા-ગૃહ પરિત્યાગ કર્યું. પરંતુ તે તરત દિલ્હિમાંથી જઇ શક્યો નહિ. બાદશાહે તેના મુકામના ઘરમાં પહેરો રાખવાને નગરના કોટવાલને હુકમ આપ્યો. પેલી બાજુએ ચતુર મહારાષ્ટ્રપતિએ મારી સાથેના માણસોને દિલ્હીની હવા માફક આવતી નથી એમ કહીને તેઓને સ્વદેશમાં મોકલવાને બાદશાહની પાસ અનુમતિ માગી. બાદશાહે પણ તેની સાથેના લોક જવાથી તે મદદ વગરનો થશે એટલે ઝટ આપણા તાબે થશે એવો વિચાર કરીને તરત તેઓને જવાની અનુમતિ આપી. ત્યારપછી શિવાજી પીડાનું બહાનું કરીને બીછાનામાં પડી રહ્યો. એનાપછી થોડોક આરામ થયો છે

એવી વાત જણાવીને મોટા મોટા ટોપલા મીઠાઇના ભરીને ફકીર સન્યાસીઓને દાન આપવા લાગ્યો. એમ કરતાં જ્યારે પહેરેગીરોને ખાત્રી થઈ કે ટોપલામાં કેવળ મીઠાઇ જાય છે, ત્યારે એક દિવસ સાંજની વેળાએ શિવાજી એક ટોપલામાં પોતે બેસીને નગરની બહાર નીકળ્યો. અને એક ડાળામાં પોતાના પુત્ર શંભુજીને બેસાડીને બાહાર કાઢ્યો. નગરના દરવાજાની પાસે ઘોડો તૈયાર હતો. શિવાજી છોકરાને લઈને તે ઘોડા ઉપર બેસીને બીજે દિવસે મથુરા જઇ પોહોંચ્યો, ત્યાં કેટલાક બંધુની પાસે શંભુજીને રાખીને પોતે સંન્યાસીના વેશમાં ફરતો ફરતો દક્ષિણ તર્ફ આવ્યો. ત્યારબાદ તેના બંધુઓ શંભુજીને પણ લઇને દક્ષિણ તર્ફ ગયા.

આ વખતે વિજયપુરની સાથે લઢાઈ ચાલતી હતી તેથી કોણ જાણે શિવાજી વિજયપુરના રાજાની સાથે મળી જાય, એ આશંકાથી ઓરંગજેબે તેને એક જાગીર આપીને " રાજા " ઉપાધી દફતર કરી આપી. ત્યારપછી શિવાજીએ વિજયપુર અને ગોવલકોંડાના રાજાઓની સાથે લઢાઇ કરીને તેઓની પાસેથી કર લીધો.

થોડા દિવસને માટે લડાઇનો વિરામ થવાથી શિવાજીએ પોતાના રાજ્યની વ્યવસ્થા બાંધી. તેણે રાજસ્વ-સંબંધીય સઘળાં કામ બ્રાહ્મણોના હાથમાં સોંપ્યાં; ખેડુતો ઉપર જુલમ ન ગુજરે, કોઈ કોઇને ઠગે નહિ, તે વાસ્તે સુનિયમ સ્થાપ્યા. તેના નિયમ અનુસારે અનાજની ઉત્પત્તિના પાંચ ભાગમાંથી ત્રણ ભાગ ખેડુતને મળતા અને બાકીના બે ભાગ સરકારમાં જતા. શિવાજી પોતાના કર્મચારીથી એ રાજસ્વ સંગ્રહ કરાવતો હતો. એના સિવાય તેણે લશ્કરને રાજ-કોષ (ભંડાર) માંથી પગાર આપવાનો નિયમ કર્યો હતો. તેનું પેદલ લશ્કર ઘણુંખરૂં માવાલી જાતનું હતું. તરવાર, ઢાલ અને બંદુક એઓના મોટાં હથિયાર હતાં. ઘોડેસ્વાર લશ્કર "બર્ગી અને" શિલ્પીદાર " એ બે શ્રેણીમાં વિભક્ત હતું. બર્ગીઓને ઘોડા સિવાય માસે ૬—૭ રૂપીઆથી લઈને ૧૫—૨૦ રૂપીઆ સુધી પગાર મલતો. શિલ્પીદારો પોતાના ઘોડાનું કામ કરતા, એઓનો પગાર ૧૮—૨૦ રૂપીઆથી લઇને ૪૦—૫૦ રૂપીઆ સુધી હતો. લુંટમાં જે મળતું તે સર્વ રા-

જખીરામાં જમા થતું. લુટનારાઓને કેવળ લાયક ઇનામ મળતું ૧૦ સીપાઈ ઉપર એક નાયક, ૫૦ ઉપર એક હવાલદાર અને ૧૦૦ સીપાઇ ઉપર એક જમાદાર રહેતો. હજાર પેદલ સીપાઇના અધ્યક્ષને એક હજારી કહેવામાં આવતો. પાંચ હજારી ઉપર પ્રધાન સૈન્યાધ્યક્ષ રહેતો.

પેદલોના પ્રમાણે ઘોડેસ્વારના લસ્કરમાં પણ શ્રેણી હતી. ૨૫ અશ્વરોહી સૈન્યના ઉપર હવાલદાર, ૧૨૫ જણના ઉપર જમાદાર અને ૬૨૫ જણના ઉપર સુબેદાર હતો. ૬૨૫૦ જણ ઉપરના ઘોડેસ્વારના અધ્યક્ષને પાંચહજારી કહેવામાં આવતો. તરવાર, ઢાલ, અને ભાલો ઘોડેસ્વારોનાં મુખ્ય હથિયાર હતાં. એઓના ઘોડા નાના અને દોડનાર હોવાથી એઓ અનાયાસથી દોડતાં પાર્વત્ય પ્રદેશમાં જતાં આવતાં હતા. તેને ઘાટના ટટ્ટુ કહેવામાં આવતાં.

હિંદુઓના મતમાં શરત્કાળજ દિગ્વિજય કરવા જવાનો સમય છે. પ્રતાપશાળી શિવાજી એ સમયે આડંબરની સાથે દશભુજા દુર્ગાની પૂજા કરીને દિગ્વિજયને માટે નીકળતો. તે વગર હરકતે શત્રુઓનાં નગર લુંટતો હતો ખરો, પરંતુ ખેડુત,

ગાય અને સ્ત્રીઓના ઉપર હાથ નાંખતો નહોતો. એવા ક્રમથી પરાક્રાન્ત મુગલ બાદશાહીના ઉપર મહારાષ્ટ્ર રાજ્ય સ્થાપન થયું. એ પ્રમાણે મરાઠાઓ સાધારણની આગળ એક પ્રધાન જાતિ ગણાવા લાગ્યા.

ઓરંગજેબે બાહારનું સૌજન્ય દેખાડીને બીજી એકવાર શિવાજીને હાથમાં લાવવાની તજવીજ કરી હતી. પરંતુ તેની તે મેહેનત ફળવતી થઇ નહિ. શિવાજી તેની કૌશલ જાલમા ફસાયો નહિ. તે પ્રથમની પેઠે દક્ષિણની ઘણી જગાપર પોતાનું આધિપત્ય વિસ્તાર કરવા લાગ્યો. તેથી મુગલ બાદશાહને હવે શિવાજીની સાથે પ્રકાશ્ય લઢાઇ કરવાની ફરજ પડી શિવાજી એનાથી કોઇ પણ રીતે ભયભીત થયો નહિ, આત્મ સન્માનની ઉપર પાણી મૂકીને મુગલના તાબે થયો નહિ. તે ખરા વીરપુરૂષની પેઠે પોતાના વીરધર્મની રક્ષા કરવામાં યત્નશીલ થયો. થોડા વારમાં તેણે મુગલ બાદશાહના તાબેના કીલ્લા ઉપર પોતાની વિજય-પતાકા ઉડાડી. ત્યાર પછી તે પંદર હજાર ઘોડેસ્વાર સૈન્ય લઇને પાછો સુરત પોહોચ્યો. અને ત્રણ દિવસ સુધી તે નગરને લુંટયું પરંતુ કોઇ પણ તે

તેજસ્વી મરાઠાપતિના વિરૂદ્ધાચરણમાં હિંમતવાન થયો નહિ. શિવાજી વગર હરકતે સુરતની ધનસંપત્તિ એકઠી કરીને પોતાના રાજ્યમાં પાછો ફર્યો.

શિવાજી જ્યારે સુરતથી પાછો ફરતો હતો, ત્યારે દાઉદખાં નામનો એક મુગલ સેનાપતિ પાંચ હજાર ઘોડેસ્વાર લશ્કર લઇને તેની પછવાડે થયો. તેને શિવાજીએ ઘેરીને સંપૂર્ણ રીતે તેનો પરાજય કર્યો. વળી એક બાજુએથી તેનો સેનાપતિ પ્રતાપરાવ ખાનદેશમાં જઇને ઘણીક જગાપરથી કર એકઠા કરતો હતો. શિવાજીના એવા પ્રભાવ અને આધિપત્યથી ચિંતિત થઇને ઔરંગજેબે તેની સમે મોહોબતખાંના આધિનમાં ચાલીસ હજાર સૈન્ય દક્ષિણ તર્ફ મોકલી દીધું. શિવાજી એ સૈન્યની સમે આત્મપ્રાધાન્ય સ્થાપવામાં વિમુખ થયો નહિ. તેણે મોરોપંત અને પ્રતાપરાવ નામના પોતાના બે પ્રધાન સેનાપતિઓને મુગલ સૈન્યની સાથે લડાઈ કરવાની અનુમતિ આપી. એ બંને સેનાપતિના આવવાની ખબર સાંભળીને મોહોબતખાંએ ઇખલાસખાંના આધીનમાં સૈન્ય લડવાને મોકલ્યું. એ લડાઇમાં મુગલોની હાર થઈ. તેઓમા-

થી ઘણાક મરી ગયા. ૨૨ સેનાનાયક મરી ગયા, અને કેટલાક પ્રધાન સેનાપતિ જખમી થઇને બંદીવાન થયા.

મુગલ સૈન્યની સાથે મરાઠાઓની એજ મોટી સામેની લઢાઇ થઈ. એ લઢાઇમાં શિવાજીની સેના વિજય-લક્ષ્મીથી ગૌરવાન્વિત થઇ. તેની વિજયિની શક્તિનો મહિમા ચારે બાજુએ ગવાયો. મહાપરાક્રાન્ત ભૂપતિ તરીકે સાધારણની આગળ તે સન્માનિત થયો, તેનો પ્રતાપ, તેનું વીરપણું, તેની સમર-ચાતુરીથી સઘળાઓ અજાયબી પામીને તેને અસાધારણ વીરપુરુષ સમજવા લાગ્યા. મુગલ બાદશાહ ઔરંગજેબ પણ આ પરાક્રમી શત્રુના અપૂર્વ પ્રભાવથી સ્તંભિત થયો. આ લઢાઇમાં જેટલા સેનાપતિ બંદીવાન થયા હતા તેના પ્રતિ શિવાજીએ કંઇ પણ અસદ્‌વ્યવહાર કર્યો નહિ. તેણે એ બંદીવાનોને ઘણાં સન્માનની સાથે રાયગઢમાં મોકલ્યા અને તેઓના જખમ સારા થયા પછી ઘણા સન્માનની સાથે તેઓને વિદાય કર્યાં. ભારતના અદ્વિતીય વીરપુરૂષે પવિત્ર વીર-ધર્મની અવમાનના કરી નહિ. જખમી બંદીવાનોને રાયગઢમાં

કોઇ રીતની તકલીફ પડી નહોતી. શિવાજીના હુકમથી એઓની યથોચિત સેવા ચાકરી થઇ હતી. પતિત શત્રુના ઉપર આવું સૌજન્ય દેખાડવાથી શિવાજીએ ખરા વિરોચિતમહત્વ અને ઉદારતાની ઓળખાણુ આપી હતી. આ મહત્વ અને આ ઉદારતા અનંતકાલ સુધી પવિત્ર ઇતિહાસમાં પંકાશે.

શિવાજીએ પ્રથમ રાજપદ ધારણ કરી પોતાના નામના રૂપીઆ પાડયા હતા. હવે વેદજ્ઞ બ્રાહ્મણની સાથે પરામર્સ કરીને શાસ્ત્રના નિયમાનુસારે રાજ્યાભિષેકનું આયોજન કર્યું અભિષેક-કાર્ય કરવાને માટે ગંગાભટ નામનો એક શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણ કાશીથી રાયગઢમાં આવ્યો. તા૦ ૬ ઠી જુન ૧૬૭૪ ઇસવી સનના પવિત્ર દિવસે રાયગઢના પહાડી કિલ્લામાં પ્રાતઃ સ્મરણીય મહારાજ શિવાજી સ્વાધીન હિંદુ-રાજ ચક્રવર્તીના સન્માનિત પદમાં અધિષ્ઠિત થયો. શાસ્ત્ર-પારદર્શી ગંગાભટે એ પવિત્ર દિવસે શિવાજીને યથાશાસ્ત્ર રાજ્યાભિષિક્ત કર્યો. એ ઉપલક્ષે ઘણા બ્રાહ્મણો ધર્મ સંમત કામમાં પ્રવૃત્ત થયા. મહાયજ્ઞના અનુષ્ઠાનથી, મહોલ્લાસના તરંગથી રાયગઢમાં અપૂર્વ દેખાવ દીપી નીકળ્યો. ઘણા દિવસ પછી

સ્વાધીનતા-ભક્ત હિંદુ વીરોની પવિત્ર જય-ધ્વનીથી ગડગઢ દુર્ગ પરિપૂર્ણ થઈ ગયું. મહાવીર શિવાજીએ રાજ-વેશમાં રાજસિંહાસન ઉપર બેસીને એ પવિત્ર દિવસના સ્મરણાર્થ એક સંવત્ સ્થાપ્યો, અને રાજસંપર્કીય ઉપાધિયો (ઇલ્કાબો) ફારસીના બદલે સંસ્કૃત નામમાં લખવાનો આદેશ આપ્યો. એવી રીતે શિવાજીનું અભિષિક્ત કામ થયું, એવી રીતે આ છેલ્લીવારે પરાધીન પર-પીડિત ભારતનો હિંદુ-વીર પોતાના અસાધારણ વીરત્વ-બળથી દુરંત શત્રુની અંદર રાજમુકુટ ધારણ કરીને સ્વાધીનતાના મહિમાથી ગૌરવાન્વિત થયો.

શિવાજી રાજપદવી લઈને યથાનિયમથી રાજ્ય ચલાવવા લાગ્યો. નર્મદાથી કૃષ્ણા નદી સુધી દક્ષિણ ભારતવર્ષ તેના તાબે થયું હતું. તેણે આ વિસ્તૃત રાજ્ય ચલાવવામાં કદીપણ ઔદાસીન્ય દેખાડ્યું નથી. યુદ્ધજયમાં અને રાજ્યાધિકારમાં તેની જેવી ક્ષમતા અને કૌશલ્ય જોવામાં આવે છે, તેવીજ વ્યવસ્થા તેના તાબે થયલા રાજ્યની ક્ષમતા અને કોશલની ઓળખાણ બાંધવામાં પણ મળે છે. ત્યારપછી તે પણ ઘણીકજગાપર લડાઇમાં રોકા-

ચલો હતો. એ સઘળી લડાઇમાં પણ તેની અપરિસીમ ક્ષમતા દેખાતી હતી. તેની સેના એક એક સમયે નર્મદા નદી પાર થઇને મુગલના તાએના મુલકોને ઘેરવા લુંટવામાં પણ સંકુચિત થતી જ્યારે મુગલ સેનાપતિ દિલિરખાંએ વિજયપુરના અધિપતિને ઘેર્યો ત્યારે વિજયપુર-રાજે શિવાજીની મદદ માગી. શિવાજીએ મદદ આપવામાં અસંમત થયો નહિ. તેના સમયચાતુરીથી દિલિરખાં એવો તો બેબાકળો થઇ પડયો હતો કે તેને થોડીવારમાં વિજયપુર છોડીને જવું પડયું. આથી વિજયપુરના રાજાએ ભુસંપત્તિ (જાગીર) આપીને શિવાજીની આગળ કૃતજ્ઞતા પ્રકાશ કરી.

એ પ્રમાણે ઘણી જગાપર નાના પ્રકારના વિષયમાં પોતાનું અસામાન્ય સાહસ, અપરિમેય ક્ષમતા અને અવિચલિત તેજસ્વિતની ઓળખાણ આપીને મહાવીર શિવાજી ઐહિક જીવનની છેલ્લી સીમામાં આવ્યો. તેના ગોઠણ ફુલી જવાથી તે રાયગઢમાં ગયો. ક્રમે તાવ આવવા લાગ્યો એ તાવ ઉતર્યો નહિ. સાત દિવસ એવો તાવ ભોગવીને તા૦ ૫ મી એપ્રિલ ૧૬૮૦ ઇસવીસનમાં પોતાની ૫૩

વર્ષની વયે મહાવીર શિવાજી પરલોક સિધાવ્યો.

એવી રીતે એ અસાધારણ વીરપુરૂષના અસાધારણ કાર્યોમાં તેનું જીવન ચાલ્યું ગયું વીરપુરૂષનાં સઘલાં કામ લોકાતીતભાવથી પરિપૂર્ણ હોય છે. ભારતનો મુગલ અદ્વિતીય બાદશાહ પણ તેનાં ક્ષમતા અને પ્રાધાન્ય રોકવાને સમર્થ થયો નહિ. જ્યારે તેની માવાળી સેના, તેની યુદ્ધ ચાતુરી તેની હિમ્મત અને તેની રાજ્ય ચલાવવાની રિતિની વાત મનમાં આવે છે ત્યારે તેની રીતિની ઉપર અપરિસીમ શ્રદ્ધા અને પ્રીતિનો સંચાર થાય છે. તે પિતાના અજ્ઞાતસારે, બંધુઓના અભિમતે, નિઃસહાય નિરવલંબ થઇને પોતે ધારેલાં કામ બજાવવાને તૈયાર થયો હતો, એમાં પળને માટે પણ તેના મનમાં કોઈપણ રીતે આશંકા તથા ઉદ્વેગનો સંચાર થયો નહોતો. તે પોતાની અપૂર્વ ક્ષમતા અને અધ્યવસાયના બલથી ગુરૂતર સાધનામાં સુસિદ્ધ થયો હતો, અને કૃતકાર્યમાં ગૌરવાન્વિત થઇને અનશ્વર કીર્તિ મેળવી ગયો.

શિવાજી સ્વજાતિના પૂર્વના ગૌરવનો ઉદ્ધાર કરવાવાળો પુરૂષસિંહ હતો. ઘણાં વર્ષોના જુલમથી

અને અવિચારથી જે જાતિ નિપીડિત, નિરપેષિત થઇ હતી, જે જાતિ સ્વાધીનતામાં જલાંજળી આપાને, પરાધીનતા સ્વીકારવી એ પુરૂષાર્થ સમજતી હતી, શિવાજીએ તે જાતિને ધીરે ધીરે ઉન્નતિના માર્ગ ઉપર આણી અને ધીરે ધીરે તે જાતિના હૃદયમાં અચિંતનીય હિંમત અને ઉત્સાહ ઉપજાવીને તેઓ તે સ્વાધીનતાના ભક્ત વીર પુરૂષના સન્માનિત પદમાં સ્થાપિત કર્યા. મુગલ બાદશાહીની ઉન્નતિની વેળાએ તેની ક્ષમતાથી એક હિંદુ રાજ્ય સ્થાપન થયું. પરાધીનતાના શોચનીય સમયમાં, જુલમી વખતે, હીંદની પવિત્ર ભૂમિમાં બીજા કોઇ હિંદુ વીરથી એવા પરાક્રમી રાજ્યની સ્થાપના થઇ નહોતી.

હદ્દવગરની હિમ્મત અને શક્તિ હોવાથી શિવાજી સઘળા વિષયોમાં પાર પડી શક્યો હતો. તેની શક્તિથી શેહે પામેલું મુગલ સૈન્ય પણ ભયભીત થઇને જ્યાં ત્યાં ભાગતું હતું. હિમ્મતમાં, કૌશલ્યમાં અને શક્તિમાં તે વેળાએ તેનો કોઇપણ બરોબરીઓ નહોતો. બાદશાહ ઓરંગઝેબ તેને "પર્વતનો ઉંદર" કહીને ધિક્કારતો હતો. પરંતુ તે

પવતના ઉંદરની શક્તિથી દિલ્હીનો પ્રતાપવાન બાદ-શાહ એટલો તો નિપીડિત થયો હતો કે જરૂરને વખતે તેને એનું પ્રાધાન્ય માનવું પડયું હતું. શિવા-જીના મરણની ખબર સાંભળીને ઔરંગજેબ બોલ્યો હતો કે "શીવાજી એક પ્રધાન સેનાપતિ હતો; જ્યારે હું ભારતવર્ષના પ્રાચીન રાજ્યો નાશ કરવાની કોશેશ કરતો હતો, ત્યારે કેવળ એજ મા-ણસે એક નવું રાજ્ય સ્થાપ્યું. મારા લશ્કરે ઓ-ગણીસ વર્ષ સુધી તેની સામે લઢાઇ કરી હતી, તથાપિ તેના રાજ્યની કંઇપણ અવનતિ થઇ નહોતી" ઔરંગજેબના આ વાતથી શિવાજીની શક્તિની ઓળખાણ મળી શકે છે.

શિવાજી શત્રુનો અપકારી હતો, પરંતુ જેઓ પરાજીત અને બંદીવાન થતા, તેઓના ઉપર યથો-ચિત સૌજન્ય દેખાડતો. તે સગાંવહાલાં અને પો-તાના તાબેના કામ કરનારની સાથે કોઇપણ રીતનો અસદ્વ્યવહાર કરતો નહોતો. એવા સદય વ્યવહારથી સર્વે તેના અનુરક્ત રહેતા. મિત્રાચાર તેનો એક ગુણ હતો અસાધારણ શક્તિની સાથે અપરિમિત ધનસંપત્તિ મલ્યાથી પણ તે કદીપણ શોખીન બન્યો

નહોતો. તેની પાસે ભોગ વિલાસનો આદર નહોતો સામાન્ય વેશમાં અને સામાન્ય ખાવા પીવામાંજ તે પરિતુષ્ટ રહેતો.

શિવાજીએ દક્ષિણ તર્ફ જે રાજ સ્થાપ્યું હતું તેનો ઘેરાવો ચારસો માઈલ, અને વિસ્તાર એકસો વીશ માઇલ હતો. તાંજોરમાં પણ તેણે પોતાનું આધિપત્ય સ્થાપ્યું હતું. નર્મદાથી તાંજોર સુધી, અને તાંજોરથી મદ્રાસ સુધીના ભાગના અધિપતિયો કોઇને કોઇ સમયમાં શિવાજીની મદદ માંગતા, અને સઘળાઓને કર આપીને સતુષ્ટ રાખતા. સઘળામાં તેનુ અસીમ પ્રભુત્વ હતું. દક્ષતામાં, એકાગ્રતામાં, અને સત્વરતામાં તેણે સર્વને માહાત કર્યા હતા. કોઇપણ તેની કૌશળજાળ જાણી શકતા નહોતા, અને કોઇપણ તેની અભિસંધિ સમજી લેવાને સમર્થ થતા નહોતા, અને કોઇપણ તેની હુમલા રોકવાની હિંમત કરી શકતા નહોતા. તે મુશલમાનોને વિશ્વાસઘાતક સમજતો હતો. મુસલમાનની વિશ્વાસઘાતકતાને લીધે સ્વદેશનું અધઃપતન થયું છે. એ તે સારી પેઠે જાણી શકયો હતો. તેની ધારણા એવી હતી કે વિશ્વાસઘાતકની

સાથે વિશ્વાસઘાતકતા ન કર્યાથી અભીષ્ટ સિદ્ધ થશે નહિ અને એ ધારણાને વશ થઈને કોઈ કોઇ વખતે વિશ્વાસના બાહારનું કામ પણ તેને કરવું પડતું હતું.

શિવાજી ખુબસુરત ન હતો. તેની આંખ ઉજ્જ્વળ તથા મોઢું સુગઠિત અને વીરત્વવ્યંજક હતું. શરીરના પ્રમાણમાં હાથ વધારે જાડા જણાતા હતા. તેણે પોતાની તરવારનું નામ " ભવાની " રાખ્યું હતું. તે તરવાર સતારાના રાજાના અધિકારમાં રહેલી છે. આજ પર્યન્ત સતારાના રાજભવનમાં શિવાજીની ભવાની તરવારની પૂજા થાય છે.*

મહારાષ્ટ્રનો કીર્તિ કુંવર

તનાજી.

ઔરંગજેબ દક્ષિણ તરફ પોતાનો અમલ વધારવાને માટે તૈયાર થયો છે. મહાવીર શિવાજી અપૂર્વ વી-

---

* સતારાનું રાજ્ય અંગ્રેજોએ ખાલસા કર્યું ત્યાંસુધી એની પૂજા થતી હતી રાજ્ય સત્તાની સાથે એ ભવાનીના પૂજનનો પણ પાર આવી ગયો હશે.

રત્વ બળથી બાદશાહનું પરાક્રમ તોડવાને માટે યત્ન કરે છે, તેનું સાહસ વધી ગયું છે—ઉચ્ચતર અધ્યવસાય, મહત્તર સાધના વિકાશ પામી છે. તે અતુલ સાહસથી, અસામાન્ય વિક્રમથી, અલૌકિક અધ્યવસાય-ગુણથી સ્વર્ગાદપિ ગરીયસી પુણ્યભૂમિની સ્વધીનતા રક્ષામાં પ્રતિજ્ઞાબદ્ધ થયો છે. મોગલ સાગરના પ્રચંડ તરંગ-પ્રવાહ ભૈરવરવથી ભારતના ઉત્તર અને દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ સર્વ પ્રદેશને ડુબાડવાને તૈયાર થયો છે. શિવાજી દક્ષિણ તર્ફ અચલ ગિરિવરની પેઠે ઉભો થઇને લોકાતીત તેજસ્વિતાની સાથે તે તરંગ-પ્રવાહની ગતિ રોકે છે. ઇસવી સનની સતરમી સદીની આખેરીએ ભારતના દક્ષિણ તર્ફનો પ્રદેશ એવી વીરત્વ કીર્ત્તિથી ઉજ્વળ થયો હતો. પરાધીનતાના શોચનીય સમયમાં સ્વાધીનતાની સ્વર્ગીય મૂર્ત્તિ શિવાજી ધીરે ધીરે ભારતના એક ભાગમાં પ્રકાશ આપીને લોકોના હૃદયમાં આશા અને ઉત્સાહનો સંચાર કરતો હતો. ઘોર દુર્દિનમાં મેઘમાલાના એક દેશમાંથી એ સુર્યના થોડા થોડા પ્રકાશો નીકલીને અંધકારમય સ્થાન એવી રીતે ઉજ્જ્વલ સુવર્ણકાંતિથી પ્રકાશિત કરી મૂક્યું હતું.

ઔરંગજેબે શિવાજીનું બળ તોડવાને માટે પોતાના મોટા છોકરા સુલતાન માજમ અને સેનાપતિ યશવન્તસિંહને દક્ષિણ તરફ મોકલ્યા છે. શિવાજીના સિંહગઢ અને પુરંદરના કીલ્લા મોગલના હાથમાં ગયા છે. મોગલ–પક્ષનું ઘણું રજપૂત લશ્કર સિંહગઢમાં રહેલું છે. આજ શિવાજી એ કીલ્લો લેવાને કોશેશ કરે છે—મોગલની સામે પોતાનું પ્રાધાન્ય સ્થાપવાને તેણે દૃઢ નિશ્ચય કર્યો છે. વીરશ્રેષ્ઠ આજે એ ઉદ્દેશથી ઉંડા વિચારમાં મગ્ન થયો છે.—ચુપચુપ ગંભીરભાવથી વિપક્ષની ક્ષમતા નષ્ટ કરવાનો ઉપાય શોધે છે.

સિંહગઢ કુદરતના ગંભીર સૌંદર્યમય સ્થાનમાં આવેલું છે. ઉન્નત પર્વતમાલાથી એ ગઢ ઘેરાયલો છે. એક બાજુએ સંહ્યાદ્રિ પર્વત અનંત ગગનમ માથું ઉંચું કરીને પોતાનું અપૂર્વ ગાંભીર્ય દેખાડે છે પર્વતની પૂર્વમાં સિંહગઢ છે એની ઉત્તરમાં અને દક્ષિણમાં સમુન્નત પર્વત લંબભાવથી ઉભા છે. એ પર્વતો ચઢવા ઘણા મુશ્કેલ છે. અડધા માઇલ સુધી ઉપર ચઢ્યા પછી સાંકડા કઠણ ગિરિપથે થઇને ચાલ્યાથી કીલ્લાની તરફ જવાય છે.

પશ્ચિમ તરફ પણ એવોજ મુશ્કેલ પર્વત ફેલાયલો છે. કીલ્લો ત્રિકોણાકારવાળો છે. એના મધ્યભાગનો ઘેરાવો બે માઈલ છે. ભીષણ કુદરતી દીવાલ કીલ્લાના બહારના ભાગની રક્ષા કરે છે. જ્યારે આકાશ સ્વચ્છ હોય છે, અનભ્રનીલ ગગનમાં સૂર્યનો પ્રકાશ પ્રકાશે ત્યારે પૂર્વ તરફ જોયાથી વૃક્ષલતાથી સુશોભિત નીરાનદીના શ્યામલ કિનારા આંખને તૃપ્ત કરે છે ઉત્તર તરફ પર્વતના બહારના પ્રદેશમાં વિશાળ સમતલ ક્ષેત્ર દેખાય છે. શિવાજીના બાલ્યકાલની લીલાભૂમિ પુના નગરી એ ક્ષેત્રની પૂર્વ તરફ જોવામાં આવે છે. દક્ષિણમાં અને પશ્ચિમમાં કેવળ ઊંચી નીચી પર્વતમાલા સુનીલ સમુદ્રના તરંગોની પેઠે શોભે છે. આ અભ્રભેદી ગિરિના શિખરો દૂર ક્ષિતિજમાં અનંત નીલાકાશની સાથે મળી ગયાં દેખાય છે. તે તરફ શિવાજીનો રાયગઢ છે. શિવાજીના સેનાપતિ તન્નાજીએ દુર્ગમ દુરારોહ ગિરિ-દુર્ગ અધિકાર કરવાનો ભાર લીધો છે.

માઘ મહીનો બેઠો છે. દુર્ગમ ગિરિ પ્રદેશમાં દુરંત તાઢ પોતાનો બમણો પ્રભાવ દેખાડે છે. સાહસી તન્નાજી એવી ટાઢમાં અંધારી રાતે એક

હજાર માવાલી લશ્કર લઇને સિંહગઢ તાબે કરવાને નીકળ્યો. પહાડના રસ્તાઓ એ સઘળા સૈન્યના જાણેલા હતા. તેથી એઓ ગંભીર નીશા અંધકારમાં નિર્ભયથી ગુપચુપ એ પરિચિત પાહાડી રસ્તા ઉપરથી કીલ્લા તર્ફ જવા લાગ્યા. તન્નાજીએ પોતાનું લશ્કર બે ભાગમાં વિભકત કર્યું હતું. એક ભાગ થોડેક છેટે રહેલો હતો. એઓને હુકમ કર્યો હતો કે હુકમ મલતાંજ તેઓએ પાસે આવવું. બીજો ભાગ કીલ્લાની નીચે પર્વતની તલાટીમાં છુપાવ્યો. એઓમાંથી એક સાહસી વીરપુરૂષે ગુપચુપ પર્વત ઉપર ચઢીને વિશેષ સાવચેતીની સાથે એક દોરડાની શીડી નાંખી શિવાજીનું માવાલી લશ્કરીઓ ઘોર અંધકારની અંદર એ શીડી પકડીને એકે એકે ઉપર ચઢવા લાગ્યા. એવી રીતે ત્રણસો ઉપર ચઢયા. એ વખને એકદમ એક શબ્દ થયો. એ શબ્દ, કીલ્લામાંના એક સૈનિક પુરૂષની જે તર્ફથી માવાલી સૈન્ય ઉપર ચઢે છે તે તર્ફ નજર ગયાથી, એક સૈનિક એ બનાવ શું છે તે જાણવાને માટે જેવો આગળ આવે છે તેવું એક માવાલીએ તીર ફેંકયું તેથી તેનો પ્રાણ-વાયુ જતો રહ્યો. તેનો હતો. પરંતુ એ

શબ્દથી કીલ્લાના રક્ષકો પાસે આવવા લાગ્યા. તે વેળાએ તન્નાજીએ વિપુલ સાહસથી ત્રણુસો માણુસ લઇને તે બહુ સંખ્યાવાળા કીલ્લાના રક્ષણ કરનારા સૈન્યને આક્રમણુ કર્યું. માવાલીઓ સંખ્યામાં થોડા હતા તો પણુ તેઓ લોકાતીત વીરત્વ દેખાડીને કીલ્લાના રક્ષકોના ઉપર અસ્ત્ર વરસાવવા લાગ્યા. થોડી વારમાં તન્નાજી ખરા વીરપુરૂષની પેઠે લડતાં તે યુદ્ધસ્થલમાં વીરશય્યામાં સૂતો એટલે માવાલી સૈન્ય રણુક્ષેત્રમાંથી નીચે આવવાને માટે દોડવા લાગ્યું. એવી વખતે તન્નાજીના ભાઇ સૂર્યજીએ યુદ્ધસ્થલમાં ઉભા થઇને ગંભીર સ્વરથી માવાલીઓને કહ્યું. "કયો નરાધમ પોતાના પિતાનું શરીર યુદ્ધક્ષેત્રમાં મૂકીને જવાની ઇચ્છા કરે છે? દોરડાની સીડી તુટી ગઇ છે. તમે સર્વે શિવાજીના માવાલી સૈનિક છો. તેનું પ્રમાણુ અત્યારે દેખાડવું જોઇએ." સૂર્યજીના આ તેજસ્વિતાવાળા વાકયે માવાલીઓના હૃદયમાં પ્રવેશ કર્યો. પળની અંદર તેઓ પાછા "હર હર માહાદેવ" શબ્દથી શત્રુ દળમાં ધૂસ્યા. એ ગંભીર શબ્દ ગંભીર રાત્રિની શાંતિ ભંગ કરીને પર્વતોમાં પ્રતિધ્વનિત થવા

લાગ્યો. ફરીથી માવાલીઓએ એવા વેગથી કીલ્લાના રક્ષણ કરનારાને ઘેર્યાં કે તેઓ કોઇ રીતે તેમાંથી મુક્ત થઇ શક્યા નહિ. પાંચ સો દુર્ગરક્ષી સાહસી સૈનિક પુરૂષો માવાલીઓના અસ્ત્રઘાતથી અનંત નિદ્રામાં સૂતા. સૂર્યજી વિજયી થયો. દુરારોહ* પર્વત-શિખરમાંના સિંહગઢમાં પાછી શિવાજીની વિજય-પતાકા સુદૂર ગગનમાં ઉડવા લાગી.

આ વિજયની ખબર શિવાજીને મળી. પરંતુ શિવાજીએ જ્યારે સાંભળ્યું કે, કીલ્લો તાબે કરતા તન્નાજી માર્યો ગયો, ત્યારે તે ગંભીર શોકથી આંસુ પાડતો પાડતો કહેવા લાગ્યો, " સિંહનું રહેવાનું રહેઠાણ તાબે કર્યું છે ખરૂં પરંતુ સિંહ માર્યો ગયો ! આપણે કીલ્લો હાથ કર્યો ખરો, પરંતુ હાય ! તન્નાજીને જન્મને માટે ખોવો પડયો !

સ્વતંત્રતાનું ખરેખરૂં સન્માન.

ઈસવીસનની સાતમી સદીનો અડધો ભાગ ચાલ્યો ગયો છે. મુગલ બાદશાહ ઓરંગઝેબ આર્યાવર્તના પછી દક્ષિણ તરફ પોતાનું પ્રભુત્વ વિસ્તારવાની કોશેશ

---

* ઉપર ચ્હડવાને મહા મુશ્કેલી ભરેલો.

કરે છે. પ્રાતઃસ્મરણીય શિવાજી અપૂર્વ વીરત્વના ગૌરવથી લોકાતીત તેજસ્વિતાના મહિમાથી પોતાની સ્વતંત્રતાની રક્ષા કરે છે. તેના પ્રતાપ અને તેની મહાપ્રાણુતાના ગૌરવથી દક્ષિણુને સઘળો ભાગ ગૌરવાન્વિત થાય છે. પરાક્રમી મોગલ કોઇ પણુ રીતે એ હિંદુવીરની વીરત્વ-કીર્ત્તિને સંકુચિત કરી શકતો નથી. દિવસના પછી દિવસ ચાલ્યા જાય છે, અઠવાડીયા, પછી અઠવાડીયાં, મહીના પછી મહીના, અવિરામ અવિશ્રામ ગતિથી અનંત અસીમ કાલ-સાગરમાં મળી જાય છે. પરંતુ સ્વતંત્રતાના ઉપાસક ભવાની-ભક્ત હિંદુવીરને પ્રતાપ ઓછો થતો નથી. હિંદુવીર પોતાના વીરધર્મમાં જલાંજળિ મૂકીને મુસલમાનની આગળ કોઈ પણુ રીતે નમવાને રાજી થતો નથી. ઘોર દુર્દિનમાં, પરાધીનતાના શોચનીય સમયમાં ધર્માન્ધ મોગલના સખ્ત જુલમથી આર્યભૂમિ પાછી આર્યવીરના મહામંત્રથી સજીવન થઇ પડી છે. અંધારી રાત્રે આકાશમાં ધ્રુવતારો ધીમે ધીમે પ્રકાશીને રસ્તો ભૂલનાર મુસાફરના નિરાશા હૃદયમાં આશાનો તરંગ નાખે છે; કાળ રાત્રિના પછી શિરદીપ્ત પ્રભાકર જગજ્જીવન પ્રભા વિકાશ કરીને જીવલોકને પળે પળે ખુશી કરે છે.

ઔરંગઝેબ શિવાજીને વશીભૂત કરવાને માટે પોતાના મામા શાયસ્તખાંને દક્ષિણનો સુબેદાર કરીને મોકલ્યો છે, જેનાથી જલદી શિવાજીની ક્ષમતાની ગતિ રોકાય, તેનું રાજ્ય તથા તેના કીલ્લા મોગલના તાબામાં આવે તેને માટે વિશેશ ધ્યાન આપવાને માટે એ નવા મુકરર કરેલા સુબેદારના ઉપર હુકમ થયો. બાદશાહના હુકમથી શાયસ્તખાં ઘણું લશ્કર લઇને ઔરંગાબાદથી પુનાની તર્ફ જવા નીકળ્યો. પ્રથમ તેણે પુના કબજે કર્યું. શિવાજીએ મોગલ લશ્કર આવ્યાની ખબર સાંભલ્યાંથી રાજગઢછોડીને સિંહગઢ પોતાનું રહેઠાણ કર્યું પેલી તર્ફ શાયસ્તખાંએ પુના તાબે કર્યાં પછી લશ્કરની એક ટુકડી ઘાટ-પર્વતના પાસેની એક જગા તાબે કરવાને મોકલી. તેણે શિવાજીના તાબે કરેલા શેહેરમાં મોગલનો જયનો વાવટો ઉડાવવાને દૃઢ પ્રતિજ્ઞા લીધી, તેથી તેની પ્રતિજ્ઞાની સાથે તેજસ્વિતા પ્રકાશ પામવા લાગી, પરંતુ એ તેજસ્વિ સુબેદારવિના રોકાણ મરાઠા રાજ્યમાં આગળ થઇ શક્યો નહિ. શિવાજીના મહામંત્રથી મરાઠા હિંમતવાન અને બલવાન થયા હતા. સ્વતંત્રતાના ગૌરવથી તેઓનું વીરત્વ

બન્યું હતું જાતીય જીવનમાં તેઓની એકતા અડ હતી, અને આત્મસન્માન અને આત્મમર્યાદાના મહિમાથી તેઓની દેશ-હિતૈષિતા હૃદયમાં ફેલાઇ હતી મોગલ સુબેદાર ઘણી કોશેશ કર્યા છતાં પણ એ સ્વાધીનતા પ્રિય બળવાન જાતિની સ્વાધીનતાનું સન્માન નાશ કરવાને સમર્થ થયો નહિ. મહારાષ્ટ્રમાં ચકન નામનું એક નાનું શેહેર હતું. શિવાજીએ ફિરંગજી નામના એક યુદ્ધવીરના હાથમાં એ શેહેરની રક્ષાનો ભાર સોંપેલો હતો. તેજસ્વી ફિરંગજીએ ૧૬ વરસ સુધી દુરંત મુસલમાનના અધીકારમાં એ ચકનની સ્વાધીનતા કાયમ રાખી હતી. શાયસ્તખાંએ ચકનને નાનું સમજીને વિચાર કર્યો હતો કે, તેનો હુકમ થતાંજ એ નાના શેહેરનો શાસન કર્ત્તા શેહેર તેના હાથમાં સોંપશે. પરંતુ ફિરંગજી નાના શેહેરનો રક્ષક હોવા છતાં પણ શક્તિમાં અને તેજસ્વિતામાં નાનો ન હોતો. તેણે આત્મસમર્પણ કર્યું નહિ, આત્મ-સ્વાધીનતામાં પાણી મૂક્યું નહિ. તેની હિંમત વધી, પરાક્રમ પ્રબલ થયું! વીરપ્રવર લોકાતીત વીરત્વની સાથે તેજસ્વી મોગલ લશ્કરની સામે આત્મ-રક્ષામાં તૈયાર થયો.

ક્રમે એક મહીનો થઇ ગયો, બીજા એક મહીનાનો અડધો ભાગ ગયો, તથાપિ પરાક્રમી મરાઠા મોગલના શરણે આવ્યા નહિ. દિવસના પછી દિવસ—અઠવાડયાના પછી અઠવાડયાં જવા લાગ્યાં દરરોજ દર અઠવાડયે ફિરંગજી નવી હિંમત, નવા ઉદ્યમ અને નવા વીરપણાથી સુસોભિત થઇને સ્વાધીનતાનું સન્માન રક્ષા કરવા લાગ્યો. એવી રીતે એક મહીનો ને પચીશ દાહાડા આવ્યા ગયા. ચકન શાયસ્તખાને તાબે થયું નહિ. એક મહીનો ને છવીસમે દિવસે એકાએક શેહેરના કોટની દિવાલમાં એક કાણું પડયું, આક્રમણકારી મોગલ લશ્કર મહોલ્લાસથી તે ભાગેલા સ્થાનમાંથી શેહેરમાં પેસવાને તત્પર થયું. એ સંકટની વેળાએ સાહસી ફિરંગજી પોતાના લશ્કરની આગળ રહીને વિપક્ષની ગતિ રોકવાને તૈયાર થયો. તેનું પરાક્રમ—તેની શક્તિ—તેનું વીરપણું કોઇપણ રીતે દૂર થયું નહિ, તે એવા કૌશલથી એવી તેજસ્વિતાની સાથે વિપક્ષની ચઢાઇમાં ભંગ પાડવા લાગ્યો કે, આક્રમણકારી લશ્કર કોઈપણ રીતે આગળ થઈ શકયું નહિ. તેણે આખો દિવસ એવી રીતે આત્મરક્ષા કરી—એવીજ રીતે આખો

દહાડો કોટના બાગેલા સ્થાન ઉપર ઉભા રહીને સ્વાધીનતાની સાથે ઘણા લશ્કરના અધિનાયક શાયસ્તખાંની સામે છાતી કાઢીને મહાવીર શિવાજીના મહામંત્રનો ગૌરવ રાખ્યો. ધીરે ધીરે રાત થવા લાગી. અનંત નૈશગગનમાં એક બે તારા ધીરેધીરે દેખાવા માંડયાં, રાત થવાથી મોગલ લશ્કર લઢાઇમાં નિરસ્ત થયું બીજે દિવસે પ્રાતઃકાળે તેજસ્વિ ફિરંગજી શાયસ્તખાંની પાસે આવ્યો. શાયસ્તખાંએ એ વીર પુરૂષની યથા યોગ્ય મર્યાદા રાખવાની કમતાઇ કરી નહિ. તેણે ફિરંગજી અસાધારણ સાહસ અને ક્ષમતાની તારીફ કરીને તેને કહ્યું, જો તે મોગલ સરકારમાં ચાકરી લે તો તેને ઘણું ઇનામ આપવામાં આવશે. પરંતું તેજસ્વિ ફિરંગજીએ આત્મ-સન્માન વેચ્યું નહિ તે શાયસ્તખાંનો અનુરોધ રક્ષા કરવાને રાજી થયો નહિ. શાયસ્તખાંએ તેના વીરપણાને લાયક વ્યવહારથી સંતુષ્ટ થઇને તેને જવા દીધો. ફિરંગજી વીરત્વગૌરવથી ગૌરવાન્વિત થઇને શિવાજીની આગળ ગયો. શિવાજીએ તેની હિંમત અને ક્ષમતાનું ઇનામ આપવામાં કમતાઇ કરી નહિ, ભારતના વીરપુરૂષે એવી

રીતે સ્વાધીનતાનું સન્માન સાચવ્યું હતું. આર્ય-ગૌરવમાં જલાંજલિ ન આપતાં એવી રીતની તેજ-સ્વિતા અને મહાપ્રાણુતાની ઓળખાણુ આપી હતી.

ચિતોડની રક્ષાને માટે વાઘજી અને બતરીશ હજાર રજપુતોનું વીરત્વ.

ઇસવી સન ૧૫૩૩માં ચિતોડને જીતવા માટે બાહાદુર આવ્યો હતો. તે વખતે મેવાડનો રાણો વિક્રમાજીત હતો તેને લૈચાના મેદાનમાં હરાવીને ચિતોડને લેવા માટે આવ્યો. તે વેળાએ ઝવેરબાઇએ કેવું પરાક્રમ અને વીરત્વ દેખાડયું હતું તે આગળ વર્ણન કર્યું છે. લડાઇમાં જ્યારે તે મરણ પામી ત્યારે હવે ચિતોડને પાછું કોણ બચાવશે તેનો વિચાર રજપૂતો કરતા હતા. તે વેળાએ સર્દારો એકવાર ચિતોડના ભવિષ્યભાગ્ય ગગનની તરફ જોયા કરતા હતા,—તેઓએ જોયું કે હવે ચિતોડ મેળવવાની આશા નથી તથાપિ કોઇ જાણે

ચિતોડના ઉંચા કીલ્લા ઉપરથી જલદગંભીર અવાજથી કહી ઉઠે છે " રાજબલિની તૈયારી કરો !" તેથી સર્દારો કોઈ પણ રીતે નિરાશ તથા નિરૂત્સાહ થયા નહિ. ત્યારે શું ચિતોડની અધિષ્ઠાત્રી દેવીને લોહીની તરસ ઘણી લાગી છે ? પરંતુ રાજબલિ ક્યાં ? એક માત્ર સગ્રામસિંહનો પુત્ર ઉદયસિંહ છે તેની ઉમર પણ બહુ નાની છે; તે કેવી રીતે હાથમાં તરવાર લઈને લઢાઈમાં જઈ શકે ? ત્યારે દેવીનો હુકમ કેવી રીતે પાળવામાં આવે ? કીલ્લામાં સર્દારો આવો વિચાર કરતા બેઠા છે. તે વેળાએ દેવલ-પતિ વાઘજી તેઓની સામે આવીને બોલ્યો " બાપારાવનું પવિત્ર લોહી શું મારા હૃદયમાં ફરતું નથી ?--તમે રાજબલિને માટે શા સારૂ ચિંતિત છો ? આજે હું પોતે આત્મોત્સર્ગ કરીને દેવીની આજ્ઞા પાળીશ." આ વચનથી સર્વની ચિંતા દૂર થઈ. જે સૂર્યમલ્લ ચિતોડને વાસ્તે વીરવર પૃથ્વીરાજની સાથે પ્રતિદ્વન્દ્વિતાના મેદાનમાં આવ્યો હતો, તેનાજ વંશનો વાઘજી છે; તેથી તે શિશોદીય રાજવંશનો છે વાઘજીએ થોડુંક રાજ સન્માન મેળવ્યું—છત્ર, ચામર અને કિરણ ચોડીનાર સુધી

તેના માથા ઉપર સુશોભિત થયાં.ત્યારપછી તેણે કેશરી વાઘા પહેર્યા.સર્વેના અંગે પણ કેશરીઆ પોશાક શોભા આપવા લાગ્યા છેલ્લાવારનો વીરવેશ કેશરીઆ પોશાક પહેરીને સર્દારો, સામંતો અને મોટા મોટા લઢવઇઆઓએ એકમેકની આગળથી હમેશાંને માટે વિદાયગિરી લીધી; અને અભિમાનની સાથે વાઘજીના માથા ઉપર બાપ્પારાવનો વિજય વૈજયંતીનો સફેદ છોગો તોરો લગાવીને વીરનાદ કરતા દુશ્મનના લશ્કરની સામા ગયા. તે વેળાએ બાલ્યરાજ કુમાર ઉદયસિંહ બુન્દીના અધિપતિ શૂરતાનના હાથમાં સમર્પિત થયો તે દિવસે ચિતોડના તે અફશોસ કરવા લાયક સંકટના સમયે વીરવર બાપ્પારાવની સુવર્ણછત્ર મંડિત મોટી વિજયપતાકા દેવલ-રાજના માથા ઉપર જેવી અનુપમ શોભા ધારણ કરી હતી, તેવી શોભા કોઇ વખતે કોઇએ પણ જોઇ નહોતી. રાજઅગ્નિના ગરમ લોહીથી ચિતોડની અધિષ્ટાત્રી દેવીનું બીજાણુ ખર્પર રંગવાની આગમજ ભયાનક "જહરવ્રત"ની તૈયારી થઇ. હવે વખત નથી. યવનો કીલ્લાની પાસે આવતા જાય છે. હમણાં તેઓ ચિતોડમાં આવશે; એટલા

માટે હવે ચિતા તૈયાર કરવાનો વખત ક્યાં છે? સર્દારોએ ભયાનક જહરવ્રત ઉજવવાનો એક સારો રસ્તો કહ્યો કીલ્લાની અંદર મોટો ખાડો ખોદીને તેમાં ઘણો દારૂગોળો અને નાના પ્રકારના આગ લાગે એવા પદાર્થો નાખીને આગ લગાડી એટલે પ્રચંડ શબ્દથી આગનો ભડકો થયો. જોતા જોતામાં રાણી કર્ણાવતી તેર હજાર રજપૂત સ્ત્રીઓની સાથે કરૂણાવાળા શોકના ગીતથી પ્રકૃતિને રડાવીને જલદીથી તે આગમાં કૂદી પડી. તેર હજાર સ્ત્રીઓ ઘડીમાં આ લોકમાંથી વિદાય થઇ ગઇ, કોઈનું પણ કઇ ચિન્હ રહ્યું નહિ. રૂપ-યૌવન-લાવણ્ય-ગૌરવ સર્વ એક ઘડીમાં ચાલ્યાં ગયાં! કંઇ બાકી રહ્યું નહિં! સર્દારો હવે નિશ્ચિન્ત થયા હવે તેમને કોઇની તર્ફ જોવું પડશે નહિ કોઇને માટે રડવું પડશે નહિ જેઓને માટે હૃદય રડતું હતું; જેઓ યત્નનું ધન હતું વ્યથાની સામગ્રી હતી, તે પ્રીતિદાયિકની આનંદમયી કન્યાઓ, બહેનો અને વનતાઓએ વગર હરકતે આગમાં આત્મ સમર્પણ કર્યાં છે. શિશુ રાજકુમાર ઉદયસિંહ પણ વગર હરકતે રક્ષા પામ્યો છે. ત્યારે હવે શેનો ડર રાખવો,

હવે શેની ચિંતા કરવી ? એવા વિચારથી ચિતોડના વીરોએ ઉન્મત્તના પ્રમાણે પાછો સિંહનાદ કર્યો; કાન ફાડી નાખે તેવા નાદથી ધરતી કંપાયમાન કરીને રજપૂતનાં રણવાદ્ય પાછાં વાગી ઉઠયાં. રણોન્મત્ત વાઘજી કીલ્લાનો દરવાજો ઉઘાડીને ઉઘાડી તરવારે ચિતોડના રહેલા વીરોની સાથે વિશાલ યવન લશ્કરમાં કૂદી પડયો. કેટલાક રણદક્ષ યવનસૈનિકો તેઓની તરવારથી માર્યા ગયા; પરંતુ તેનાથી કંઇ પણ ફળ થયું નહિ ! અનંત સાગરના પાણીના થોડાંક ટીપાંની પેઠે કેટલાક રજપૂતવીર જોતા જોતામાં વિલીન થઈ ગયા. એ ભયાનક કાલરણમાં સર્વ સમેત બત્રીશ હજાર રજપૂત યોદ્ધાઓએ પ્રાણ અર્પણ કર્યાં હતા.

વીર–ધાત્રી (દાઈ.)

પાન્ના.

મેવાડની વીર–ધાત્રીની અપૂર્વ વાત અલૌકિક ભાવથી પૂર્ણ છે. એ ધાત્રી એક સમયે પોતાની

મહાપ્રાણતા અને રાજભક્તિ દેખાડીને પવિત્ર ઇ-તિહાસમાં વરણીય થઇ ગઇ છે.

રજપૂત કુલગૌરવ પરાક્રાન્ત સંગ્રામસિંહ લોકાન્તર થયો છે. જે સાહસમાં અવિચલિત અને વીરત્વમાં અતુલ્ય હતો, હથિયારના આઘાતનાં ૮૦ ગૌરવસૂચક ચિન્હોએ જેના દેહને અલંકૃત કર્યો હતો, જેણે વિધર્મી યવનોની સાથેના યુદ્ધમાં પગ અને હસ્ત કપાયા છતાં પણ પોતાના વીરત્વ અને ગૌરવની રક્ષા કરી હતી, તેનો દેહ પંચભૂતમાં મળી ગયો છે. શત્રુની કપટ જાળમાં પડીને એ પુરૂષસિંહ અનંત નિદ્રામાં ઊંઘ્યો. મેવાડનો અત્યુજ્વલ સૂર્ય હમેશાંને માટે અસ્તમિત્ત થઇ ગયો છે. તેનાં શિશુસંતાન આજ શત્રુના હાથમાં પડ્યાં છે. ભવિષ્યની વિપદથી અજ્ઞાન છ વર્ષનું બાળક નિશ્ચિત મનથી ખાવા પીવાથી પરિતુષ્ટ થાય છે, નિશ્ચિંત મનથી ઊંઘ કહાડે છે; એક તરફ દુરંત શત્રુ તેનો પ્રાણ લેવાને યત્ન કરે છે, પણ સરલ અજ્ઞાન શિશુ તે કંઇ સમજી શકતો નથી. સંગ્રામસિંહના દાસીપુત્ર વનવીરે મેવાડની ગાદી પોતાના કબજામાં રાખવાની આશાથી આ કોમળ ક-

ળાને ચૂંટી નાખવાને વાસ્તે હાથ ફેલાવ્યા છે. આજ આ ઘોર વિપદમાંથી પરાક્રાન્ત સંગ્રામસિંહના એ બાળક ઉદયસિંહની રક્ષા કોણ કરશે? બાપારાવનો પવિત્ર વંશ નિર્મૂળ થવાનો સૂત્રપાત થયો છે, એ વંશનો આજ કોણ ઉદ્ધાર કરશે? આજ એક અસહાય રમણી આ ઘોરતર વિપદમાંથી ઉદયસિંહને ઉગારવાને આગળ પડે છે; અનાથ બાળક આજ એક તેજસ્વિની ધાત્રી અર્થાત દાઇના આશ્રયમાં રહીને પોતાનું જીવન ગાળવે છે. ધાત્રી પાન્ના આજ પૂર્ણ સ્વાર્થ ત્યાગના બળથી બાપારાવના વંશધરને જીવતો રાખવાને તત્પર થઇ છે.

કયા ઉપાયથી તેણે આ દુષ્કર કાર્ય પાર પાડયું, કયી રીતથી પિતૃહીન સહાયહીન બાળકનું શરીર અક્ષત રહ્યું; તે સાંભળ્યાથી હૃદય જડસડ થઇ જાય છે. રાતે ઉદયસિંહ ખાઇને સૂતો છે, એ વખતે એક હજામે આવીને ધાત્રીને જણાવ્યું કે, વનવીર ઉદયસિંહની હત્યા કરવાને આવે છે. તેથી ધાત્રીએ તરત એક ફૂલની ટોપલીમાં ઊંઘતા ઉદયસિંહને રાખીને અને તેના ઉપર પાતરાં ઢાંકીને હજામના હાથમાં આપી દીધો. વિશ્વાસુ હજામ ટોપલીને

લઇને કોઇ નિરાપદ જગ્યા ઉપર લઇ ગયો; તરત-જ વનવીરે હાથમાં તરવાર લઈને તે ઘરમાં આવીને ધાત્રીને ઉદયસિંહની વાત પૂછી. ધાત્રી કંઇ બોલી નહિ, પણ ચુપચુપ અધોમુખથી પોતાના સુતેલા પુત્રની તર્ફ આંગળી દેખાડી. વનવીર તેને ઉદય-સિંહ સમજીને તે ધાત્રીપુત્રનો પ્રાણ સંહાર કરીને ચાલ્યો ગયો. એક તર્ફ રાજવંશી કામિનીઓએ રડતાં કળગળતાં તે ધાત્રીપુત્રની અન્ત્યેષ્ટિ ક્રિયા સંપન્ન કરી. ધાત્રી ચુપચુપ અશ્રુપૂર્ણ નયનથી પોતાના છોકરાનું પ્રેતકૃત્ય જોઇને પેલા હજામની પાસે ગઇ

એવી રીતે પન્નાએ બેધડક અસંકોચથી પોતા-ના હૃદયરંજન શિશુ સંતાનને ઘાતકના હાથમાં અર્પણ કરીને મહારાણા સંગ્રામસિંહના પુત્રની પ્રાણરક્ષા કરી હતી. જે રમણી ચિતોડને વાસ્તે-બાપારાવના વંશની રક્ષાને માટે જીવનના અદ્વિ-તીય અવલંબન, સ્નેહની એક માત્ર પુતળી નયન-તારા સંતાનને મૃત્યુમુખમાં સમર્પણ કરે તેનો સ્વાર્થત્યાગ કેટલો મહાન હોવો જોઇએ ! ! જે રમણી-હૃદયરંજન કુસુમકલીને છુરાથી કપાઇ જતી જોઇને પણ પોતાના કર્તવ્ય સાધનમાં વિમુખ થઇ

નહિ, તેનું હૃદય કેટલું તેજસ્વિતાનું પરિપોષક હોવું જોઇએ! આજ એવા મહાન્ સ્વાર્થત્યાગ અને એવી અતુલ તેજસ્વિતાનો ગૌરવ કોણ સમજશે! ગુજરાતી! તમે ડરકુ હો. ખરું તેજસ્વિપણું આજ પણ તમારા હૃદયમાં પ્રવેશ થયું નથી. તમે આજ પણ ખરી સ્વદેશ-હિતૈષિતાનો મહાનૂભાવ સમજી શક્યા નથી. તમે પાન્નાને રાક્ષસી કહીને ભિક્કારી શકશો. પરંતુ યથાર્થ તેજસ્વિ અને યથાર્થ હિતૈષી પુરૂષ આ અસામાન્ય ધાત્રીને બીજા એક ભવથી જાણશે. એ લાયક અસાધારણ ભાવ સાધારણ લોકજ એનો ગૌરવ સમજવાને સમર્થ થશે હાય! આજ ભારતમાં એવા અસાધારણ લોક કેટલા? ભારત આજ નિર્જીવ અને નિશ્ચેષ્ટ છે. ટાઢથી ઠુંઠીયા વાળતા વૃદ્ધ અથવા કાચબાની પેઠે ભારતવાસીઓ આજ પોતે પોતાને છુપાવે છે, આ કોણ એનો જવાબ કોઈ આપશે! નાહ.

સતીના સતીત્વને માટે કૌશલ.

ખલિફા વલિના સેનાપતિ વીર મહંમદ બિન કા-

સિમે ઇસવીસન ૭૧૮ ના આરંભકાલે ભારત ભૂમિમાં આવીને સિંધુરાજ દાહિરના રાજ્યને આક્રમણ કર્યું. દેશવૈરી મ્લેચ્છવીરના કરાલ ગ્રાસથી સ્વદેશની રક્ષા કરવાને માટે દાહિરરાજ ઘોરતર યુદ્ધમાં પ્રવૃત થયો હતો; પરંતુ તે કોઈ રીતે સ્વાર્થ સંરક્ષણમાં પાર પડી શક્યો નહિ. મુસલમાન સેનાપતિને હાથે પતિત થઈને તેણે પોતાના રાજ્યધન અને વીરગૌરવનીજ નહિ પણ પોતાના જીવન પર્યન્તની આહુતિ આપી. વિજયી મહમ્મદ બિન કાસીમે જીતેલી અને લુટેલી દ્રવ્યસામગ્રીની સાથે ક્ષત્રિયરાજ દાહિરની બે લાવણ્યવતી દુહિતાને યવનરાજસમક્ષે મોકલી દીધી. પરંતુ બે ક્ષત્રિય કુમારીથીજ એ સેનાપતિનુ સર્વનાશ-સાધન થયું હતું. આઈન-અકબરી અને ફરિસ્તા ગ્રંથમાં લખ્યું છે કે, તે બે રમણીરત્નને દામાસ્કશ-નગરમાં લાવવામા આવી હતી, ખલિફાએ તેમના અનુપમ રૂપ લાવણ્યનું વર્ણન સાંભળ્યું, તે વેળાએ તેનું જયોલ્લસિત હૃદય વળી રે ઉત્ફૂલ થઇ ગયું. તે બે સુંદરી રમણીઓના અપ્રમેય લાવણ્યરાશિનો ઉપભોગ કરવાને વાસ્તે તેના હૃદયમાં પાપ તૃષ્ણાનો ઉદય થયો.

પ્રમોદ ભવમાં જઇને તેણે મોટી રાજકુંવરીને પોતાની પાસે લાવવાનો હુકમ કર્યો. હુકમ જલદીથી પરિપાલિત થયો પવિત્ર ક્ષત્રિયકુલની કમલિનીને કામોન્મત્ત હસ્તી જેવા નિર્દય યવનની ગામે લાવવામાં આવી! નિઃસહાય-નિરાશ્રય-અનાશ્રિની રજપૂત રમણીને પાપી મ્લેચ્છની વિલાસભોગ્યા થવાને વાસ્તે કઠોર કાર્ય ક્ષેત્રમાં મોકલવામાં આવી! તેની કોણ રક્ષા કરશે?- સિંધુરાજ દાહિરના પવિત્ર કુલને અનંત કલંકથી કોણ બચાવશે? હવે જાય છે- રજપૂત કુલસંભ્રમ અનંત કલંક પ્રવાહમાં એકીવારે તરતું જાય છે!—જયેષ્ઠા રાજકન્યાએ મ્લેચ્છગ્રાસથી પોતાના પવિત્રતમ સતીત્વની રક્ષા કરવાનો કંઇ ઉપાય ન જોયાથી એક કૌશળતા અર્થાત્ ચાતુરી કરી, તેને યવનરાજ્યની સામે લાવવામાં આવી કે તરત તે રડવા લાગી અને રડતાં રડતાં બોલી; "મહારાજ! મને અડકશો નહિ; આ શરીર આપના કર સ્પર્શને યોગ્ય નથી! દુર્મતિ કાસીમે બલની સાથે મારો ધર્મ નાશ કર્યો છે." આ વિસ્મયકર વાક્ય સાંભળતાજ ખલિફાનું આપદ મસ્તક બળી ગયું, પ્રતિ લોમકૂપમાંથી જ્વલંત

આગના તણખા નીકળવા લાગ્યા. તેણે તરત કાસિમના વિરૂદ્ધમાં એવા કઠોર દંડનો હુકમ કર્યો કે, "કાસિમને જીવિતાવસ્થામાં દુર્ગંધમય ચામડામાં બાંધીને જલદી રાજધાનીમાં લાવો." તરતજ આ કઠોર દંડાજ્ઞા અમલમાં આણાઇ. રજપૂત રમણીએ એ પ્રમાણે હતભાગ્ય મહમદને ખલિફાના રોષાનલમાં નાખીને પોતાની પવિત્રતાની રક્ષા કરી. યવન-રાજ્યોનો સાર્વભૌમ અધિપતિ એની કૌશળતા સમજી શક્યો નહિ. એવી રીતે દાહિરની દુહીતાએ સતીત્વની રક્ષા કરી હતી. ધન્ય છે તેવી રમણીને!

ખરી વીર નારી દુર્ગાવતી.

પંદરમી સદી ગઇ છે. સોળમી સદીએ જગતની પરિવર્ત્તનશીળતા દેખાડતા વિશ્વસંસારમાં પગ મૂક્યો છે. એ વખતે ભારતવર્ષમાં મુસલમાન અધિપતિયોનું આધિપત્ય ધીરે ધીરે કાયમ થયું છે. લોદીવંશના બાદશાહ પછી મોગલ વંશના રાજાઓ ભારતનું રાજ્ય ચલાવે છે. પંજાબથી દિલ્લી સુધી મોગલના વંશના રાજાઓ ભારતનું રાજ્ય ચલાવે

છે. પંજાબથી દિલ્હી સુધી મોગલના જયનો વાવ-ટો ઉડે છે; બંગાળમાં, ગૂજરાતમાં, મધ્ય ભારતવર્ષમાં મુસલમાનનું રાજ્ય ફેલાયલું છે. પહેલા મોગલ બાદશાહ બાબરના મરણ પછી હુમાયું દિલ્લીની ગાદી ઉપર બેઠો છે. ભારતની સ્વાધીનતાના ફેરફારના સમયના સ્રોતમાં ધીરે ધીરે ચાલ્યો જાય છે. એ ઘેર દુર્દિનના-પરાધીનતાના-પરપીડનના એવા દુઃખ-ની વેળાએ એક વીરનારીએ પોતાની અપૂર્વ તેજ-સ્વિતા દેખાડી હતી. શત્રુથી ઘેરાયલી પુરીમાં, શત્રુની સામે વગર આનાકાનીએ આત્મવિસર્જન કરીને આત્મસ્વાધીનતાનું સન્માન રાખ્યું હતું.

ગુજરાતમાં હિંદુ રાજત્વનો ઉચ્છેદ થયાથી મુ-સલમાનનું રાજ્ય કાયમ થવાની શરૂઆત થઇ હતી. જે વેળાએ હુમાયું દિલ્લીની ગાદી ઉપર બેઠો હતો, તે વેળાએ ગુજરાતનું રાજ્ય બાહાદુરશાહ ચલાવતો હતો. ઇસવી સન ૧૫૨૮ માં એ બાહા-દુરશાહ બેરારના મુસલમાન અધિપતિને મદદ કરવા માટે અહમદનગરના નવાબ નિઝામસાહની સાથે લડાઈમાં પ્રવૃત્ત થયો હતો. પરંતુ એ લડા-ઇમાં વિશેષ કંઇ ફળ હાંસલ થયું નહિ. અહમદન-

ગઢના રાજાએ નામ માત્ર આધીનતા માની હતી, પરંતુ કામમાં પોતાની સ્વાધીનતા સર્વ પ્રકારે રાખીને રાજ્ય ચલાવતો હતો. બે વર્ષ ગયા પછી ૧૫૩૧ ઇસવી ઇસવી સનમાં ખાનદેશમાં બાહાદુરશાહની સાથે નિઝામશાહનું મળવું થયું. એ વખતે બાહાદુરશાહે નિજામનું સન્માન રાખ્યું. બાહાદુરની સામે નિઝામશાહ રાજકીય ઉપાધિમાં ગૌરવાન્વિત થયો હતો. એ વખતે રાઇસિનનો કીલ્લો હિંદુરાજાના તાબામાં હતો. ક્ષત્રિયરાજ સિંહનાદિ એ કીલ્લાનું આધિપત્ય કરતો હતો. મુસલમાન રાજાએ એ હિંદુ ભૂપતિને આક્રમણ કર્યો. સિંહનદિ આત્મરક્ષામાં અસમર્થ હોવાથી મુસલમાનનો બંદીવાન થયો. એના ભાઇ લક્ષ્મણે, લઢાઇમાં પ્રવૃત્ત ન થતાં મોટા ભાઈને છોડવાને બદલે કીલ્લો મુસલમાન આક્રમણકારીના હાથમાં સોંપ્યો. મુસલમાનની વાત ઉપર લક્ષ્મણને વિશ્વાસ થયો હતો કે, કીલ્લો સોંપી દીધાથી શિહનાદ છૂટશે. મુસલમાન રાજાએ પણ એની આગળ એ વિષયમાં એવોજ અંગીકાર કર્યો હતો. એ વિશ્વાસમાં—એ અંગીકારમાં ભરૂસો રાખીને લક્ષ્મણ લઢાઇમાં પ્રવૃત્ત થયો નહિ અને

તેજસ્વિતાની સાથે આત્મરક્ષા કરીને ક્ષત્રીયોચિત ગૌરવ દેખાડયો નહિ. કીલ્લો મુસલમાનના હાથમાં આવ્યો. તેમણે કીલ્લામાં જઇને ઘણો જુલમ ગુજારવા માંડયો. તેઓનુ અંગીકાર, તેઓનું વચન તે વેળાએ કલંકના અનન્ત અનંત સાગરમાં ડૂબી ગયાં. તેઓ ભૈરવ અવાજથી આગળ વધીને પળ પળમાં કીલ્લામાં રહેનારાઓની હત્યા કરવા લાગ્યા. વિશ્વાસઘાતથી મહાવીર પૃથ્વીરાજ દૃશદ્વતીના કિનારા ઉપર મહાસંગ્રામમા વીરશય્યામાં સૂતો છે. વિશ્વાસ ઘાતકથી દિલ્લીનું રત્ન-સિંહાસન હિંદુ ભૂપતિના હાથમાંથી ગયું છે, આજ વિશ્વાસઘાતકથી હિંદુના તાબેનો રાઇસિન કીલ્લો, હિંદુ-નર નારીના લોહથી રંજિત થવા લાગ્યો. લક્ષ્મણ આ આકસ્મિક જુલમ ગુજરતો જોઇને અજાયબ થયો અને સ્રીઓને ત્યાંથી કાઢીને બીજી જગાપર લઇ જવાને અંતઃપુરમાં ગયો, ત્યાં શિલ્હાદિની સ્રી તેજસ્વિની દુર્ગાવતીની સાથે તેની મુલાકાત થઇ. લક્ષ્મણને જોતાંજ દુર્ગાવતીની બંને આંખ ઉઘાડી થઇ ગઈ. કપાલની રેખા વિસ્ફારિત થઇને કમનીયતાની અંદર અપૂર્વ તીવ્રતા પ્રકાશ કરવા લાગી.-

લાવણ્યવતી નારી ક્રોધના આવેગથી—ધિક્કાર અને વિરાગના આવેશથી અધીર થઇને લક્ષ્મણને કહેવા લાગી—“આ કીલ્લો દુર્ભેદ્ય તરીકે પ્રખ્યાત છે. તમે આવો દુર્ભેદ્ય કીલ્લો વગર હરકતે શત્રુના હાથમાં સોંપ્યો છે. શત્રુની સામે લડાઈ ન કર્યાથી તમારૂં કાયરપણું પ્રકાશ થાય છે. જે આવી રીતે આત્મસન્માનમાં જલાંજલિ આપે છે, તુચ્છ પ્રાણ રક્ષાને માટે નીચતાની સાથે શત્રુને નમે છે, તે ભીરૂ, નીચાશય, કાયર પુરૂષને ધીક છે!” તેજસ્વિની દુર્ગાવતીએ એટલું કહીને પોતાના મહેલમાં આગ લગાડી; જોતા જોતામાં ભયંકર આગની શિખા ગગનસ્પર્શી થઇ. તેણે વગર હરકતે, અવિકાર ચિત્તથી સાતસો પુરનારીની સાથે તે જ્વલંત અગ્નિમાં આત્મવિસર્જન કરીને પોતાની લોકાતીત તેજસ્વિતાની ઓળખાણ આપી. પ્રજ્વલિત હુતાશનમાં તેનું લાવણ્યમય કમનીય શરીર ભસ્મ થઇ ગયું. એ બનાવથી શિલ્હાદિ અને લક્ષ્મણના પ્રાણમાં આઘાત લાગ્યો. તેઓ એ તેજસ્વિની નારીની તેજસ્વિતા જોઇને શરમાયા; લજ્જાની સાથે તેઓના મનમાં ઘણો ધિક્કાર અને વિરાગનો

સંચાર થયો તેઓ એક વિચાર કરીને તરવાર હાથમાં લઇને કેટલાક હિંમતવાન સાથીઓને સંગે લઇને કીલ્લાની રક્ષા કરનાર મુસલમાનોની સાથે લડાઇમાં પ્રવૃત્ત થયા. થોડીવારમાં સઘળું પૂરું થઇ ગયું. થોડીવારમાં સર્વે તે દુર્ભેદ્ય રાઇસિન કીલ્લામાં મુસલમાનના અસ્ત્રાઘાતથી અનંત નિદ્રામાં સૂતા. મુસલમાન રાજાએ કીલ્લો તાબે કર્યો ખરો, પરંતુ કીલ્લાનો ગૌરવ નાશ કરી શક્યા નહિ. વીરનારી દુર્ગાવતીની અનંત અક્ષય કીર્તિથી રાઇસિન ઇતિહાસમાં હમેશાંને માટે પ્રખ્યાત થઇ રહેલો છે.

:o:

વીરાંગના.

ઝવેરબાઇ.

ઇસવી સન ૧૫૩૩ માં લેચા ક્ષેત્રમાં વિક્રમાજીતને પરાસ્ત કરીને વિજયી બાહાદુરે પોતાના પ્રચંડ સેનાદલ સહિત ચિતોડ નગરને આક્રમણ કર્યું. ચિતોડનો આજે ઘોર સંકટ કાલ આવ્યો છે! એ સંકટથી કોણ ચિતોડપુરીનો ઉદ્ધાર કરશે?

કોણ શિશોદીય કુલના ગૌરવ સંભ્રમની રક્ષા કરી શકશે? કેટલાક રજપૂત વીરોએ સ્વદેશ-પ્રેમિકતાના પવિત્ર મંત્રમાં પ્રણોદિત થઇને અસ્ત્ર ધારણ કર્યાં છે, બાહાદુરની વિશાલ સેનાની સાથે તુલનામાં તેઓ મૂઠીભર છે;—અનંત સાગરના કેટલાંક પાણીનાં ટીપાં માત્ર છે. તથાપિ તેઓએ ભગવાન એક લિંગના સોગન લઇને પ્રાણપણે યુદ્ધ કરવાને પ્રતિજ્ઞા કરી અને પ્રચંડ રણતુરીના નાદથી યુદ્ધની તૈયારી જણાવીને શત્રુકુલના વિક્રમ-વન્હિ હોલવી નાંખ્યો તેઓની તે ભીમ-ગંભિર તુર્યધ્વનિ અને શ્રવણ ભૈરવ સિંહનાદ પ્રતિધ્વનિમાં વિલીન થતાં થતાં બાહાદુરની કાલાંતક તોપો જાણે વિશ્વબ્રહ્માંડને રસાતાલમાં ઘાલી દેવામાં ઉદ્દેશથી ગર્જ્જન કરીને ઉઠી. પ્રકૃતિ સ્તંભિત થઇ-જાણે મુહૂર્તને વાસ્તે સમગ્ર જગતનું અસ્તિત્વ વિલુપ્ત થઈ ગયું હોયને! જાણે જગત્ સંસાર શતધા વિદીર્ણ થઇને રસાતલમાં નિમગ્ન થઇ ગયું હોયને! રજપૂતવીરો દ્વિગુણતર ઉત્સાહમાં ઉત્સાહિત થઇને પાછા સિંહનાદ કરી ઉઠયા અને ધાઇ આવતા જ્વલંત ગોળાઓને લક્ષ્ય કરીને તીક્ષ્ણ બાણ ફેંકવા

લાગ્યા. કવચિત્ તેઓના એક બે લક્ષ્ય વ્યર્થ ગયા પાછાં ગંભિરતર શબ્દથી યવનોનાં આગ્નેય અસ્રો ગાજી ઉઠયાં! બંદુકના અવાજથી રણસ્થલ આચ્છન્ન થઇ ગયું! દિવાકરના કિરણમાળાની તીવ્ર ગતિ રૂદ્ધ થઈ ગઇ! પલવારને વાસ્તે કંઇ પણ નયન-ગોચર થયું નહિ! કેવળ અંધકાર! ઘોર અંધકાર એ ઘોરતર લડઇ થઇ! તે યુદ્ધમાં ઉભયપક્ષના અસંખ્ય સૈનિકો માર્યા ગયા! બાહાદુર જ્યારે કોઈ રીતે ચિતોડને હાથ કરી શક્યો નહિ ત્યારે છેલ્લી-વારે સુચતુર લાબ્રિખાંએ ચિત્રકૂગિરિની નીચે એક મોટી સુરંગ ખણાવી અને તેમાં દારૂ ભરીને આગ લગાડી. સેંકડો ભીષણ વજ્રનાદથી દારૂખાનું બળી ગયું—તેની સાથે કિલ્લાના કોટની ૪૫ હાથ પરિમિત ભૂમી એકીવારે ઉડી ગઇ! તે સ્થલમાં હાર-રાજકુમાર વીર અરજગુન રાવ પોતાના પાંચસો સૈનિક સાથે યુદ્ધ કરતો હતો. તેથી તે પ્રદેશ ભગ્ન અને ભૂપતિત થતાંજ તે પણ સદલે માર્યો ગયો! ચિતોડના કીલ્લાનો એક પ્રદેશ બાગી ગયો! શત્રુકુલ ભગ્નથી દુર્ગની અંદર પ્રવેશ કરવાના ઉદ્દેશથી પ્રચંડ ગિરિનંદના પ્રમાણે ધાયા! પરંતુ

ચિતોડપુરી હજીપણ વીરશૂન્ય થઇ ન હોતી. હજી-પણ કેટલાક રજપૂત વીર જીવતા રહ્યા હતા; દેહ પ્રાણ રહેતાં છતાં ધમનીમાં લોહી રહેતાં છતાં તેઓ શું પ્રાણપ્રિય ચિતોડપુરીને શત્રુના હસ્તમાં મૂકશે! કદિ નહિ! જોતા જોતામાં વીરવર દુર્ગા-રાવ, સત્યુ અને દદુનામક ચંદાવત વીરદ્વય, કેટ-લાક સૈનિક અને સામંતોની સાથે બખોલ તેની આગળ આવીને ખડો થયો,—અચલ,—અટલ,—દુર્ભેદ્ય હિમાદ્રિસમ ઉભા રહ્યા; તેના દેહમાં જીવ રહેવાં છતાં કોણ તેને હઠાવી શકે? ભીમ વીક્રાન્ત યવનો દસે દસે તે તરફ ધાવા લાગ્યા? પરંતુ વીરવર દુર્ગારામ અને તેની સાથેના કેટલાક રજપુત વીર જ્યાંસુધી જીવતા રહ્યાં ત્યાંસુધી યવનનો સઘળો ઉદ્યમ વ્યર્થ ગયો. પરતુ ઘણા થોડા રજપુત વીર કેટલો વખત યવન—સૈન્યના પ્રચંડઅસ્ત્રનો પ્રતિરોધ કરી શકે? વિસ્મયકર વીરત્વની સાથે ઘણો વખત સુધી યુદ્ધ કરીને છેલ્લે તે ભગ્ન પથમાંજ પતિત થયા. રણોન્મત્ત યવનો સિંહનાદ કરી ઉઠયા અને તીવ્રવેગથી રંધ્રપથ*ના પાસે આવ્યા,—અકસ્માત્

* રંધ્ર એટલે બાકુ અથવા કોટની અંદર પડેલું બાકું.

સઘળા સ્તંભિત થઈ ગયા;—અકસ્માત્ સઘળા મંત્રો ષધિથી રોકેલા* ભૂજંગના પ્રમાણે સ્થિર થઇ ઉભા રહ્યા! તેઓએ જોયું કે એક ભીમરૂપિણી યોદ્ધ-વેશ પરિહિતા એક રમણી પ્રચંડ રણતુરંગપર આરોહણ કરીને હાથમાં ભાથણુ ભાલો લઇને તે રંધ્રના મુખ આગળ ઉભી રહી છે!—એ રમણી બીજી કોઇ નહિ પણ રાઠોડ કુલ કુંવરી શિશોદીય રાજમહિષી ઝવેરબાઇ છે? એ વીરનારી ઝવેરબાઇ રણચંડીવેશમાં તે રંધ્રપથ રોકીને ઉભી રહી? આસ્તે આસ્તે યવનોએ આગળ થઇ જોયું કે વીર રમણી સદંભથી તેઓની આગળ ધસતી આવે છે, તેના હાથમાંના ભાલાના દારૂણ પ્રહારથી પુષ્કલ યવનીવીર માર્યા ગયા પરંતુ સર્વ વ્યર્થ ગયું! જોતા જોતામાં યવનો સાગરના પ્રમાણે ભીમ વિક્રમની સાથે તેના ઉપર આવી પડ્યા; તથાપિ વીરેન્દ્રની રજપૂત મહિષી પલને વાસ્તે પણ નિરૂત્સાહ થઇ નહિ. અસીમ સાહસથી તે રણોન્મત્ત યવનોની સાથે પ્રાણપણથી યુદ્ધ કરવા લાગી. આજ આર્યનારી એકલી છે. કેટલાક માત્ર આર્યવીર સાથે છે.—પ્રચંડ વિક્રાન્ત અસંખ્ય યવનની સાથે

યુદ્ધ કરે છે; દૂરથી બહાદૂર ગજારૂઢ થઈને વિસ્મય વિસ્ફારિત નયનથી તે જોવા લાગ્યો. રમણીનું અદ્‌ભુત રણાભિનય જોઈને વીરત્વાભિમાની બદર્પિત યવનવીર અજાયબ થયો ! એ શું શક્તિસ્વરૂપિણી મહાદેવી આજ દનુજ-દલનમાં અસુરોનો સંહાર કરવામાં પ્રવૃત્ત થઈ છે પરંતુ સર્વ નિષ્ફળ થયું. છેવટે ચિતોડ-રક્ષાનો બીજો કાંઈ ઉપાય ન જોવાથી વીરનારી ઝવેરબાઈ તીવ્રવેગથી પોતાના તુરંગને ચલાવીને યવનદલના વચમાં આવીને યુદ્ધ કરવા લાગી અને જગત્‌માં વીરનારીનું અપૂર્વ દૃષ્ટાંત અને આત્મોત્સર્ગનું જ્વલંત ઉદાહરણ રાખીને શત્રુદલના વચમાં તેણે પોતાનું જીવન ત્યાગ કર્યું.

શિરોના ઉદ્ધાર કરનાર સુરજમલની બહાદુરી અને મૃત્યુ.

સંવત્ ૧૫૭૨ (ઇસવીસન ૧૫૧૬) ની શ્રાવણ વદ ૩ એટલે પાર્વતી ત્રીજ*(કાજળી)ને દિવસે પીપાર

---

* શ્રાવણ વદ ૩ જે રજપૂત પાર્વતી ત્રીજનું વ્રત પાળે છે. કહે છે કે એ દિવસે ગિરિબાળા ભ-

નામના × નગરમાં એક મહોત્સવ થયો હતો. તે ઉત્સ-
વમાં મારવાડની ચોતરફથી અસંખ્ય રજપુત સ્ત્રિઓ

ગવતી ગૌરી ભગવન્ ભૂતભાવન મહાદેવની સાથે
પાછી મળી હતી. તેથી રજપૂતો એ પર્વને અતિ
પવિત્ર અને મોટું માને છે તથા તેઓ વિશ્વાસ ક-
રે છે કે એ દિવસે કોઈ સ્ત્રી ભક્તિની સાથે પાર્વ-
તીની પૂજા કરે છે તે સ્ત્રીની ભગવતી સર્વ કામ-
ના પૂર્ણ કરીને અંતે પોતાની સહચરી કરી લે છે.
તેથી રજપૂત રમણી ભક્તિની સાથે દેવીપૂજા કરે
છે. રજપૂત પુરૂષો વ્રત પાળતા નથી તોપણ તેઓ-
ના મનમાં એ પર્વ અતિ પવિત્ર અને પુણ્યમય
મનાયલું છે. ભૂમિ અધિકારમાં અથવા છોડી દી-
ધેલા ઘરમાં પાછું આવવાને એ એક અતિ શુભ
અને પવિત્રમાં પવિત્ર લગ્ન સમજે છે બ્રિટિશ
શાસનની સાથે મેવાડની મિત્રતા થયાથી દેશનિકાલ
રજપૂતો એ પુણ્ય તિથિમાં પોતપોતાને ઘેર પાછા
આવ્યા હતા.

× એ શેહેર જોધપુરથી પાંચ કોશ દૂર છે.
પીપાર એક સામાન્ય શેહેર છે, એમાં ૧૫૦૦ ઘરની
વસ્તી છે. એ શેહેરમાં ઘણાખરા વાણીઆ રહે છે.

આવીને ભગવતી ગૌરીની પુજા કરતી હતી. એવી વખતે એક પઠાણ લશ્કરની ટુકડી આવીને તેઓને ઘેરી અને ૧૨૪ સ્ત્રિઓને હરણ કરીને લઇ ગયા. કોઇ તેમને રોકી શક્યા નહિ. આ શોચનીય સમાચાર થોડીવારમાં સૂરજમલ કે જે જોધપુરનો રાજા હતો તેને કાને પડ્યા, ક્રોધ અને હિંસાથી તેનું શરીર અને આંખ લાલ થઇ. દુરાચારીઓને સજા આપીને સ્ત્રિયોનો છુટકો કરવાને માટે તે ઘણો અધીરો થઇ પડ્યો. વધારે સેના તૈયાર કરવાથી વાર થઇ જાય એ ભયથી ને પોતાના શરીર રક્ષકોની ટોળીની સાથેજ પાપી પઠાણોને શોધવા નીકળ્યો. અતિ તીવ્ર વેગથી અવિરત ગતિથી શોધ કરતાં કરતાં છેલ્લીવારે તેણે તેઓને છેટેથી જોયા. તે વેળાએ તેના ક્રોધ અને હિંસા બમણાં ઉત્તેજિત થઇ ગયાં. સિંહના બચ્ચાને જેવી રીતે કોઇ ચોરી જાય અને તેને સિંહ જોય તો તે જેવી રીતે પ્રચંડ વેગથી ચોરનારની

તેને માટે એમ કહેવામાં આવે છે કે ખ્રીસ્ત જન્મવાની આગમજ અવંતી નગરમાં ગંધર્વસેન નામનો એક પરમાર વંશનો રાજા રાજ કરતો હતો તેણે પીપાર નગર વસાવ્યું છે.

ઉપર પડે છે તેમ આજ મારવાડનો અધિપતિ રાવ સૂરજમલ્લ સ્ત્રિયોને હરણ કરનાર પઠાણોની ઉપર ભીષણ વિક્રમની સાથે પડ્યો. થોડીવારમાં બંનેમાં લડાઈ થઈ. તે લડાઈમાં રજપૂતોએ ઘણું વીરપણું પ્રકાશિત કર્યું તેથી રજપૂતો જીત્યા અને રજપૂત સ્ત્રિયોનો છૂટકો કર્યો. પરંતુ તે જય તેના સૂરજમલ્લના હૃદયશોણિતને બદલે થયો હતો. યવનોને મારીને તેણે સ્ત્રિયોનો ઉદ્ધાર કર્યો હતો ખરો, પરંતુ શત્રુઓએ તેને એવો તો જખમી કર્યો હતો કે, તે જખમથી તે વધારે વાર જીવી શક્યો નહિ. રજપૂત સ્ત્રિયોને છોડાવ્યા પછી થોડીવારમાં તે રણસ્થમાં મરી ગયો. પરંતુ તે મૃત્યુ, તેના પક્ષે આનંદનું મૃત્યુ હતું. તે ૧૨૪ રજપૂત સ્ત્રીઓ જ્યારે તેની આસપાસ વિંટાઈને તેનું વીરત્વ કીર્તન કરવા લાગી ત્યારે તેના આનંદની સીમા રહી નહિ. અસીમ આનંદ ભોગવતો ભોગવતો તે વીર સૂરજમલનો આત્મા અનંત સુખમય અમર ધામમાં ગયો. રાવ સૂરજમલના એ અસીમ વીરત્વનું વર્ણન આજ પણ રાજસ્થાનના ભાટોના મુખે સંભળાય છે; આજ પણ તેઓ પાર્વતી તીજના મ-

હોત્સવની વેળાએ મારવાડના એ રાજાનું અસીમ વીરપણું અને મહત્વ તથા પીપાર નગરની એવું સ્ત્રીઓનું હરણ થયું હતું તેનું વર્ણન ઉત્સાહની સાથે ગાય છે.

વીર યુવકની દેશભક્તિ.

ઇસવી સન ૧૫૪૩ ની સાલ ગઇ છે. શેરશાહ ના પરાક્રમથી દિલ્લીનો બાદશાહ હુમાયું દેશત્યાગી થયો છે. નસીબ હમેશાં ચક્ર પ્રમાણે ફરતું ફરે છે કાળધર્મથી કદી ઉન્નત, કદી અવનત થાય છે. જે પુરૂષ એક વેળાએ મણિમુક્તાથી શોભાતા દિલ્લીના સિંહાસનને અલંકૃત કરતો હતો. અમીર ઉમરાવનાં માથાં સર્વદા જેના પગ નીચે રોળાતાં હતાં તે આજ ભીખારી થઇને દેશાંતરમાં રહે છે. પારકાની મદદથી હાલ જેનો ગુજારો થાય છે, પોતાને માટે, પ્રેમપ્રતિમા સ્ત્રીને માટે, પ્રાણાધિક છોકરાંને માટે તે હાલ સર્વ રીતે પારકાની તર્ફ જોઇ રહ્યો છે. સમગ્ર ભારતના અદ્વિતીય બાદશાહ અકબરનો પિતા એકવખતે એવી હાલતમાં પડયો હતો. અને જેની શક્તિના બળથી હાયુનના પાહાડી

પ્રદેશમાં આર્યાવર્તની પવિત્ર ભૂમિમાં, દક્ષિણ તરફ-ના પ્રશસ્ત ક્ષેત્રમાં વિજયનાં નિશાન ફરકતાં રહ્યાં હતાં, જેનો અપાર મહિમા પ્રકાશ કરવાને માટે "દિલ્લીશ્વરો વા જગદીશ્વરો વા" ધ્વનિ, વિચિત્ર આમખાસમાંથી નીકળીને દૂર પર્યન્ત ગગનતલમાં વ્યાપી રહેતા હતા તે અકબર વિરતીર્ણ ભારત મ-રૂના એક ભાગમાં એક વેશિસના સામાન્ય ઘર-માં જન્મ લઇને, પારકાની મદદથી સામાન્ય ભાવ-થી કાળ ગાળતો હતો.

શેરશાહ દિલ્લીના સિંહાસન ઉપર બેઠો છે દિ-લ્લીનો અરધા ચંદ્રવાળો વાવટો હવે મોગલવંશને બદલે શૂરવંશનો ગૌરવ જાહેર કરે છે. અમીર ઉ-મરાવો હવે મોગલવંશને બદલે શૂરવંશનો હુકમ માનવામાં તત્પર રહે છે; એવા શેરશાહે પોતાના વીરત્વ અને તેજસ્વિતાથી હુમાયુને દેશમાંથી હાં-કી કાડયો છે ખરો, પરંતુ તે ભારતવર્ષની સર્વ જ-ગાપર આધિપત્ય સ્થાપન કરી શકયો નથી. દિલ્લી-ના સિંહાસન ઉપર બેઠા પછી તણે રાજ્ય વધાર-વાનો નિશ્ચય કર્યો. વીરભૂમિ રજપૂતાનામાં તેનું લક્ષ ગયું. તેથી તેણે એંશી હજાર સૈન્ય લઇને મારવાડ ઉપર સ્વારી કરી.

મારવાડ કુદરતની શોભાથી અલંકૃત નથી. ત્યાં મનોહર વૃક્ષલતા તથા લીલા અનાજનાં ખેતરો શોભા આપતાં નથી. ત્યાં ફક્ત વિસ્તીર્ણ રેતીનું મેદાન નિરંતર મારવાડની મહાભયાનક ઓળખાણ આપે છે. તે કુદરતની મનોહર શોભાને બદલે ભયંકર ભાવના અપૂર્વ વિકાશનું ક્ષેત્ર થઇ પડયું છે. ત્યાં આ સમયે પરાક્રાંત રાઠોડ પોતાના લોકાતીત વીરત્વના મહિમાથી એ મરૂસ્થલની સ્વાધીનતાના ગૌરવની રક્ષા કરતો હતો. તેના એ ગૌરવનું હરણ કરવાને શેરશાહ તૈયાર થયો છે. ૮૦ હજાર સૈનિક પુરૂષો વિપુલ વિક્રમથી રાઠોડના નગરની તર્ફ આવવા લાગ્યા તેની ખબર મરૂસ્થલમાં પોહોંચી એટલે રાઠોડો પણ પોતાની માહામાન્ય જન્મભૂમિની સ્વાધીનતાને માટે સજ્જિત થવા લાગ્યા. જોતા જોતામાં ઘણું સૈન્ય એકઠું થયું, અને જોતા જોતામાં મરૂસ્થલનો અધિપતિ માહારાજ માલદેવ પચાસ હજાર તેજસ્વી રાઠોડના બાહુબળના ઉપર આધાર રાખીને દિલ્લીના નવા બાદશાહની ગતિ રોકવાને માટે ઉભો.

વીરભૂમિનું વીરપણું કાયમ રહ્યું. પચાસ હજાર રા-

ઠોડના પરાક્રમથી દિલ્લીના૮૦હજાર સૈન્યની ગતિ રોકાઇ. હુમાયુંને જીતનારે આજ મરૂસ્થલના વીરોના વીર-પણા આગળ માથું નમાવ્યું. માલદેવનું વ્યૂહ ભેદ કરવું એ અસાધ્ય જોઇને શેરશાહ લડાઇ બંધ કરવાનો ઉપાય જોવા લાગ્યો. પરંતુ રાઠોડ સૈન્યના વિક્રમથી એ ઉપાય વ્યર્થ ગયો. ત્યારે તે ચતુર મુસલમાન બાદશાહે છેલ્લે ચાતુરીનો આશ્રય લીધો. એવી રીતે મુસલમાનની ચાતુરીથીજ ભારતવર્ષનો નાશ થયો છે. શાહબુદ્દીન ગોરીની ચાતુરીથી પૃથ્વીરાજ દૃશદ્વતીને કિનારે અનંત નિદ્રામાં સૂતો. અને અલ્લાઉદ્દીનની ચાતુરીથી વિધાતાની અપૂર્વ સૃષ્ટિ પદ્મિનીનું મહા મનોહર શરીર ભસ્મભૂત થઇ ગયું તેજ રીતે શેરશાહની ચાતુરીથી રાઠોડ-ભૂમિનું સર્વ નશ થવાની શરૂઆત થઇ. શેરશાહે પોતાના નામથી એક પત્ર લખ્યું. તેમાં વિશેષ કૌશલથી માલદેવના પ્રધાન સર્દારોનાં નામ લખ્યાં, જાણે એ સર્દારો શેરશાહને લખે છે કે, તેઓ માલદેવના ઉપર ઘણા વિરક્ત થઈ પડયા છે. યુદ્ધની વેળાએ સર્વ પોત પોતાની સેના લઇને દિલ્લીના લશ્કરની સાથે એકઠા થશે. ચતુર મુસલ-

માને કૌશલથી દૂતને મોકલીને છૂપી રીતે માલદેવના બેસવાની ગાદી ઉપર એ પત્ર નંખાવ્યો, તે થોડી-વાર પછી માલદેવના હાથમાં આવ્યો. એ પત્ર મળ્યાથી માલદેવ સ્તંભિત અને હતબુદ્ધિવાળો થઇ ગયો. તે પોતાના સર્દારોને વિશ્વાસઘાતક સમજવા લાગ્યો. ચતુરની ચાતુરી ફલવતી થઇ. માલદેવે પોતાના સર્દારોની સાથે વિછિન્ન થવાનો ઉદ્યોગ કર્યો આવા આકસ્મિક વ્યાપારથી તેજસ્વિ રાઠોડ સર્દાર કુંભના હૃદયમાં આઘાત લાગ્યો. કુંભે માલ-દેવને ઘણોક સમજાવ્યો સનાતન ધર્મના સોગન ખા-ઈને તે પોતાની વિશ્વસ્તતા સપ્રમાણ કરવા લાગ્યો, દુરંત યવનની ચાતુરીની વાતો કહીને પવિત્ર ક્ષત્રિય ધર્મની રક્ષા કરવાનો તેણે અનુરોધ કર્યો. પરંતુ માલદેવે કંઇજ સાંભળ્યું નહિ. તે કોઈ રીતે સ-મજ્યો નહિ. તેનું હૃદય ઘોર અંધકારથી કાળું થયું હતું. કુંભના યત્નથી એ પાછું પ્રકાશમાન થયું નહિ કુંભ નીરવ થયો.તેનું ભ્રૂયુગલ થોડું સંકો-ચિત થયું તેની જ્યોતિર્મય બંને આંખમાંથી આગના તણખા નીકળવા લાગ્યા. તે તેજસ્વિ ક્ષત્રિય વીર થોડીવાર સુધી વિચાર કરવા લાગ્યો. અને થોડા

વારમાં પોતાનું લશ્કર લઈને હરહર અવાજથી યવનસૈન્યની સામે દોડયો.

તુમુલ સંગ્રામ થવાનો આરંભ થયો કુંભ દશહજાર સૈન્ય લઇને અમિત પરાક્રમથી શેરશાહના ૮૦ હજાર સૈન્યના ઉપર પડયો. તેના પ્રશસ્ત હૃદયમાં કંઈ પણ ભયનો વિકાશ નહોતો. ઉજ્વલ મુખમંડળમાં કંઇ પણ કાળાસનો સંસાર નહોતો. દુરંત યવને તેઓના પવિત્ર ચરિત્રમાં કલંકનો આરોપ કર્યો છે તેમની પવિત્ર વીરધર્મની અવગાનના કરવાને તે પ્રવૃત્ત થયો છે, કુંભ આજે તરવારની ધારથી તે કલંક રેખા ભુસાડવાને ઉદ્યત થયો છે, પવિત્ર રણમાં આત્મ-પ્રાણ આપીને અનંત મહિમામય વીરત્વ-કીર્ત્તિ ઉજ્વલથી ઉજ્વલતર કરવાને દૃઢ સંકલ્પીત થયો છે. તુમુલ સગ્રામમાં તે પોતાની લોકાતીત તેજસ્વિતાની ઓળખાણ આપવા લાગ્યો. યવનસૈન્ય એ તેજસ્વિતાની ગતિ રોકી શકયું નહિ. તેઓમાંના ઘણાક સમરક્ષેત્રમાં હમેશાંને માટે સુવા લાગ્યા, ઘણાકો શત્રુના આક્રમણથી પોતાનો પ્રાણ બચાવવાને માટે વ્યસ્ત થયા, તેથી શેરશાહ નીરાશ થયો. તે ચારે બાજુએ

અંધારું જોવા લાગ્યો. રાઠોડના પરાક્રમથી તેના હૃદયમાં ભયનો સંસાર થયો. એવામાં બીજું એક લશ્કર તેની મદદને માટે આવ્યું. કુંભ અવિશ્રાંત યુદ્ધથી શત્રુ–સેના વધ કરતો કરતો થાકી ગયો હતો. એવી વખતે શેરશાહના નવા લશ્કરે તેને ઘેર્યો. પરાક્રાંત રાઠોડવીર એ ઘેરાને નિરસ્ત કરી શક્યો નહિ ખરો, પરંતુ તેણે રણમાં ભંગ કરીને ભીરુતાની ઓળખાણ આપી નહિ. તે પોતાની વિશ્વસ્તતા દેખાડવાને પ્રતિજ્ઞા બદ્ધ થયો હતો. માટે હમણા તુચ્છ પ્રાણને માટે એ પ્રતિજ્ઞાથી તે ડગ્યો નહિ. અંતે મરૂસ્થળના પુણ્ય ક્ષેત્રમાં–શત્રુના ભૈરવ કોલાહલમાં, તેજસ્વિ વીરની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ. કુંભ નિડરતાની લઢાઈ કરતો કરતો અનંત ધામમાં જઈને અનંત કીર્તિનો અધિકારી થયો. ત્યારે તેની રાઠોડ સેનાએ પણ યવન સેનાનો નાશ કરીને નશ્વર જગતમાં અમરત્વ મેળવ્યું. આર્ય કીર્તિના અનંત મહિમાથી આર્યાવર્ત્તનું મરૂસ્થલ હમેશાંનું પવિત્ર થઈ ગયું.

રાઠોડના વીરત્વથી શેરશાહ ચમકિત થયો હતો.

લડાઇ થયા પછી તેણે મારવાડના અનુરવરતા* ઉપર લક્ષ્ય કરીને ભયવાળા સ્વરથી કહ્યું હતું કે "હું એક મૂઠી મકાઇ ભુટ્ટાને માટે હમણા ભારતવર્ષની બાદશાહી ખોવા બેઠો હતો."

ગોવિંદસિંહ.

ભારતની અધઃપતનની દુર્ભેદ્ય સમસ્યાની પ્રકૃત મીમાંસા કરવાનો આધુનિક સમયમા એક યોગીએ યત્ન કર્યો હતો, અને આત્મત્યાગના બળથી પુષ્કળ રીતે તેમાં પાર પડયો હતો. જે શિખ જાતિ રણમાં અજેય છે, દૃઢતામાં અવિચલિત છે, ભ્રાતૃપ્રેમમાં વિગલિત છે, કૃતજ્ઞતાના ધર્મમાં વિસૃષ્ટ પ્રાણ છે, એ ભારત ગૌરવ, ભારતપ્રાણ શિખજાતિ, તે યોગિવરના આત્મત્યાગનો અને સ્વદેશાનુરાગનો જીવન કીર્તિ સ્તંભ છે. ચિનીઅનવાલાના સમરક્ષેત્રમાં જે શિખજાતિના અમિત તેજથી અંગ્રેજ વીર્યવન્હિ નિસ્પ્રભ થઇ હતી, સિપાઇ વિદ્રોહમાં જે

* જેમાં સારો પાક થાય નહિ તેવી જમીન અનુરવર કહેવાય છે.

શિખજાતિના અપ્રમેય વીરત્વ બળથી અંગ્રેજ જાતિની કથંચિત્ પ્રાણરક્ષા થઈ હતી, આફ્ગાન યુદ્ધમાં જે શિખજાતિના અદ્ભુત રણનૈપુણ્યથી બ્રિટન જાતિના માનની રક્ષા થઇ હતી, અને જે શિખસેનાના અતુલ વિક્રમથી અંગ્રેજ કીર્તિસ્તંભ મિશરસ-રક્ષેત્રમાં રોપાયો હતો, તે પ્રકાંડ અજેય શિખસેના, શિખગુરૂ ગુરૂગોવિંદની ગંભીર સાધનાનું ફલ છે. જ્યારે યવન—અત્યાચારે ભારતને ક્ષત-વિક્ષત કર્યું હતું, તે સમયે ગુરૂગોવિંદનો પ્રાણ રડી ઉઠયો. તેણે જોયું કે, આ હિંદુ અને યવન વચ્ચેનો વિદ્વેષ શાંત ન થાયતો ઉભય જાતિનો ધ્વંસ અનિવાર્ય છે. તે ચિંતાએ તેના હૃદયને તલે ઉપર કર્યું તે રૂષિએ સમાધી બળથી જોયું કે, એ અવશ્ય-ભાવી અનીષ્ટ નિવારણનો એક માત્ર ઉપાય બંને જાતિમાં અભેદ્ય ભ્રાતૃત્વ બંધન સ્થાપ્યું એજ છે. એ સિદ્ધાંતને અનુસરીને તેણે શિખ ધર્મને એક નવો આકાર આપ્યો. નાનકનો શિખધર્મ એકેશ્વર-વાદ અને પરકાલ લઇનેજ હતો, આ લોકની સાથે તેનો કંઇ વધારે સંબંધ નહોતો. પરંતુ ગોવિંદે તેના શિખ ધર્મને ઐહિક ઈષ્ઠ સાધનમાંજ આશ્ર-

કાર નિયોજીત કર્યો. તેણે આજ્ઞા કરી કે એ ધર્મમાં હિંદુ યવન, બ્રાહ્મણ શૂદ્રનો ભેદ નથી. એ ધર્મમાં દીક્ષિત થઇને સઘળા ભાઇ ભાઇ થઇને સર્વે એક કુટુંબના માણસો થશે. ગુરૂગોવિંદ એ નવા-પ્રતિષ્ઠિત ધર્મમાં સર્વથી પહેલો દિક્ષિત થયો. તે પછી ધીમે ધીમે હિંદુ યવન તેના મંત્રશિષ્ય થવા લાગ્યા. તે દિક્ષિતોને આલિંગન કરીને ભ્રાતૃ પ્રેમથી ગ્રહણ કરવા લાગ્યો. નવદીક્ષિતનું અન્ન સર્વ ગ્રહણ કરતા હતા. તે વાતમાં કોઇ વખતે કોઇ પ્રકારની અશ્રદ્ધા કરે એ વાસ્તે તે દીક્ષા આપવાના દિવસે પ્રત્યેક નવ દીક્ષિતને અન્નાદિ રાંધી આપવાને કહેતો હતો. શિષ્યો પણ ભક્તિભાવથી ગુરૂને અન્ન રાંધી આપતા. ગુરૂ તે શ્રદ્ધાની સાથે ખાતો. તેથી તેની સાથે અન્નપાણી લેવાને બીજા કોઈપણ કોઇ જાતની આપત્તિ કરતા નહોતા. શિખજાતિની ઉન્નતિ શિખજાતિના સુખ સિવાય ગુરૂ ગોવિંદને બીજી કોઇ જાતની ચિંતા નહોતી. તે પોતે નિષ્કામ યોગી હતો. પોતાનું સુખ, પોતાની સંપત્તિ, પોતાનું સૌભાગ્ય કદી તેની ચિંતાને આબદ્ધ કરી રાખતા નહોતા. તેણે શિખજાતિના

હિતાનલમાં આત્મહિતની પૂર્ણ આહુતિ આપી હતી. એ માટેજ શિખજાતિ તેના નામથી આજપણ મંત્રમુગ્ધ છે. એ વાસ્તેજ તેના શિષ્યો કોઈ વિષયમાં તેનો અભિપ્રાય શું છે તે જાણી લેવાથી તે પ્રમાણે વર્ત્તવાને પ્રાણ વિસર્જ્જન કરવામાં કૃતસંકલ્પ થતાં અને રણસ્થલમાં ગુરૂગોવિંદના નામોચ્ચારથી તેઓની ધમનીમાં વહેતાં લોહીના વેગનું બળ બેહદ વધી જતું. તેના અપૂર્વ આત્મત્યાગ અને અપૂર્વ ભ્રાતૃ-પ્રેમથી મુગ્ધ થઇને અસંખ્ય હિંદુ અને યવનો ચિરવિદ્વેષ ભૂલીને એક ભ્રાતૃત્વ બંધનમાં આબદ્ધ થવા લાગ્યા. જે હિંદુ યવનો પરસ્પરને જોયાથી પરસ્પર ખડગહસ્ત થતા, આજ તેઓ તેના સ્પર્શમણિના સ્પર્શથી ભ્રાતૃ-પ્રેમમાં ગદગદ થઇને પરસ્પરને આલિંગન કરવા લાગ્યા, આજે તેઓના પ્રેમપૂર્ણ ભ્રાતૃ ભાવના ગાયનથી જગત્ મુગ્ધ થયું, આજે તે તે સમવેત સેનાના વિજયથી દિલ્લીનું સિંહાસન ટળટળાયમાન થયું. એ સમવેત ભેગી મળેલી નારાયણી સેનાની આગળ યવન-સેના પ્રતિપદે પરાજીત થવા લાગી. ભારતમાં યવન સામાજ્ય જાણે જાય છે, એવી વખતે

એક ઘાતક હસ્તેથી તે પરમયોગીનું મૃત્યું થયું. ગુરૂગોવિંદ! ફરી એકવાર તમે ભારતમાં આવીને તમારા અનંત પ્રેમસ્રોતમાં બ્રાહ્મણ શૂદ્ર અને હિંદુ યવનના ભેદને ટાળી દો. પ્રત્યેક ભારતવાસીની નસોમાં તમારો પ્રગાઢ ભ્રાતૃ-પ્રેમ સંચારિત કરો. દેવ! એકવેળા સ્વર્ગ છોડીને ભૂતલે અવતીર્ણ થઇને સોનાના ભારતને નરકમાંથી સ્વર્ગમાં લઇ જાઓ એકવાર તમારા આત્મ-ત્યાગના ઉજ્વલ દૃષ્ટાંતથી મરણપર આવેલા ભારતને સજીવન કરો. વીર સંન્યાસીની મૂર્ત્તિ એક વખત જમીન ઉપર આવીને વીરત્વ અને સંન્યાસ ધર્મનું મહાત્મ્ય ફેલાવો-હવે સર્વ જાય છે, રસાતલમાં જાય છે. એક વખતે દર્શન દો. તમારા અતિ માણુસાતિત સાધનના ફલ-સ્વરૂપ તે નારાયણી સેના હાલ પણ રહી છે, પરંતુ તેમાં તમે જે ભ્રાતૃપ્રેમ અને સ્વદેશાંનુરાગનો ભાવ સચારિત કર્યો હતા તે તમારી સાથે ચાલ્યો ગયો છે. હાલ થોડું વીરત્વ બાકી છે, પરંતુ તે સંન્યાસ અને તે આત્મત્યાગ તમારા ગયાથી જતો રહ્યો છે, તેથી આજ તેઓ દાસ છે; અને તે દાસત્વથીજ તેઓ આજ સમસ્ત ભારતવા

સીની અશ્રદ્ધાના પાત્ર છે. જે હૃદયે એક દિવસે ભ્રાતૃ પ્રેમનો સ્વર્ગીય ભાવ ધારણ કર્યો હતો તે હૃદયે આજે ભ્રાતૃ રૂધિરથી કલંકકાલિમાં ધારણ કરી છે. જે દિગ્વિજયિની સેનાએ એક દિવસે સ્વદેશના હિતને માટે જીવનની આહુતિ આપી હતી તે સેના આજે થોડા પૈસાને માટે પારકાની ખરાબી કરવામાં આનાકાની કરતી નથી. અહા! આત્મત્યાગ અને સંન્યાસનો કેવો અદ્ભુત મહિમા છે! એક સંન્યાસીના આત્મત્યાગથી લાખો મનુષ્ય મંત્રમુગ્ધ થઇને પ્રત્યેક એક એક સંન્યાસી થયા હતા. તે પવિત્ર પ્રકાશથી એક દિવસે પ્રત્યેક શિખ એક એક ક્ષુદ્ર ગુરૂગોવિંદસિંહ બન્યા હતા. પરંતુ આજ તે પ્રકાશના પ્રતિફલના અભાવથી તે સઘળા ગ્રહ ઉપગ્રહ અનન્ત અંધારામાં વિલીન થઈ ગયા છે એવો જે ગુરૂગોવિંદ હતો તેનું ટુંક જીવન-વૃત્તાંત લખવામાં આવે છે તેથી તેનાં બુદ્ધિ પરાક્રમની સાક્ષી મળશે.

મહામતિ નાનકે વિવિધ ધર્મશાસ્ત્રની આલોચના કરીને જે નવો ધર્મ-સંપ્રદાય સ્થાપન કર્યો હતો, તે ધર્મ-સંપ્રદાયના માણસો પેહલાં યોગી પ્રમાણે વગર બોલે પોતાના ધર્મશાસ્ત્રનુ મોદિત કામ કરતા હતા. કાલે

કરીને મુસલમાનના જુલમથી એ ધર્માવલંબિઓ-નાં હૃદય દગ્ધ થવા માંડ્યાં યવનો એઓને પશુના પ્રમાણે મારવા લાગ્યા.—અસામાન્ય જુલમથી ન સંભળાય એવાં દુઃખ દઇને સત્રળાઓના પ્રાણ-વાયુનો અવસાન કરવા લાગ્યા. એવા દારૂણ સમયમાં શિખ-સમાજમાં એક મહાપુરૂષ ઉત્પન્ન થયો. તે સ્વશ્રેણીની તથા સ્વજાતિની ન ખમાય એવી યંત્રણા જોઇને અધ્યવસાય અને ઉત્સાહની સાથે એને દૂર કરવામાં પ્રવૃત્ત થયો. તેની તેજસ્વિતા, સાહસ, અને મહાપ્રાણતાએ શિખોમાં પ્રવેશ કરીને તેઓમાં એક નવી જીવની શક્તિનો સંચાર કર્યો. ત્યારથી એક પ્રાણતા, વેદના બોધ ઇત્યાદિ જાતીય જીવનનાં સર્વ લક્ષણો શિખહૃદયમાં અંકુરિત થવા માંડ્યાં. ત્યારથી એ મહાપુરૂષના મહામંત્રમાં દીક્ષિત થઇને શિખો મહા પ્રાણવાળા અને મહોત્સવના અધિકારી થઇ પડ્યા.

ગોવિંદસિંહેજ પેહેલા શખોને સામ્યસૂત્ર-એકતા બંધનમાં બાંધ્યા. એની બુદ્ધિથીજ હિંદુ, મુસલમાન, બ્રાહ્મણ અને ચંડાલ એક સ્થળે ઉભા રહીને પરસ્પરને ભ્રાતૃભાવથી આલિંગન કરતાં શીખ્યા,

તે શિખ-હૃદયના જાતીય જીવનનો પેહેલો પરિપોષ-ક હતો. શિખલોકો તેજસ્વિતામાં, સ્થિર પ્રતિજ્ઞતા-માં અને યુદ્ધ-કુશલતામાં ઈતિહાસની અંદર વર-ણીય થઇ ગયા છે, તેનું મૂળ ગોવિંદસિંહજ હતો. તેજસ્વિતા અને મહાપ્રાણુતાની અંદર શિખ-ગુરૂસ-માજમાં ગોવિંદસિંહનો કોઇપણ બરાબરીઓ નહો-તો; ભારતવર્ષની સર્વ જાતિને એક મહાજાતિમાં આણવા માટે નાનકે સ્થાપેલા ધર્મ સંપ્રદાયમાં ગો-વિંદસિંહના જેવો યત્ન બીજા કોઇએ પણ કર્યો નહોતો.

૧૫૩૯ ઇસ્વીસનમાં નાનકનું મૃત્યુ થયાથી અં-ગદ નામનો તેનો પ્રધાન શિષ્ય શિખ લોકોનો ગુ-રૂ થયો હતો અંગદના પછી ગોવિંદે એવી રીતે પોતાનો મત પ્રચાર કર્યો, કે તેના શિષ્યો પૌરાણિ-ક કહાણી અને ઉદાર ઉપદેશ સાંભળીને મહાસત્વ-ના અધિકારી થવા લાગ્યા. ગોવિંદ યત્નની સાથે વેદાધ્યયન કરતો, યત્નની સાથે વૈદિકત્વ અને વૈદિક ક્રિયાકલાપની પર્યાલોચના કરતો. ધર્મશાસ્ત્રની આલોચના તે કરતો હતો ખરો, પણ તેની સાથે શારીરિક તેજસ્વિતા લાભના પ્રતિ પ્રમાદ દેખાડતો નહોતો. કહેવાય

છે કે તે નર્દના પર્વત ઉપર જઇને અર્જુનનું વીર્ય, અર્જુનની તેજસ્વિતા મેળવવા વસ્તે ગભીર તપસ્યામાં નિમગ્ન રહેતો. એવા આત્મસંયમ અને એવી ગંભીર ચિંતાથી શિખસમાજમાં ગોવિંદનું સન્માન ધીરે ધીરે વધવા માંડયું.

ગોવિંદ નવી રીતથી શિખ સમાજને બનાવવામાં પ્રવૃત્ત થયા. તેણે શિખોને એકઠા કરીને કહ્યું "સર્વાન્તઃકરણથી એકેશ્વરની ઉપાસના કરવી જોઇએ, કોઈ રીતે પાર્થિવ પદાર્થદ્વારા તે સર્વ શક્તિવાન પરમ પિતાનું મહાત્મ્ય ખરાબ કરવું ન જોઇએ. સર્વે એ સરલ હૃદયથી અને એકાગ્ર મનથી ઇશ્વરની તરફ જોતા રહેવું. સર્વે એ એક-પ્રાણ થઇને એકતાના સૂત્રમાં બંધાવું આ સમાજમાં જાતિનો નિયમ રખાશે નહિ, કુલમર્યાદાનું પ્રાધાન્ય રક્ષિત થશે નહિ, એમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, પંડિત, મૂર્ખ, આબરૂદાર અને ઇતર સર્વેને સમાન ભાવે લેવામાં આવશે, સર્વે એક પંક્તિમાં, એક પાસણમાં ખાશે, એ સર્વે તુરકોનો નાશ કરવાને યત્નવાન રહેશે, અને સર્વેને સજીવ અને સતેજ થવાને શીખાડશે". ગોવિંદે એવું કહીને પોતાને હાથે

એક બ્રાહ્મણ, એક ક્ષત્રિય, અને ત્રણ શૂદ્ર જાતિના વિશ્વાસુ શિષ્યના શરીર ઉપર ખાંડનું શરબત નાંખીને તેઓને ખાલસા* કહીને બોલાવ્યા અને યુદ્ધકાર્ય અને વીરત્વનાં પરિચયસૂચક "સિંહ" ઉપાધિ આપીને ખુશી જાહેર કરી, ગોવિંદ પોતે પણ એ ઉપાધિ ધારણ કરીને ગોવિંદસિંહ નામથી પ્રસિદ્ધ થયો.

ગોવિંદસિંહે એવી રીતે જાતિગત પાર્થક્ય દૂર કરીને સર્વેને એક સમભૂમાં આણ્યા અને સઘળાના હૃદયમા નૂતન જીવની શક્તિ અને નવા તેજનો સંચાર કર્યો. જાતિભેદરહિત થયાથી ઊંચી વર્ણના શિષ્યોએ પહેલાં અસંતોષ જાહેર કર્યો હતો ખરો પરંતુ ગોવિંદસિંહની તેજસ્વિતા અને કર્તવ્ય કુશલતાથી તે અસંતોષ વધારે દિવસ રહ્યો નહોતો સર્વે

---

* આરબી ભાષામાથી "ખાલસા" શબ્દની ઉત્પત્તિ થઇ છે. એનો અર્થ પવિત્ર, મુક્ત છે. જે ભૂમિની સાથે બીજાનો કંઈપણ સંબંધ ન હોય તેને ઘણું કરીને ખાલસા કહેવામાં આવે છે. ગુરૂ-ગોવિંદથીજ શિષ્યોની સાધારણ સંજ્ઞા "ખાલસા" અને ઉપાધિ "સિંહ" થયેલી છે.

શિષ્યો ગુરૂનો અનિર્વચનીય તેજોમહિમા જોઇને બીજું કંઈ ન કરતાં યથાનિર્દિષ્ટ કર્તવ્ય પથમાં આગળ થવા લાગ્યા. તેઓ એકેશ્વર-વાદી થઇને આદી ગુરૂનાનક અને તેના ઉત્તરાધિકારિ વર્ગના પ્રતિ યથોચિતમાન દેખાડવા લાગ્યા, રજપૂતોના પ્રમાણે સિંહ ઉપાધિથી શોભિત થઇને દીર્ઘ કેશ અને મોટી મૂછો રાખવા લાગ્યા; અને અસ્ત્ર શસ્ત્રથી સુસજ્જિત થઇને ખરા યોદ્ધાના પદમાં ગણાવવા લાગ્યા તેઓનો પોશાક કાળા રંગનો થયો.+ "વાહરે ગુરૂકા ખાલસા, વાહરે ગુરૂકી ફતે!" (ગુરૂ કૃત કાર્ય થાઓ, જયશ્રી તેઓને શોભીત કરો) વ્યવસ્થાપક સભા તેઓનાં સંભાષણ વાક્ય થયાં. ગોવિંદસિંહે ગુરૂમઠ નામે એક શાસન-સમિતિ સભા પ્રતિષ્ઠિત કરી અને અમૃતસરમાં એ સમાજ એકઠી થવા લાગી જેનાથી સર્વ જાતના કુસંસ્કારનો મૂલોચ્છેદ થાય, જેનાથી શિખશાસન અન્તઃશત્રુના આક્રમણથી અટલ રહે, સંક્ષેપમાં શિખો જેનાથી

+ ગોવિંદસિંહ સ્થાપેલો આકાલી નામનો જે શિખ-સંપ્રદાય છે તે અદ્યાપિ વાદળી રંગનો પોશાક ધારણ કરે છે.

એક પ્રાણતા, સમવેદના ઇત્યાદિ જાતીય જીવનના સમુદય લક્ષણવાળા થાય તેજ ગુરૂમહનો લક્ષ્ય થયો.

ગોવિંદસિંહ એવી રીતે ધીરે ધીરે નવું ઉપાદાન લઈને નવી શિખસમાજ બનાવી, અને એવા રીતે ધીરે ધીરે નવ અભ્યુદિત શિખ-સમાજમાં રાજનૈતિક સાધારણ તત્ર સંસ્થાપિત કર્યાં. જે શિખો પરસ્પર વિચ્છિન્ન રહીને સંયતાચિત યોગીના પ્રમાણે નિરીહ ભાવથી કાળ ગાળતા હતા, તેઓ હમણાં એક પ્રાણ થઇને સાધારણ તંત્ર-સમાજમાં સંમિલિત થયા. ગોવિંદસિંહનું જીવન એક સાધનને માટે સુસિદ્ધ થયું હતું ખરૂં, પરંતુ એના કરતાં મુશ્કેલ સાધના તેની સામે રહેલી હતી. પરાક્રાંત મોગલોમાં તેણે સઘ ખાલસાઓને સિંહ ઉપાધિ આપી હતી, તથા ધર્માન્ધ પંડિતો અને પીરોમાં હિંદુ અને મુસલમાનોને એક સમાજમાં એકત્ર કર્યા હતા, પરંતુ તે બાદશાહનું સૈન્ય ધ્વંસ કરી શકતો નહોતો. તેણે મરવા પડેલા પિતાનું વાક્ય, અને પિતૃ-સમીપમાં પોતે કરેલી પ્રતિજ્ઞાનું સ્મરણ કર્યું અને કાલ વિલંબ ન કરતાં પિતૃહન્તા અત્યાચારી યવનોના વિરૂદ્ધમાં ઉભો થયો.

ભારતવર્ષના સમુદય સ્થલમાં મોગલનું શાસન બદ્ધમૂલ થયું નહોતું. અંતર્વિદ્રોહ ઇત્યાદિથી મોગલ બાદશાહી ઘણું કરીને વ્યતિવ્યસ્ત રહેતી હતી. એને સ્થાપન કરવાવાળો બાબર નિરૂદ્વેગથી રાજત્વ કરી શક્યો નહિ, તેના પુત્ર હુમાયુને પઠાનવંશીય શેરશાહે પરાક્રમથી રાજ્યમાંથી ભગાડયો અને તેણે દેશાંતરમાં સોળ વર્ષ ગાળ્યાં. અકબરે પ્રગાઢ રાજનીતિજ્ઞતાથી અને યુદ્ધકુશળતાથી પચાસ વર્ષ સુધી ભારતવર્ષમાં આધિપત્ય કર્યું હતું, તેની વિચક્ષણતાથી હિંદુ અને મુસલમાનનું જાતિવૈર અનેકાંશે અદૃશ્ય થયું હતું, તથાપિ તેના પુત્ર સેલિમના કઠોર વ્યવહારથી અને બંગાળના વિદ્રોહથી તે વિવૃત થયો હતો. શાહજહાનની જીવદશામાં સિંહાસનને સારૂ તેના છોકરા પરસ્પર યુદ્ધ કરતા જોવામાં આવ્યા હતા. છેલ્લે એઓમાં અધિકતર ક્ષમતાપન્ન ઔરંગજેબના ક્રૂરાચારથી કેદખાનામાં પડયા. ઔરંગજેબની ધર્માંધતા કુટિલતા ભારતવર્ષના ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. એની કઠોર રાજનીતિથી ઘણાકો તેના ઉપર વિરક્ત અને હતશ્રદ્ધાવાળા થઇ પડયા હતા. અકબરે હિંદુ અને મુસલમાનોને

પરસ્પર ભ્રાતૃભાવથી મેળવવાનો જે યત્ન કરેલો હતો, તે યત્ન ઔરંગજેબના રાજ્યમાં સર્વાંસે દૂર થઇ ગયો. ઔરંગજેબે પોતાના સંદિગ્ધતા, ધર્માન્ધતા અને કઠોર વ્યવહારથી ઘણા શત્રુ સંગ્રહ કર્યા હતા. એક બાજુએ દુર્ગાદાસ સ્વજાતિના અપમાનથી ઉત્તેજિત થઇને યુદ્ધમાં પ્રવૃત્ત થયો હતો, બીજી બાજુએ શિવાજી વિધર્મીના શાસનથી ઉત્યક્ત થઇને સ્વદેશીના નિસ્તેજ શરીરમાં તેજસ્વિતાનો સંચાર કરતો હતો. હમણાં ગોવિંદસિંહ પાછી તેજની ઉત્પતિ કરીને મરાઠાઓના ઉપરાંત નવું રાજ્ય સ્થાપન કરવાને ઉદ્યત થયો. તેજસ્વીશિખ-ગુરૂનું આ અભ્યુત્થાન અસામયિક તથા હઠવાળું ગણાયું નથી.

ગોવિંદસિંહે એ ઉત્કટ સાધનમાં પાર પાડવાને માટે પોતાના શિષ્યોને ભિન્ન ભિન્ન દલમાં વેહેંચીને એક એક ટોળું શિખેનું સૈન્ય તૈયાર કર્યું એના કરતાં વિશ્વાસી અને ઉન્નત શિષ્યોનો સૈન્ય--દળની અધ્યક્ષતાં આપવામાં આવી. એ ઉપરાંત એણે શિક્ષિત પઠાણ સૈન્યને બોલાવીને દળને પરિપુર્ણ કર્યું. શતદ્રુ અને યમુનાની વચેના ભાગના પર્વત-સ-

મૂહના પાદ દેશમાં ત્રણ કીલ્લા પ્રતિષ્ઠિત કર્યા. નાહનની પાસે પવની નામની જગ્યા ઉપર તેની એક સેના રહેતી હતી; એ સિવાય તેના પિતૃદેવે પ્રતિષ્ઠિત કરેલા આનંદપુરના ખોયાનમાં બીજું એક આશ્રય-સ્થાન હાથ કરી લીધું. ગોવિંદસિંહનું ત્રીજું આશ્રય-સ્થાન ચંપકુમાર હતું; એ શતદ્રુને કિનારે વસેલું હતું. પાર્વત્ય પ્રદેશમાં સૈન્યને સ્થાપવાથી મોગલોની સાથે યુદ્ધ કરવું સુવિધાવાળું થશે એવું વિચારીને ગોવિંદસિંહ એ કીલ્લાઓને અને આશ્રય-સ્થાનોને તાબામાં લઇને પાર્વત્ય પ્રદેશના સર્દારોના ઉપર આધિપત્ય વિસ્તાર કરવાની મેહેનત કરતો હતો. એવી રીતે ૧૬૯૫ ઇસવી સનમાં ગોવિંદસિંહે વિધર્મી મોગલની સાથે યુદ્ધ કરવાની વ્યવસ્થા કરી. તે ધર્મપ્રચારક અને ધર્મોપદેષ્ટા થઇને નાના સ્થાનથી શિષ્ય એકત્ર કરતો હતો, હમણાં યુદ્ધવીર સૈન્યાધ્યક્ષ થઇને સેનાનિવેશ (છાવણીઓ) અને નિરાપદ કીલ્લાઓની વ્યવસ્થામાં યત્નવાન થયો.

ઘણાક સર્દારોની સાથે ગોવિંદસિંહનું યુદ્ધ થયું એની સેનામાં જે સઘળા પઠાણો હતા, તેઓના પગાર બાકી રહ્યાથી તેમણે ગોવિંદસિંહની સંપત્તિ

લૂટવાને વાસ્તે શત્રુનો પક્ષ અવલંબન કર્યો. એ યુદ્ધમાં ગોવિંદસિંહનો જય થયો. શિખ-ગુરૂનું આ પ્રથમનું કાર્ય જોઇને ઘણાકો શિખ થયા. અમરદાસ અને રામદાસ યથાક્રમે શિખસંપ્રદાયના અધિનાયક થયા. ચોથા ગુરૂનું નામ અર્જ્જુનમલ્લ હતું. અત્યાર સુધી જે જે ગુરૂશિખોના અધિનાયક થયા હતા, તેમાં અર્જ્જુનનેજ નાનક–પ્રચારિત ધર્મશાસ્ત્રમાં વિશિષ્ટ અધિકાર હતો. તેણે પોતાનું ધર્મ પુસ્તક આદિગ્રંથ એકત્ર સંગ્રહીત અને વિધિબદ્ધ કર્યું હતું. એ વખતે જાહાંગીરનો પુત્ર ખુસરૂ વિદ્રોહી થઈને પંજાબમાં રહેતો હતો. અર્જુનને તેના અનુકૂલમાં પોતાના ધર્મશાસનોચિત કામનું અનુષ્ઠાન કર્યાથી જહાંગીરે તેને દિલ્લીમાં બોલાવીને બંદી કર્યો. ૧૬૦૬ ઇસવીસનમાં કેદખાનાની ઘણી યાતના ભોગવ્યાથી અથવા ઘાતકોના પ્રાણાન્તક કુઠારાઘાતથી અર્જુનનું મૃત્યુ થયું અર્જ્જુનના પછી તેનો પુત્ર હરગોવિંદ ગુરૂપદમાં સમાસીન થયો. પિતાના એવા શોચનીય હત્યાકાંડથી મુસલમાનોના ઉપર હરગોવિંદનો મર્માન્તિક વિદ્વેષ જન્મ્યો, અહીંઆં સુધી શિખો નિરીહભાવથી કાળ ગાળતા

હતા, અર્જુનમલ્લના મૃત્યુથી તે નિરીહ-ભાવ જતો રહ્યો. પ્રતિહિંસા વૃત્તિએ હરગોવિંદને અસ્ત્ર-ધારણ અને યુદ્ધકાર્યમાં ઉત્તેજિત કરી મૂક્યો. તે સર્વદા બે તરવાર ધારણ કરતો. કોઇ એનું કારણ પૂછતા તો તે અમ્લાનવદનથી જવાબ આપતો કે "એક પિતાના અપઘાત મૃત્યુના પ્રતિશોધને માટે બીજી મુસલમાનોના શાસનને ઉચ્છેદ કરવાને માટે છે." હરગોવિંદ શિખ સંપ્રદાયમાં અસ્ત્રશિક્ષાનો પહેલો પ્રવર્તક છે.

હરગોવિંદના પાંચ પુત્ર ગુરૂદિત્યા, સુરતસિંહ ટેગ બહાદુર, અનરાય અને અટલરાય હતા એમાંથી પિતાની જીવદ્દશામાંજ સર્વથી મોટા પુત્રનું મૃત્યુ થયું હતું. છેલ્લા બે અપુત્રકાવસ્થામાં પરલોકમાં ગયા હતા અને વચલા બે એ મુસલમાનોના જુલમથી પંજાબના ઉત્તરવર્તી પાર્વત્ય પ્રદેશમાં આશ્રય લીધો હતો ગુરૂદિત્યના દાહરમલ અને હરરાય નામના બે પુત્ર હતા એમાંથી બીજા પુત્રે હરગોવિંદનું પદ ગ્રહણ કર્યું. ૧૬૬૧ ઇસવીસનમાં તેનું મૃત્યુ થયાથી તેના બે પુત્ર રામરાય અને હરેકૃષ્ણની વચ્ચે ગુરૂનું પદ લેવામાં મહાવિવાદનો

આરંભ થયો કોઇ રીતે એ વિવાદનો છેડો ન આવ્યાથી બંને દિલ્લીમાં ગયા બાદશાહ ઔરંગજેબે શિખોને પોતાનો ગુરૂ શોધવાની અનુમતિ આપી. એ અનુમતિથી શિખોએ હરેકૃષ્ણને પોતાનો ગુરૂપદ પસંદ કર્યો પરંતુ દિલ્લી છોડયા પછી ૧૬૬૮ ઇસવીસનમાં શીતળાથી તેનું મૃત્યુ થયું. તેનો કાકો ટેગ બહાદુર શિખોનો અધિનાયક થયો. ૧૬૬૧ ઈસવીસનમાં પટના નગરમાં એ ટેગ બહાદુરને પેટે ગોવિંદસિંહે જન્મ લીધો.

હરગોવિંદના પ્રમાણે ટેગ બહાદુર પણ કષ્ટ શોસવાવાળો અને પરિશ્રમશાળી હતો. જ્યારે શિખોએ તેને ગુરૂપદમાં વરણ કર્યો ત્યારે તેણે નમ્રભાવથી કહ્યું હતું કે હું હરગોવિંદનાં અસ્ત્ર ધારણ કરવાને ઉપયુક્ત પાત્ર નથી. તેના દુશ્મન રામરાયની ચક્રાંત જાળમાં જડિત થઈને બંદીખાનામાં ગયો. ત્યાં બે વર્ષ વહી ગયાં, છેલ્લે તે જયપુર-રાજ જયસિંહની વિશેષ કૃપાથી મુક્તિ મેળવી પછી થોડો કાળ આસામ, પટના ઇત્યાદિ સ્થાનમાં રહીને પંજાબમાં ગયો. પંજાબમાં ગયાથી તે પાછો ફિરી દિલ્લીશ્વરના વિરાગ-ભાજન થઈ પડયો. અવિલંબે તેના વિરૂદ્ધ

માં સૈન્ય મોકલ્યું, તેણે તેને પરાજિત અને બંદીવાન કરીને દિલ્હીમાં આણ્યો અને ઔરંગજેબે તેને મારી નાંખવાનો હુકમ આપ્યો.

દિલ્હીમાં જતી વખતે ટેગ બહાદુરે પોતાના છોકરા ગોવિંદને પિતૃદત્ત તરવાર આપીને ગુરૂના પદમાં વરણ કર્યા પછી કહ્યું કે, મૃત્યુના પછી મારી દેહ શૃગાલ કુતરાંનું ભક્ષ્ય ન થાય, અને એક વેળાએ આ મૃત્યુનો પ્રતિશોધ લેવામાં આવે. ગોવિંદે પિતાનો આ છેલ્લો આદેશ પાળવાનું વચન આપ્યું. ટેગ બહાદુર પુત્રના વચનથી પ્રફુલ્લ થઇને દિલ્લીમાં ગયો. એ જગ્યા ઉપર ૧૬૭૫ ઇસવીસનમાં ઘાતકોના હાથથી તેનું મૃત્યુ થયું. ધર્માંધ ઔરંગજેબે મરેલા ગુરૂનું મુડદું પ્રકાશ્ય રસ્તામાં નાખી દીધું.

જ્યારે ટેગ બહાદુરનું મૃત્યુ થયું હતું ત્યારે ગોવિંદસિંહની ઉમર ૧૫ વર્ષની હતી. પિતાનો શોચનીય હત્યાકાંડ તથા સ્વજાતિનું અને સ્વદેશનું અધઃપતન ગોવિંદસિંહના મનમાં એવું ગંભીર ભાવથી અંકિત થયું હતું કે, યવનનો વિનાશ અને યવન હસ્તથી સ્વદેશનો ઉદ્ધાર કરવો એ

તેના જીવનનું એક માત્ર લક્ષ્ય થઇ પડ્યું તેણે સબળાઓને એક ભૂમિમાં લાવીને એક મહા સંપ્રદાયમાં લાવવાનો નિશ્ચય કર્યો, પરંતુ ઉમર નાની હોવાથી અને મોગલશાસન-કર્તૃકોની સાવધાનીથી પિતાના મૃત્યુના પછી તરત એ સંકલ્પ પ્રમાણે કામ કરવાને તે સમર્થ થયો નહિ. ચાહે તેમ હો, તે અનેક નીચ જાતીના લોકદ્વારા પિતાનું શબ મંગાવી પ્રેતકૃત્ય કરીને યમુનાના પાસેના પાર્વત્ય પ્રદેશમાં ગયો. એ સ્થાનમાં તે મૃગયા, ફારશી ભાષાનું અધ્યયન અને સ્વજાતિનાં ગૌરવની કહાણીનું શ્રવણ એમાં સમય અતિવાહિત કરતો હતો.

મોગલબાદશાહી ઔરંગજેબના રાજ્યમાં ઉન્નતિની ચરમ સીમાએ આવી હતી. ઔરંગજેબે છળથી, બળથી અને કૌશલ્યથી ઘણાકોને દિલ્લીના શાસનાધીન કર્યા. કેટલાક પરાક્રાંત રાજાઓએ પહેલાંથી પોતાની સ્વાધીનતાની રક્ષા કરી હતી; તે ઔરંગજેબના સમકાળે નાના કારણથી ઉચ્છૃંખલ અને ક્ષમાતાશૂન્ય થઇ પડયા હતા. એક બાજુએ પ્રતાપસિંહના અભાવથી રજપૂત-રાજ્ય ક્ષીણ તેજવાળું થ-

યું હતું, બીજી બાજુએ શીવાજીના વિરહથી નવીન અભ્યુદય થયલું મહારાષ્ટ્ર રાજ્ય મસ્તક વિનાનું થઇ પડયું હતું ઓરંગજેબના વખતે શીવાજીએજ કેવળ સ્વાધીનતાના ગૌરવની રક્ષા કરી હતી પરંતુ તે અસમયે પરલોક જવાથી ઔરંગજેબનું રાજત્વ ઘણું ખરૂં નિષ્કંટક અને નિરૂદ્વેગ થયું હતું. શીવાજીના અસમયથી ઓરંગજેબનો પ્રતાપ ઘણો ખરો સર્વને ભય આપનાવાળો થઇ પડયો હતો. મોગલ બાદશાહીના આ પ્રતાપના સમયમાં ગોવિંદસિંહ શિખોના ઉપર નૂતન રાજત્વ સ્થાપન કરવામાં પ્રવૃત્ત થયો.

યમુનાના ઉપરના પાર્વત્ય પ્રદેશમાં અપરિજ્ઞાત અવસ્થામાં ગોવિંદસિંહે વીશ વર્ષ ગાળ્યાં, એટલીવારમાં તેણે પુષ્કલ શિષ્ય એકઠા કર્યા હતા. હાલ તે પંજાબમાં આવીને શિષ્યોને સાથે લઇને પોતનો મહત્ વ્રત સાધનમાં સમુદ્યત થયો. શિક્ષાથી તેનું અંતઃકરણ પ્રશસ્ત થયું હતું, ભૂયોદર્શનથી તેની વિચાર-શક્તિ માર્જિત થઇ હતી, અને પ્રગાઢ કર્ત્તવ્યજ્ઞાનથી તેનો સ્વભાવ સમૂન્નત થયો હતો; હાલ એકતા અને સ્વાર્થ-ત્યાગ એ તેનો બીજમંત્ર

થયો, તે સાધનામાં અટલ, સહિષ્ણુતામાં અવિચલિત અને મંત્રસિદ્ધિમાં અનલસ થયો. એણે શિષ્યોના હૃદયમાં નવો તેજ અને નવા સાહસનો સંચાર કર્યો. તેના મહામંત્રથી શિષ્યો સજીવ થઇ ગયા. ગોવિંદે એવી રીતે પ્રબળ પરાક્રાન્ત રાજ્યતંત્રમાં રહીને તે રાજ્યતંત્રનોજ વિપર્યસ્ત કરવાનો સંકલ્પ કર્યો, અને બદ્ધમૂળ હિંદુધર્મના આશ્રય ક્ષેત્રમાં ઉદિત થઇને વિધર્મી ધર્માનુશાસનમાં વિરૂદ્ધાચરણ કરવા લાગ્યો.

ગોવિંદ સાહસી, કર્તવ્યપરાયણ, અને સ્વજાતિ–વત્સલ હતો તે પૃથ્વીના પાપાચાર જોઇને દુઃખ પ્રકાશ કરતો અને વિધર્મીના જુલમથી પોતાનું જીવન સંકટાપન્ન જોઇને ક્રોધ જાહેર કરતો. તેના મનમાં આવ્યું હતું કે, માનવજાતિ સાધનાબળથી મહત્કાર્ય કરી શકે છે. તેને વિશ્વાસ હતો કે, ઇચ્છાના એકાગ્રતા અને હૃદયની તેજસ્વિતા સંપાદનને માટે હાલ પ્રગાઢ સાધનાનો સમય આવ્યો છે. તેની સમૃતિ વિગતસમયના ઋષિ અને યોદ્ધાના કામથી પરિપૂર્ણ રહેતી હતી, એની કલ્પના પૃથ્વીના શિક્ષાપથ સુપરિષ્કૃત કરવાનો ઉપાય ઉદ્ભા-

વનમાં નિયોજીત રહેતી હતી, તેનું અંતઃકરણ કુ-સંસ્કાર ઉન્મૂલિત કરવાને સચેષ્ટ રહેતું હતું. તે શિષ્યોને મહોત્સવ કરવાને માટે તેઓની આગળ ભૂતપૂર્વ કહાણી કહેતો હતો. દેવતાઓએ કેવી રીતે કષ્ટ સ્વીકાર કરીને દૈત્યોના ઉપર આધિપત્ય સ્થાપન કર્યું હતું. સિદ્ધોએ કેવા પ્રકારથી પોતાનો સંપ્રદાય સ્થાપિત કર્યો હતો, ગોરક્ષનાથ અને રામાનંદે કેવી રીતે પોતાનો મત પ્રચારિત કર્યો હતો. મહમદે કેવી રીતનું દુઃખ અને કેવી રીતની વિપ્રતિપત્તિ અતિક્રમ કરીને પોતાને ઇશ્વર-પ્રેરિત કહીને લોકોના મન ઉપર આધિપત્ય કર્યું હતું, એ તેનો વર્ણનીય વિષય હતો. તે પોતાને સર્વ શક્તિમાન પરમેશ્વરનો એક નોકર કરીને ઉલ્લેખ કરતો હતો; તે કહેતો હતો કે, ઇશ્વર કોઇ નિર્દિષ્ટ રીતિ અથવા કોઇ નિર્દિષ્ટ પુસ્તકમાં આબદ્ધ નથી. હૃદયની સરળતા અને મનની સાધુતામાંજ તે બિરાજ્યા કરેછે.

આવી રીતે ગોવિંદસિંહનું દળ પરિપુષ્ટ થયું. થોડો કાળ ગયા પછી નિયાખાં નામનો એક મોગલ સરદાર નાંદોનના રાજા ભીમચંદની સાથે લડાઇમાં પ્રવૃત્ત થયો હતો. નાંદોનનું રાજ્ય શ્રીન-

ગઢની ઉત્તર પશ્ચિમ અને જંબુની દક્ષિણ પૂર્વમાં છે. જંબુરાજે એ યુદ્ધમા મિયાખાંનો પક્ષ અવલંબન કર્યાથી ભીમચંદે ગોવિંદસિંહની મદદની પ્રાર્થના કરી, ગોવિંદ સૈન્યની સાથે ભીમચંદને મદદ કરવાને માટે સમર–સ્થળમાં આવ્યો, એ યુદ્ધમાં ગોવિંદસિંહ અને ભીમચંદનો સંપૂર્ણ જય થયો. મોગલ સરદાર અને જંબુરાજ પરાજીત થઈને શતદ્રુ ઉતરીને પશ્ચાદ્ધાવિત શત્રુના હાથથી છુટયા.

મિયાખાંની સાથે યુદ્ધ કર્યા પછી દિલિરખાંનો પુત્ર ગોવિંદસિંહની સામે લડવા આવ્યો, પરંતુ શિખોના કૌશલથી તે હારીને ભાગી ગયો. દિલિરખાંના પુત્રે પરાજયથી ક્રોધાયમાન થઈને પોતાના સર્વ સૈન્યને એકઠું કરીને ફરીથી હુસનખાંને મોકલ્યો. પહેલાંતો શિખોના કેટલાક કિલ્લા હુસેનખાંએ પોતાના કબજામાં લીધા, પરંતુ છેલ્લે તે પરાજીત થઇને માર્યો ગયો. ગોવિંદસિંહ યુદ્ધની જોડે હાજર નહોતો. કેવળ તેના સાથીઓએજ ઘણું પરાક્રમ બતાવીને એ યુદ્ધમાં જય મેળવ્યો હતો.

ગોવિંદસિંહ અને તેના એવાં શિષ્યોના પરાક્રમ જોયાથી ઔરંગઝેબ ચિંતિત અને ક્રૂદ્ધ થઇને લાહોર અને સર્હિંદ પ્રદેના શાસન-કર્તાને એનું પ્રતિવિધાન આપવાને કઠોરભાવથી હુકમ કર્યો. બાદશાહની એ કઠોર આજ્ઞાથી આ વખતે યુદ્ધની તૈયારી થઇ. ૧૭૦૧ ઈસવીસનમાં દિલિરખાઁ ગોવિંદની સામે લઢવા આવ્યો. ઔરંગઝેબનો પુત્ર મોઆઝીમ પણ એની સાથે આવ્યો હતો. એ ખબરથી શિખો ઘણા ગભરાયા અને તેથી તેમણે પાસેના પર્વતનો આશ્રય લીધો. ગોવિંદસિંહે તેઓને કાયર પુરૂષો કહીને ઘણો તિરસ્કાર કર્યો. પરંતુ તેઓ નિવૃત્ત થયા નહિ. છેલ્લીવારે ૪૦ હિંમતવાન શિખ, ગુરૂને માટે આત્મ-પ્રાણ ઉત્સર્ગ કરવાને તૈયાર થયા. ગોવિંદસિંહ આનંદપુરમાં મોગલસૈન્યદ્વારા બંદીવાન થયો. તેની મા અને સ્ત્રી બે બાળકને સાથે લઇને સર્હિન્દમાં ભાગી ગઇ. પરંતુ છેલ્લીવારે ઘટના ક્રમથી બંને બાળકો મુસલમાનના હાથમાં ગયા અને તે બાળકોને નિર્દયરૂપથી મારી નાખ્યા. પેલી બાજુએ ગોવિંદસિંહ રાત્રે મોગલસૈન્યોના અગોચરથી ચપકુમારમાં ભાગી ગયો.

શત્રુઓએ ચંપકુમારને પણ આક્રમણ કર્યું એ ઘેરામાં ખોજા મહમદ અને નહરખાં મોગલ સૈન્યના અધિનાયક હતા, યુદ્ધ આરંભ થવાની આગમજ એ બંને સેનાપતિઓએ ગોવિંદસિંહને આત્મ-સમર્પણ કરવાને-તાબે થવાને માટે એક દૂત મોકલ્યો, પરંતુ ગોવિંદસિંહના પુત્ર અજિતસિંહે એ પ્રસ્તાવથી ક્રોધાયમાન થઇને દૂતને તિરસ્કાર કરીને વિદાય કર્યો. દૂત તિરસ્કૃત થઇને છાવણીમાં પાછો ગયો અને તેણે સઘળી વાત સેનાપતિને કહ્યાથી બંને પક્ષમાં મોટું યુદ્ધ થયું. અજિતસિંહે પરાક્રમની સાથે યુદ્ધ કરતાં કરતાં પ્રાણ છોડયો. ગોવિંદસિંહે જયની કોઇ રીતની સંભવના ન જેયાથી અંધારી રાતે ચંપકુમાર છોડીને ભાગી ગયો. ભાગતી વેળાએ તેને બે પઠાણોએ જેયો. એ બંને પઠાણો પહેલાં ગોવિંદસિંહની પાસેથી ઉપકારને પ્રાપ્ત થયા હતા તેથી એ વખતે તેને મદદ આપી. ગોવિંદસિંહ એવી રીતે ચંપકુમારથી વિલોલ-પુરમાં આવ્યો. એ જગ્યા ઉપર પીરમહમદ નામના એક મુસલમાનની સાથે તેને મુલાકાત થઇ. ગોવિંદસિંહ અને પીરમહમદ સાથે

એક વખતે એકઠા કુરાન વાંચતા હતા. એ વાસ્તે પીરમાહમદ તેના ઉપર વધારે સૌજન્ય દેખડાવવા લાગ્યો. ગોવિંદ પીરમહમદની સાથે ખાઇને છૂપા વેશથી બાટિંયાડામાં ગયો. એ જગ્યામાં શિખ્ખો પાછા યુદ્ધને સારૂ સજ્જિત થઇને તેના પાસે આવ્યા તેમને લઇને ગોવિંદે પોતાની પાછળ પડેલા મોગલોને યુદ્ધમાં હરાવાને ઝાંસી અને ફિરોજપુરના વચમાં દમદમાંમાં આવ્યો. જે જગ્યામાં ગોવિંદ સિંહે મોગલોને ભગાડયા તે જગ્યા હાલ મુક્તાસર નામથી પ્રસિદ્ધ છે.

દમદમાંમાં રહેવાની વખતે ગોવિંદસિંહે એક વિચિત્ર નાટક અને એક ધર્મગ્રંથ રચ્યો હતો. ગોવિંદ શિખોનો દશમો ગુરૂ હતો એ વાસ્તે તેનાં કરેલા પુસ્તકો “ દશમ પાતશાકા ગ્રંથ ” નામથી ઓળખાય છે. ગોવિંદસિંહે જેટલા યુદ્ધ કર્યાં હતાં તે સર્વ વિચિત્ર નાટકમાં વર્ણન કર્યાં છે, એ વર્ણન નિતાંત તેજસ્વી અને હૃદયોદીપક છે. ચાહે તેમ હો, ગોવિંદસિંહ જ્યારે એવી રીતે એકાંતમાં રહેતો હતો. ત્યારે પુસ્તક બનાવવાના કામમાં લાગ્યો રહેતો હતો.* એ વેળાએ ઓરંગજેબે ગો-

વિંદસિંહને પોતાની પાસે આવવાને અનુરોધ કર્યો પરંતુ ગોવિંદે એ અનુરોધન પહેલાં માન્યો નહિ. ઉલટું ધિક્કારની સાથે કહ્યું કે તે બાદશાહની ઉપર કોઇ રીતે વિશ્વાસ સ્થાપન કરી શકતો નથી હમણા ખાલસાઓ બાદશાહના પહેલા અપરાધનો બદલો લેશે એના પછી તેણે નાનકનો ધર્મસંસ્કાર અર્જુન અને ટેગ બહાદુરનું શોચનીય હત્યાકાંડે અને કાવસ્થાનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, "હું હાલ કોઇ રીતના પાર્થિવ બંધનમાં બંધાયલો નથી મૃત્યુની વાટ જોતો બેઠો છું તે રાજાના રાજા અદ્વિતીય બાદશાહના સિવાય બીજા કોઇથી મારે ડરવાનું નથી." એ જવાબ મળ્યાથી ઔરંગજેબે તેની સાથે મુલાકાત કરવાને વિશેષ આગ્રહ જણાવ્યો. ગોવિંદસિંહ આ વખતે મુલાકાત કરવાને તૈયાર થયો, પરંતુ તેના પહોંચવવાની આગમજ વૃદ્ધ મોગલ બાદશાહ પરલોક પ્રાપ્ત થયો.

૧૭૦૭ ઈસવીસનની ૧ ફેબ્રુવારીમાં ઔરંગજેબનું મૃત્યુ થયું. તેનો પુત્ર મોઆઝ્ઝમ "બહાદુરશાહ" નામ ધારણ કરીને દિલ્લીની ગાદી ઉપર બેઠો. એ બહાદુરશાહ જ્યારે તેના ભાઇ કાસિમબખસની સાથે

દક્ષિણ તરફ યુદ્ધમાં વ્યાપૃત હતો ત્યારે તેણે ગોવિંદસિંહને પોતાની સાથે મુલાકાત કરવાને બોલાવી તેના પ્રતિ વિલક્ષણ સૌજન્ય દેખાડીને સેનાપતિના પદમાં નિયુક્ત કર્યો હતો. ગોવિંદસિંહ એવી રીતે દિલ્હીનો સૈન્યાધ્યક્ષ થઇને પોતાના શિષ્ય-સંપ્રદાયની શિખશ્રી વ્યવસ્થા કરવામાં લાગ્યો. એ વખતે તેણે એક પઠાણની પાસેથી કેટલાક ઘોડા વેચાતા લીધા હતા. તે ઘોડાની કીંમતને વાસ્તે પઠાણે એક દિવસે ગોવિંદસિંહને કઠોર ભાષાથી ગાળ દીધી. ગોવિંદથી એ અપમાન સહન ન થઇ શકયાથી તેણે પઠાણને મારી નાંખ્યો. પરંતુ એ હત્યાકાંડ મારેલા પઠાણના પુત્રના મનમાં ગાઢરૂપથી અંકિત કરેલો હતો. તેણે એક વેળાએ લાગ જોઇને ગોવિંદની છાતીમાં પ્રવેશ કરીને તેને અસ્ત્રાઘાત કર્યો. એ આઘાતથી ગોવિંદસિંહનું મૃત્યુ થયું. ૧૭૦૮ ઇસવીસનમાં ગોદાવરી નદીના કિનારે નાદર નામની જગ્યા ઉપર એ શોચનીય બનાવ બન્યો. મૃત્યુની વખતે ગોવિંદની ઉમ્મર ૪૮ વર્ષની હતી.

ગોવિંદસિંહ શિખ-સમાજનો જીવન-દાતા હતો. તેના વખતથીજ શિખો મહોત્સવથી વિખ્યાત થયા

છે ગુરૂ નાનક ધર્મસંપ્રદાય-પ્રવર્તક તરીકે પ્રસિદ્ધ છે. પરંતુ ગોવિંદસિંહ ધર્મ-સંપ્રદાયની એકપ્રાણુતા અને રાજનૈતિક સ્વાધીનતાનો નિધન છે. તેનો ઉદ્દેશ મહત્ હતો, તેની સાધના ગંભીર હતી, તેનું વીરત્વ અસાધારણ હતું અને તેની માનસિક સ્થિરતા અતુલ્ય હતી. તેણે સર્વ જાતિને એક્તા સૂત્રમાં આબદ્ધ અને એક ધર્મ-ક્રાંત કરવાની મહેનત કરીને પોતાની ગંભીર ઉદારતાની ઓળખાણ આપી છે. તે જાતિય જીવનનો ગૌરવ જાણતો હતો. સર્વ એક ઉદ્દેશથી એક સૂત્રમાં આ આબદ્ધ ન થાય તો નિર્જીવ ભારતનો ઉદ્ધાર થનાર નથી. એ તે સારી પેઠે જાણતો હતો. એ માટે તેણે હિંદુ મુશલમાનને એક ભૂમીમાં આણ્યા હતા, એ વાસ્તેજ તેણે બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્ય શુદ્રને એક સૂત્રમાં બાંધ્યા, અને એટલાજ વાસ્તે તેણે ગર્વની સાથે બાદશાહ ઔરંગજેબને લખ્યું " તમે હિંદુને મુશલમાન કરોછો પરંતુ હું મુશલમાનને હિંદુ કરીશ તમે પોતાને નિરાપદ જાણોછો, પરંતુ સાવધાન મારી શિક્ષાના બળથી થોડીવારમાં તમારે ભૂતલે પડવું પડશે. " તેજસ્વી શિખ-ગુરૂનાં આ તેજસ્વી વાક્ય

નિષ્ફળ ગયાં નથી.

શિખ સમાજમાં હરગોવિંદ અસ્ત્ર-શિક્ષાનો પહેલો પ્રવર્તક છે. પરંતુ ગોવિંદસિંહે તે અસ્ત્રની સાથે એવું તેજ પ્રસારીત કર્યું હતું કે, તેનાથી સમસ્ત શિખ-સમાજ તેજસ્વી સાહસી અને સુયોદ્ધ ઇતિહાસમાં તરીકે આદરણીય થઇ છે. હરગોવિંદના અસ્ત્ર કેવળ આત્મ-રક્ષાને માટે નિયોજીત હતાં, ગોવિંદસિંહના અસ્ત્ર સર્વ ભારતવર્ષને એક હાડકાવાળા એક પ્રાણુ કરવામાં વ્યતિવ્યસ્ત રહેલાં હતાં હરગોવિંદના અસ્ત્ર સંકીર્ણ સીમામાં આબદ્ધ રહીને સંકીર્ણ કામ કરતાં હતાં ગોવિંદસિંહનાં અસ્ત્ર જાતિ—ભેદ, વર્ણ—ભેદ ન કરતાં વિસ્તૃત સીમામાં વિસ્તૃત કાર્ય સાધનમાં નિયોજીત થયલાં હતાં. ગોવિંદસિંહ અતિ તરૂણ વયમાં માર્યો ગયો. તે જો વધારે વર્ષ સુધી જીવતો રહ્યો હોત તો ઘણાંક મહત્ કામ કરી શકત. મહમદ નિરાપદથી મદિનામાં ભાગી ન શક્યો હોત તો પૃથ્વીનો ઇતિહાસ વિપર્યસ્ત થઇ જાત. ગોવિંદસિંહ પોતાના મહામંત્ર સાધનમાં પ્રવૃત ન થાત તો શિખોનું નામ ઇતિહાસમાંથી વિલુપ્ત થઇ જાત. ચાહે તેમ હો,

ગોવિંદસિંહ થોડી ઉમરમાં, અલ્પ સમયમાં, શિખ સમાજમાં જે જીવની-શક્તિ અને તેજસ્વિતા પ્રસારિત કરી ગયો છે; તેનાજ બળથી નિર્જીવ, નિશ્ચેષ્ટ, નિષ્ક્રિય ભારતમાં શિખો આજસુધી સજીવન રહેલા છે. તેનાજ બળથી રામનગર અને ચિલિયાનવાળાનાં નામ આજસુધી ઇતિહાસ હૃદયમાં બિરાજીત છે. ગોવિંદસિંહનો પંચ ભૂતાત્મક નશ્વર દેહ પંચભૂતમાં મળી ગયો છે ખરો પરંતુ તે ભૂમંડળમાં અવિનશ્વર થઇ રહ્યો છે જ્યારે જનકોલાહલ પૂર્ણ સુસોભન નગરી વિજન અરણ્યમાં આવશે, જ્યારે શત્રુના દુરધિગમ્ય રાજ—પ્રાસાદ અજ્ઞાત, અદૃષ્ટ પૂર્વ અને અતોન પરાક્રમ વિદેશિકની વિજય-વૈજયંતીથી પરિશોભિત થશે, જ્યારે પ્રબલ તરંગમયી વિશાળ તરંગિની નદી સ્વલ્પ પાણીના રેલનો આકાર ધારણ કરશે અથવા સ્વપાણીનો રેલો ભીષણમૂર્તિ વેગવતી નદીનો આકાર ધારણપૂર્વક ફેણોદ્ગીરણ કરીને અટ્ટહાસ્યથી જલધિ ઉદ્દેશથી પ્રધાવિત થશે, ત્યારે પણ ગોવિંદ સિંહની મહાપ્રાણતા, કર્તવ્ય બુદ્ધિ અને ઉદારતા અવની તળે જાજ્વલ્યમાન રહેશે, ત્યારે પણ ગોવિંદ

સિંહનું પવિત્ર નામ પવિત્ર જાતિના ઈતિહાસમ સ્વર્ણાક્ષરથી અંકિત રહેશે.

શિખ લોકોની સ્વતંત્રતા.

ગુરૂ ગોવિંદ શિખ લોકોનો છેલ્લો ગુરૂ હતો. તે પોતાના મરણની વેળાએ બન્દા નામના એક વેરાગીના ઉપર શિખોના કર્તૃત્વનો બોજો આપી ગયો તેણે પોતાનો જે સંકલ્પ અપૂર્ણ રાખ્યો હતો, તે સંકલ્પ પૂર્ણ કરવાનો ભાર બન્દાના ઉપર પડયો હતો અને જુલ્મી વિદેશીઓના હાથમાંથી સ્વજાતિનો ઉદ્ધાર કરવો એ ગુરૂ ગોવિંદનું એક વ્રત હતું તે વ્રત બન્દાએ ગ્રહણ કર્યું હતું.

બન્દાની ચારે બાજુએ શિખો એકઠા થવા લાગ્યા. બન્દાના પ્રતાપથી સમસ્ત પંજાબ કંપિત થઇ પડયુ તેણે સર્હિંદથી મોગલોને ભગાડી મૂક્યા અને ત્યાંના સુબાને મારી નાંખ્યો. સિર્મૂરમાં તેણે એક કીલ્લો બનાવ્યો. શતદ્રુ અને જમનાના વચેનો પ્રદેશ લઇ લીધો અને જીલ્લા સાહારાણપુરને મરૂભૂમી કરી નાંખી.

તે મુશલમાનોની સાથે વખતો વખત લઢાઈ કરવા લાગ્યો. લાહોરના ઉત્તરમાં જમ્મુ પર્વતના ઉ-

પર બન્દાએ છાવણી સ્થાપી અને પંજાબનો ઘણો ખરો ભાગ તેના તાબામાં આવ્યો.

એ વેળાએ દિલ્હીના બાદશાહ બહાદુરશાહનું મરણ નિપજ્યું. તેના તખ્ત વાસ્તે તેના વારસોમાં ગડબડ થવા લાગી. એ સુયોગમાં શિખોને એકઠ-કરીને બંદાએ વિપાશા અને ઈરાવતીના મધ્યમાં ગુરૂદાસપુર નામનો એક મોટો કીલ્લો બાંધ્યો.

લાહોરના સુબાએ બન્દાની સામે ચઢાઇ કરી બંને પક્ષમાં મોટી લડાઈ થઇ. એ લડાઈમાં મુશલમાનો હાર્યા. પછી સહિંન્દથી શિખ લશ્કરની એક ટોલી પાછી આવી. ત્યાંના સુબા બયાજીદખાંએ શિખોને ઘેર્યા પણ એક શિખે છુપી રીતે બયાજીદના તંબુમાં પ્રવેશ કરીને તેને મારી નાંખ્યો, તેથી દિલ્હીના બાદશાહે કાશ્મીરના સુબા અબદુલ સમદખાં નામના એક પરાક્રમી તુરાનીને શિખોની સામે લઢાઈ કરવાનો હુકમ કર્યો. દિલ્હીમાથી તેની મદદને માટે એક ટોલી સારા સારા સિપાઇઓની મોકલી એ વડે સમદખાંએ હજારો સ્વજાતિ તુરાની લશ્કર લઇને ચઢાઇ કરી, અને લાહોરથી બંદુકો એકઠી કરીને તેઓ શિખના ઉપર ધસી

ગયા. તેમની સાથે શિખોએ પ્રાણપણે લડાઈ કરી મુરાની લશ્કરના ઘણાક સિપાઇઓ માર્યા ગયા. પરંતુ છેલ્લીવારે પરાજીત થઇને બન્દાએ અને તેના લશ્કરે ગુરૂદાસપુરના કિલ્લામાં આશ્રય લીધો. શત્રુનું લશ્કર તેના કિલ્લાની ચારે બાજુએ ઘેરાયું એટલે કિલ્લામાં ખોરાક આવવ- નો રસ્તો બંધ થયો અને સમસ્ત ખોરાક જ્યારે ખૂટી પડયો, ત્યારે બન્દો શત્રુના હાથમાં આત્મ- સમર્પણ કરવાને તૈયાર થયો. તેમાં તે ૭૦૪ શિ- ખ સિપાઇઓ સાથે બંદીવાન થયો. (કહેવામાં આવે છે કે જ્યારે બંદીઓ લાહોરના રસ્તા ઉપર જતા હતા ત્યારે બયજિદખાંની વૃદ્ધ માએ તેના છોકરાની હત્યા કરનારના માથામાં પથ્થર મારીને મારી નાખ્યો હતો.) બન્દાને જ્યારે દિલ્હીમાં લઈ ગયા ત્યારે દુશ્મનો શિખોનાં કાપેલાં માથાં ભાલા ઉપર મૂકીને તેની આગળ આગળ લઇ જતા હ- તા ત્યારપછી દરરોજ એક સો શિખ બંદીવાનોને મારી નાખતા હતા. એક મુસલમાન ઇતિહાસ બ- નાવનાર લખી જાય છે કે "શિખ લોક મરવાની વખતે કોઇરીતની ચચલતા દેખાડતા નહોતા. પરં-

વધારે આશ્ચર્યનો વિષય એ છે કે, પ્રથમ મરવાને માટે તેઓ પોતપોતાના તકરાર અને તર્ક કરતા હતા. એટલુંજ નહિ પણ એ વાસ્તે તેઓ ઘાતકની સાથે બાત કરવાનો યત્ન કરતા." અ.ઠમે દિવસે બંદાને ન્યાયાધીશની સમે આણ્યો. એક મુસલમાન અમીરે તેને પૂછ્યું–"આવા બુદ્ધિમાન અને શાસ્ત્રજ્ઞ થઇને આવાં પાપાચરણ કરવાની તમારી મતિ કેમ થઈ?" તેના બન્દાએ જવાબ આપ્યો, પાપીઓને સજા આપવા માટે ઈશ્વરે મને લગાડયો છે. ઇશ્વરના હુકમથી વિરૂદ્ધ જે કંઈ કામ કર્યું છે તેને માટે વળી મને પણ સજા થાય છે." પછી ન્યાયાધીશના હુકમથી તેના છોકરાને તેના ખોળામાં બેસડાવવામાં આવ્યો. તેના હાથમાં છૂરી આપીને હાથે પોતાના છોકરાને કાપવાનો હુકમ થયો એટલે અવિચલિત ભાવથી વગર બોલે તેના ખોળા માયલા છોકરાનો બન્દાએ વધ કર્યો. પછી દિલ્લીવાસે લોઢાની શાણસીને ગરમ કરીને તેવડે તેનું માંસ ઉખાડીને તેને મારી નાંખ્યો.

બન્દાના મરણ પછી મોગલોએ શિખો ઉપર ઘણુંા જુલમ કરવાનો આરંભ કર્યો અને દરેક શિ-

ખનું માથું કાપી લાવે તેને ઇનામ આપવાનું જાહેર કર્યું. તેથી શિખોએ જંગલમાં અને કિલ્લામાં આશ્રય લીધો. છ મહીને તેઓ એકવાર અમૃતસરમાં એકઠા થતા રસ્તામાં જે સર્વ જમીનદારો હતા તેઓ એઓને રસ્તાની વિપદમાંથી રક્ષા કરતા. છ મહીનાના મેળામાં એકઠા થઇને પછી પાછા તેઓ જંગલમાં ભરાઈ જતા તેથી પંજાબના જંગલમાં ગડબડ મચી રહી હતી તેવામાં નાદીરશાહ આફ્ગાનિસ્થાનમાંથી હિંદુસ્થાનમાં આવ્યો અને પંજાબમાં તેણે પૂછ્યું-શિખોનું રહેઠાણ ક્યાં છે? તેના પંજાબના સુબાએ જવાબ આપ્યો કે, ઘોડાની પીઠની જીનપર શિખોનું રહેઠાણ છે.

નાદીરશાહની ભારતની ચઢાઇની વેળાએ શિખલોક નાની નાની ટોલીઓ થઇને તેની પછવાડેના ઇરાની લશ્કરને ઘેરીને લુટફાટ કરવા લાગ્યા. એવી રીતે નાની નાની લઢાઇમાં ફસાઇને શિખલોકો પાહિંમતવાન થઇ પડ્યા. હવે તેઓ ખુલ્લી રીતે શિખતીર્થ અમૃતસરમાં જવા આવવા લાગ્યા. એક મુસલમાન લખનાર કહે છે-"રોજ જોવામાં આવે છે કે, ઘોડા ઉપર બેસીને શિખલોકો પૂર્ણ વેગથી

ઘોડા દોડાવતા તેઓના તીર્થની તરફ જતા. કોઇ કોઈ વેળાએ તેમાંથી કોઇ પકડાતા અને કોઇ કોઇ તો મારામારી કરતા જખમી થતા, પરંતુ કદી પણ એવું બન્યું નથી કે એક પણ શિખે ભયથી સ્વધર્મ છોડયો" ધીમે ધીમે શિખલોકે નિર્ભય થઇને ઇરાવતીને કિનારે એક નાનો કિલ્લો બનાવ્યો. એમાં પણ મુસલમાનોએ ઘણું ધ્યાન આપ્યું નહિ. પરંતુ જ્યારે તેઓ મોટાં ટોળાં થઇને આમિનબાદની ચોતર્ફની જમીન ઉપર કર ઉઘરાવવાને એકઠા થયા, ત્યારે મુસલમાન લશ્કરે તેઓને ઘેર્યા. પરંતુ મુસલમાનો પરાજિત થયા અને તેઓનો સેનાપતિ માર્યો ગયો. મુસલમાનો પાછા વધારે લશ્કરની સાથે બીજીવાર ધસ્યા અને શિખોને હરાવ્યા. લાહોરમાં એ ઉપલક્ષે ઘણા શિખલોકોને બંદીવાન કરીને મારી નાખ્યા. જ્યાં એઓને માર્યા તે જગાને સુહિદગંજ કહે છે. હજી સુધી તે જગાપર ભાઇ તરૂસિંહની કબર છે. કહેવામાં આવે છે કે, તરૂસિંહને તેના લાંબા વાળ કાપીને શિખધર્મ ત્યાગ કરવાને કહ્યું હતું પરંતુ ગુરૂગોવિંદનો આ વૃદ્ધ અનુચર પોતાનો ધર્મ છોડવાને અને શિખના શાસ્ત્રાનુસાર જાતીય

ચિન્હ સ્વરૂપ લાંબા વાળ કપાવવાને રાજી થયો ન-હિ. તેણે કહ્યું કે "વાળની સાથે ખોપ્રી અને ખે-પ્રીની સાથે માથું સંબંધ રાખે છે તો તમારે વાળનું કામ શું છે? હું માથું આપું છું."

એવી રીતે હમેશાં જયપરાજયથી સમસ્ત શિખ જાતિમાં ગડબડ મચવા લાગી, કોઇ રીતે તેઓ નિરૂદ્યમી થયા નહિ. એક વેળાએ તેઓ સર્હિન્દન સુબા જેહાનખાંની ઉપર વાઘના પ્રમાણે કૂદકો મા-રવાને તલપી રહ્યા હતા, તે વેળાએ પરાક્રમી પ-ઠાણ અહમદશાહ પોતાની મોટી લશ્કરની ટુકડીની સાથે તેમના ઉપર ધસ્યો. આ લડાઇમાં શિખ લોકોની પૂર્ણ રીતે હાર થઇ-તેમના ઘણા મા-ણસો માર્યા ગયા અહમદશાહે અમૃતસરનું શિખ મંદિર ભાંગી નાખ્યું; ગાયનું લોહી અમૃતસરના તલાવમાં નાખીને તલાવ અપવિત્ર કરી નાખ્યું; શ-ખલોકોનાં માથાંનો ઢગલો કર્યો. અને કાફર શત્રુ-ઓના લોહીથી મસજીદની દીવાલ ધોઇ નાખી

પરન્તુ એનાથી પણ શિખલોકો નિરાશ થયા નહિ. દરરોજ તેઓનાં ટોળાં વધવા લાગ્યાં. વેર લેવાની પ્રવૃત્તિ સમસ્ત જાતિના હૃદયમાં પ્રજ્વ-

સિત થઇ, પહેલાં તેઓએ કસુર નામની પઠાણની છાવણીને ઘેરો નાખીને લૂંટી અને તેને પોતાના તાબામાં કરી. ત્યાર પછી તેઓ સહિંન્દમાં ગયા. ત્યાંના સુબા જઇનખાંની સાથે લઢાઈ થઇ. લઢાઇમાં પઠાણ પરાજિત થઇને માર્યા ગયા. તેથી સતલજથી જમુના સુધીનો સરહિંદ પ્રદેશ શિખ-લોકોના તાબામાં આવ્યો. લાહોરના શાસનકર્તા કાબુલિમલને શિખલોકોએ દૂર કર્યો. ઝીલમથી લઇને સતલજ સુધી સમસ્ત પંજાબ શિખલોકોના હાથમાં આવ્યું. આ ખોહોલા ભૂખંડના સર્દારોએ મળીને ભાગ કરી લીધા. શિખલોકોએ ઘણી મસજીદ ભાગી નાખી. બેડીથી બાંધેલા અફગાનને હાથે સૂવરના લોહીથી મસજીદની દિવાલોને ધોળાવી. પછી સર્દારો અમૃતસરમાં એકઠા થયા અને પોતાનો પ્રભાવ જાહેર કરવાને માટે તેમણે પોતાના નામના રૂપિઆ પાડયા.

એટલા દિવસ પછી શિખલોકો સંપૂર્ણ સ્વતંત્ર ગુરૂગોવિંદનો ઉદ્દેશ થોડો ઘણો સફલ થયો. ત્યાર પછી રણજિતસિંહનો અભ્યુદય. તેનું વર્ણન આગળ આપવામાં આવ્યું છે.

પંજાબ-કેશરી.

રણજિતસિંહ.

જ્યારે હિંદુ-આર્યોની આદિ લીલા-ભુમિ વેદ-કીર્તિત સિંધુના પ્રસન્નસલિલ-વિધૌત પંચનદ પ્રદેશ નિવિડ જંગલમાં સમાચ્છન્ન, હતો દુરાણી ભૂપતીઓના આક્રમણથી જ્યારે ભારતભૂમિ વ્યતિવ્યસ્ત હતી, વાણિજ્ય વ્યવસાયી ફિરંગીઓ જ્યારે ભારતના ભિન્ન ભિન્ન અંશમાં પોતાના ભવિષ્ય સૌભાગ્યનું રેખાપાત કરવામાં સમુદ્યત હતા ત્યારે કોણે મનમાં આણ્યું હતું કે, ભારતની તે અધોગતિના સમયમાં એક જણ એક ચક્ષુ કાણો-શિખસૈનિક-પુરૂષ ધીરે ધીરે લાહોરના સિંહાસનપર બેસીને ઉત્તરમાં કાશ્મીર, પશ્ચિમમાં પેશાવર, દક્ષિણમાં મુલતાન અને પૂર્વમાં શતદ્રુનદ પર્યન્ત વિસ્તૃત ભૂખંડમાં પોતાના જયનો વાવટો ઉડાડશે! જે તેજસ્વિતા અને મહાપ્રાણતા ધીરે ધીરે ભારતવર્ષથી અન્તર્દ્ધાન થઇ ગઇ હતી, તે તેજસ્વિતા અને મહાપ્રાણતા આ એકચક્ષુ મહાપુરૂષના મહામંત્રબલે પાછી આવિર્ભૂત થઇને સમસ્ત ભારતવર્ષને ગૌરવાન્વિત

ફરી મૂકશે, એવો વિચાર કોણે કર્યો હતો? નિયંતાની અનંત-શક્તિના મહિમાથી અષ્ટાદશ શતાબ્દીના શેષભાગમાં પંજાબમાં એવા અસાધારણ વીર પુરૂષનો આવિર્ભાવ થયો હતો ભારતના આ મહાવીર અને મહાપુરૂષનું નામ રણ્જિતસિંહ હતુ.

સિંહ-વિક્રમ રણજિતસિંહ ભારતનો યથાર્થ વીર પુરૂષ હતો. અષ્ટાદશ શતાબ્દીમાં ભારતવર્ષની અંદર તેના જેવા વીરપુરૂષનો આવિર્ભાવ થયો નથી. હિંદુરાજ-ચક્રવર્તી પૃથ્વીરાજ જ્યારે તિરોરીના પવિત્ર ક્ષેત્રમાં પઠાણોને પરાજિત અને દૂરીભૂત કરવા જતાં, છેલ્લે જ્યારે પુણ્ય-સલિલા દષદ્વતીના કિનારે ગરીયસી જન્મભુમિને માટે અનંત નિદ્રામાં નિદ્રિત થયો, ત્યારે તેના વીરત્વથી શત્રુના હૃદયમાં પણ વિસ્મયનો આવિર્ભાવ થયો હતો. અસીમ પરાક્રમી પ્રતાપસિંહ જ્યારે ભારતના થર્મોપલી-પુણ્ય પુંજમય મહાતીર્થ હલદિઘાટમાં સ્વદેશીઓના શોણિત-તરંગિણીનો તરંગોચ્છ્વાસ જોઇને ધીર ગંભિર સ્વરથી બોલ્યો હતો કે "આવાજ ભાવથી દેહવિસર્જનને માટેજ રજપૂતોએ જન્મ લીધો છે," ત્યારે તેની લોકાતીત મહાપ્રાણતા અને સ્વદેશને માટે

તેનો અનિર્વચનીય આત્મત્યાગ જોઇને વિધર્મી શત્રુએ પણ શતમુખે તેની પ્રશંસા ગીતિ ગાઇ હતી; વળી મહા વિક્રમી શિવાજી જ્યારે પર્વતથી પર્વતમાં જઈને વિજય-ભેરીના ગંભિર નાદથી નિદ્રિત ભારતને જગાડતો હતો, ત્યારે ભારતનો અદ્વિતીય બાદશાહ પણ તેની અપૂર્વ દેશભક્તિ અને તેના અપૂર્વ વીરત્વમાં મોહિત થયો હતો પરંતુ આ વીરત્વ વૈભવ શિવાજીની સાથેજ તિરોહિત થઇ ગયો ન હોતો. શિવાજીના પછી ગુરૂગોવિંદસિંહના મહામંત્રમાં સંજીવિત થઇને રણજીતે વળી ભારતમાં મહાશક્તિનું ઉદ્બોધન કર્યું, અને ચોતર્ફ વીરત્વ મહિમા પ્રસારિત કરીને ભૈરવરવથી સઘળાઓને સનાથી મૂક્યા.

અષ્ટાદશ શતાબ્દીથી પરક્રાંત મોગલ બાદશાહીની અધોગતિનો સૂત્રપાત થયો. બાદશાહના પછી બાદશાહો દિલ્હીના સિંહાસનપર બેઠા, પદચ્યુત અને નિહત થઇ ગયા, પ્રદેશના પછી પ્રદેશ દિલ્હીની અધીનતા-પાશ ઉચ્છેદ કરીને સ્વ સ્વ પ્રધાન થઇ ગયા; શાસનકર્તાના પછી શાસન-કર્તા બાદશાહના હુકમનું તાચ્છિલ્ય દેખડીને પોતાની ઇચ્છાનુસારે

શાસનદંડ પરિચાલનમાં પ્રવૃત્ત થયા. નાદિરશાહના આક્રમણથી મોગલ બાદશાહનો પ્રિયનિકેતન-વિચિત્ર આમખાસની લીલાભૂમિ સુશોભન દિલ્લી હમદશાહ પોતાના સાહસી આફગાન સૈન્યની સાથે ભારતવર્ષમાં આવ્યો. એના પરાક્રમથી પાણિપતના પ્રસિદ્ધ યુદ્ધમાં મહાબલ મરાઠાઓની ક્ષમતા જતી રહી દિલ્લીનો બાદશાહ રાજ્યભ્રષ્ટ શ્રીભ્રષ્ટ થઇને હીનભાવે બિહાર પ્રદેશમાં આવીને ઉભો રહ્યો. એ વિશૃંખલાની વેળાએ-વિલુંઠન, વિપ્લવ અને વિધ્વંસના ભયાનક રાજ્યમાં શિખોએ પોતાની જાતીય તેજસ્વિતાને કાયમ રાખી હતી. ગુરૂગોવિંદે તેઓને જે મંત્રમાં દીક્ષિત કર્યાં હતા, તે મંત્રથી તેઓ કદિપણ વિચ્યુત થયા નહિ. ક્રમે શિખો અનેક દલમાં વિક્ત થયા પ્રત્યેક દલના એક સર્દારે એક એક નિર્દિષ્ટ ભૂખંડની સ્વાધીનતા અવલંબન કરી; એ પ્રમાણે સમસ્ત શિખ પ્રદેશ અનેક ખંડ-રાજ્યમાં વિભક્ત થઇ ગયા. એ સર્વ ખંડ " મિશલ નામથી " ગણાવા માંડયાં. પ્રત્યેક મિસલનો અધિપતિ સર્વાંશે સ્વાધીન ભાવે કર્મ કરવામાં પ્રવૃત્ત થતો રણજીતનો પિતા મહાસિંહ

એવો એક મિસલનો સર્દાર હતો. અષ્ટાદશ શતાબ્દીના શેષ ભાગમાં જ્યારે અંગ્રેજ વેપારીઓ દક્ષિણ પ્રદેશમાં ફ્રેંચોનું પ્રાધાન્ય વિલુપ્ત કરવાની મેહેનત કરતા હતા, હૈદરઅલિ નામનો એક વર્ણીયાન દરીદ્ર મુસલમાન સૈનિક પુરૂષ મેહેશુરની ગાદી અધિકાર કરવાને માટે જ્યારે સર્વના હૃદયમાં વિસ્મય અને ત્રાસનો ગંભીર રેખાપાત કરતો હતો, ત્યારે તેજસ્વી મહાસિંહ શિખ મંડલમાં પોતાની તેજસ્વિતાના ગૌરવમાં ઉન્નત થતો હતો. તેના આધીનમા ૬૦૦૦૦ અશ્વારોહી સૈન્ય હતું આ અશ્વારોહી સૈન્યમાં પરિવૃત રહીને તે પોતાની કૃતકાર્યમાં પોતેજ પરિતૃપ્ત થતો હતો. તેનું રણપાંડિત્ય, તેની મહાપ્રાણતા અને તેના સાહસનો અપૂર્વ વિકાશ જોઇને શિખો તેને વિસ્મય અને શ્રદ્ધાની આંખે જોતા હતા, રણજીતસિંહ આ તેજસ્વી મહાસિંહનો ઉપયુક્ત તેજસ્વી પુત્ર હતો. ૧૭૮૦ ઇસવીસનની ૨ જી નવેમ્બરે એનો જન્મ થયો. જ્યારે રણજીતસિંહ આઠ વર્ષનો બાળક હતો, ત્યારે મહાસિંહ પરલોક પ્રાપ્ત થયો. રણજીત એ વખતે તેની મા અને પિતાના દીવાન લક્ષ્મીપતસિંહનો રક્ષા-

ધીન થયો. રણજીતની મા આ દીવાનની મદદથી પોતાના અધિકૃત મિસલનું શાસન કાર્ય નિર્વાહ કરતી હતી, એના પછી રણજીતસિંહ જ્યારે મોટો થયો ત્યારે તે પોતે પોતાના મિસલનો શાસનભાર લઇને સમુદાય ખંડ—રાજ્યમાં એકાધીપત્ય સ્થાપવામાં ઉદ્યત થયો. એ વખતથીજ રણજીતસિંહના અસાધારણ પ્રભાવના વિકાશનો આરંભ થયો. સ્થિર—રશ્મિ વન્હિ શિખાએ આ વખતથીજ પ્રચંડ હુતાશનમાં આવીને સઘળાઓને અજાયબથી સ્તમ્ભિત કરી મૂક્યા.

આ વખતે પંજાબ અહમદશાહના વંશધરોના વિર્યવન્હિનું વિસ્ફુરણ ક્ષેત્ર હતું. અહમદશાહનો પૌત્ર જેમાનશાહ ઘણા સૈન્યની સાથે જ્યારે બીજી વાર પંજાબમાં આવ્યો હતો, ત્યારે ધીરે ધીરે રણજીતસિંહના સૌભાગ્યનો સૂત્રપાત થયો. રણજીતસિંહે આ વખતે તરંગાવર્તમયી વિતસ્તાના જલોચ્છ્વાસથી જેમાનશાહની કેટલીક તોપની રક્ષા કરી હતી તેના ઇનામ સ્વરૂપ લાહોરનું આધિત્ય તેને મળ્યું હતું. એવી રીતે જ્યારે તે લાહોરની ગાદી ઉપર બેઠો, ત્યારે તેની ઉમર અઢાર વર્ષની

હતી. પરંતુ આ અષ્ટાદશ વર્ષીય વીર યુવકની મહાપ્રાણતા અપૂર્વ હતી એ મહાપ્રાણતાના પ્રભાવથી તેણે ધીરે ધીરે એક એકના પછી પંજાબના સમુદાય ખંડ-રાજ્ય પોતાના શાસનાધીન કર્યાં આ વખતે અંગ્રેજોએ ક્રમે ક્રમે પ્રબલ થઈને પોતાનો અધિકાર સંપ્રસારિત કર્યો હતો. સિંધિયા અને હોલકર બલ-સંગ્રહ કરીને ક્રમે અંગ્રેજોના ક્ષમતા-સ્પર્દ્ધી થઇ ઉઠયા હતા. મહારાજ રણજીતસિંહે એઓમાં પોતાનું આધિપત્ય બદ્ધમુલ કર્યું. ઉત્તરમાં દુર્દ્દ આફ્ગાનો પ્રબલ હોવા છતાં પણ તે પોતાના કર્તવ્યપથથી અણુમાત્ર પણ વિચલિત થયો નહિ; અને દક્ષિણમાં અંગ્રેજ અને મરાઠા બહુ સંખ્ય રણકુશળ સૈન્યના બળથી બળવાન હોવા છતાં પણ તેના નિર્ભીક હૃદયમાં અણુમાત્ર પણ ભયનો અભાવ થયો નહિ. તે પોતાની તરવારના ઉપર નિર્ભર કરીને પોતાનો અધિકાર કાયમ રાખવાને દૃઢ પ્રતિજ્ઞ થયો. જ્યારે લાર્ડ મિન્ટો ભારતવર્ષના ગવર્નર જનરલના પદમાં અધિષ્ઠત હતો, ત્યારે અંગ્રેજોની સાથે રણજીતસિંહનું સૌહાર્દ સ્થાપિત થયું ૧૮૦૯ ઇસવીસનમાં તે તેઓની સાથે એક સંધી-

સૂત્રમાં આબદ્ધ થયો. તે મહાબલ પરાક્રાન્ત હોવા છતાં પણ કદિ એ સંધીના નિયમનો તેણે ભંગ કર્યો નહોતો; અને કદી પણ અગ્રેજોના વિરૂદ્ધમાં અસ્ત્ર ધારણ કરીને પવિત્ર મિત્રતાને કલંકિત કરી નહોતી.

પઠાણો જેવી રીતે ભારતવર્ષમાં આવ્યા હતા, અને હિંદુ રાજાઓમાં અનૈક્ય દેખીને જેવી રીતેની ચાતુરી અવલંબન કરીને દેવવાંછીય સ્વર્ગભૂમિ હસ્તગત કરી હતી, તે ઇતિહાસ-પ્રિય પાઠકોને અવિદિત નથી. મહારાજ રણજિતસિંહ એ પઠાણોને સમુચિત શિક્ષા કરવાને દૃઢપ્રતિજ્ઞ થયો હતો. જેની શઠતાના બલથી ભારતના અકલંક દેહમાં કલંકી છાયા પડી હતી, તેના કઠોર હસ્તથી ભારતનાં ખંડ-રાજ્ય સઘળાં ઉદ્ધાર કરવામાં તે યથાશક્ત યત્ન કરતો હતો. તેનો એ યત્ન ઘણો ખરો સફળ થયો હતો. તેણે આફગાનોને દૂર કરીને મુલતાન અધિકાર કર્યું અને ભારતના નં‌દન-કાનન કાશ્મીરમાં જયનો વાવટો ઉધાડયો. કશ્મીર અધિકાર કરવી વેળાએ તેનો ખડગસિંહ સૈન્યદલ-પૂરેભાગમાં હતો. રણજિતના સાહસી અમા

રોહિઓ પદાતિક સૈન્યોની સાથે સંમિલિત થઈને ચાલતા દુરારોહ પર્વત અતિક્રમ કરીને કશ્મીરમાં ગયાં. શિખોના વિક્રમથી આફગાન સેનાપતિ જબ્બરખાં પરાજિત થયો. બહુ દિવસના પછી હિંદુ નરપતિએ પોતાનો પવિત્ર વિજય પતાકા ભૂલોકના સ્વર્ગ કાશ્મીરમાં પાછો શોભાયમાન કર્યો. એના પછી રણજિતસિંહ પેશાવર જીતવાને ઉદ્યત થયો. તા૦ ૨૩મી માર્ચ ૧૮૨૩ ઈસવીસન ભારતના એક પ્રાતઃસ્મરણીય પવિત્ર દિવસ છે. જેઓએ દૃષદ્વતીના કિનારે હિંદુઓને પરાજિત કરીને ભારતવર્ષનાં આધિપત્ય સ્થાપન કર્યું હતું, તેઓના દેશમાં પોતાના જયનો વાવટો સ્થાપન કરવાને શિખો એ દિવસે અગ્રેસર થયા હતા. આર્યાવર્તનો હિંદુ નૃપતિ એ પવિત્ર દિવસે આ છેલ્લી વખત સિંધુ નદીના અપરપારે હિંદુ-વિજયી પઠાણોના શોણિત જળથી પૃથ્વીરાજ અને સમરસિંહના આત્માનું પરિતર્પણ કરવાને ગયો હતો. એ અપૂર્વ દૃશ્યના ગંભીરભાવથી આજ કોણ ઉત્ફુલ્લ થશે? આ મહાસ્મશાનમાં કોણ આ મહાવીરની મહાકીર્તિની કહાણીમાં કર્ણપાત કરશે? મહારાજ રણજિતસિંહ અકુતોભયે વિપુલ સાહસ

ની સાથે પઠાણોના રાજ્યમાં ગયો. આફ્ગાનિસ્થાનના પ્રધાન સર્દાર આજિમખાએ ઘણું સૈન્ય એકત્ર કર્યું હતું; બહુસંખ્ય સૈન્યથી આફ્ગાનિસ્થાનનો પાર્વત્ય પ્રદેશ છાઇ ગયો હતો. ૧૪ મી માર્ચ કાબુલ નદીના પર્શ્વાવર્તી નઓશરા નામની જગ્યામાં એઓની સાથે રણજિત્‌સિંહનું યુદ્ધ આરંભ થયું. એક બાજુએ દીર્ઘકાર ભીમ મૂર્તિ આફ્ગાન જાતિ બીજી બાજુએ સાહસી યુદ્ધ કુશલ શિખ સૈન્ય હતું. એ મહાસમયે મહાવીર રણજિત્‌સિંહ ઘોડા ઉપર સ્વાર થઇને અગ્રભાગે રહીને વિપક્ષીઓ આક્રમણ કરવા લાગ્યો; વિશાલ દેહ આફગાનો અટલ પર્વતની પેઠે ઉભા રહીને અપ્રતિહત વિક્રમથી એ આક્રમણને રોકવા લાગ્યા, સમસ્ત દિવસ યુદ્ધમાં ગયો–વિરામ નહોતો, વિશ્રામ નહોતો, સમસ્ત દિવસ શિખો અતુલ વિક્રમની સાથે આફ્ગાનોનું વ્યૂહ ભેદ કરવા લાગ્યા, ક્રમે રાત્રિ થઇ, ક્રમે ગંભીર અંધકારે ગંભીરતર થઇને રણસ્થળને ઢાંકી મૂક્યું. શોણિત તરંગિણી લોહીની નદી આ ગંભીર અંધકારમાં ગભીર શબ્દથી પ્રવાહિત થવા લાગી. તથાપિ રણજિત્‌સિંહ યુદ્ધથી વિરત થયો નહિ, આગળના

પ્રમાણે લોકાતીત વિક્રમથી યવનસૈન્યને નિર્મૂળ કરવા લાગ્યો. કેટલીવારે આફ્ગાનો પંજાબ કેશરીનું પરાક્રમ સહન કરી શક્યા નહિ, પછી અંધકારમાં આવૃત થઇને રણસ્થળથી ભાગી ગયા બહુ યુગના પછી હિંદુ ભૂપતિનો વિજય પતાકા પઠાણ ભૂમિના મધ્ય ભાગમાં ઉડીને નૈશ સમીરણમાં ડોલતાં ડે.-લતાં વિપક્ષીઓને તર્જના કરવા લાગ્યો. ઓગ-ણીશમી સદીમાં ભારતના વીર પુરૂષે એવી રીતે લોકાતીત પરાક્રમ દેખાડયું હતું એવી રીતે પઠા-ણોએ એ શતાબ્દીમાં હિંદુઓના લોકાતીત પરાક્-મની આગળ મસ્તક અવનત કર્યું હતું.

મહારાજ રણજિત્‌સિંહ એ પ્રમાણે પોતાનો અધિકાર પ્રસારિત કરીને વીરેન્દ્ર સમાજનો વર-ણીય થયો હતો. તેના અધિકારમાં પંજાબરાજ્ય ધન-સંપત્તિમાં પરિપૂર્ણ થયું હતું સ્વીય બહુબલથી પેદા કરેલું વિશાલ રાજ્ય ઉપભોગ કરીને તે ઐ-હિક જીવનની શેષ સીમામાં ઉપનીત થયો. ૧૮૩૮ ઇસવી સનમાં તેનો પવિત્ર જીવનસ્રોત અનંત-કાલ-સાગરમા મળી ગયો. રણજિત્‌સિંહની જીવની-લેખકે કહ્યું છે, " રણજિત્‌સિંહ યથાર્થ સિંહના

જેવો હતો, અને સિંહના પ્રમાણે તેણે આલોક પરિત્યાગ કર્યો." આ સિંહ વિક્રમ મહાવીરની સઘળી વાત આ જગ્યા ઉપર આનુપૂર્વિક લખવી સંભવિત નથી. જેઓએ યથા નિયમથી સુશિક્ષા મેળવીને જગતની આગળ પોતાનો અસાધારણ પ્રભાવ વિસ્તાર કર્યો, તેઓની સાથે આ મહાપુરૂષની તુલના કરવી ઉચિત નથી. રણુજિતસિંહના સાહસ ક્ષમતા અને બુદ્ધિ અન્ય પ્રવૃત શિક્ષાથી પરિપુષ્ટ થયાં નહોતાં. એ પોતાની મેળે વિકાશ પામ્યાં હતાં. પોતાની આ સ્વભાવ-સિદ્ધ પ્રતિભા અને દક્ષતાના ગુણથી તે જગતમાં મહત્ લોકના સંમાનિત પદમા અધિરૂઢ થયો હતો. તે પોતાનાં સૈન્યોને યુરોપિયન પ્રણાલી અનુસારે શિક્ષિત કરીને તેઓને અશ્વારોહથી હથીઆર ચલાવવામાં અને શત્રુપક્ષનું વ્યૂહ ભેદવામાં પૃથ્વીના કોઇ યુદ્ધવીરના સમકક્ષ કરી મૂક્યા હતા. તેનુ સાહસ અસાધારણ તેનુ વીરત્વ અતુલ્ય અને તેની દૃઢ પ્રતિજ્ઞા અવિચલિત હતી તે યુદ્ધ સ્થળમાં સવથી આગળ રહેતો અને પશ્ચાદ્ ગમનની વખતે સર્વના પછવાડે રહીને રણનૈપુણ્યનો પરાકાષ્ટ દેખાડતો. તેના શરીર ઉપર

નજર કર્યાથી વીરત્વવ્યંજક અતિ અલ્પ નિદર્શનજ નયનગોચર થતાં તે ઉન્નતન સ્કંધ અને મહાભૂજ ન હોતો. તેનું દેહ ખર્વ હતું; અને શીતળાના રોગથી તેનુ મુખમંડલ વિકૃત થઇ ગયું હતું. એ રોગથી તેની એક આંખ નષ્ટ થઇ ગઇ હતી, એ વાસ્તે તે સાધારણોમાં કાણા રણજિત્ નામથી પ્રસિદ્ધિ પામતો હતો તેની બીજી આંખ વિશાલ અને આકર્ણ વિસ્તૃત હતી. એમાંથી જાણે ઘણું કરીને સર્વદા અગ્નિસ્ફુલિંગ બહાર નીકલતા તે જ્યારે ઉત્તેજિત થઈ પડતો ત્યારે તેની વિશાલ આંખની તરફ નજર કર્યાથી તેના સઘળા મનોગત ભાવ પરિસ્ફુટ થતા. તેની પરિણામદર્શિતા અસાધારણ હતી. અંગ્રેજો કાલે કરીને ભારતના સઘળા ભાગ હાથ કરી લેશે એ તે સ્પષ્ટ સમજી શક્યો હતો. એક વેળાએ તેણે ભારતવર્ષનો નકશો જોતાં જોતાં પાસેના એક જણને નકશાના લાલ રંગની વાત પૂછી છેલ્લે જ્યારે જાણ્યું કે અંગ્રેજોનો અધિકાર લાલ રંગથી ચિતરેલો છે, ત્યારે ગંભીર ભાવથી બોલ્યો, "સબ લાલ હો જાયગા"—કાલે કરીને સર્વત્ર અંગ્રેજોનો અધિકાર થઇ જશે.

પરિણામદર્શી મહારાજ રણજિતસિંહ આ વાક્ય હાલ સફલ થયું છે. અચિંત્ય પૂર્ણ બ્રિટીશ રાજ-નીતિથી ભારતનો નકશો લાલ રંગમાં રંગાઇ ગયો છે. પંજાબ-કેશરીના પંચનદ આજ બ્રિટીશ ઇંડિયાના અંતર્ભૂત થયો છે. દેવ વાંચ્છનીય કોહિનુર આજ બ્રિટીશ સામ્રાજ્યની અધિશ્વરીના સર્વશ્રેષ્ઠ રત્નમાં ગણાયો છે, અતુલ ધનસંપત્તિ-પૂર્ણ વેદ કીર્તિત પવિત્ર ભૂમિના અધિપતિનો પુત્ર આજ બ્રિટીશ સિંહના દરવાજે ભિક્ષા પ્રાર્થી છે. પ્રલયપ-યોધિના જલોચ્છ્વાસથી તે ગૌરવ, તે મહત્ત્વ જરાએ જરા ધોવાઇ ગયાં છે. જે પંચનદમાં હિંદુ આર્યો-એ ગોધન સંગે પદાર્પણ કરીને ભારતના ભવિષ્ય સૌભાગ્યનો સૂત્રપાત કર્યો હતો, અને જે પંચનદમાં મહાવીર રણજિતસિંહે યુદ્ધ દુર્દમ જાતિને પરાજિત કરીને સ્વીય આધિપત્ય બદ્ધમૂલ કરી મૂક્યું હતું, તે પંચનદ આજ પણ ભારતના નકશામાં શોભા આપે છે. જે સપ્ત સિંધુના મનોહર કાંઠે બેસીને મહાવીર શિખો પોતાની સ્વાધીનતાના પ્રાણરૂપિની પરમાશક્તિના ધ્યાનમાં બેસતા, તે સપ્ત સિંધુ આ જ પણ અવિરામગતિથી પ્રવાહિત થય છે. પરંતુ

આજ તે પવિત્ર કાળની અપૂર્વલીલા નથી તે કાળ આજ હમેશને વાસ્તે અતલ સાગરમાં મળી ગયોછે.

ફુલાસિંહ.

૧૮૦૯ ઇસવીસનમાં જ્યારે અંગ્રેજ-દૂત સર ચાર્લ્સ મેટકાફ (પછી લાર્ડ મેટકાફ) અમૃતસરમાં રેહેતો હતો, અગ્રેજ-સેનાની કરનલ અક્ટરલોનીની સાથે એકત્ર થઇને જ્યારે તે ગવર્નર જનરલ લાર્ડ-મિંટોના હુકમથી મહારાજ રણજિતસિંહની સાથે સંધિ સ્થાપવામાં વ્યાપ્ત હતો, ત્યારે એક સાહસી જુવાને નિર્ભયથી મીયાનમાંની તરવાર હાથમાં લઇને પોતાના કેટલાક અનુચરની સાથે પંજાબ-કેશરીની આગળ આવીને ગંભીર-સ્વરથી કહ્યું. "મહારાજ! વિદેશી અંગ્રેજો અમારા રાજ્યમાં આવ્યા છે. અમે તેઓને આક્રમણ કર્યાં હતા. પરતુ તેઓજ અમોને ઘણા ખરાબ કરે છે, અમારૂં અપમાન કરે છે મા-રા અનુચરોને તેમણે ભગાડી મૂક્યા છે. જો આપ એનુ પ્રતિવિધાન નહિ કરો ને જો આ પળમાં વિ-ધર્મિઓને સમુચિત શાસ્તિ નહિ આપો, તો આ તરવારના આઘાતથી આપની સાથે આપના વંશ-ના સર્વ લોકોના પ્રાણ સંહાર કરીશ." રણજિત્-

સિંહ અકસ્માત્ અતર્કિત ભાવથી યુવકના મોહોડે આ કઠોર વાત સાંભળીને વિસ્મિત થયો. તેણે સવિસ્મયથી યુવકની તરફ ચાહીને જોયું. યુવક નિર્ભયથી તરવારને ફેરવતો હતો, નિર્ભયથી વિષ્ફારિત આંખથી પોતાની દૃઢ પ્રતિજ્ઞા રક્ષાને માટે તૈયાર થઇને રહેલો જણાતો હતો. અસમયે એ અપૂર્વ દૃશ્યના આવિર્ભાવથી પંચનદનો અધીશ્વર વિચલિત થયો નહિ, પોતાની ધીરતાની સીમા અતિક્રમ કરીને ચપળતાનો પરિચય આપ્યો નહિ. પણ સ્નેહની સાથે ધિર-ગભીર સ્વરથી કહ્યું "યુવક તારા સાહસની પ્રશંસા કરૂછું પરંતુ અગ્રેજની સાથે હું બંધુતા-પાશમાં આબદ્ધ થયોછું, તેનું કોઇ રીતે અનિષ્ટ કરી શકતો નથી, હું માથું આપવાને તૈયાર છું. તારી તરવાર મારે ગળે મૂક." મહારાજ રણજિતસિંહના આવાં સ્નેહ ભરેલાં વચનથી યુવકનું ઉત્તેજિત હૃદય થોડુંક શાંત થયું. બીજો કોઇ રીતનો ઉદ્ધતભાવ ન દેખાડતાં ઉન્નત મસ્તકને અવનત કર્યું. રણજિતસિંહે સંતોષની સાથે તેને એક જોડો સોનાથી ભરેલો આપ્યો અને તેના અનુચરોને યથાયોગ્ય દ્રવ્ય આપ્યું. યુવક ધીરભાવથી મહારાજ

પ્રદત્ત મહાપ્રસાદ લઇને ચાલ્યો ગયો.

એ તેજસ્વી યુવકનું નામ ફુલાસિંહ હતું. ફુલાસિંહ જાતનો જાટ હતો. શિખગુરૂ ગોવિંદસિંહે અકાલી નામનો જે સંપ્રદાય સ્થાપન કર્યો હતો, તે સંપ્રદાયનો ફુલાસિંહ હતો. અકાલીઓનો પોશાક કાળા રંગનો હોય છે, એઓ સાહસમાં અટલ, વિક્રમમાં અજેય અને કર્તવ્ય પ્રતિપાલનમાં અનલસ હોય છે. શત્રુના વ્યૂહભેદમાં શત્રુનો દુર્ગ અધિકાર કરવામાં એઓના કેવા પરાક્રમનો વિકાશ થાય છે, કેવી રીતે ક્ષમતા-બળથી વિપક્ષની વિજયિની શક્તિ વિલુપ્ત થઇ જાય છે, તે ઐતિહાસિકો ખુશી અને પ્રીતિની સાથે વર્ણન કરે છે. એઓ દુર્બલ ગરીબ દુઃખીના પરમ બંધુ અને જુલમી ધનવાનના પરમ શત્રુ હોય છે. કર્તવ્ય-પ્રતિપાલનમાં એઓ પોતાના પ્રાણને પણ તુચ્છ સમજે છે. ગુરૂ ગોવિંદસિંહ પોતાના સ્થાપેલા આ મહાસંપ્રદાયના પરાક્રમની ઉપર નિર્ભય કરીને બાદશાહ ઔરંગઝેબની ક્ષમતાની ગતિ રોકવાને ઉદ્યત થયો હતો. અને ઓગણીશમી સદીમાં ફુલાસિંહે એ દલના અધિનેતા થઇને એઓનું સાહસ, એઓની કર્તવ્ય-બુદ્ધિ

અને એઓનું વીરત્વ પવિત્ર ઇતિહાસની સાથે પરિણિત કરી મૂકયું છે. જે દિવસે ફુલાસિંહે મહારાજ રણજિતસિંહની સામે પોતાના અસાધારણ સાહસ અને તેજસ્વિતાની ઓળખાણ આપી હતી, તે દિવસથી અકાલીઓમાં તેની પ્રતિપત્તિનો સંચાર થયો તે દિવસથી અકાલીઓએ સંમિલિત થઇને તેને પોતાનું અધિનતાનું પદ અર્પણ કર્યું ક્રમે કરીને તેનું દલ પુષ્ટ થયું ક્રમે કરીને ચારસો અકાલી સર્વદા તેનો હુકમ પાળવામાં તત્પર થઇ પડયા. ફુલાસિંહ એ અનુચરોથી પરિવૃત થઇને નાના સ્થાપનમાંથી અર્થસંગ્રહ કરવા લાગ્યો. નિરાશ્રયદુઃખીઓની રક્ષા કરવી તે તેઓનું પ્રધાન્ય કર્ત્તવ્ય હતું, તે સર્વ વખતે સર્વાન્તઃકરણથી ઉપલા કર્ત્તવ્ય પ્રતિપાલનમાં તત્પર થયો. જ્યાં નિર્ધન, નિરાશ્રય અને નિપીડિત માણસ દુઃસહ યાતનામાં નિરંતર દગ્ધ થતા, તે જગ્યા ઉપર રક્ષાકર્ત્તા ફુલાસિંહનો આવિર્ભાવ થવા લાગ્યો; અને જય ક્ષમતાશાલી ધનવાન લોક વિલાસના તરંગમાં ડોલતા પોતાની ધનવૃદ્ધિનું સુખકારક સ્વપ્નું જોતાં ત્યાં ફુલાસિંહ તેમનું ધન લેવાને અને ક્ષમતા નષ્ટ

કરતાને હાથ વધારવાં લાગ્યો, જ્યાં નિસઃબલ, નિઃસહાય અનાથિની પવિત્ર શોકની પ્રતિમૂર્તિ સ્વરૂપ નિર્જન પર્ણ કુટીરમાં નીરવે બેસી રહેતી હતી, અને પોતાના હૃદયની પ્રચંડ હુતાશન હોલવવાને માટે નિરંજન નયન જલથી સમુદય દેહ પ્લાવીન કરતી તે જગ્યાપર ફુલાસિંહની દયા તેને શાંતિના અમૃતમય ક્રોડમાં આશ્રય આપવાને અગ્રેસર થવા લાગી. ફુલાસિંહના એ સર્વ કાર્યનું વિવર્ણ ક્રમે કરીને પંજાબ કેશરીના કર્ણગોચર થયું. રણજીતસિંહે તેને બોલાવી મંગાવ્યો, અને પૂર્વના પ્રમાણે સ્નેહની સાથે તેને પારકાની સંપત્તિ ગ્રહણમાં વિરત રહેવાને અનુરોધ કર્યો. પરંતુ ફુલાસિંહ એ અનુરોધ રક્ષા કરવામાં સંમત થયો નહિ. રણજીતસિંહે તેને ઘણો સમજાવ્યો, પુષ્કળ ધન આપવા ચાહ્યું. વાગજાલ વિસ્તારીને શાંતિમય જીવનની શ્રેષ્ટતા સાબેત કરવા લાગ્યો, પરંતુ કંઇજ માન્યું નહિ. તેની સલાહ, તેનું અંગિકૃત પુરસ્કાર તેની વાકચાતુરીની મોહિની શક્તિ એ સર્વે એ ફુલાસિંહની આગળ પરાભવ સ્વીકાર્યા ફુલાસિંહ રણજીતસિંહનો વશીભૂત થયા નહિ. તે અટલ પર્વતની

પેઠે પોતાના સાધનમાં અટલ રહીને પહેલાંના પ્રમાણે વિપન્નની વિપદ ઉદ્ધારમાં, દરિદ્રના દુ:ખ મોચનમાં અને ઊદ્ધત ને ગર્વિત ધનવાનોના ગર્વ હરણમાં વ્યાપૃત થયા. એ વખતે ફુલાસિંહના દલમાં ચાર પાંચ હજાર મનુષ્ય હતાં. એઓ સઘળાઓ પોતાના દલપતિનો હુકમ પાળવામાં તૈયાર રહેતા. મહારાજ રણજીતસિંહે જાણી લીધું હતુ કે, ફુલાસિંહને ભય બતાવ્યાથી કઇ ફળ થશે નહિ. ધીરે ભાવથી સ્નેહની સાથે નાના પ્રકારની લાલચ બતાવ્યાથી તેને વશમાં રાખી શકાશે. રણજીતસિંહે ફુલાસિંહના વિરૂદ્ધમાં પેહેલાં સૈન્ય મોકલ્યું હતું પણ તે વશમાં આવ્યો નહિ, ત્યારે છેલ્લીવારે એક ઉપાય અવલંબન કર્યો. એ ઉપાયથી તેની વાસના ફલવતી થઇ. ફુલાસિંહ પંજાબ–કેશરીનો અનુગત અને ક્રમે કરીને તેનો પરમપ્રિય મિત્ર થઇ પડયો.

એ સમયથી મહારાજ રણજિતસિંહની ક્ષમતા પરિવર્દ્ધિ થઇ. એ સમયથી ફુલાસિંહ અને તેના દલના લોકોના અસાધારણ સાહસ અને પરાક્રમના ઉપર નિર્ભર કરીને રણજિતસિંહ દુર્જય આફગાનોના વિરૂદ્ધમાં સમુત્થિત થયો. તેણે અનેક યુદ્ધમાં

એ સૈન્યદલથી વીરત્વથી વિજય-લક્ષ્મી પ્રાપ્ત કરી હતી ફુલાસિંહના દલના એક વીરપુરૂષના લોકાતીત સાહસથી મુલતાન અધિકૃત થયું અને ફુલાસિંહ પોતાનું અસાધારણ પરાક્રમ બતાવીને ભૂલોક—સ્વર્ગ કાશ્મીરને હાથ કર્યું. મહારાજ રણજિતસિંહે જ્યારે સિંધુ નદી ઉતરીને આફ્ગાનિસ્થાનમાં પ્રવેશ કર્યો, બહુ યુગના પછી પંચનદના હિંદુ ભૂપતિના આધીનમાં જ્યારે હિંદુ સૈન્ય નોશેરના યુદ્ધ-ક્ષેત્રમાં આફ્ગાનોની સામે થયું ત્યારે ફુલાસિંહે જેવું લોકાતીત સાહસની સાથે યવન સૈન્યને નિર્મૂળ કરતો કરતો છેલ્લે તે એ સમરસ્થળમાં, અકાતરથી અમ્લાન ભાવથી અનંત નિંદ્રામા નિદ્રિત થયો, તે ઈતિહાસનાં પાનામાં સ્વર્ણાક્ષરથી અંકિત કરવા યોગ્ય છે. એ મહાયુદ્ધમાં પેહેલાં શિખોનું પરાક્રમ વિચલિત થયું હતું, પેહેલાં પઠાણો જીતશે એવી આશા થઇ હતી. રણજિતસિંહના યુરોપિયન સેનાપતિ બેણટુરા અને એલાર્ડ પણ પેહેલા આફ્ગાનોનું આક્રમણ રોકવામાં પરાંમુખ થયા હતા. એ સંકટાપન્ન સમયમાં રણજિતસિંહ વિપક્ષિની ગતિ રોકવાને માટે પોતાના સૈન્યોને એકઠા કર-

વાની વૃથા મેહેનત કરતો હતો, વૃથા ઈશ્વરનું અને પોતાના ગુરૂનું પવિત્ર નામ ઉચ્ચારણ કરીને સૈન્યોને અગ્રસર થવાનો અનુરોધ કરતો હતો, વૃથા અશ્વ ઉપરથી ઉતરીને નિષ્કોષિત તરવાર હાથમાં પકડીને, ભૈરવ રવથી સેનાઓને તેની પછવાડે આવવાને હુકમ કરતો હતો. તેના તે અપૂર્વ વિક્રમથી, અપૂર્વ ઉત્સાહથી અને અપૂર્વ સાહસથી કંઈપણ ફળ ફળ્યું નહિ છેલ્લીવારે તે હતાશ થઇ પડયો અને સૈન્યોને યુદ્ધમાં વિમુખ જોઇને ક્ષોભથી અને રોષથી એકલો તરવાર ફેરવતો ફેરવતો વિપક્ષના વ્યૂહમાં પ્રવેશ કરવામાં ઉદ્યત થયો એવા સમયમાં "વારે ગુરૂજિકી ફતે"! એ અશ્વાસપ્રદ વાકય તેના કર્ણગોચર થયું, એ વાકયે દૂરાગત વજ્ર-નિર્ઘોષના ગંભીર રવથી તેના હૃદયના અંતરસ્થળમાં પ્રવેશ કર્યો અને તેથી એકીવારે આશા ભરોશો અને આનંદનો તરંગ નાચી ઉઠયો. રણજિતસિંહ વિસ્મયથી વિસ્ફારિત ચક્ષે જોવા લાગ્યો, ફુલાસિંહ કાળા રંગનો વાવટો ઉડાડીને પાંચસોમાત્ર અકાલી—સૈન્યની સાથે "વારે ગુરૂજિકી ફતે!" શબ્દ બોલતો બોલતો ધસી આવતા પઠાણ

સૈન્યના વિરુદ્ધમાં અગ્રસર થાય છે. તેણે ફુલાસિં-હને વિપક્ષના આઘાતથી અશ્વ ઉપરથી પડતો જોયો હતો. એ આઘાતથી ફુલાસિંહનો પગ ભાગી ગયો હતો તેથી લોકોએ તેને ઊંચકીને સ્થાનાંતરિત કર્યો હતો તે પણ રણજિતસિંહે જોયું હતું અને હવે તેણે જોયું કે ફુલાસિંહે હાથીના ઉપર બેસીને વિપુલ ઉત્સાહની સાથે પોતાના સૈ-ન્યોને ચલાવવા લાગ્યો. ગોળીઓના આઘાતથી તેનો દેહ ક્ષત વિક્ષત થયો છે તે ઉપર તેની નજર નથી, પ્રશસ્ત લલાટે ભીતી-વ્યંજક રેખાનો આવિર્ભાવ નથી. નિસ્તૂત લોચન દ્વયમાં દુશ્ચિંતા તથા નિરાશા-સૂચક કાલિમાનો આવેશ નથી. એવી અવસ્થામાં પણ તેણે હાથી ઉપરથી નિર્ભય જલદ—ગંભીર સ્વરથી કહ્યું "વારે ગુરુજિકિ ફતે" તેના સૈન્યો ગુરુ ગોવિંદસિં-હના મંત્ર-પૂત છે—તેઓ એ પ્રાતઃસ્મરણીય વાક્યથી ઉત્સાહિત થઇને પઠાણ સૈન્ય નિર્મૂળ કરવામાં અ-ગ્રસર થાય છે. ફુલાસિંહની આ તેજસ્વિતા જોઇને પંચનદનો અધીશ્વર પ્રીત, ચમત્કૃત અને આશ્વાસ-યુક્ત થયો. કેવા બળથી ગોવિંદસિંહનું મૃત્યુ થયું છે? કેવા બળથી ગુરુ ગોવિંદસિંહની મહાપ્રાણતા

તેના દેહની સાથે ચિર દિવસને માટે વિલુપ્ત થઇ ગઇ છે? ઓગણીસમી સદીમાં નોશેરાના આ પવિત્ર યુદ્ધક્ષેત્રમાં પણ ગોવિંદસિંહ વર્ત્તમાન રહ્યો છે; તેના જીવંત ઉત્સાહપૂર્ણ નામે આ સમરભૂમિમાં પણ તેના પ્રતિષ્ઠિત સંપ્રદાયને મતાવી મૂક્યો છે. ફુલાસિંહ આજ ગુરૂ ગોવિંદની મહાપ્રાણતાથી મહિમાન્વિત થઇને તેના મંત્ર-પૂત-શોણિત અકલંકિત રાખવાને ઉદ્યત થયો છે આ વિનશ્વર જગતમાંથી શિખ—ગુરૂના એ મહિમાનો વિલય થશે નહિ. મહારાજ રણજીત્‌સિંહે પણ ફુલાસિંહને પઠાણના વ્યૂહ ભેદમાં અગ્રસર થતો જોઇને અસામાન્ય વિક્રમથી યુદ્ધ કરવાનો આરંભ કર્યો. આ વખતે ફુલાસિંહનું પરાક્રમ પઠાણો સહન કરી શક્યા નહિ. અકાલીઓ મુહૂર્ત મુહૂર્તમાં યવન-સૈન્ય આવીને અકાલીઓની સાથે મળી ગયું. ફુલાસિંહ જે હાથી ઉપર બેઠો હતો, તેના માવતના શરીરમાં એક એકના પછી ત્રણ ગોળી પ્રવેશ થઇ હતી. ફુલાસિંહને પણ એક ગોળી લાગી હતી. તથાપિ તેણે દૃઢતાની સાથે હાથીને ચલાવવાનો હુકમ આપ્યો પરંતુ આહત માવત આ વેળા હુકમ પાળવામાં અશક્ત થયો.

ફુલાસિંહના પુનઃપુનઃહુકમથી પણ તે જ્યારે અગ્રેસર થયો નહિ, ત્યારે ફુલાસિંહે સક્રોધથી તેનું મસ્તક લક્ષ્ય કરીને પિસ્તોલ છોડી તેથી તે પડી ગયો પછી ફુલાસિંહે હસ્તસ્થિત તરવારના અગ્રભાગદ્વારા હસ્તીને ચલાવીને શત્રુમાં પ્રવેશ કર્યો. સાહસિક વીરપુરૂષ એવી રીતે વિપક્ષિયોગમાં ઉપસ્થિત થઇને સૈન્યોને ઉત્સાહિત કરવા લાગ્યો. એ વખતે શત્રુના પક્ષની એક ગોળી આવીને તેના લલાટમાં પ્રવેશ થઇ. એ આઘાતથી તેનો પ્રાણશૂન્ય દેહ હોદ્દામાં પડી ગયો. અધિનાયકના મરણથી અકાલીઓનો છત્રભંગ થયો નહિ તેમણે પૂર્વાપેક્ષા સાહસ અને રોષની સાથે વિપક્ષીઓને આક્રમણ કર્યાં આફગાન-સૈન્ય એ આક્રમણથી સ્થિર ન રહી શકતાં રણક્ષેત્રથી પલાયન કરવા લાગ્યું એ રીતે નોશેરાના સમરાંગણમાં ફુલાસિંહના લોકાતીત પરાક્રમથી વિજય-લક્ષ્મી પંજાબકેશરીના આધીન થઈ

પઠાણોએ ઘણા વિસ્મય સહ ફુલાસિંહના આવા લોકાતીત વીરત્વની પ્રશંસા કરી હતી જે સ્થળમાં ફુલાસિંહનું મૃત્યુ થયું, તે જગ્યા ઉપર એક સ્તંભ બનાવ્યો હતો. એ સ્થળ હિંદુ અને મુસલમાન

બનેના એક પરમ પવિત્ર તીર્થમાં પરિગણિત થયું છે. હિંદુ અને મુસલમાન, બંને સંપ્રદાય આ પવિત્ર તીર્થમાં આવતા હતા, અને ઉભય સંપ્રદાય ભક્તિ-રસાર્દ્ર હૃદયથી ફુલાસિંહના ઉદ્દેશથી સ્તુતીવાદ કરતા હતા. જ્યાં સુધી એક ચક્ષુ વૃદ્ધ શિખભૂપતિ જીવતો હતો, ત્યાં સુધી જ્યારે નોશેરાના યુદ્ધના પ્રસંગમાં ફુલાસિંહની વાત થતી ત્યારે તેની ઉજ્જવલ આંખ ઉજ્જવલતર થતી, અને તેમાંથી અવિરલ ધારાથી મુક્તાફળ બાહાર નીકળી ગંડ દેશમાં પડતાં. વીર-ભક્ત વીર-કેશરી એવી રીતે પવિત્ર શોકાશ્રુથી ફુલાસિંહના પરલોકગત પવિત્ર આત્માને સંતૃપ્ત કરતો.

અંબળાનો આત્મત્યાગ.

અનંતકાળના સ્રોતે અવિરામ ગતિથી અઢારમી સદી અતિક્રમ કરીને ઓગણીસમી સદીમાં પગ મૂક્યો છે. મોગલ બાદશાહનો પ્રબલ પ્રતાપ અને ચોતર્ફનો ગૌરવ વિલુપ્ત થઇ ગયો છે. અકબર શાહજહાન ઇત્યાદિ બાદશાહોના વંશના પુરૂષો હાલથી

સંકુચિત થઇને વૃદ્ધના પ્રમાણે પોતે પોતાને છુપાડીને મહાશ્મશાન દિલ્લીના એક ખૂણામા પડી રહેલા છે. બ્રિટિસસિંહ ભારતના ભિન્ન ભિન્ન સ્થાનમાં પોતાનું આધિપત્ય સ્થાપન કરીને ભિન્ન ભિન્ન સ્વાધીન રાજાઓના હૃદયમાં ગંભીર આશંકા અને ઉદ્વેગનો તરંગ નાખી દીધો છે. મરાઠા ભૂપતિ સિંધિયા અને હોલકર દક્ષિણાપથથી આવીને આર્યાવર્તમાં પોતાનો અધિકાર વધારવાને ઉન્મુખ થયા છે. આ ઘોર ફેરફારની વેલાએ ભીમસિંહ મેવાડનો રાણો હતો. એનામાં પૂર્વ-પુરૂષોચિત ભીમ પરાક્રમ નહોતું. અતુલક્ષમતાશાલી વીરશ્રેષ્ઠ બાપ્પારાવના વંશના સંતાન પોતાની હમેશાંની તેજસ્વિતાથી વિચ્યુત થઈને મેવાડની ગાદી ઉપર બેઠા હતા. મરાઠા ભૂપતિઓએ સૈન્યદલ લઇને રાજસ્થાનમાં પ્રવેશ કર્યો હતો; તેઓના આક્રમણ ઇતિહાસમાં પ્રસિદ્ધ છે પવિત્ર પ્રદેશો શોકની, દુઃખની અને દારિદ્રની રંગભૂમિ થઈ પડી હતી. પ્રતાપસિંહ તથા પુત્ત, જયમલ્લ તથા બાદલ હાલ કેવલ રજપૂતની પૂર્વ સ્મૃતિમાં વિરાજ કરતા હતા. તે તેજસ્વિતા, તે વીરત્વ, તે દૃઢ પ્રતિજ્ઞા હાલ કાલના

અસીમ પ્રભાવમાં રાજસ્થાનમાંથી અંતર્ધાન થયાં હતાં. પરંતુ આ શોચનીય સમયમાં પણ એક સ્વર્ગીય પુષ્પ રાજસ્થાનમાં વિકશિત થઇને પોતાની પવિત્રતાના મહિમાથી સઘળાઓને પવિત્ર કરતું હતું; શોલ વર્ષની રજપૂત બાલા કૃષ્ણકુમારીએ પિતાના રાજ્યની રક્ષાને વાસ્તે આત્મત્યાગની પરાકાષ્ટા દેખાડીને પૂર્વ ગૌરવભ્રષ્ટ, પરપીડિત રાજસ્થાનને અનંત સૌન્દર્યથી પરિપૂર્ણ કર્યું હતું.

કૃષ્ણકુમારી એ રાણા ભીમસિંહની કન્યા હતી. સૌન્દર્ય-ગૌરવમાં તે અતુલનીય હતી. લોકો તેને "રાજસ્થાનનું પુષ્પ" કહીને ગૌરવાન્વિત અને સંમાનિત કરતા હતા. તેનું જેવું અસાધારણ રૂપલાવણ્ય હતું, તેવીજ તેની અનુપમ દેશભક્તિ હતી. તેણે જ્યારે શોલમા વર્ષમાં પગ મૂકયો ત્યારે રાજા ભીમસિંહે મારવાડના અધિપતિની સાથે એનું લગ્ન કરવાનું સ્થિર કર્યું હતું. પરંતુ એવામાં મારવાડનો રાજા પરલોક પ્રાપ્ત થયો. તેથી ભીમસિંહે જયપુરના અધિપતિ જયસિંહના હાથમાં એ દુહિતા-રત્ન અર્પણ કરવાની ઇચ્છા બતાવી. પણ મારવાડનો પરવર્ત્તી ભૂપતિ માનસિંહ એનાથી ક્રોધા-

યમાન થઇને સસૈન્યની સાથે મેવાડમાં આવીને રાજસ્થાનનાં પુષ્પ કૃષ્ણાના પાણિગ્રહણાર્થી થયો. એક બાજુએ મહારાજ સિંધિયા જયપુરના રાજાના બદલે મારવાડના રાજાની સાથે કૃષ્ણકુમારીનું લગ્ન કરવામાં મહારાજ ભીમસિંહને અનુરોધ કરતો હતો. જયસિંહની સાથે સિંધિયાની શત્રુતા હતી આ શત્રુતાના વશવર્તી થઇને સિંધિયા જયપુરના અધિપતિને વંચિત કરીને મારવાડ રાજાની પ્રાર્થના પૂર્ણ કરવા વાસ્તે મહારાજ ભીમસિંહને આગ્રહની સાથે અનુરોધ કરવા લાગ્યો. પણ ભીમસિંહ તેમાં સંમત થયો નહિ. તેથી સિંધિયા સસૈન્ય ઉદયપુરમાં જઇને એક ગિરિ ગુફામાં રહેવા લાગ્યો. ઉદયપુર અને જયપુરની સેનાએ તેનું પરાક્રમ ખર્વ કરવાનો આરંભ કર્યો; પરંતુ તેમાં તેઓ ફાવ્યા નહિ. તેથી ભીમસિંહ છેલ્લે એકલિંગના પવિત્ર મંદિરમાં સિંધિયાની સાથે મળ્યો અને તેને બાધ્ય થઇને પ્રબલના અનુરોધની રક્ષા કરવી પડી. આથી તે રાણાએ જયપુરના રાજાના દૂતને વિદાય કર્યો. જગતસિંહ આ અપમાન સહન કરી શક્યો નહિ, અવિલંબે તેણે

બહુસિંધ્યક સૈન્ય મેવાડમાં મોકલ્યું. એકબાજુએ મારવાડનો રાજા માનસિંહ પણ યુદ્ધાર્થે તૈયાર થયો હતો. વીરભૂમી અપૂર્ણ-વિકશિત પવિત્ર રાજસ્થાનના પુષ્પને માટે નર-શોણિતમાં રંજીત થવા લાગી.

આ યુદ્ધમાં માનસિંહ પ્રથમ જયી થઈ શકયો નહિ. તેના સૈન્યના કેટલાક નાયકોએ પ્રબલ થઇને સામેનો પક્ષ અવલંબન કર્યો. એઓ બીજા એક જણને અધિપતિ કરીને ૧,૨૦,૦૦૦ સૈન્યની સાથે જયપુરના વાવટાના આશ્રિનમાં સાજજત થયા. માનસિંહ પોતાના રાજ્યમાં ભાગી આવ્યો. તેનું રાજ્ય આક્રાન્ત થયું. પરાક્રાંત રાઠોડો અસાધારણ સાહસ અને વીરત્વની સાથે ગરીયસી જન્મભૂમી રક્ષા કરવા લાગ્યા. પરંતુ છેલ્લે તેઓની રાજધાની શત્રુના હાથમાં ગઇ અને લૂંટાઇ. માનસિંહે યોધગઢનો આશ્રય લીધો. આ કિલ્લો અભેદ્ય તરીકે પ્રસિદ્ધ હતો. આવેલા સંકટની વખતે એ કિલ્લાનો એવો ગૌરવ સર્વે વાતે રક્ષિત થયો. મારવાડની રાજધાની આક્રમણકારી સૈન્યોના પદાનત થઈ હતી ખરી, પરંતુ યોધગઢે પોતાના ગૌરવનો મહિમા અચલ અને અજેય રાખ્યો.

આ લુંટફાટ અને ઝંડની વખતે માનવ સંજ્ઞાધારી એક પશુ ખાશીયતનો નિકૃષ્ટ જીવ રંગસ્થળમાં આવિર્ભૂત થયો. એનું નામ અમીરખાં હતું. એ અમિરખાં જાતનો પઠાણ હતો. પાપના ભયાનક રાજ્યમાં જેટલી કંઇ ખરાબ પ્રવૃત્તિ છે, તે સઘળી અમિરખાંની ખાશિયતમાં એકઠી થઇ હતી પેહેલાં તે માનસિંહના વિપક્ષના પક્ષમાં હતો. માનસિંહના દુશ્મને આ દુરાચાર નરાધમને બંધુ જાણીને આલિંગન કર્યું હતું. પરંતુ છેલ્લે આ પાખંડ બંધુની વિશ્વાસ-ઘાતકતાથી તેના પ્રાણવાયુનો અવસાન થયો. લશ્કર નિર્મૂલ થઇ ગયું. અમિરખાં અમ્લાનભાવથી એવી રીતે પાપનું પરિતર્પણ કરીને માનસિંહના દલમાં મળ્યો હતો.

રાતના ઘોરતર વિશ્વાસ-ઘાતક પાપીએ તેના ઘોરતર વિશ્વાસઘાતકતા પૂર્ણ કાર્યનો એક ભાગ બજાવ્યો. પણ હાલમાં એ દુવૃત્તે એથી પણ બીજો એક ભયંકર ભાગ બજાવવાને હાથ ફેલાવ્યા. અનંત સૌન્દર્યમય રાજ્યસ્થાનના પુષ્પને વાસ્તે હમણાં પણ જયપુર અને મારવાડના અધિપતિઓ પરસ્પરના દુશ્મનો થઈને ઉભા હતા. હમણાં પણ

બંને સૈન્યદલના આક્રમણથી મેવાડની પવિત્ર ભૂમી અશાંતિ અને અવ્યવસ્થાથી પૂર્ણ હતી એ જુલમી પઠાણ આ વખતે ઉદયપુરના રાણાને સલાહ આપતો હતો. તેની કુપરામર્શથી રાણાએ અપરિસ્ફુટ હૃદયરંજન પુષ્પને મારી નાખવાની ઇચ્છા રાખી હતી. રાજ્યમાં શાંતિ સ્થાપનને માટે તેણે આ ઉપાય સારો જાણ્યો હતો કુમંત્રીની ખરાબ સલાહથી રાણાએ આ ઉપાયથીજ મેવાડના ગૌરવની રક્ષાનો દઢ સંકલ્પ કર્યો હતો. આલંબે એ સંકલ્પ સિદ્ધનું આયોજન થયું. રાણાનો બાઇ તરવાર હાથમાં લઇને અતુલ લાવણ્યવતી શોળ વર્ષની બાલાના સુવાના ઓરડામાં ગયો. કૃષ્ણ કુમારી સુતેલી હતી; પ્રભાતના કમલ-દલના પ્રમાણે તેના કોમલ દેહમાંથી સૌન્દર્યની છટા શય્યામાં પણ અપૂર્વ શોભા વિકાશ કરતી હતી. એ શોભાથી ઘાતક સ્તંભિત થઇ ગયો; ક્ષોભથી રોષથી અને વિરાગથી તેનું હૃદય વિચ્છિન્ન થવા માંડ્યું, તેના અવશ હાથમાથી તરવાર પડી ગઇ. એ દગલબાજી ધીરે ધીરે જાહેર થઇ ગઇ, ધીરે ધીરે કૃષ્ણકુમારી અને તેની માના કાનમાં ગઇ. માતા

વિષાદથી અધીર થઇને રડવા લાગી.—પરંતુ કૃષ્ણકુમારી કંઇ પણ કાતર થઇ નહિ. એ ભયંકર દગલબાજીમાં પણ તેણે ધીરતાની સીમાનું અતિક્રમણ કર્યું નહિ. તે અકાતરથી, પ્રસન્ન મુખથી માતાને સાંત્વના આપવા લાગી. અને ધીરભાવથી આત્મત્યાગ કરીને રાજ્યનું અમંગળ દૂર કરવાને સ્થિર પ્રતિજ્ઞ થઇ. ઝેરનું પાત્ર તેની સામે લાવવામાં આવ્યું. કૃષ્ણાએ અમ્લાનભાવથી તેનું પાન કર્યું. બીજું એક પાત્ર આવ્યું, તે પણ પેહેલાંના પ્રમાણે વગર આનાકાનીથી તે પી ગઇ. એવી રીતે બેવાર ઝેર પીધું તોપણ તેનો પ્રાણ ગયો નહિ, દેવ-વાચ્છનીય પવિત્ર પુષ્પ કરમાયું નહિ; ત્યારે " કુસુંભ-રસ " નામનું બીજુ એક જાતનું તીવ્ર ઝેર તૈયાર કરવામાં આવ્યું. કૃષ્ણકુમારી પેહેલાના પ્રમાણે પ્રસન્ન મુખથી ઈશ્વરનું પવિત્ર નામ સ્મરણ કરીને એ પણ પી ગઇ. તેથી તેને ગાઢ નિદ્રા આવી. એ ગંભીર નિદ્રાથી તે પાછી જાગી નહિ. પિતૃભક્તિ-પરાયણ સ્વદેશ-હિતૈષિણી શોલ વર્ષની એ અબલા અકાતરથી અમ્લાનભાવથી અસાધારણ આત્મત્યાગની અપાર પવિ-

ત્રતા પ્રકાશ કરતી કરતી સ્વર્ગમાં ગઇ. ભૂલોકમાં તેની અનંત ગૌરવમય કીર્તિનો સ્તંભ અક્ષય થઇ રહ્યો છે.

આત્મસન્માનમાં આત્માહુતી.

રંગરાવ.

૧૮૫૭ ઈસવીસનના ડીઝેમ્બર મહીનામાં કર્ણાટક પ્રદેશમાં ઇંગ્રેજ અને ફ્રેન્ચમાં ભીષણ યુદ્ધ ચાલતું હતું. મદ્રાસના કિનારા ઉપરના રાજાઓમાંના કોઇએ ફ્રેન્ચનો, તો કોઈએ ઇંગ્રેજનો પક્ષ અવલંબન કર્યો છે. સાગરના કિનારે ઇંગ્રેજ અને ફ્રેન્ચની રણતરી આકાશ માર્ગમાં વૈજયન્તી ઉડાવીને અભિમાનથી અહીંથી તહીં ફરે છે; આખા દેશમાં સૈન્ય ફેલાઇ ગયું છે; સૈન્યનાં પગલાંથી દેશ કંપાન્વિત થાય છે, લડાઇની તૈયારીથી દેશ પૂર્ણ થયો છે. વિદેશીયોના સ્વાર્થની રક્ષાને માટે દેશીઓના લોહીથી તર્પણ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો છે. સ્વદેશવાસીના લોહીની નદી પ્રવાહિત કરવાને માટે સ્વદેશના ગળામાં ફાંસો નાખવાને એ રા-

જાઓ પ્રવૃત્ત થાય છે. ફ્રેન્ચ સેનાપતિ બુસિ રાજ-મહેન્દ્ર નગરમાં આવ્યો છે; સ્વદેશીના લોહીના તરસ્યા વિજિયા નગરનો મહારાજાના પૂર્વપુરૂષ રાજા વિજયરામરાજીએ બાબિલીના રાજાનો સર્વ-નાશ કરવાને માટે તેની સાથે મસલત કરવાનો આરંભ કર્યો છે. એ પાપથીજ ભારતની સ્વાધી-નતા જતી રહી છે, એ પાપથીજ ભારતવાસીના ગળામાં ન તોડાય એવી સાંકળ પડી છે. વજય-રામે બુસિને સમજાવ્યો કે, બાબિલીનો રાજા રંગરાવ એક ખરાબ માણસ છે, તેને દેશમાંથી દૂર ન કર્યાથી ફ્રેન્ચનું કલ્યાણ થનાર નથી. તેથી બુસિએ રંગરાવને સ્વદેશ છોડીને કોઇ દૂરના ભાગમાં જવાનો હુકમ આપ્યો. તે વખતે ભારત-વાસી હીન-વીર્યવાળા નહોતા, વિદેશીના કટાક્ષથી તે વેળાએ તેઓ ડરતા નહોતા. રંગરાવે બુસિના તર્જન ગર્જનની ઉપેક્ષા કરી; અને એક દક્ષ ફ્રેન્ચ લશ્કરને યુદ્ધમાં પરાજય કરીને તેઓને સમુળે ધ્વંસ કર્યું. લઢાઇમાં પરાજિત થઇને બુસિ ક્રોધાનલમાં બળવા લાગ્યો, ઘણા અપમાનથી પોતાનું શરીર કરડવા લાગ્યો અને રંગરાવનો તેના

વંશની સાથે નાશ કરવાને તેણે મોટી લડાઇની તૈયારી કરી.

પેલી બાજુએ રંગરાવે છેટેના ખાડા જંગલમાં વિંટાયલા મજબૂત કિલ્લામાં ૨૫૦ લશ્કર અને ૫૦૦ બાલક તથા સ્ત્રીઓને લઇને આશ્રય લીધો. બુસિ ૭૫૦ યુરોપિયન અને ૧૧ હજાર દેશી સૈન્ય તથા ૪ તોપો લઇને તેની સામે લડાઇ કરવા આવ્યો. વિદ્વેષવિષ-જર્જરિત, સ્વદેશ દ્રોહી, ભારત-કલંક વિજયરામ પણ સ્વદેશવાસીનું લોહી પીવાને માટે લશ્કરની સાથે બુસિના સૈન્યમાં સામેલ થયો હતો. આ વિપુલ સૈન્ય વન જંગલ સાફ કરીને થોડા દિવસમાં રંગરાવના કિલ્લાની પાસે આવ્યું. કિલ્લાની લંબાઇ ૪૦૦ હાથ અને પોહોળાઇ ૪૦ હાથ હતી. અને સુમારે ૧૪ હાથ ઉંચી દીવાલથી રક્ષિત હતો. એના ચારે ખુણા ઉપર ચાર મજબુત નાના કિલ્લા હતા; શત્રુઓને ઘેરી લેવાને માટે ચોતર્ફથી દીવાલની ચારે બાજુનો કેટલોક ભાગ નીકળેલો હતો. બુસિએ સેનાને ચાર ભાગમાં વેંચીને ચાર બાજુના નાના કિલાઓને તાબે કરવાને માટે હુકમ આપ્યો. રંગરાવ થોડું લશ્કર લઇને જીવન પણ કરીને લડાઇ

કરવા લાગ્યો. ૧૮૫૮ ઈસવીસનની ૨૪ મી જાને-
વારીના સૂર્યોદયની પહેલાંથી લઢાઇની શરૂઆત થ-
ઇ. ફ્રેન્ચ તોપોમાંથી ગોળાઓ વરસવા માંડયા.
કિલ્લામાના રહેનારાઓએ અગ્નિનો ભય નિવારવાને
માટે ઘાસનાં ઝુંપડાં ભાંગી નાખ્યાં. ૯ વાગ્યાની
વેળાએ કિલ્લાની દિવાલ ઘણી જગા પરથી ભાંગી
ગઇ. ફ્રેન્ચ લશ્કર એકીવારે ચારે બાજુએ દીવાલ-
માંથી અંદર જવાને માટે દોડવા લાગ્યું. અપ્રુતાષિક
સેનાએ એક કલાક સુધી ઘણી મહેનત કરી તો
પણ એકે માણસ તે દીવાલમાં પેસી શક્યો નહિ.
રંગરાવની ૨૫૦ સેનાએ ફ્રેન્ચની અગાઉનીય સેના-
ને ગભરાવી મૂકી. ઘણું લશ્કર મરી ગયું. એક
ટોળી હઠી ગઈ, પાછી નવી તેજદાર બીજી ટોળી
દીવાલની પાર થવાને માટે યત્ન કરવા લાગી; તે
પણ ભગ્ન મનોરથ થઇને પાછી ફરી. ફ્રેન્ચ સેના
થાકી ગઇ સેનાપતિએ લઢાઈ બંધ કરવાનો હુકમ
કર્યો સેના વિશ્રામ કરવા લાગી. એટલામાં બીજી
બાજુએથી કિલ્લાની દીવાલ તોડવાને માટે ફ્રેન્ચ
તોપોમાંથી ગોળા નીકળવા માંડયા. કિલ્લાનો ભાગ
ભાગી ગયો; ફ્રેન્ચ સેના પાછી ચઢાઇ કરવાને આ-

મળી પડી. કિલ્લામાના રહેવાસીઓ સિંહ પરાક્રમથી લડાઇ કરવા લાગ્યા—પોતાના સ્ત્રી પુત્રનું સન્માન યાદ કરીને ઉત્તેજિત વાઘની પેઠે મહા પરાક્રમથી લઢવા લાગ્યા. તેઓ અવિરલ અગ્નિની વૃષ્ટિની તર્ફ કંઇ નજર ન રાખતાં ભાંગેલી દીવાલના ઉપર ખડા થઇને ચઢાઇ કરનારાઓને કોઇ વખત દીવાલ ઉપરથી નીચે નાખતા, તો કોઇ વખતે ભાલાથી વીંધી નાખીને તેઓના પ્રાણ હરણ કરતા; તે છતાં અંદરના રહેવાસીઓના ટોળે ટોળાં મરવા લાગ્યાં. બપોરના બે વાગી ગયા તોપણ અયુતાત્વિક શીખેલી રણ કુશલ ફ્રેન્ચ સેના સુગઠિત હથિયારની સાથે અવિરલ લઢાઇ કરવા છતાં ૨૫૦ ભારતવાસીને પરાજય કરી શકી નહિ. આખરે એ સેના રણમાં ભંગ કરીને થોડીવાર વિશ્રામ કરવા લાગી એ અવસરનો લાભ લઇને રંગરાવે સૈન્ય સામંતોને બોલાવીને કહ્યું "હવે વધારે વખત લઢાઇ ચાલશે નહિ, કિલ્લો જલદીથી શત્રુના હાથમાં જશે; માટે હવે બાલક બાલિકા અને સ્ત્રિયોને વિદેશી અને સ્વદેશી શત્રુના અપમાનથી બચાવવાનો ઉપાય અવલંબન કરો." આમ કહીને તેણે કેટલાક સિપાઇઓને

બોલાવ્યા તેઓ એક હાથમાં પેટવેલી મશાલ, બીજા હાથમાં ભાલા અને કમરમાં નાની તરવાર લઇને ભયાનક કામમાં આગળ પડયા જે સર્વ ઘરમાં સ્ત્રિયો અને મદદ વગરનાં બાલક બાલિકાઓ રહેતા હતા, તે ઘરોમાં તેમણે આગ લગાડી મૂકી. અગ્નિની શિખા ધૂ ધૂ કરતી બળી ઉઠી. એ ભીષણ અગ્નિ-દાહને ભયંકર કરવાને માટે તેના ઉપર ઢગલે ઢગલા બળવાની વસ્તુ નાખી. એવી રીતે રંગરાવના સેનાની એ અપમાન કરતાં મરી જવું ઉત્તમ સમજીને પોતપોતાનાં સ્ત્રી પુત્ર કન્યાને મારવા લાગ્યા. જેઓ અગ્નિના તાપ સહન કરી ન શકયાથી કોશેશ કરતા હતા તેઓની છાતીમાં તરવાર ભોકી દેતા. પિતા પોતાને હાથે પુત્ર કન્યાના સ્વામી પોતાને હાથે પ્રાણાધિક ભાર્યાના, ભાઇ પોતાને હાથે પ્રાણુસમી બેહેનનો વધ કરીને સર્વે ઘોરતર લડાઇમાં પોતાનો પ્રાણ વિસર્જન કરવાને માટે આગળ પડયા. પેલી બાજુએ શત્રુસેના પાછી ચઢાઇ કરવાને અગ્રસર થઇ છે. રંગરાવની સેના આ વખતે પૃથ્વીના સઘળા સંબંધ તોડીને જીવતર ઉપર મમતા ન રાખતાં ઘોર યુદ્ધમાં પ્રવૃત્ત થઇ. થોડી

વારમાં શત્રુની સેના દીવાલના ઉપર ઉભી થઇ રંગરાવ એ આક્રમણમાં અગ્રસર થયો, પરંતુ બાણુ વિદ્ધ થવાથી તરત મરી ગયો. તેના મર્યાથી પણ સૈન્યો યુદ્ધ કરવા લાગ્યા, તેઓને એક પલમાં શત્રુ સેનાએ મારી નાખીને દીવાલને શૂન્ય કરી મૂકી. પલમાં ચારે બાજુએથી શત્રુસેનાની ચાર ટોળીઓ આવી દીવાલ ઉલંઘન કરીને કિલ્લામાં પેઠી, પરંતુ કિલ્લાના કોઇપણુ રહેવાસીઓ ભાગી ગયા નહિ, કાયર પુરૂષની પેઠે પ્રાણુ બચાવવાની ભિક્ષા તેમણે માગી નહિ, પરંતુ વીરની પેઠે શત્રુની છાતીમાં તરવાર પેશાડીને એકે એકે સર્વ રણુ શય્યામાં હમેશાંને માટે સૂતા. પૂર્વે ભારત વીર વગરનું નહોતું; કેવી રીતે મરવું જોઈએ તે ભારતવાસીઓ સારી પેઠે જાણુતા હતા. પરંતુ હાય! આજ કેવી ઘેર કાપુરૂષતા સઘળા ભારતમાં પસરી ગઇ છે! ફ્રેન્ચ સેનાએ રણુમાં જય મેળવીને મહોલ્લાસથી જયધ્વનિ કરતાં કરતાં કિલ્લો લઈ લીધો, પરંતુ નરનારીઓની અગ્નિ-દગ્ધ ભીષણુ મૂર્ત્તિ જોઇને સઘળાઓના હૃદયમાં વિષાદે પ્રવેશ કર્યો. સઘળાઓ યુદ્ધમાં જય મેળવીને વિષન્નમનથી બેઠેલા છે, એવી વખતે એક વૃદ્ધ

એક બાલકને હાથમાં લઇને શત્રુસેનાની પાસે આવીને બોલ્યો "આ બાલક રંગરાવનો પુત્ર છે, રંગરાવની ઇચ્છાની વિરૂદ્ધ મેં એનું જીવ ન રાખ્યું છે. પછી એ બાલકને સન્માનની સાથે બુસિની આગળ મોકલ્યો. અને બુસિએ તેને કોઇ સુદૂરવર્તી ભૂભાગનો રાજા કર્યો.

લડાઇ થઇ રહ્યા પછી ત્રીજી ઘોર અંધારી રાતે વિજયરામજીની છાવણીમાં ઘણી ગડબડ મચી રહી હતી ત્યાં પ્રવેશ કરીને જોયું તો ઘાતકના હાથથી તરવાર વિદ્ધ થઇને વિજયરામ મરણ પામ્યો છે. રંગરાવના મરણ બાદ તેના ચાર વિશ્વાસુ અનુચરે પોતાના પ્રભુના મૃત્યુનો બદલો લેવાની પ્રતિજ્ઞા કરી હતી. લડાઇ થયા પછી તેઓ કોઇ છુપી જગા પર છુપાઇને રાતની વેળાએ અંધારાનો આશ્રય લઇને કિલ્લાની દીવાલ ઓળંગી પાસેના જંગલમાં જઇને છૂપી રીતે રહેતા હતા. ત્રીજે દીવસે રાત્રીએ જ્યારે સર્વ છાવણી નિસ્તબ્ધ થઇ, ત્યારે તેઓમાંના બે જણા ધીરે ધીરે જંગલ મૂકી દઇને વિજયરામની છાવણીમાં આવ્યા. તે વેળાએ વિજયરામ ઘોર નિદ્રામાં હતો તેનું શરીર એવું તો મોકુ

ભારે હતું કે તે પોતે હાલી ચાલી શકતો નહોતો. તે એકલો નાકમાથી ફુફાડા મારતો શત્રુ–નાશના પછી નિશ્ચિંત મનથી ઊંઘ લેછે, તેવા વખતે રંગ-રાવના બંને અનુચરે ચુપચુપ છાવણીમાં પેશીને એકીવારે તેની છાતીમા એ તરવાર ખોશી દીધી, તેથી તેણે એકાએક મોટો અવાજ કરીને પ્રાણ છોડયો, તે મોટા અવાજથી પહેરીઓ તંબુમાં દોડી ગયા, પહેરીઓએ બંને ઘાતકોના ઉપર બંદુક ચલાવી પરંતુ તેઓ નીશાન ચુકી ગયા. એ ગડ-બડથી ઘણા લોકો એકઠા થઈ ગયા. બંને ઘાતકો પોતાના પ્રાણ ઉપરની મમતા છોડીને કહેવા લા-ગ્યા, આ જુઓ, અમારી પ્રતિહિંસાનો બદલો વળ્યો છે " તે પછી તરતજ તેઓના પ્રાણ લેવામાં આવ્યા, તેઓના શરીરના ટુકડે ટુકડા કરી નાંખ્યા, પરંતુ તેઓ તે સ્વદેશ દ્રોહી વિજયરામનો જીવ લઈને પોતાની પ્રતિજ્ઞા પાળીને આ લોકમાંથી ચાલ્યા ગયા. જે ભારતમાં એક વખતે એવું વીરત્વ અને એવો સ્વદેશાનુરાગ હતો, તે ભારતની આજ કેવી દુર્દશા થઇ છે ? તેના વીસ કરોડ સં-તાન નિર્જીવ અને નિમાલ્ય થઇ ગયાં છે, હાલ

તેઓ અપમાનને શિરોભૂષણ સમજે છે. હાય! કેવું અધઃપતન! કેવી ઘોર અંધારી રાત ભારતને ઢાંકી રાખે છે!

પરોપકારમાં પ્રાણાર્પણ.

૧૮૫૭ ની સાલમાં સિપાઇઓ ઉન્મત્ત થઇને અંગ્રેજોને સમૂળથી ધ્વંશ કરવાને માટે સ્થિર પ્રતિજ્ઞ થયા હતા. ચોતરફ ભયંકરી શોણિત-તરંગિણી (લોહીની નદી) અબાધથી તરંગ રંગ વિસ્તાર કરીને વહેતી જાય છે, અંગ્રેજો અને સિપાઇઓ બંને સમયના ઉત્તેજનથી, હિંસા અને ક્રોધના આવેગમાં પરસ્પરના ઉપર નિર્દયતાનો છેડો દેખાડે છે. સઘળું હિંદુસ્થાન વાયુ-સંતાડિત સાગરના પ્રમાણે ચંચલ થઇ રહ્યું છે, ભારતના સમસ્ત અધિવાસી સર્વદા વિપદની આશંકામાં અસ્થિર છે. એ વિપત્તિ-પૂર્ણ સમયમાં ભારતની દયાવતી રમણીઓએ અપૂર્વ દયાની ઓળખાણ આપી છે. તેમણે પોતાનું જીવન સંકટમાં નાંખીને પણ વિદેશી, વિધર્મી, નિરાશ્રય અંગ્રેજ કુલકામિનીઓને અને બાલકોને આશ્રય આપીને જગતની આગળ

અસાધારણ પરોપકારના અને માનવી પ્રકૃતિના પવિત્ર દેવ-ભાવનો મહિમા વિકાશ કર્યો છે.

બુંદીના રાજાની ધર્મ-પરાયણ વનિતાના કોમળ હૃદયમાં એવો દેવભાવ પ્રતિફલિત થયો હતો. એક બાજુએ બુંદીરાજ સિપાઈઓની સાથે મળીને યુદ્ધમાં પ્રવૃત્ત થયો હતો; બીજી બાજુથી તેની દયાશીલા પત્નીએ સાંભળ્યું કે, યુરોપીયનો દલે દલે માર્યા જાય છે. અને જે સઘળી કુલકન્યાઓ અને શિશુ સંતાનો એક સમયે સુખ સૌભાગ્યના ખોળે ખેલતાં હતાં, તેઓ હમણાં ખોરાક અને વસ્ત્ર-વિનાનાં થઈને આશ્રય-સ્થાનના અભાવથી દિવસના સખત તડકામાં અને રાતની સખત થંડીમાં પાસેના જંગલમાં પડી રહ્યાં છે. એ શોચનીય દુર્ગતિની ખબરથી એ કામિનીનું કોમલ હૃદય દયાદ્ર થયું: સ્વામીના અજ્ઞાતસારથી તે પોતાના વિશ્વાસી લોકદ્વારા અને પોતાને ખર્ચે અરણ્યમાં રહેનારા નિરાશ્રય યુરોપીયનોને ખાવા માટે અન્ન અને પેહેરવાને વસ્ત્ર મોકલવા લાગી. તે સાથે બુટ ઇત્યાદી બીજી જરૂરીયાતની વસ્તુ પણ મોકલવા લાગી. બુંદીનો અધિપતિ યુદ્ધક્ષેત્રમાં ગયો હતો,

તેથી શત્રુ-પક્ષના પ્રતિ પોતાની પત્નીનો આ સદ્ વ્યવહાર તે જાણતો ન હતો. એ રાજમહિષીની મદદથી નિરાશ્રય યુરોપિયનો સુસ્થ શરીરે દિલ્હિમાં રહેનાર અંગ્રેજી સેનાના નિવાસમાં પુગ્યા. જો એ રાણીએ યથા સમયે મદદ ન કરી હોત તો એઓમાંથી ઘણાકના મરણ નીપજત. એવી મદદ કર્યાથી પોતાની પ્રાણહાનીની સંભાવના છે, તે તે જાણતી હતી, પરંતુ તે જાણવા છતાં પણ તે પોતાના હૃદયના ધર્મથી વિચ્યુત્ થઇ નહિ. હિતૈષિણી નારીએ વિપન્નને મદદ આપીને, હિતૈષિતાના ગૌરવની રક્ષા કરી. પરંતુ હાય ! એ હિતૈષિતા, સદાશયતા અને ઉદારતાજ રાણીના જીવન નાશનું કારણ થઇ. બુંદીરાજના પ્રત્યાગમનની આગમજ રાણીને પરલોક પ્રાપ્તિ થઇ. અને એ બનાવ બન્યા પછી રાજા પણ અંગ્રેજ સેનાપતિ સર હિઉ રોજની સાથે યુદ્ધમાં મર્યો ગયો. કેવા કારણથી રાણીનું એકાએક મરણ થયું તે ચોકસ રીતે જાણવામાં આવ્યું નથી પણ ઘણાકો સંદેહ કરેછે કે, બુંદીના અરણ્યમાં રહેલા અસહાય યુરોપીયનોને મદદ કરવાથી રાજાના હુકમથી રાણીનો વધ ક-

કરવામાં આવ્યો હશે. જો એમ હોય તો એ દયાવતી અબળાએ ભૂમંડલમાં દયાની અપાર પવિત્રતા દેખાડીને ઘાતકના હાથમાં આત્મજીવન સમર્પણ કર્યું.

ઉપર લખેલા વિલુંઠન, વિપ્લવ અને નરહત્યાના સમયમાં એવી સ્વર્ગીય દયા એ બીજી એક જગ્યા ઉપર નિરાશ્રય અને નિઃસહાયોમાં જે પ્રમાણેનું સુખ અને શાંતિનું અમૃતમય રાજ્ય વિસ્તાર્યું હતું, તેનું ચિત્ર પણ અત્રે આપવામાં આવે છે.

ફૈઝાબાદના ડેપ્યુટી કમિશનરે આફીસમાં જઈને સાંભળ્યું કે, પાસેની ફોજમાં રહેનારા સિપાઈઓ બળવાખોર થયા છે. એ ખબર સાંભળતાંજ તેણે માત્ર એક વિશ્વાસુ પટાદારની સાથે પોતાની સ્ત્રીને અવિલંબથી સર્વ સંપત્તિ પરિત્યાગ કરીને નદી કિનારે જવાને કહાવી મોકલ્યું. તે પ્રમાણે એ પટાદારની સાથે જવાને તેની સ્ત્રી તૈયાર થઈ સહધર્મિણીની આગળ ખબર મોકલ્યા બાદ ડેપ્યુટી કમિશનરને તો કાર્યાનુરોધથી સેના-નિવાસમાં જવું પડ્યું બીજી બાજુએ તેની સ્ત્રી પણ પાલખીમાં બેસીને વિશ્વાસુ ચાકરની સાથે નદી કિનારે જવા

લાગી વીફરેલા સિપાઇઓ એ વખતે ધન લુંટ-વાને અને અંગ્રેજોના વિનાશને માટે ચોતર્ફ ફરવા લાગ્યા. એવા મામલામાં તે ભીતા અને અસહાયા અંગ્રેજ મહિલાએ સંધ્યા–સમાગમે એક ગામમાં પ્રવેશ કર્યો. તે ગામની રહેનારી એક દયાશીલા નારીએ પોતાનું જીવન સંકટમાં નાખીને તેને પોતાના ઘરમાં આશ્રય આપી એક વગર કામના તંદુરની અંદર છુપાડી રાખી પાલખીને નદી કિનારે મૂકીને જતા રહ્યા. કમિશનરની પત્ની ભય-વિહ્વલ ચિત્તથી સર્વ રાત તે તંદુરની અંદર છુપી રહી. રાત્રિકાલે સિપાઇઓએ ગામમાં પ્રવેશ કરીને ચારે બાજુએ ભાગેલા અંગ્રેજ પુરુષો અને સ્ત્રીઓની શોધ કરવા લાગ્યા. અને પળાયનો તથા તેમના મદદગારોને બહાર નહિ કાહાડી આપશો તો આશ્રય આપનારનો પ્રાણ લેવામાં આવશે, એમ કહીને સઘળાઓને ભય દેખાડવા લાગ્યા. એવી રીતની પોતાના જીવનની હાનિની સંભાવના જાણ્યા છતાં પણ પેલી કોમલ હૃદયા આશ્રયદાત્રીએ નિરાશ્રયા અંગ્રેજ મહિલાને નર-શોણિત-લોલુપ સિપાઈઓના સન્મુખ હાજર કરી નહિ. જ્યારે

એ અંગ્રેજ–રમણીએ ગામમાં પ્રવેશ કર્યો હતો, ત્યારે ગામના પુરૂષો ખેતરમાં ખેતીના કામ ઉપર લાગ્યા હતા. તેથી ઘણાકો એ વિષે જાણતા ન હોતા. પરંતુ ગામની રહેનારી ઘણીખરી મહિલાઓ આ નિગૂઢ તત્વ જાણતી હતી તથાપિ તેઓ કોઈએ પણ જાહેર કર્યું નહિ. ભયથી વ્યાકુલ વિદેશી અબલાની આખી રાત આશ્રય–દાત્રીની કૃપાથી તંદુરની અંદર નીરવે નીકળી ગઈ. આસ્તે આસ્તે સિપાઈઓની ગડબડ કમી થઈ અને તેઓ સ્થાનાંતરમાં ગયા. ભયંકરી રાત્રિ વીતીને પ્રભાત થયું. ડેપ્યુટી કમિશનરના ઉપલા વિશ્વાસુ નોકરે તે જગ્યા ઉપરના અતિ સમૃદ્ધ અને આબરૂદાર ભૂસ્વામી મહારાજ માનસિંહની આગળ જઈને એક હોડીની પ્રાર્થના કરી. દયાર્દ્ર માનસિંહે વિપદગ્રસ્તના ઉદ્ધારને માટે તે નોકરની પ્રાર્થના પૂર્ણ કરી, ડેપ્યુટી કમિશનરની પત્નીએ અને બીજી કેટલીક યુરોપિયન મહિલાઓએ પોતાનાં છોકરાં છૈયાંની સાથે એણે આપેલી હોડીના અંદરના ભાગમાં પ્રવેશ કર્યો. અને ઉપરની તરફ કેટલાક વિશ્વાસુ નોકરો અને સિપાઈઓએ બેસી રહી એક

તીર્થયાત્રીની નાવ છે એમ સાધારણોની આગળ કહેવા માડયું એક બે જગા ઉપર એઓની સાથે વિદ્રોહી સિપાઇઓનો ભેટો પણ થયો હતો, પરંતુ નૌકાની અંદર પલાતક યુરોપિયનો છે. એવું તે વિદ્રોહિઓ જાણી શકયા નહિ જ્યારે સંધ્યાકાળ થવા આવી ત્યારે નૌકાને કોઇ નિરાપદ સ્થાન ઉપર લગાડીને કેટલાક નોકરો દૂધ અને રોટલીને માટે પાસેના ગામમાં ગયા. એ ગામની રહેનારીઓ પણ વિપન્ન પાલાતકોને સહાય દાનમાં કાતર થઇ નહિ. એક દયાવતી રમણીએ બાળકોને ભૂખ્યા જોઇને દ્રુત-ગતિથી ગામમાં પ્રવેશ કર્યો. અને કેટલીક દૂધવતી સ્ત્રીઓને સાથે લઈને હોડીની આગળ ગઇ. યુરોપિયન મહિલાઓએ ખુશીની સાથે એઓને ગ્રહણ કરી. એઓએ પોતાના સ્તન્ય દાનથી બાળકોને ધવડાવીને પરિતૃપ્ત કર્યાં. જો સિપાઈઓ એ વાત જાણવા પામત, તો એ આશ્રયદાત્રી અને તેને સાહાયકારિણી મહિલાઓના પ્રાણ સંહાર કરત. પોતાનું જીવન એવી રીતે સંશયવાળું હોવા છતાં પણ ઉપલી દયાવતી રમણીઓએ વિપન્નોને યથા શક્તિ મદદ કરી.

એવી મદદ મળ્યાથી યુરોપિયનોની કુલ કામિનીઓ નિરાપદથી અલાહાબાદમાં ગઈ.

જેઓ પરોપકારને માટે આત્મ-પ્રાણને તુચ્છ સમજે છે, તેઓની સાથે કોઈ જાતના પાર્થિવ પદાર્થની તુલના થતી નથી. તેઓ સર્વદા દેવ ભાવથી પૂર્ણ થઈને જગતની આગળ પોતાના અસાધારણ મહત્વની ઓળખાણ આપે છે. તેઓના આવિર્ભાવથી, તેઓના ગૌરવથી; તેઓના અપાર્થિવ કાર્યોના અનંત મહિમાથી, આ રોગશોકમય અને દુઃખ-દારિદ્રય-પૂર્ણ સંસાર, સુખના, શાંતિના પ્રીતિના અદ્વિતીય પ્રસ્રવણ સ્વરૂપ થઈ પડે છે. ભારતની અબલાઓએ એક સમયે પૃથ્વીમાં એવી રીતનો સ્વર્ગીય ભાવ વિકાશ કર્યો હતો. જીવનની મમતા પરિહાર કરીને તેઓ અતુલ સાહસ, અવિચલિત ધીરતા અને અપરિમેય દયાની સાથે નિરાશ્રય, વિપદગ્રસ્તોને એવી રીતે સુખ અને શાંતિને રસ્તે લઈ ગઈ હતી સહૃદય-સમાજમાં અનંતકાલ એઓની નિસ્વાર્થ હિતૈષિતાનું સન્માન રહેશે.

સમાપ્ત.